AL FAROOQ® TOURS & TRAVELS Since 1996
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
ઉમરાહ પેકેજ
નવેમ્બર ડિસેમ્બર રકમ 1,00,000 દિવસ 20
રજજબ શાબાન રકમ 1,20,000 દિવસ 22
રમજાન ઉમરાહ રકમ 2,00,000 દિવસ 32
હાજી યાકુબ મુન્શી 9825275333 • 9898034478 • 7228850502
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD
SINCE-1991

Registered : Ministry of Minority Affairs Haj Division
ZAM ZAM Tours & Travels IATA
હજ-૨૦૨૬
પ્રથમ અને છેલ્લા ગ્રુપમાં બુકિંગ ચાલુ છે
દર મહિને ઉમરાહ પ્રોગ્રામ બુકિંગ ચાલુ છે
Harun Mansuri : 9712057888/8488890838/9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અહમદઆબાદ

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૯૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# ઉત્તર પ્રદેશમાં હિન્દુ-મુસ્લિમ તણાવ ફેલાવવાનું ષડયંત્ર, મંદિરોમાં કોણે લખ્યું - આઈ લવ મુહમ્મદ

## ઉત્તર પ્રદેશ : અલીગઢ પોલીસે હિન્દુઓ દ્વારા મંદિરોમાં તોડફોડ કરીને મુસ્લિમોને ફસાવવાના કાવતરાનો પર્દાફાશ કર્યો

## પોલીસે દાવો કર્યો છે કે ત્રણ હિન્દુ યુવાનો એક મુસ્લિમ સાથી સાથે કેટલાક મુસ્લિમો સાથે અંગત ઝઘડાનું સમાધાન કરવા માંગતા હતા



(એજન્સી) તા.૩૧

અલીગઢ પોલીસે એક ચોંકાવનારા કાવતરાનો પર્દાફાશ કર્યો છે જેમાં ત્રણ હિન્દુ યુવાનોએ એક મુસ્લિમ સાથી સાથે મળીને લોઢા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બે ગામોમાં મંદિરની દિવાલો પર 'આઈ લવ મુહમ્મદ' લખીને સાંપ્રદાયિક નફરત ભડકાવવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીઓએ કથિત રીતે જૂના અંગત ઝઘડાઓનું સમાધાન કરવા માટે નિર્દોષ મુસ્લિમોને ફસાવવાની આ યોજના બનાવી હતી.

આ ઘટના ૨૫ ઓક્ટોબરના રોજ બુલકગઢી અને ભગવાનપુર ગામમાં બની હતી, જ્યાં સ્થાનિક લોકોએ ચાર મંદિરો પર લખેલા સૂત્રને શોધી કાઢ્યું હતું. આ કૃત્યથી હિન્દુ રહેવાસીઓમાં ગુસ્સો ફેલાયો હતો, જેના કારણે વિસ્તારમાં તણાવ વધી ગયો હતો.

જોકે, શરૂઆતમાં આ માટે શંકા મુસ્લિમ રહેવાસીઓ પર હતી. સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (SSP) નીરજ જાડોનના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે વાસ્તવિક ગુનેગારો સ્થાનિક મુસ્લિમો નહીં, પરંતુ ત્રણ હિન્દુ યુવાનો - અભિષેક, આકાશ અને દિલીપ હતા, જેમણે મુસ્લિમ ઝીશાન સાથે મળીને મુસ્લિમોને બદનામ કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ તપાસ દરમિયાન, એ સ્પષ્ટ થયું કે આખી યોજના જૂની અંગત દુશ્મનાવટ માટે બનાવવામાં આવી હતી. તેઓએ જાણી જોઈને મંદિરો પર 'આઈ લવ મુહમ્મદ' લખ્યું હતું જેથી હિન્દુઓમાં ગુસ્સો આવે અને નિર્દોષ મુસ્લિમોને ફસાવી શકાય.

પોલીસે જણાવ્યું હતું કે ભગવાનપુરનો રહેવાસી મુકેશનો તે જ ગામના ગુલ મોહમ્મદ સાથે ઝઘડો થયો હતો, જેના પરિણામે મુકેશના પક્ષના ૧૫ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેવી જ રીતે, સપ્ટેમ્બર ૨૦૨૪માં, બુલકગઢી ગામના ઝીશાનનો મુસ્તકીમ નામના અન્ય મુસ્લિમ યુવક સાથે ઝઘડો થયો હતો, જેના કારણે બંને પક્ષો વચ્ચે ક્રોસ-કેસ થયા હતા.

આ લાંબા સમયથી ચાલતા વિવાદોએ આરોપીઓને મંદિર અપવિત્ર કરનારા તરીકે દર્શાવવાનો પ્રયાસ કરીને મુસ્લિમો વિરુદ્ધ કાવતરું ઘડવા માટે પ્રેરિત કર્યા હોવાના અહેવાલ છે. તપાસકર્તાઓએ CCTV ફૂટેજ, કોલ ડિટેલ રેકોર્ડ (CDR) અને સૂત્રની ખોટી જોડણીમાંથી ભાષાકીય સંકેતોની તપાસ કરી છે. આ વિગતોથી પોલીસને વાસ્તવિક ગુનેગારોને ઓળખવામાં મદદ મળી. એકત્રિત પુરાવાઓના આધારે, પોલીસે અભિષેક, આકાશ, દિલીપ અને ઝીશાનની ધરપકડ કરી, તેમના પર સાંપ્રદાયિક દ્વેષ ભડકાવવા અને જાહેર શાંતિ ખલેલ પહોંચાડવા સંબંધિત કલમો હેઠળ આરોપ મૂક્યો છે. અલીગઢના સામાજિક કાર્યકર રાશિદ ખાને કહ્યું કે, કોઈપણ અશાંતિ થાય તે પહેલાં સત્ય ઉજાગર કરવા બદલ પોલીસ પ્રશંસાને પાત્ર છે, જો ગુનેગારોનો સમયસર પર્દાફાશ ન થયો હોત, તો નિર્દોષ મુસ્લિમોને ફરીથી નિશાન બનાવવામાં આવ્યા હોત. આ ઘટના બાદ, કરણી સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જ્ઞાનેન્દ્ર ચૌહાણની આગેવાની હેઠળના સભ્યોએ મંદિરોની સુરક્ષા અને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહીની માંગણી કરતા વિરોધ પ્રદર્શનોનું આયોજન કર્યું અને કહ્યું કે, અમે ચેતવણી આપી હતી કે જો ગુનેગારોની ૪૮ કલાકની અંદર ધરપકડ કરવામાં નહીં આવે, તો અમારું આંદોલન વધુ તીવ્ર બનશે.

જોકે, પોલીસે બંને સમુદાયોને શાંતિ જાળવવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી. આ કૃત્ય પાછળ હિન્દુ યુવાનોનો હાથ હોવાનો ખુલાસો થતાં સ્થાનિક મુસ્લિમ સમુદાયને રાહત મળી છે. બુલકગઢીના રહેવાસી મોહમ્મદ અશરફે કહ્યું કે, અમને એવી વસ્તુ માટે દોષી ઠેરવવામાં આવી રહ્યા હતા જે અમે ક્યારેય કરી નથી. આવા કાવતરા મુસ્લિમોને બદનામ કરવા અને સંવાદિતાને ખલેલ પહોંચાડવા માટે રચાયેલ છે. સત્ય બહાર લાવવા બદલ અમે પોલીસનો આભાર માનીએ છીએ.

અન્ય એક ગ્રામીણ હાફિઝ રહેમાને કહ્યું કે, "આ ઘટના દર્શાવે છે કે ધર્મના નામે મુસ્લિમોને કેટલી સરળતાથી નિશાન બનાવી શકાય છે. અધિકારીઓએ એવા લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ જેઓ સમગ્ર સમુદાયને બદનામ કરવાનો પ્રયાસ કરે છે." અલીગઢના સમુદાયના નેતાઓ કહે છે કે આ કોઈ એકલવાયો કિસ્સો નથી. વર્ષોથી, અસામાજિક તત્વો દ્વારા મુસ્લિમોને ખોટા કેસમાં ફસાવવા માટે સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવવાના સમાન પ્રયાસો કરવામાં આવ્યા છે.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રી પ્રોફેસર નદીમ અન્સારીએ જણાવ્યું કે, આ એક ચિંતાજનક વલણનો ભાગ છે જ્યાં હકીકતો બહાર આવે તે પહેલાં મુસ્લિમોને નિયમિતપણે દોષી ઠેરવવામાં આવે છે, આવા કૃત્યો પાછળનો હેતુ અવિશ્વાસ અને સાંપ્રદાયિક વિભાજનને વેગ આપવાનો છે. કોઈપણ અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે અધિકારીઓએ લોઢા વિસ્તાર અને પડોશી ગામોમાં સુરક્ષા વધારી દીધી છે. પોલીસ પેટ્રોલિંગ વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે, અને સ્થાનિક શાંતિ સમિતિઓને બંને સમુદાયો સાથે જોડાવા માટે કહેવામાં આવ્યું છે. પરિસ્થિતિ હવે સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.

માનવ અધિકાર જૂથોએ આ કાવતરું ઘડનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની હાકલ કરી છે. તેમનો મત છે કે વ્યક્તિગત બદલો લેવા માટે ધાર્મિક સમુદાયને બદનામ કરવો એ માત્ર ગુનાહિત કૃત્ય નથી પણ દેશના બહુલવાદી માળખા પર હુમલો છે. આવા કાર્યો આપણા દેશની એકતા માટે જોખમ છે. દિલ્હી સ્થિત વકીલ એડવોકેટ ફરહા નાઝે કહ્યું કે, નફરત માટે ધાર્મિક લાગણીઓ સાથે ચેડાં કરનારાઓને ઓળખવાનો અને સજા કરવાનો સમય આવી ગયો છે.

અલીગઢની ઘટના ફરી એકવાર દર્શાવે છે કે જ્યારે નફરતને વ્યક્તિગત અથવા રાજકીય લાભ માટે હથિયાર બનાવવામાં આવે છે ત્યારે સાંપ્રદાયિક સંવાદિતા કેટલી નાજુક બની શકે છે. પોલીસની ઝડપી તપાસે માત્ર સંભવિત હિંસાને અટકાવી નથી, પરંતુ સત્યનો પણ પર્દાફાશ કર્યો છે કે મુસ્લિમોને બદનામ કરવાનું કાવતરું ધર્મનું રક્ષણ કરવાનો ઢોંગ કરનારાઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું.

# મહારાષ્ટ્રના જલગાંવમાં વકફ કાયદા વિરુદ્ધ મુસ્લિમો દ્વારા કરવામાં આવેલા વિશાળ વિરોધ પ્રદર્શનમાં ૨,૦૦૦ લોકોની અટકાયત

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના રાષ્ટ્રવ્યાપી અભિયાન હેઠળ પૂર્ણ-સ્તરે 'જેલ ભરો આંદોલન'નું આયોજન કરનાર જલગાંવ ભારતનો પ્રથમ જિલ્લો બન્યો છે



(એજન્સી) જલગાંવ, તા.૩૧

મહારાષ્ટ્રના જલગાંવમાં એકતાનું શક્તિશાળી પ્રદર્શન કરતાં હજારો લોકો વકફ (સુધારા) અધિનિયમ ૨૦૨૫નો વિરોધ કરવા માટે એકઠા થયા હતા. મુસ્લિમ સંગઠનો આ કાયદાને "કાળો કાયદો" અને "ધાર્મિક સ્વતંત્રતા પર સીધો હુમલો" ગણાવે છે. તહફુઝ ઓકફ સમિતિ જલગાંવ (વકફ સમિતિ બચાવો) દ્વારા આયોજિત આ વિરોધ પ્રદર્શન, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) દ્વારા શરૂ કરાયેલા આંદોલન "જેલ ભરો આંદોલન"ના બેનર હેઠળ યોજાયો હતો. પોલીસની પરવાનગી ન મળવા છતાં, જલગાંવ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ-સ્તરે આંદોલન કરનાર ભારતનો પ્રથમ જિલ્લો બન્યો છે. આ મહિનાની શરૂઆતમાં, AIMPLBએ ૧૨ ઓક્ટોબરના રોજ દિલ્હીના જંતર-મંતર પર આવા જ સમાન વિરોધ પ્રદર્શન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ વખતે, આ આહ્વાન મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં તેનો જોરદાર પડઘો પડ્યો હતો. આ વિરોધ બે કલાકના ધરણાથી શરૂ થયો હતો, ત્યારબાદ પોલીસે લગભગ ૨,૦૦૦ વિરોધીઓની અટકાયત કરી હતી અને તેમને જિલ્લા પેઠ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા અને તેમને મોડી સાંજે છોડી દેવામાં આવ્યા હતા. પત્રકારો સાથે વાત કરતા, આ પ્રદર્શનના આયોજક ફારૂક શેખે કહ્યું કે, "અમે સ્વેચ્છાએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આ આંદોલનમાં ફક્ત મુસ્લિમો જ નહીં પરંતુ ન્યાય, સમાનતા અને બંધારણમાં વિશ્વાસ રાખતા તમામ સમુદાયો અને રાજકીય પૃષ્ઠભૂમિના લોકો સામેલ હતા. જલગાંવે શાંતિપૂર્ણ રીતે આ રાષ્ટ્રીય આંદોલનનું નેતૃત્વ કર્યું છે. અમારો સંદેશ સ્પષ્ટ છે કેઃ અમે આ ગેરબંધારણીય કાયદાને કોઈપણ કિંમતે સ્વીકારીશું નહીં. તહફુઝ વક્ફ સમિતિના પ્રમુખ મુફ્તી ખાલિદના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે અધિક કલેક્ટર શ્રીમંત હરકર સાથે મુલાકાત કરી અને ભારતના રાષ્ટ્રપતિને સંબોધિત પાંચ મુખ્ય માંગણીઓ ધરાવતું મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. તેમની માંગણીઓમાં સામેલ છેઃ

૧. વકફ (સુધારો) અધિનિયમ ૨૦૨૫ તાત્કાલિક પાછો ખેંચવો જોઈએ
૨. વકફ મિલકતો પર કેન્દ્ર સરકારના નિયંત્રણનો અંત લાવવો જોઈએ
૩. સમુદાય દ્વારા સંચાલિત સ્વતંત્ર અને પારદર્શક વકફ બોર્ડની સ્થાપના કરવી જોઈએ
૪. વકફ જમીનના અતિક્રમણ અને ગેરકાયદેસર ટ્રાન્સફર સામે કડક કાર્યવાહી કરવી જોઈએ
૫. મસ્જિદો, મદ્રેસા અને દરગાહો માટે ઈ-નોંધણીની સમયમર્યાદા લંબાવવી જોઈએ (જે હાલમાં ૫ ડિસેમ્બર સુધી છે)

મુફ્તી ખાલિદે આ સુધારા કાયદાની આકરી ટીકા કરતા કહ્યું કે, "આ કાયદો અમારા ધર્મમાં દખલ કરે છે એટલું જ નહીં પરંતુ અમારી સંસ્થાઓનું સંચાલન કરવાનો અમારો અધિકાર પણ છીનવી લે છે. અમારા વડીલોએ ભાગલા સમયે ભારતમાં રહેવાનું પસંદ કર્યું કારણ કે તેઓ ન્યાય અને સમાનતામાં માનતા હતા. આ આંદોલન તે વચનનું રક્ષણ કરવા માટે છે અને તે શ્રદ્ધા, બંધારણ અને ન્યાય માટે છે."

ભારતીય બંધારણનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે આ સુધારો કલમ ૨૫થી ૩૦નું ઉલ્લંઘન કરે છે, જે ધર્મની સ્વતંત્રતા અને લઘુમતી સંસ્થાઓના રક્ષણની ખાતરી આપે છે.

બહુજન ક્રાંતિ મોરચા, NCP (અજીત પવાર જૂથ) અને વંચિત બહુજન આઘાડી (VBA)એ આ વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું છે. VBA જિલ્લા પ્રમુખ શમિભા ભાનુદાસ પાટીલે પાંચ માંગણીઓનું સમર્થન કરતા કહ્યું કે, "આ સુધારો મનુવાદી અને સંઘી વિચારસરણીનું ઉત્પાદન છે, જે મુસ્લિમોની સામાજિક અને આર્થિક સ્વતંત્રતાને મર્યાદિત કરવાનો પ્રયાસ કરે છે. આ ફક્ત મુસ્લિમ મુદ્દો નથી પરંતુ રાષ્ટ્રીય મુદ્દો છે, કારણ કે તે આપણા બંધારણના ધર્મનિરપેક્ષ માળખા માટે ખતરો છે. પોલીસની વધુ હાજરી હોવા છતાં, આ વિરોધ સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ રહ્યો હતો. આયોજકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની લડાઈ બંધારણીય અને લોકશાહી હતી. જલગાંવ વિરોધે એક મિસાલ સ્થાપિત કરી છે. AIMPLB "જેલ ભરો આંદોલન"ને અન્ય રાજ્યોમાં વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. ઘણા લોકો આ કાયદાને ધાર્મિક અને સમુદાય બાબતોમાં રાજ્ય દ્વારા સંચાલિત દખલગીરી ગણે છે અને આ વિરોધ તેના સામે વધતા જતાં પ્રતિકારનો સંકેત આપે છે.

# ઈન્દિરા ગાંધીની ૪૧મી શહીદ જયંતી નિમિત્તે સમગ્ર રાષ્ટ્રે દેશની 'લોખંડી મહિલા'ને શ્રદ્ધાંજલિ આપી

## રાહુલ ગાંધીએ તેમની દાદીને નિર્ભય નેતૃત્વ અને ભારતના લોકો પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાના પ્રતીક તરીકે બિરદાવ્યા હતા



(એજન્સી) તા.૩૧

ભારતભરમાં, આજે વાતાવરણ સ્મૃતિ અને શ્રદ્ધા સાથેનું છે કારણ કે રાષ્ટ્ર શ્રીમતી ઈન્દિરા ગાંધી, જે ભારતના પ્રથમ અને એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા, તેઓને તેમની શહાદતની ૪૧મી વર્ષગાંઠ પર શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. તેઓ એક એવા નેતા હતા જેમના જીવનમાં હિંમત, દૃઢ નિશ્ચય અને સેવાની અદમ્ય ભાવના હતી. નવી દિલ્હીના શક્તિ સ્થળ ખાતે, કોંગ્રેસના ટોચના નેતૃત્વ શ્રદ્ધાંજલિમાં એકત્ર થયું હતું. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, સીપીપી અધ્યક્ષા સોનિયા ગાંધી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પુષ્પાંજલિ અર્પણ કરી, એન તેમના ગૌરવપૂર્ણ અને તેજસ્વી વારસાને યાદ કર્યા જે પેઢીઓને પ્રેરણા આપે છે. રાહુલ ગાંધીએ તેમના દાદીમાના અદમ્ય સંકલ્પને યાદ કરતા તેમને "નિર્ભય નેતૃત્વ, ઊંડી કરૂણા અને ભારતના લોકો પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાના પ્રતીક" તરીકે વર્ણવ્યા. સોનિયા ગાંધીએ પણ તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી, તેમને અસાધારણ હિંમત અને દૃષ્ટિકોણના નેતા તરીકે યાદ કર્યા, જેમના જીવનનું ધ્યેય તેમના દેશવાસીઓની સેવા અને ગૌરવ હતું. કોંગ્રેસે X પર એક પોસ્ટમાં કહ્યું કે, ઈન્દિરાજીએ તેમના અટલ સંકલ્પ દ્વારા સમગ્ર વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારી હતી અને નિર્ણાયકતા દ્વારા સ્વતંત્ર ભારતના માર્ગને ફરીથી આકાર આપ્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે તેમની રાજકીય સફરના સૌથી ઉત્તેજક એપિસોડમાંના એક - ૧૯૭૭ની બેલ્ચી મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, ૧૩ ઓગસ્ટ ૧૯૭૭ની સાંજે, વરસાદ પડી રહ્યો હતો, તેણી કાર, જીપ અને ટ્રેક્ટર દ્વારા મુસાફરી કરી અને અંતે હાથી પર સવાર થઈને બિહારના દૂરના ગામ બેલ્ચી પહોંચી હતી. જાતિ હિંસાથી બરબાદ થયેલા દલિત પરિવારોને સાંત્વના આપવા, તેમની સાથે વાત કરવા, સાંભળવા, તેમના ઘા પર મલમ લગાવવા માટે આ એક સ્વયંભૂ, અસાધારણ યાત્રા હતી. તેમણે કહ્યું કે, સામાન્ય ચૂંટણીઓમાં તેમના પક્ષની હાર પછી તેમના રાજકીય પુનરૂત્થાનમાં તે એક વળાંક હતો. ઈન્દિરા ગાંધી - ભીંજાયેલી, દૃઢ અને સહાનુભૂતિશીલ છબી અને કાદવમાંથી પસાર થઈને અવાજહીન લોકો સુધી પહોંચવા માટે તેમની આ મહેનત ભારતીય રાજકીય ઈતિહાસના નિર્ણાયક ચિત્રોમાંની એક છે. એક કરૂણ સંયોગમાં, બીજા જ દિવસે, ઈન્દિરા ગાંધી પટણામાં તેમના સૌથી ઉગ્ર રાજકીય વિવેચક અને વિરોધી જયપ્રકાશ નારાયણને મળ્યા. રમેશે કહ્યું કે, તેઓ લગભગ એક કલાક સુધી સાથે બેઠા, લગભગ ચાર દાયકાની ઓળખાણ, મિત્રતા અને સહિયારા સંઘર્ષને યાદ કર્યું હતું. ઈન્દિરા ગાંધીના અમર શબ્દોને યાદ કરીને, કોંગ્રેસના નેતા પવન ખેરાએ સ્વર્ગસ્થ વડાપ્રધાનને તેમની શહીદ જયંતી પર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની અમર ભક્તિને યાદ કરી હતી.

ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે, "હું આજે અહીં છું, કાલે કદાચ હું અહીં ન હોઉં... હું મારા છેલ્લા શ્વાસ સુધી સેવા કરતી રહીશ અને જ્યારે હું મૃત્યુ પામીશ, ત્યારે મારા લોહીનું દરેક ટીપું ભારતને મજબૂત બનાવશે અને એક અખંડ ભારતને જીવંત રાખશે. તેમણે કહ્યું કે ઈન્દિરાજીએ જીવન અને મૃત્યુ બંનેમાં આ વચન પૂર્ણ કર્યું અને તેઓ તોફાનોનો સામનો કરવા માટે અડગ રહ્યા, આરામ કરતાં હિંમત અને સલામતી કરતાં બલિદાન પસંદ કર્યું હતું. તેમના પ્રશંસકો માટે, તે મહિલા સશક્તિકરણનું એક અજોડ પ્રતીક છે, એક સ્વપ્નદૃષ્ટા નેતા હતા જેમના કાર્યકાળમાં ભારતે ૧૯૭૧માં બાંગ્લાદેશની મુક્તિથી લઈને હરિયાળી ક્રાંતિ અને પરમાણુ સ્વનિર્ભરતા સુધી વૈશ્વિક મંચ પર પોતાને સ્થાપિત કર્યું હતું.

CELEBRATING EXCELLENCE 35 years GT




# રશિયા પાસેથી તેલની ખરીદી બંધ કર્યા પછી ભારતે અમેરિકા સાથે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) તા.૩૧

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે શુક્રવારે આગામી ૧૦ વર્ષ માટે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ માટે એક ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર કુઆલાલંપુરમાં આસિયાન (દક્ષિણ પૂર્વ એશિયન રાષ્ટ્રોના સંગઠન) સંરક્ષણ સમિટ દરમિયાન બેઠકમાં કરવામાં આવ્યો હતો. હેગસેથે ૧૦ વર્ષના યુએસ-ભારત સંરક્ષણ માળખા કરાર પર જણાવ્યું હતું કે, આ આપણી સંરક્ષણ ભાગીદારીને આગળ વધારે છે, જે પ્રાદેશિક સ્થિરતા અને અવરોધ માટેનો આધારસ્તંભ છે. અમે અમારા સંકલન, માહિતી શેરિંગ અને ટેક સહયોગને વધારી રહ્યા છીએ.

વોશિંગ્ટન દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા બાદ બંને પક્ષો દ્વારા તણાવગ્રસ્ત સંબંધોને સુધારવાના પ્રયાસો વચ્ચે આ કરાર થયો છે. હેગસેથ સાથેની વાતચીત પછી સિંહે X પર જણાવ્યું હતું કે, અમે ૧૦ વર્ષના 'યુએસ-ભારત મુખ્ય સંરક્ષણ ભાગીદારી માટે માળખા' પર હસ્તાક્ષર કર્યા છે. આ અમારા પહેલાથી જ મજબૂત સંરક્ષણ સહયોગમાં એક નવા યુગની શરૂઆત કરશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું હતું કે આ કરાર ભારત-યુએસ સંરક્ષણ સંબંધોના સમગ્ર સ્પેક્ટ્રમમાં નીતિ દિશા પ્રદાન કરશે. તે અમારા વધતા વ્યૂહાત્મક સંકલનનો સંકેત છે અને ભાગીદારીના નવા દાયકાને ચિહ્નિત કરશે. સંરક્ષણ એ અમારા દ્વિપક્ષીય સંબંધોનો મુખ્ય આધારસ્તંભ રહેશે. મુક્ત, અને નિયમો-આધારિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સુનિશ્ચિત કરવા માટે અમારી ભાગીદારી મહત્વપૂર્ણ છે. આ કરારમાં દ્વિપક્ષીય લશ્કરી સહયોગમાં નોંધપાત્ર વિસ્તરણ કરવામાં આવ્યું છે, જેમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે સંયુક્ત કવાયતો, ગુપ્ત માહિતી શેરિંગ અને સંભવિત ટેકનોલોજી ટ્રાન્સફરનો સમાવેશ થઈ શકે છે. બંને મંત્રીઓ યુએસ લશ્કરી હાર્ડવેર ખરીદવાની ભારતની યોજનાઓની સમીક્ષા કરે તેવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. આસિયાન સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં ચીન અને ભારતના સમકક્ષો સાથે બેઠકોની શ્રેણી શરૂ કરનારા હેગસેથે X પર જણાવ્યું હતું કે તેમણે ચીનના ડોંગ જુનને કહ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ તેના હિતોનું સંપૂર્ણ



## અમેરિકન સંરક્ષણ સચિવે X પર લખ્યું કે તેમણે ચીનના ડોંગ જુનને કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ 'તેના હિતોનું મજબૂત રીતે રક્ષણ કરશે' અને ઈન્ડો-પેસિફિકમાં શક્તિનું સંતુલન જાળવી રાખશે

રક્ષણ કરશે અને ઈન્ડો-પેસિફિકમાં શક્તિનું સંતુલન જાળવી રાખશે. તેમણે વિવાદિત દક્ષિણ ચીન સમુદ્ર અને તાઈવાન આસપાસ ચીની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અમેરિકી સંરક્ષણ સચિવ ગુરુવારે મલેશિયાના સંરક્ષણ પ્રધાનને પણ મળ્યા હતા, જ્યાં બંને નેતાઓએ દક્ષિણ ચીન સમુદ્રમાં દરિયાઈ સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપી હતી. મલેશિયાના મંત્રી મોહમ્મદ ખાલેદ નોર્ડિને એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, વિદેશી કોસ્ટ ગાર્ડ જહાજોના રક્ષણ હેઠળ હાથ ધરવામાં આવતા હાઈડ્રોગ્રાફિક સંશોધન જેવી ગ્રે-ઝોન યુક્તિઓ, સાર્વભૌમત્વ માટે જોખમી છે અને ઉશ્કેરણી અને ખતરો છે. ચીન દ્વારા સંપૂર્ણ રીતે દાવો કરવામાં આવેલ દક્ષિણ ચીન સમુદ્ર, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ અને વિયેતનામના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રોને ઓવરલેપ કરે છે. બેઈજિંગે એક કોસ્ટ ગાર્ડ આર્માડા તૈનાત કર્યો છે અને ફિલિપાઈન જહાજો સાથે વારંવાર અથડામણ થઈ છે અને મલેશિયા અને વિયેતનામની ઊર્જા પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પાડવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે. જોકે, બેઈજિંગ તેના કોસ્ટ ગાર્ડને વ્યાવસાયિક રીતે કાર્યરત રાખે છે અને તે કહે છે કે તે ચીની પ્રદેશને ઘૂસણખોરીથી બચાવી રહ્યું છે.

યુનાઈટેડ સ્ટેટ્સ, જે દક્ષિણપૂર્વ એશિયામાં તેની હાજરીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તે આ ક્ષેત્રમાં અનેક સંરક્ષણ કરારો ધરાવે છે અને ફિલિપાઈન્સ, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા સહિત મલેશિયા સાથે નિયમિત લશ્કરી કવાયતો અને આદાનપ્રદાન કરે છે.

રવિવારે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આસિયાન નેતાઓને કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ તમારી સાથે ૧૦૦% છે અને અમે ઘણી પેઢીઓ માટે મજબૂત ભાગીદાર બનવાનો ઈરાદો ધરાવીએ છીએ. ચીનના પરમાણુ ભંડારના ઝડપી વિસ્તરણને સાથે ટ્રમ્પે અમેરિકન સૈન્યને પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ ફરી શરૂ કરવાનો આદેશ આપ્યો હોવાની જાહેરાત કર્યાના થોડા સમય પછી જ તાજેતરની સંરક્ષણ કાર્યવાહી શરૂ થઈ છે.

## બેંગલુરૂના ટેક્નિશિયને ૧.૮૬ લાખ રૂપિયાનો સ્માર્ટફોન ઓર્ડર કર્યા પછી ટાઈલ અનબોક્સ કરવાનો દાવો કર્યો, વીડિયો વાયરલ થયો

નવી દિલ્હી : પોલીસે શુક્રવારે જણાવ્યું હતું, બેંગલુરૂના એક સોફ્ટવેર એન્જિનિયરે દાવો કર્યો હતો કે તેને સેમસંગ ગેલેક્સી ઝેડ ફોલ્ડ ૭ સ્માર્ટફોનના બોક્સમાં ટાઈલનો ટુકડો મળ્યો હતો, જે તેણે ઓનલાઈન ૧.૮૬ લાખ રૂપિયામાં ઓર્ડર કર્યા પછી તેને પહોંચાડવામાં આવ્યો હતો. યેલાચેનાહલ્લીના ૪૩ વર્ષીય પ્રેમાનંદે કથિત રીતે ૧૪ ઓક્ટોબરે ઓનલાઈન ફોન ઓર્ડર કર્યો હતો અને ૧૯ ઓક્ટોબરે વિચિત્ર પેકેજ મળ્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પ્રેમાનંદે ૧૪ ઓક્ટોબરે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ફોન ઓર્ડર કર્યો હતો અને તેના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ઓનલાઈન ચૂકવણી કરી હતી. પેકેજ ૧૯ ઓક્ટોબરે સાંજે ૪.૧૬ વાગ્યે ડિલિવર કરવામાં આવ્યું હતું. તેણે પાર્સલ અનબોક્સ કરતી વખતે એક વીડિયો રેકોર્ડ કર્યો અને હાઈ-એન્ડ સ્માર્ટફોનને બદલે અંદર ફક્ત સફેદ ટાઈલનો ચોરસ ટુકડો જોઈને તે ચોંકી ગયો. પ્રેમાનંદે પહેલા નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP)માં ફરિયાદ નોંધાવી અને બાદમાં સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો, જેમણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) (છેતરપિંડી) અને ૩૧૯ (દેખાવ દ્વારા છેતરપિંડી) અને માહિતી ટેકનોલોજી અધિનિયમની કલમ ૬૬-ડી (કોમ્પ્યુટર સંસાધનોનો ઉપયોગ કરીને છેતરપિંડી) હેઠળ FIR નોંધી. ટ્વિટર પર, પ્રતિક્રિયાઓ આવી એક વપરાશકર્તાએ મજાક ઉડાવી, સ્ટોન ટાઈલ અનબોક્સિંગ, હવે તેને હું રોક-સોલિડ વોરંટી કહું છું, જ્યારે બીજાએ મજાક કરી, ફોન ઉપયોગ કરતા પહેલા જ ઈંટો મારી ગયો. અન્ય લોકોએ સાવધાની રાખવાની સલાહ આપી, આટલા મોંઘા ગેજેટ્સ ક્યારેય ઓનલાઈન ખરીદશો નહીં. દુકાન પર જાઓ, તે સામાન્ય રીતે ડિસ્કાઉન્ટ સાથે મેળ ખાશે.

## તમે ગુનેગારોથી ઓછા નથી : સોનાક્ષી સિંહાએ ગર્ભવતી કેટરિના કૈફના મુંબઈના ઘરેથી ફોટા લીક કરવા બદલ મીડિયા પોર્ટલ પર આકરા પ્રહારો કર્યા

નવી દિલ્હી : અભિનેત્રી કેટરિના કૈફ હાલમાં તેના પતિ, અભિનેતા વિકી કૌશલ સાથે લગ્નના ૩.૫ વર્ષ પછી તેના પહેલા બાળકની અપેક્ષા રાખી રહી છે. જેમ જેમ નિયત તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ માતા બનવાની તારીખ તેના પરિવાર સાથે મુંબઈના ઘરે શાંત દિવસો વિતાવી રહી છે. તાજેતરમાં, મીડિયા પોર્ટલ ઝૂમ ટીવીએ ગર્ભવતી અભિનેત્રીના બાલ્કનીમાં આરામ કરતા ખાનગી ફોટા લીક કર્યા હતા, જેના કારણે ચાહકોમાં ગર્ભાવસ્થા દરમિયાન તેની ગોપનીયતામાં દખલ કરવાનો રોષ ફેલાયો હતો. અભિનેત્રી સોનાક્ષી સિંહાએ પણ પોર્ટલના શરમજનક કૃત્યની ટીકા કરી હતી અને જાહેરમાં તેનો વિરોધ કર્યો હતો. સોનાક્ષીએ ટિપ્પણી કરી હતી કે તમે શું કરો છો, સંમતિ વિના તેના જ ઘરમાં એક મહિલાના ફોટા પાડો અને તેને જાહેર પ્લેટફોર્મ પર પ્રકાશિત કરો, તમે ગુનેગારોથી ઓછા નથી. હાલ સુધી, કેટરિના કૈફ કે વિક્કી કૌશલે વાયરલ ફોટા પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. આ વર્ષની શરૂઆતમાં સપ્ટેમ્બરમાં આ જોડીએ સોશિયલ મીડિયા પર એક સુંદર ફોટો શેર કરીને ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી, જ્યાં વિકી કેટરિનાના બેબી બમ્પને પ્રેમથી પારણું કરતો જોવા મળ્યો હતો જ્યારે બંને સફેદ રંગના જોડિયા તેમના મુંબઈના નિવાસસ્થાને પોઝ આપતા હતા.એક સંયુક્ત પોસ્ટમાં કેટરિનાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સુંદર ફોટો શેર કર્યો અને લખ્યું, આનંદ અને કૃતજ્ઞતાથી ભરેલા હૃદય સાથે અમારા જીવનનો શ્રેષ્ઠ પ્રકરણ શરૂ કરવાના માર્ગ પર. કેટરિના અને વિકીએ ૨૦૨૨માં રાજસ્થાનના સવાઈ માધોપુરમાં ફોર્ટ બરવારાના સિક્સ સેન્સ રિસોર્ટમાં એક શાહી લગ્નમાં લગ્ન કર્યા હતા. આ ઘનિષ્ઠ લગ્નમાં તેમના નજીકના મિત્રો અને સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી, જેમાં નેહા ધૂપિયા અને અંગદ બેદી, કબીર ખાન અને મીની માથુર, શર્વરી વાઘ અને માલવિકા મોહનનનો સમાવેશ થાય છે.

## મુંબઈ : જૂનો વીડિયો દર્શાવે છે કે પૂર્વ શિક્ષણ મંત્રી દીપક કેસરકર ચૂકવણી વિવાદ પહેલા શાળા સ્વચ્છતા અભિયાનમાં રોહિત આર્ય સાથે સહયોગ કરી રહ્યા છે

નવી દિલ્હી : ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી દીપક કેસરકરનો જૂનો વીડિયો સામે આવ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે સરકારે રોહિત આર્ય સાથે સ્વચ્છતા પ્રોજેક્ટનું આયોજન કર્યું હતું. આ વીડિયો રોહિત આર્ય દ્વારા તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કરવામાં આવ્યો હતો. વીડિયોમાં, કેસરકરે કહ્યું, રોહિત આર્ય સાથે, સરકારે એક અનોખો પ્રોજેક્ટનું આયોજન કર્યું. આ પ્રોજેક્ટ દ્વારા ૫મા ધોરણથી ૮મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓને સ્વચ્છતાની આદત શીખવવામાં આવી. અમે આ પહેલને 'સ્વચ્છતા મોનિટર' નામ આપ્યું. અમે ઘણીવાર વિચાર્યા વિના ગમે ત્યાં કચરો ફેંકીએ છીએ, પરંતુ જ્યારે કોઈ બાળકે તે તરફ ધ્યાન દોર્યું, ત્યારે અમને અમારી ભૂલનો અહેસાસ થયો. તે આપણી માનસિકતા બદલી શકે છે. મહાત્મા ગાંધીએ આપણા દેશને સ્વચ્છતાનો સંદેશ આપ્યો અને સરદાર વલ્લભભાઈ પટેલે શિસ્તનો સંદેશ આપ્યો. સ્વચ્છતા પ્રોજેક્ટ ૨ ઓક્ટોબરથી શરૂ થયો. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધી. મને આશા છે કે આ બાળકો દ્વારા સ્વચ્છતાનો સંદેશ સમાજ સુધી પહોંચશે અને નાગરિકો આ પહેલનો સકારાત્મક પ્રતિસાદ આપશે. મને વિશ્વાસ છે કે નાગરિકો બાળકોની પ્રશંસા કરશે અને આ બાળકો આપણને સ્વચ્છતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા બતાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેસરકર શિક્ષણ મંત્રી હતા ત્યારે રોહિત આર્યએ શિક્ષણ વિભાગ તરફથી એક સરકારી પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. જોકે, સરકારે ચુકવણી કરી ન હતી. પુણેના રહેવાસી રોહિત આર્ય સરકારી શાળા પ્રોજેક્ટ કોન્ટ્રાક્ટના બાકી લેણાં ન ચૂકવવાને કારણે ગંભીર માનસિક તણાવમાં હોવાનું કહેવાય છે. તેમણે દાવો કર્યો હતો કે તેમના પર આશરે ૨ કરોડ રૂપિયાનું દેવું છે અને તેમણે અગાઉ આ મુદ્દે વિરોધ કર્યો હતો.

## હૈદરાબાદ એરપોર્ટ પર બેગમાં જીવંત ગોળી રાખવા બદલ મુસાફરની ધરપકડ

નવી દિલ્હી : હૈદરાબાદ એરપોર્ટ જે સત્તાવાર રીતે રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (RGIA) તરીકે ઓળખાય છે, ખાતે કસ્ટમ અધિકારીઓએ ગુરૂવારે રાત્રે એક મુસાફરને જીવંત ગોળી રાખવા બદલ ધરપકડ કરી. ઘટનાની વિગતો મુજબ, વિશાલ તરીકે ઓળખાતો મુસાફર કોલકાતાથી ખાનગી એરલાઇનમાં હૈદરાબાદ પહોંચ્યો હતો, તે બીજી ફ્લાઇટમાં બેંગલુરૂ જવાની તૈયારી કરી રહ્યો હતો. જોકે, તેના સામાનની તપાસ દરમિયાન, સુરક્ષા કર્મચારીઓને ૩૮ મીમી જીવંત ગોળી મળી. હૈદરાબાદ એરપોર્ટ પર તેના સામાનમાંથી મળી આવેલી જીવંત ગોળી વિશે પૂછપરછ કરતાં, મુસાફર સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. તપાસ કરવા માટે, RGIA પોલીસે તેમને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધા હતા. આ કેસમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

## અમેરિકાએ ગેરકાયદેસર રીતે રહેતા ૨૭૯૦ ભારતીયોને દેશનિકાલ કર્યા : કેન્દ્ર

નવી દિલ્હી : જાન્યુઆરીથી, ઓછામાં ઓછા ૨,૭૯૦ ભારતીય નાગરિકો, જેઓ માપદંડો પૂરા કરતા નહોતા અને ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહેતા હતા, તેઓ પાછા ફર્યા છે, એમ સરકારે ગુરૂવારે જણાવ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પ્રશ્નના જવાબમાં તેમની સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં આ સંખ્યા શેર કરી હતી. દેશનિકાલ અંગે, આ વર્ષના જાન્યુઆરીથી, અમારી પાસે લગભગ ૨,૭૯૦થી વધુ ભારતીય નાગરિકો છે જેઓ માપદંડો પૂરા કરતા નહોતા. તેઓ ગેરકાયદેસર રીતે ત્યાં રહેતા હતા. અમે તેમના ઓળખપત્રો, તેમની રાષ્ટ્રીયતાની ચકાસણી કરી હતી અને તેઓ પાછા ફર્યા છે. ગઈકાલ સુધી, એટલે કે ૨૯ ઓકટોબર સુધીની આ સ્થિતિ છે, એમ તેમણે કહ્યું. પ્રવક્તાને આ વર્ષે અત્યાર સુધીમાં યુકેમાંથી કેટલા ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે તે વિશે પણ પૂછવામાં આવ્યું હતું. જયસ્વાલે કહ્યું, યુકે તરફથી, આ વર્ષે અમારી પાસે લગભગ ૧૦૦ ભારતીય નાગરિકો છે જેમને તેમની રાષ્ટ્રીયતાની યોગ્ય રીતે ચકાસણી કર્યા પછી દેશનિકાલ કરવામાં આવ્યા છે.

# જાતિય કૌભાંડના દોષિત જાહેર આરોપી જેફરી એપ્સ્ટિન સાથે સંબંધો બદલ રાજા ચાર્લ્સ દ્વારા પ્રિન્સ એન્ડ્રુ પાસેથી શાહી પદવીઓ અને મહેલ છીનવી લેવાયા

### એક અસાધારણ રીતે લેવાયેલા શાહી પગલામાં જાતિય ગુનેગાર જેફરી સાથેના સંબંધો બદલ બદનામ ડ્યુક પાસેથી રાજકુમારનું બિરૂદ અને રોયલ લોજ નિવાસ છીનવી લેવાયા છે, જાતિય અપરાધી સાથેના પ્રિન્સ એન્ડ્રુના સંબંધો અંગે હોબાળો મચી ગયા પછી આ પગલું લેવાયું છે

(એજન્સી) તા.૩૧

બ્રિટનના રાજા ચાર્લ્સે જણાવ્યું હતું કે, તેમના નાના ભાઈ એન્ડ્રુ પાસેથી રાજકુમારનું બિરૂદ છીનવી લેવામાં આવ્યું છે અને તેમને વિન્ડસર કેસલ પાસેના તેમના ઘરમાંથી બહાર કાઢી મૂક્યા છે, આમ કરી તેમને સ્વર્ગસ્થ જાતીય ગુનેગાર જેફરી એપ્સ્ટિન સાથેના સંબંધો બદલ સજા કરવામાં આવી છે. ચાર્લ્સના નાના ભાઈ અને સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથના બીજા પુત્ર, ૬૫ વર્ષીય એન્ડ્રુ, તેમના વર્તન અને એપ્સ્ટિન સાથેના સંબંધોને કારણે વધતા દબાણ હેઠળ આવ્યા છે અને આ મહિનાની શરૂઆતમાં તેમને ડ્યુક ઓફ યોર્કનું બિરૂદ વાપરવાનું બંધ કરવાની ફરજ પડી હતી. ચાર્લ્સે હવે એન્ડ્રુ સામેની કાર્યવાહી વધારી દીધી છે અને તેમને તેમના બિરૂદ છીનવી લીધા છે, જેના કારણે તેઓ એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર તરીકે ઓળખાય છે. બકિંગહામ પેલેસના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એન્ડ્રુને લંડનના પશ્ચિમમાં વિન્ડસર એસ્ટેટ પર આવેલી રોયલ લોજ હવેલીની લીઝ પાછી ખેંચવા માટે ઔપચારિક નોટિસ પણ આપવામાં આવી છે અને તે પૂર્વી ઈંગ્લેન્ડમાં વૈકલ્પિક ખાનગી રહેઠાણમાં જશે. પેલેસે કહ્યું કે દુર્વ્યવહારનો ભોગ બનેલા લોકો સાથે તેમની સંવેદના છે મહેલે કહ્યું કે, "આ નિંદાઓ જરૂરી માનવામાં આવે છે, તેમ છતાં તેઓ તેમની સામેના આરોપોને નકારવાનું ચાલુ રાખે છે." નામદાર રાજાજી સ્પષ્ટ કરવા માંગે છે કે તેમના વિચારો અને સંપૂર્ણ સહાનુભૂતિ કોઈપણ અને તમામ પ્રકારના દુર્વ્યવહારના પીડિતો અને બચી ગયેલા લોકો સાથે રહ્યા છે અને રહેશે." એક મહેલના સૂત્રએ જણાવ્યું હતું કે જ્યારે એન્ડ્રુ તેમની સામેના આરોપોને નકારવાનું ચાલુ રાખ્યું, ત્યારે તે સ્પષ્ટ હતું કે નિર્ણયમાં ગંભીર ભૂલો થઈ હતી. સૂત્રએ જણાવ્યું હતું કે નિર્ણય ચાર્લ્સ દ્વારા લેવામાં આવ્યો હતો પરંતુ રાજાને સિંહાસનના વારસદાર પ્રિન્સ વિલિયમ સહિત વ્યાપક પરિવારનો ટેકો હતો.

તાજેતરના અઠવાડિયામાં, બ્રિટિશ અખબારોએ એન્ડ્રુના નાણાકીય ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, કારણ કે મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે તેણે બે દાયકાથી તેના ૩૦ રૂમના હવેલીનું ભાડું ચૂકવ્યું નથી, પરંતુ જ્યારે તે રહેવા ગયો ત્યારે તેણે ઓછામાં ઓછા ૭.૫ મિલિયન પાઉન્ડ ($૧૦.૦૭ મિલિયન)ના નવીનીકરણ માટે ભંડોળ પૂરૂં પાડ્યું હતું. એક દુર્લભ રાજકીય હસ્તક્ષેપમાં, બ્રિટિશ સંસદીય સમિતિએ પ્રશ્ન કર્યો હતો કે શું એન્ડ્રુ હજુ પણ ઘરમાં રહેવું જોઈએ.

# ૨૦૨૦ના દિલ્હી રમખાણો : ઉમર ખાલિદની જામીન અરજી પર સુપ્રીમમાં સુનાવણી ચાલુ, ઉમર ખાલિદ અને અન્યોની જામીન અરજી પર સુનાવણી ત્રીજી નવેમ્બરે ફરી શરૂ થશે

(એજન્સી) તા.૩૧

દિલ્હીમાં ફેબ્રુઆરી ૨૦૨૦ના રમખાણો સાથે જોડાયેલા UAPA કેસમાં જામીન માંગતા, કાર્યકર્તા ઉમર ખાલિદે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તેને હિંસા સાથે જોડતા કોઈ પુરાવા નથી અને તેની સામે કાવતરાના આરોપોનો ઈનકાર કર્યો હતો. ખાલિદ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ન્યાયાધીશ અરવિંદ કુમાર અને એન.વી. અંજારિયાની બેન્ચને જણાવ્યું હતું કે ૨૦૨૦ના દિલ્હી રમખાણો સાથે તેને જોડતા ભંડોળ, શસ્ત્રો અથવા કોઈપણ ભૌતિક પુરાવા મળી આવ્યા નથી. ૭૫૧ FIR છે, એકમાં મારા પર આરોપ છે, અને જો તે કાવતરું હોય, તો તે થોડું આશ્ચર્યજનક છે! "જો મેં (ઉમર ખાલિદે) રમખાણોનું કાવતરું ઘડ્યું હોય. જે તારીખોમાં રમખાણો થયા હતા, તે તારીખે હું દિલ્હીમાં ન હતો. સિબ્બલે કહ્યું કે હિંસા સાથે મને જોડતા કોઈ ભંડોળ, શસ્ત્રો અને ભૌતિક પુરાવા હજુ સુધી મળ્યા નથી. કોઈ સાક્ષીનું નિવેદન વાસ્તવમાં અરજદારને હિંસાના કોઈપણ કૃત્ય



સાથે જોડતું નથી. સિબ્બલે રજૂઆત કરી કે ખાલિદ સમાનતાના આધારે જામીન મેળવવા માટે હકદાર છે. સાથી કાર્યકર્તાઓ નતાશા નરવાલ, દેવાંગના કાલિતા અને આસિફ ઈકબાલ તન્હાને જૂન ૨૦૨૧માં જામીન આપવામાં આવ્યા હતા. સિબ્બલે કહ્યું કે દિલ્હી હાઈકોર્ટે જામીન નામંજૂર કરતી વખતે, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ અમરાવતીમાં ઉમર ખાલિદના ભાષણને "ઉશ્કેરણીજનક" ગણાવ્યું હતું. તે YouTube પર ઉપલબ્ધ છે. તે એક જાહેર ભાષણ હતું જ્યાં ખાલિદે ગાંધીવાદી સિદ્ધાંતો વિશે વાત કરી હતી. ગુલ્ફિશા ફાતિમા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ દલીલ કરી હતી કે તે એપ્રિલ ૨૦૨૦થી પાંચ વર્ષ અને પાંચ મહિનાથી જેલમાં છે. સિંઘવીએ ધ્યાન દોર્યું હતું કે જ્યારે મુખ્ય ચાર્જશીટ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ દાખલ કરવામાં આવી હતી, ત્યારે ફરિયાદ પક્ષે દર વર્ષે પૂરક ચાર્જશીટ દાખલ કરવાનું "વાર્ષિક વિધિ" બનાવી લીધી છે. તેમણે રજૂઆત કરી હતી કે ફાતિમાની જામીન અરજી પર વિચારણામાં અતિશય વિલંબ થયો છે, જે ૨૦૨૦થી ૯૦થી વધુ વખત સૂચિબદ્ધ કરવામાં આવી છે. સિંઘવીએ જણાવ્યું હતું કે તેમના ક્લાયન્ટ સામેનો આરોપ ફક્ત એ છે કે તેણીએ સમર્થન સંકલન કરવા અથવા એકત્રિત કરવા માટે એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદામાં વાસ્તવિક કસોટી એ છે કે શું હિંસા ભડકાવવાનો અથવા અસંમતિ પેદા કરવાનો કોઈ ઈરાદો હતો. શરજીલ ઈમામ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ રજૂઆત કરી હતી કે પોલીસે તેની તપાસ પૂર્ણ કરવામાં ત્રણ વર્ષ લાગ્યા છે. મેં પાંચ વર્ષ કસ્ટડીમાં વિતાવ્યા છે, તેમાંથી ત્રણ વર્ષ તપાસ હજુ ચાલુ હતી. મેં આ ભાષણો રમખાણોના લગભગ બે મહિના પહેલા આપ્યા હતા, અને એવો કોઈ સીધો કે નજીકનો સંબંધ નથી જે સૂચવે છે કે મે હિંસા ભડકાવી હોઈ શકે છે. આ સુનાવણી અનિર્ણિત રહી અને ૩ નવેમ્બરના રોજ ચાલુ રહેશે. દિલ્હી પોલીસે ગુરુવારે કાર્યકરોની જામીન અરજીઓનો વિરોધ કરતા કહ્યું કે તેમણે "શાંતિપૂર્ણ વિરોધ"ની આડમાં "શાસન પરિવર્તન કામગીરી" દ્વારા દેશના સાર્વભૌમત્વ અને અખંડિતતા પર હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું. ખાલિદ, ઈમામ, ગુલ્ફીશા ફાતિમા અને મીરાન હૈદર પર ફેબ્રુઆરી ૨૦૨૦ના રમખાણોના "માસ્ટરમાઈન્ડ" હોવાના આરોપસર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને ભૂતપૂર્વ IPCની જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ હુલ્લડોમાં ૫૩ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦થી વધુ ઘાયલ થયા હતા. નાગરિકતા (સુધારા) અધિનિયમ (CAA) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) સામેના વિરોધ દરમિયાન આ હિંસા ફાટી નીકળી હતી.

# 'સ્વતંત્રતા ચળવળમાં જેની કોઈ ભૂમિકા ન હતી તે વિચારધારા ધરાવતા લોકો દ્વારા સરદાર પટેલના નામનો દુરુપયોગ કરવામાં આવે છે' : કોંગ્રેસે સરદાર પટેલની જન્મજયંતી પર ભાજપ-RSS પર પ્રહારો કર્યા

### જયરામ રમેશે મોદી સરકાર પર પ્રહારો કર્યા અને દાવો કર્યો કે ૨૦૧૪થી ખાસ કરીને, ઈતિહાસ "G2 અને તેમના ઈકોસિસ્ટમ" દ્વારા ખોટી રજૂઆત અને વિકૃતિનો ભોગ બન્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર ભાજપ-આરએસએસ પર પ્રહાર કરતા, કોંગ્રેસે શુક્રવારે કહ્યું છે કે સરદાર જેવા નિઃસ્વાર્થ લોકો એવી વિચારધારા દ્વારા તેમના નામના દુરુપયોગથી ભયભીત થયા હોત. ખુદ પટેલના શબ્દોમાં કહીએ તો, તેઓએ એવું વાતાવરણ બનાવ્યું હતું જેના કારણે મહાત્મા ગાંધીની હત્યાની ભયાનક દુર્ઘટના શક્ય બની હતી. કોંગ્રેસના મહાસચિવ અને પ્રભારી સંદેશાવ્યવહાર જયરામ રમેશે મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા અને દાવો કર્યો કે ખાસ કરીને ૨૦૧૪થી, ઈતિહાસ "G2 અને તેમના ઈકોસિસ્ટમ" દ્વારા ખોટી રજૂઆત અને વિકૃતિનો ભોગ બન્યો છે. આજે એક કૃતજ્ઞ રાષ્ટ્ર સરદાર પટેલની @૧૫૦ જયંતિ ઉજવી રહ્યું છે, આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે ૧૩ ફેબ્રુઆરી, ૧૯૪૯ના રોજ, જવાહરલાલ નહેરુએ ગોધરામાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું, જ્યાં ભારતના લોખંડી પુરુષે તેમની કાનૂની પ્રેક્ટિસ શરૂ કરી હતી. તે પ્રસંગે નહેરુએ આપેલું ભાષણ આજે ફરીથી વાંચવું જોઈએ જેથી ત્રણ દાયકાથી વધુની તેમની શક્તિશાળી અને ગહન ભાગીદારીની સમજ મેળવી શકાય. રમેશે X પર કહ્યું કે, સરદાર પટેલની ૭૫મી જન્મજયંતિની પૂર્વસંધ્યાએ એક સંદેશમાં, નહેરુએ કહ્યું હતું કે 'બહુ ઓછા લોકો સરદાર પટેલની જેમ સેવાનો આટલો લાંબો અને નોંધપાત્ર રેકોર્ડ રાખી શકે છે. તેઓ અનેક બાબતો માટે સુકાન પર છે, તે રાષ્ટ્ર માટે મહત્વપૂર્ણ છે અને એક મોટી જવાબદારી નિભાવી રહ્યા છે. હું રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમની સાથેના ત્રીસ વર્ષની ભાગીદારી અને ઘનિષ્ઠ સંપર્કમાં છું. તે ઉતાર-ચઢાવ અને મહાન ઘટનાઓથી ભરેલો સમયગાળો રહ્યો છે અને આપણા બધાની કસોટી થઈ છે. સરદાર પટેલ આ અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થઈને ભારતના એક પ્રભાવશાળી વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે, જેમની પાસેથી મોટી સંખ્યામાં લોકો માર્ગદર્શન મેળવે છે. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૩ના રોજ, ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણને નવી દિલ્હીમાં સંસદ ભવન અને ચૂંટણી પંચના કાર્યાલયની નજીક સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તે સમયે નહેરુ પણ હાજર હતા અને તેમણે આ પ્રતિમા માટે સરળ પણ શક્તિશાળી શિલાલેખને "ભારતની એકતાના શિલ્પી" તરીકે પસંદ કર્યો હતો. રમેશે કહ્યું કે ૩૧ ઓક્ટોબર, ૧૯૭૫ના રોજ, તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ શતાબ્દી વર્ષના સમાપન સમારોહની અધ્યક્ષતા કરી હતી અને તેમની ઘણી વિશિષ્ટ સિદ્ધિઓ અને યોગદાનને દર્શાવીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે ઉમેર્યું કે "ખાસ કરીને ૨૦૧૪થી, ઈતિહાસ



G2 અને તેમના ઈકોસિસ્ટમ દ્વારા ખોટી રજૂઆત અને વિકૃતિનો ભોગ બન્યો છે. તેઓ એવી નકારાત્મક વિચારધારા દ્વારા તેમના દુરુપયોગથી ભયભીત થઈ ગયા હોત જેની સ્વતંત્રતા ચળવળમાં, બંધારણના નિર્માણમાં કોઈ ભૂમિકા ન હતી, અને સરદાર પટેલના શબ્દોમાં કહીએ તો, એવું વાતાવરણ ઊભું થયું હતું જેના કારણે ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ની ભયાનક દુર્ઘટના શક્ય બની હતી (સ્ત્રોતઃ સરદાર પટેલનો ડૉ. શ્યામપ્રસાદ મુખર્જીને લખાયેલ પત્ર, ૧ જુલાઈ, ૧૯૪૮). ૧૮૭૫માં ગુજરાતના નડિયાદમાં જન્મેલા પટેલ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એક મુખ્ય વ્યક્તિ હતા. તેમના અસાધારણ નેતૃત્વ અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા માટે તેઓ પ્રખ્યાત છે, અને તેમને "ભારતના લોખંડી પુરુષ" તરીકે યાદ કરવામાં આવે છે. તેમનું અવસાન ૧૯૫૦માં થયું હતું.

## રાષ્ટ્ર વિરોધી તત્વો સાથે સંપર્કોના આરોપસર જમ્મુ અને કાશ્મીરના બે શિક્ષકોને કલમ ૩૧૧ અંતર્ગત નોકરીમાંથી બરતરફ કરાયા

(એજન્સી) શ્રીનગર, તા.૩૧

રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક પ્રવૃત્તિઓમાં સંડોવણીના આરોગસર જમ્મુ અને કાશ્મીર વહીવટી તંત્ર દ્વારા બે સરકારી શિક્ષકોને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. લેફ્ટ. ગવર્નર મનોજ સિંહાએ બંધારણની કલમ ૩૧૧ (૨)(સી) અંતર્ગત બંને શિક્ષકોને નોકરીમાંથી કાઢવાનું પગલું લીધું હતું. આ કલમમાં એવી જોગવાઈ છે કે જો રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઈપણ સરકારી કર્મચારીની પ્રવૃત્તિઓ હાનિકારક દેખાતી હોય તો વિધિવત તપાસ કરી આવીને તેને નોકરીમાંથી કાઢી શકાય છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ ગુલામ હુસેન અને મજીદ ઈકબાલ દારને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા છે. બંને શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા હતા. વહીવટી તંત્રનો એવો આક્ષેપ છે કે બંને ચોક્કસ પ્રતિબંધિત સંગઠનો સાથે સંપર્કો રાખ્યા હતા અને એમના કામ દેશ વિરોધી ગણાયા અને દેખાયા હતા. એમની બરતરફી પહેલા વિધિસર કોઈ વહીવટી તપાસ કરવામાં આવી નથી અને બંધારણની કલમમાં જે સત્તા અપાય છે તે મુજબ પગલાં લેવાયા છે. સ્થાનિક અખબારી અહેવાલો જણાવે છે કે ગુપ્તચરોએ આપેલી માહિતી અને સુરક્ષાને લગતા મૂલ્યાંકન અને સમીક્ષાને આધારે વહીવટી તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ તેમના વિશેની વિગતો જાહેર કરવામાં આવી નથી. કયા આધાર પર અને કઈ પ્રવૃત્તિને કારણે બરતરફ કરવામાં આવ્યા છે તે સત્તાવાર જાહેર કરાયું નથી. છેલ્લા થોડા સમયથી આ પ્રકારના શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે અને બંધારણની કલમ ૩૧૧(૨) મુજબ જે સરકારી કર્મચારીઓનો રેકોર્ડ શંકાસ્પદ લાગ્યો હોય અને એમની પ્રવૃત્તિઓ રાજ્યની સુરક્ષા અને એકતા માટે હાનિકારક ગણાઈ હોય અથવા તો લાગી હોય એમને નોકરીમાંથી દૂર કરવાનું પગલું લેવાઈ રહ્યું છે. અધિકારીઓ કહે છે કે આતંકવાદ અને અલગતાવાદ સામે સરકારની શૂન્ય સહિષ્ણુતાની નીતિ અનુસાર પગલાં લેવામાં આવી રહ્યા છે. જોકે માનવ અધિકાર અને સામાજિક સંગઠનના આગેવાનો અને અગ્રેસરોએ યોગ્ય પ્રક્રિયા કાનૂની રીતે આગળ ચલાવ્યા વિના બરતરફ કરી દેવાના પગલાંઓ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી છે અને દલીલ કરી છે કે બંધારણની જોગવાઈનો ઉપયોગ કવચિત તરીકે અને પારદર્શકતા સાથે થવો જોઈએ આવી રીતે બરતરફ કર્મચારીઓને અપીલ કરવાનો તેમનો બચાવ કરવાનો પણ બહુ ઓછો મોકો આપવામાં આવે છે એટલે આ પ્રક્રિયાની ન્યાયસંગતતા અને વાજબીપણા અંગે સવાલો ઊભા થયા છે. નાગરિકોના અધિકારો તથા જવાબદારી વિશે પણ ચર્ચા જાગી છે અને આ પ્રકારના પગલા લેવાય ત્યારે પ્રક્રિયાલક્ષી સુરક્ષાની જરૂરિયાત અંગે પણ ચર્ચા ઊભી થઈ છે.

## તેલંગાણાના ખમ્મમમાં મોર્નિંગ વોક દરમિયાન સીપીએમ નેતાની હત્યા

(એજન્સી) તા.૩૧

ખમ્મમ જિલ્લામાં એક ભયાનક ઘટના બની, જ્યાં સીપીએમના નેતા અને ખેડૂત સંઘના ભૂતપૂર્વ રાજ્ય મહાસચિવ, સમીનેની રામા રાવની અજાણ્યા હુમલાખોરો દ્વારા હત્યા કરવામાં આવી.

આ હત્યા ૩૧ ઓક્ટોબર, શુક્રવારની સવારે ચિંતાકાની મંડળ હેઠળના પથરલાપાડુ ગામમાં થઈ હતી. મોર્નિંગ વોક માટે નીકળેલા રામા રાવ પર છરીઓથી હુમલો કરવામાં આવ્યો હતો અને તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

રામા રાવ અગાઉ બે વાર ખેડૂત સંઘના રાજ્ય સચિવ તરીકે સેવા આપી ચૂક્યા છે અને પથરલાપાડુના ગામના વડા તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. ખમ્મમ પોલીસ કમિશનર સુનિલ દત્તે ઘટનાસ્થળની મુલાકાત લીધી, ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું અને શોકગ્રસ્ત પરિવારના સભ્યો સાથે વાત કરી. સીપીએમ રાજ્ય સમિતિના સભ્યો પોટિનેની સુદર્શન, પોન્નમ વેંકટેશ્વર રાવ અને અન્ય ઘણા પક્ષના નેતાઓએ રામા રાવના પરિવાર સાથે મુલાકાત કરીને તેમની સંવેદના વ્યક્ત કરી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પથરલાપાડુમાં મોટી પોલીસ દળ તૈનાત કરવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી ભટ્ટી વિક્રમાર્કાએ રામા રાવની હત્યા પર ઊંડો શોક વ્યક્ત કર્યો. પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે કે રાજ્યમાં હિંસક રાજકારણ માટે કોઈ સ્થાન નથી અને ખાતરી આપી કે હત્યા માટે જવાબદાર લોકોની ઓળખ કરવામાં આવશે અને કાયદા અનુસાર સજા કરવામાં આવશે.

# અમદાવાદ દુર્ઘટના પછી પડકારોનો સામનો કરી રહેલી એર ઈન્ડિયાએ તેના શેરધારકો પાસેથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની સહાયની માંગ કરી

### એરલાઈન આ વર્ષની શરૂઆતમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાના પરિણામો અને શ્રેણીબદ્ધ ઓપરેશનલ અને નાણાકીય પડકારોનો સામનો કરી રહી છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૩૧

એર ઈન્ડિયા તેના માલિકો, ટાટા સન્સ અને સિંગાપોર એરલાઈન્સ પાસેથી લગભગ રૂા.૧૦,૦૦૦ કરોડ ($૧.૧ બિલિયન)ની નવી નાણાકીય સહાયની માંગ કરી રહી છે, કારણ કે તે આ વર્ષની શરૂઆતમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાના પરિણામો અને શ્રેણીબદ્ધ ઓપરેશનલ અને નાણાકીય પડકારોનો સામનો કરી રહી છે. આ અહેવાલો અનુસાર, એરલાઈને બંને શેરધારકોનો સંપર્ક તેમના હિસ્સાના પ્રમાણમાં વધારાના ભંડોળ માટે કર્યો છે - ટાટા સન્સ એર ઈન્ડિયામાં લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે, જ્યારે સિંગાપોર એરલાઈન્સ લગભગ ૨૫% હિસ્સો ધરાવે છે. પ્રસ્તાવિત રોકાણ ઈક્વિટી અથવા વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં હોઈ શકે છે, જેની ચર્ચા હજુ પણ ચાલી રહી છે. આ વિનંતી ત્યારે કરવામાં આવી છે જ્યારે એર ઈન્ડિયા અનેક મોરચે દબાણનો સામનો કરી રહ્યું છે. જૂનમાં અમદાવાદથી રવાના થયેલા તેના બોઈંગ ૭૮૭ વિમાનના ક્રેશથી એરલાઈનની છબી અને નાણાકીય બાબતોને ભારે ફટકો પડ્યો હતો. આ ઘટનાએ તીવ્ર નિયમનકારી ચકાસણી શરૂ કરી અને ફ્લીટ-વ્યાપી સલામતી ઓડિટની ફરજ પડી, જેના પરિણામે કેટલાક આંતરરાષ્ટ્રીય કામગીરી પર કામચલાઉ નિયંત્રણો આવ્યા હતા. પ્રાદેશિક તણાવને કારણે ચાલી રહેલા એરસ્પેસ પ્રતિબંધોને કારણે ફ્લાઈટ રૂટ લાંબા થયા છે અને ઓપરેશનલ ખર્ચમાં વધારો થયો છે. આ અવરોધો, કેરિયરના ટર્નઅરાઉન્ડ લક્ષ્યોમાં વિલંબ સાથે, નફામાં ઘટાડો થયો છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં બ્રેક-ઈવન પ્રાપ્ત કરવાની એર ઈન્ડિયાની મૂળ યોજના હવે અનિશ્ચિત છે. આ પ્રસ્તાવિત મૂડી સહાય એન્જિનિયરિંગ, સલામતી અને જાળવણી પ્રણાલીઓમાં મહત્વપૂર્ણ અપગ્રેડ માટે ભંડોળ પૂરું પાડશે અને આંતરિક જાળવણી અને સમારકામ ક્ષમતાઓનું નિર્માણ કરશે. ટાટા સન્સ અને સિંગાપોર એરલાઈન્સ માટે, ભંડોળનો નિર્ણય એર ઈન્ડિયાના પુનર્જીવન યોજના પ્રત્યેની તેમની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાની કસોટી છે. ટાટા મોટા નાણાકીય બોજનો સામનો કરી રહ્યો છે, ત્યારે બંને માલિકો ઓછા ખર્ચે હરીફો દ્વારા પ્રભુત્વ ધરાવતા અત્યંત સ્પર્ધાત્મક સ્થાનિક બજારમાં એરલાઈનને સ્થિર કરવાનો પડકાર છે. વિશ્લેષકો કહે છે કે સમયસર મૂડીરોકાણ એર ઈન્ડિયાને કાર્યકારી સ્થિરતા અને વિશ્વસનીયતા પાછી મેળવવામાં મદદ કરી શકે છે. જો કે, કોઈપણ વિલંબ અથવા આંશિક સહાય તેની પુનઃપ્રાપ્તિને અટકાવી શકે છે અને નાણાકીય તણાવ વધી શકે છે. એકંદરે, ભંડોળ માટેની વિનંતી એર ઈન્ડિયાના પડકારને દર્શાવે છે, કારણ કે તે ક્રેશ પછી પુનઃનિર્માણ કરવા અને ઉડ્ડયન બજારમાં તેની સ્થિતિ મજબૂત કરવા માંગે છે.

# ૧ નવેમ્બરથી નવા નિયમોઃ બેંકિંગ, GST, આધાર અને પેન્શનમાં મોટા ફેરફારો – ચાલો જાણીએ તે તમને કેવી રીતે અસર કરશે ?

### ૧ નવેમ્બરથી, બેંકિંગ, GST, આધાર અપડેટ્સ અને પેન્શન નિયમોમાં મોટા ફેરફારો અમલમાં આવશે, જે સમગ્ર ભારતમાં ગ્રાહકો માટે સુવિધા અને નવા શુલ્ક બંને લાવશે

નવી દિલ્હી, તા.૩૧

નવેમ્બર શરૂ થતાંની સાથે જ, ઘણા મહત્વપૂર્ણ નાણાકીય અને વહીવટી ફેરફારો અમલમાં આવી રહ્યા છે. આ અપડેટ્સ તમારી બેંકિંગ પ્રવૃત્તિઓ, GST ચૂકવણીઓ, આધાર કાર્ડ અપડેટ્સ અને પેન્શન પ્રક્રિયાઓને અસર કરશે. આમાંના કેટલાક સુધારા ચોક્કસ પ્રક્રિયાઓને સરળ બનાવશે, જ્યારે અન્ય સમયસર પાલન ન કરવામાં આવે તો વધારાના ખર્ચ ઉમેરી શકે છે.

**બહુવિધ નોમિનીઓને મંજૂરી આપવા માટે બેંક ખાતા :** ૧ નવેમ્બરથી, નવા બેંકિંગ નિયમો ખાતાધારકોને એક ખાતા માટે ચાર નોમિની ઉમેરવાની મંજૂરી આપશે. ગ્રાહકો દરેક નોમિની માટે ચોક્કસ ટકાવારી શેર પણ સોંપી શકે છે. વધુમાં, એક નવી ક્રમિક નોમિની સુવિધા અમલમાં આવશે, જે ખાતરી કરશે કે જો એક નોમિની મૃત્યુ પામે છે, તો આગામી નિયુક્ત વ્યક્તિ આપમેળે સક્રિય થઈ જશે.

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ બેંકોને નિર્દેશ આપ્યો છે કે ગ્રાહકોને આ સુવિધા વિશે સ્પષ્ટપણે જાણ કરે. નોમિની ઉમેરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે, પરંતુ ખાતું ખોલવા માટે તે ફરજિયાત રહેશે નહીં. જો કોઈ નોમિની મૃત્યુ પામે છે, તો તેમનો સોંપાયેલ હિસ્સો આપમેળે રદ થઈ જશે.

**મુખ્ય GST પુનર્ગઠન :** ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST) સિસ્ટમમાં ૧ નવેમ્બરથી નોંધપાત્ર ફેરફાર થશે. વર્તમાન ચાર-સ્લેબ માળખું એક સરળ બે-સ્લેબ સિસ્ટમ દ્વારા બદલવામાં આવશે જેમાં ખાસ દરનો સમાવેશ થાય છે. ૧૨ ટકા અને ૨૮ ટકા સ્લેબ દૂર કરવામાં આવશે, અને લક્ઝરી અથવા પાપી વસ્તુઓ પર હવે ૪૦ ટકાનો વધુ કર દર લાગશે.

**શિક્ષણ ચૂકવણીઓ પર SBI કાર્ડ ચાર્જ :** નવેમ્બરથી શરૂ કરીને, SBI કાર્ડ વપરાશકર્તાઓએ MobiKwik અથવા CRED જેવી તૃતીય-પક્ષ એપ્લિકેશનો દ્વારા કરવામાં આવતી શિક્ષણ સંબંધિત ચૂકવણીઓ પર ૧ ટકા વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. તેવી જ રીતે, SBI કાર્ડનો ઉપયોગ કરીને ડિજિટલ વોલેટમાં ૧,૦૦૦ રૂપિયાથી વધુ લોડ કરવા પર પણ ૧ ટકા ચાર્જ લાગશે.

**આધાર અપડેટ ફીમાં સુધારો :** ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ (UIDAI) એ ઓક્ટોબરથી શરૂ થતાં એક વર્ષ માટે બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ્સ માટે ૧૨૫ રૂપિયાની ફી માફ કરી દીધી છે. પુખ્ત વયના લોકો માટે, નામ, સરનામું અથવા મોબાઈલ નંબર જેવી વિગતો અપડેટ કરવાની ફી ૭૫ રૂપિયા રહેશે, જ્યારે બાયોમેટ્રિક ફેરફારો ૧૨૫ રૂપિયા રહેશે. ચકાસણી માટે દસ્તાવેજો અપલોડ કર્યા વિના અપડેટ હવે ઓનલાઈન કરી શકાય છે.

**પેન્શનરો માટે રીમાઈન્ડર :** કેન્દ્ર અને રાજ્ય સરકારના પેન્શનરોએ અવિરત પેન્શન ચૂકવણી સુનિશ્ચિત કરવા માટે નવેમ્બરના અંત સુધીમાં તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવા આવશ્યક છે. NPSમાંથી UPS યોજનાઓમાં શિફ્ટ થવાની યોજના ધરાવતા લોકોએ પણ આ મહિનાની અંદર પ્રક્રિયા પૂર્ણ કરવી આવશ્યક છે.

**PNB લોકર ચાર્જમાં સુધારો કરવામાં આવશે :** પંજાબ નેશનલ બેંક (PNB) તેના લોકર ભાડા ચાર્જ ઘટાડવા માટે તૈયાર છે. લોકરના કદ અને શ્રેણીના આધારે નવા દરો નવેમ્બરમાં બેંકની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે અને સત્તાવાર સૂચનાના ૩૦ દિવસ પછી લાગુ કરવામાં આવશે.

# ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સુકાની મોહમ્મદ અઝહરૂદ્દીનની તેલંગાણા કેબિનેટમાં મંત્રી તરીકે શપથવિધિ

(એજન્સી) હૈદરાબાદ, તા.૩૧

ક્રિકેટરમાંથી રાજકીય નેતા બનેલા ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સુકાની મોહમ્મદ અઝહરૂદ્દીનને તેલંગાણા કેબિનેટમાં મંત્રી બનાવવામાં આવ્યા છે અને આજે એમની મંત્રી તરીકે શપથવિધિ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની કેબિનેટમાં અઝહરૂદ્દીને આજે મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આ નિમણૂકથી ભાજપને વાંધો પડ્યો હતો અને એવી ટીકા કરી હતી કે, જ્યુબિલી હિલ્સની પેટાચૂંટણી પહેલા લઘુમતીના તુષ્ટિકરણ માટે આ પગલું લેવામાં આવ્યું છે. રાજભવનમાં શુક્રવારે યોજાયેલા એક સમારંભમાં તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ કોંગ્રેસના નેતા મોહમ્મદ અઝહરૂદ્દીનને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ



## ભાજપ તરફથી વિરોધ રૂપી પ્રતિક્રિયા : જ્યુબિલી હિલ્સ બેઠકની પેટાચૂંટણી પહેલા લઘુમતીના તુષ્ટિકરણ માટે આ નિર્ણય લેવાયાની ટીકા કરતી ભગવાધારી પાર્ટી

પ્રસંગે મુખ્યમંત્રી રેવંત રેડ્ડી અને અન્ય સિનિયર નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અઝહરના સમાવેશ સાથે તેલંગાણા કેબિનેટનું સંખ્યાબળ વધીને ૧૬ થઈ ગયું છે અને હવે માત્ર વધુ બે મંત્રીઓ માટેની જગ્યા ખાલી છે. વિધાનસભામાં પક્ષના સંખ્યાગણને ધ્યાનમાં લઈને ૧૮ સભ્યોને મંત્રી બનાવી શકાય છે. કેબિનેટમાં મંત્રી તરીકે અઝહરૂદ્દીનના સમાવેશને કોંગ્રેસના અત્યંત મહત્ત્વપૂર્ણ અને સૂચક રાજકીય નિર્ણય સમાન ગણાવવામાં આવી રહ્યો છે. જ્યુબિલી હિલ્સની પેટાચૂંટણીઓમાં કોંગ્રેસને જોરદાર સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ખાસ આ નિમણૂકને રાજકીય રીતે મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે કેમ કે આ મતવિસ્તારમાં મુસ્લિમ મતદારોની સંખ્યા ૧ લાખથી પણ વધુ છે જે પરિણામોમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

આ વર્ષે જૂન મહિનામાં આ મત વિસ્તારમાંથી ચૂંટાયેલા બીઆરએસના ધારાસભ્ય એમ. ગોપીનાથનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું તેના કારણે અહીં પેટાચૂંટણી થઈ રહી છે. પોતાની નિમણૂક પેટાચૂંટણીઓને કારણે થઈ રહી છે અને તેની સાથે સાંકળવાના પ્રયાસો અંગે મોહમ્મદ અઝહરૂદ્દીન દ્વારા એવી પ્રતિક્રિયા આપવામાં આવી હતી કે, મારી નિમણૂકને પેટાચૂંટણી સાથે સાંકળતા દાવાઓને હું નકારી કાઢું છું. હું ખૂબ જ ખુશ છું અને પક્ષના હાઈ કમાન્ડ તથા જનતા અને મારા સમર્થકોનો હું આભારી છું. મારૂં મંત્રી બનવું અને આ વિસ્તારની પેટાચૂંટણીએ બે વચ્ચે કોઈ સંબંધ નથી. આ બંને અલગ બાબતો છે અને તેને એકબીજા સાથે સાંકળી લેવી જોઈએ નહીં.

તેમણે જણાવ્યું હતું કે, મને જે કોઈપણ જવાબદારી સોંપવામાં આવશે હું સમાજના પીડિત અને કચડાયેલા વર્ગોના ઉત્કર્ષ અને કલ્યાણ માટે પૂરી પ્રમાણિકતા સાથે કામ કરીશ અને સેવા બજાવીશ. જી. કિશન રેડ્ડીને જે કહેવું હોય તે કહી શકે છે કેમ કે મારે કોઈની પાસેથી દેશપ્રેમના પ્રમાણપત્રની જરૂર નથી.

ભાજપે એમની નિમણૂકની ટીકા કરી છે અને એવો દાવો કર્યો છે કે, પેટાચૂંટણીમાં લઘુમતીની વોટબેંકને નજરમાં રાખીને રાજકીય તુષ્ટિકરણ કરવા માટે જ એમને મંત્રી બનાવવામાં આવ્યા છે. ભાજપે તેઓ દાવો પણ કર્યો હતો કે, શાસન માટેની લાયકાતને ધ્યાનમાં લેવાને બદલે માત્ર ચૂંટણીલક્ષી મજબૂરીને કારણે તેમની નિમણૂક કરવામાં આવી છે અને એ માટે જ એમને આ વળતર આપવામાં આવ્યું છે. ભાજપે ફરી દાવો કર્યો હતો કે, પેટાચૂંટણીને નજરમાં રાખીને જ અચાનક કેબિનેટમાં વિસ્તરણ કરવામાં આવ્યું છે અને મુસ્લિમ મતદારોમાં કોંગ્રેસની સ્થિતિ મજબૂત બનાવવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે.

દરમિયાન રેડ્ડીની વર્તમાન કેબિનેટના એકમાત્ર મુસ્લિમ મંત્રી હવે અઝહરૂદ્દીન બન્યા છે. ગવર્નરના ક્વોટા અંતર્ગત એમને વિધાન પરિષદના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા એટલે એમનો કેબિનેટમાં સમાવેશ માટેનો માર્ગ ખુલ્લો થયો હતો. આઠમી ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ હૈદરાબાદમાં જન્મેલા અઝહરૂદ્દીને એમનું માધ્યમિક શિક્ષણ હૈદરાબાદમાં જ પરિપૂર્ણ કર્યું હતું અને નિઝામ કોલેજમાંથી કોમર્સના વિષયમાં સ્નાતક થયા હતા. તેમણે ક્રિકેટનો માર્ગ પસંદ કર્યો હતો અને ૧૯૮૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એમની ગૌરવશાળી અને અદ્‌ભુત સફર શરૂ થઈ હતી અને તેમણે પોતાના જીવનના પહેલા ત્રણ ટેસ્ટમાં ત્રણ સદી ફટકારીને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી હતી. ૧૯૮૯માં એમને ભારતીય ક્રિકેટ ટીમના સુકાની બનાવવામાં આવ્યા હતા. ૧૬ વર્ષ લાંબી ક્રિકેટની કારકિર્દીમાં અઝહરૂદ્દીન ૯૯ ટેસ્ટ મેચ અને ૩૩૪ વન-ડે ઈન્ટરનેશનલ રમ્યા હતા અને પોતાના સમયના સૌથી સ્ટાઈલિશ બેટ્સમેન ગણાતા હતા.

તેમની ફિલ્ડિંગ પણ એ સમયે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ હતી અને એમની કવર ડ્રાઈવ જોવી અને કલાત્મક રીતે કાંડાથી ઓન સાઈડ પર તેમના ફટકા જોવા તે લહાવો હતો.

૨૦૦૦ની સાલમાં એમના ઉપર મેચ ફિક્સિંગના આક્ષેપો થયા હતા અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા તેમના પર આજીવન ક્રિકેટ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો પરંતુ બાદમાં આંધ્રપ્રદેશ હાઈકોર્ટ દ્વારા પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો અને એમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ક્રિકેટમાંથી નિવૃત્ત થયા પછી ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા અને રાજકારણની ઈનિંગ શરૂ કરી હતી. તેઓ ઉત્તરપ્રદેશના મુરાદાબાદ મતવિસ્તારમાંથી લોકસભામાં પણ ચૂંટાયા હતા. ૨૦૧૮માં એમને તેલંગાણા પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા.

# ભારતના ભાગલાની પાછળ જવાબદાર ઝીણા અને સાવરકર; ભાજપ હવે પડોશીઓના ભાગલા પડાવવા માંગી રહ્યો છે : દિગ્વિજયસિંહ

(એજન્સી) ઈન્દોર, તા.૩૧

મધ્યપ્રદેશના કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંઘે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે મોહમ્મદ અલી ઝીણા અને હિન્દુત્વ વિચારધારાના કટ્ટર હિમાયતી સાવરકરે ૧૯૪૭માં દેશનું વિભાજન કરાવ્યું હતું. તેમણે આગળ ઉમેર્યું હતું કે હવે ભાજપ શહેરો અને પડોશીઓ વચ્ચે વિભાજન કરાવી રહ્યો છે.



મધ્યપ્રદેશના સાગર શહેરમાં મુસ્લિમ વિસ્તારમાંથી કથિત રીતે હિન્દુઓની હિજરત થઈ રહી હોવાના મીડિયા અહેવાલોને લઈને પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં તેમણે આ મુજબ દાવો કર્યો હતો. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે પાકિસ્તાનમાં સ્થાપક ઝીણા અને સાવરકરે દેશનું વિભાજન કરાવ્યું હતું અને હવે ભાજપ એમના માર્ગે ચાલીને શહેર અને પડોશીઓને અલગ પાડીને એમનું વિભાજન કરાવી રહ્યો છે.

**કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ મધ્યપ્રદેશના સાગર વિસ્તારમાં મુસ્લિમ બહુમતી ધરાવતા લતાઓમાંથી હિન્દુઓની કથિત રીતે હિજરત થઈ રહી હોવા વિશેના મીડિયા અહેવાલોને લઈને પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં આ મુજબનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે મોહમ્મદ અલી ઝીણા અને સાવરકર ભારતના ભાગલાની પાછળ હતા**

પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે શુક્રવારે યોજાયેલી ભાજપની રન ફોર યુનિટી અંગેના સવાલના જવાબમાં જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાઈ રહેલી એકતા માટેની દોડને અમે આવકાર આપીએ છીએ પણ તમારે એ ભૂલવું ન જોઈએ કે ૩૧મી ઓક્ટોબર એ શહીદી દિવસ પણ છે. એમનો ઉલ્લેખ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી તરફ હતો. ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ઈન્દિરા ગાંધીની હત્યા તેમના અંગરક્ષકોએ કરી હતી. દિગ્વિજય સિંઘે એવું પણ કહ્યું હતું કે દેશમાં મતદાર યાદી ખાસ સઘન રિવિઝનના નામે લોકો પાસેથી તેમની નાગરિકતાના પુરાવા માંગવામાં આવી રહ્યા છે. જે મતદાર હોય ત્રણથી ચાર વખત મતદાન કર્યું હોય તેમના નામો બુથ લેવલ અધિકારીઓ શું કામ મતદાર યાદીમાંથી દૂર કરી રહ્યા છે? કોઈ ફરિયાદ નથી થઈ છતાં કેમ તેમના નામો દૂર કરવામાં આવ્યા છે? ડબલ એન્જિન સરકારોમાં આ અધિકારીઓ ભાજપના કાર્યકરો તરીકે કામ કરી રહ્યા છે.

# RSS પર પ્રતિબંધ મૂકવો જોઈએ, ભાજપ અને તેના વૈચારિક પિતૃ 'કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓનું મૂળ' છે, સરદાર પટેલ દ્વારા પણ RSS પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો : કોંગ્રેસ અધ્યક્ષ ખડગે

**કોંગ્રેસના અધ્યક્ષે માંગ કરી કે, સરદાર વલ્લભભાઈ પટેલે પણ RSSની પ્રવૃત્તિઓમાં સરકારી કર્મચારીઓની ભાગીદારી પર પ્રતિબંધ મૂક્યો હતો, ૨૦૨૪માં ભાજપ સરકારે આ પ્રતિબંધ ઉઠાવી લીધો હતો; હવે તેને ફરીથી લાગુ કરવો જોઈએ**

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે દેશમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પ્રતિબંધ મૂકવાની તેમની હાકલનું પુનરાવર્તન કર્યું. તેમણે ધ્યાન દોર્યું કે ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે પણ સરકારી કર્મચારીઓને RSS પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની મનાઈ ફરમાવી હતી. શુક્રવારે એક પત્રકાર પરિષદમાં ખડગેએ કહ્યું, 'મારા અંગત મતે, RSS પર પ્રતિબંધ મૂકવો જોઈએ,' અને તેની વિચારધારાને 'ઝેર' સાથે સરખાવી હતી. શુક્રવારે સરદાર પટેલની જન્મજયંતિ અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ હતી. તેમણે બંને નેતાઓને દેશના ''લોખંડી પુરુષ'' અને ''લોખંડી મહિલા'' તરીકે વર્ણવ્યા હતા. તેમણે દેશ પ્રત્યેના તેમના મહત્વપૂર્ણ યોગદાન અને રાષ્ટ્રીય એકતા જાળવવાના તેમના પ્રયાસો અંગે વાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારતના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ જમ્મુ અને કાશ્મીરને ભારતમાં સંપૂર્ણ રીતે એકીકૃત કરવા માંગતા હતા, પરંતુ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા તેમને આમ કરવાથી અટકાવવામાં આવ્યા હતા. એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહમાં બોલતા મોદીએ કહ્યું કે, ''સરદાર પટેલ સમગ્ર કાશ્મીરને એક કરવા માંગતા હતા, જેમ તેઓ અન્ય રજવાડાઓને એક કરતા હતા. પરંતુ નહેરુજીએ તેમની ઈચ્છા પૂર્ણ થતી અટકાવી. કાશ્મીરનું વિભાજન થયું, એક અલગ બંધારણ અને એક અલગ ધ્વજ આપવામાં આવ્યો, અને કોંગ્રેસની ભૂલને કારણે રાષ્ટ્ર દાયકાઓ સુધી પીડાય રહ્યો છે.'' સરદાર પટેલ આખા કાશ્મીરને ભારત સાથે જોડવા માંગતા હતા, નહેરુએ તેને મંજૂરી આપી ન હતી. સ્વતંત્રતા પછી ૫૫૦થી વધુ રજવાડાઓને એક કરવામાં પટેલના નેતૃત્વની મોદીએ પ્રશંસા કરતા કહ્યું કે, તેઓએ એક અશક્ય કાર્ય શક્ય કરી બતાવ્યુ હતું.



**મોદીએ કોંગ્રેસ પર સરદાર પટેલના વારસાને એનએસએચટી કરવાનો આરોપ લગાવ્યા પછી, કોંગ્રેસના વડાએ કહ્યું છે કે RSSની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા સરકારી કર્મચારીઓ પરનો પ્રતિબંધ હટાવવાનો અર્થ તેમનું અપમાન કરવાનો છે**

નોંધનીય છે કે ખડગેના ગૃહ રાજ્ય કર્ણાટકમાં, સરકારી સંસ્થાઓ અને જાહેર સ્થળોએ RSS પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાના કોંગ્રેસ સરકારના પગલાને કર્ણાટક હાઈકોર્ટની ધારવાડ બેન્ચે આદેશ પર સ્ટે મૂક્યા પછી ફટકો પડ્યો હતો. જસ્ટિસ નાગપ્રસન્ના દ્વારા આપવામાં આવેલ વચગાળાનો સ્ટે ૧૭ નવેમ્બરના રોજ વધુ સુનાવણી માટે મુલતવી રાખવામાં આવ્યો છે.

# રખડતાં કૂતરા અંગેના કેસમાં સુપ્રીમ કોર્ટનો આદેશ : કોર્ટના આદેશનું સન્માન થતું નથી; મુખ્ય સચિવોએ હાજર રહેવું પડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોલિસિટર જનરલ તુષાર મહેતાની એ વિનંતી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો કે પશ્ચિમ બંગાળ અને તેલંગાણા સિવાયના રાજ્યોના મુખ્ય સચિવોને રખડતા કૂતરા કેસમાં ૩ નવેમ્બરે કોર્ટ સમક્ષ વર્ચ્યુઅલી હાજર રહેવાની મંજૂરી આપવામાં આવે. મહેતાએ ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેન્ચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે મુખ્ય સચિવોએ ૩ નવેમ્બરે કોર્ટ સમક્ષ શારીરિક રીતે હાજર રહેવું પડશે.

ન્યાયાધીશ નાથે કહ્યું કે, જ્યારે અમે તેમને અનુપાલન સોગંદનામું દાખલ કરવા માટે આવવાનું કહીએ છીએ, ત્યારે તેઓ ફક્ત વિલંબ કરી રહ્યા છે. કોર્ટના આદેશનો કોઈ આદર નથી. તો ઠીક છે, તેમને રૂબરૂ હાજર રહેવું જોઈએ. મહેતાએ બેન્ચને વિનંતી કરી હતી કે શારીરિક રીતે હાજર થવાને બદલે, મુખ્ય સચિવોને વર્ચ્યુઅલી કોર્ટ સમક્ષ હાજર રહેવાની મંજૂરી આપવામાં આવે.

૨૭ ઓક્ટોબરે રખડતા કૂતરાઓના મામલાની સુનાવણી કરતી વખતે, સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળ અને તેલંગાણા સિવાયના તમામ રાજ્યોના મુખ્ય સચિવોને ૩ નવેમ્બરે કોર્ટ સમક્ષ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો જેથી કોર્ટના ૨૨ ઓગસ્ટના આદેશ છતાં અનુપાલન સોગંદનામા કેમ દાખલ કરવામાં આવ્યા ન હતા તે સમજાવી શકાય. ૨૨ ઓગસ્ટના રોજ, સર્વોચ્ચ અદાલતે રખડતા કૂતરાઓના કેસનો વ્યાપ દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની સીમાઓથી આગળ વધાર્યો, અને નિર્દેશ આપ્યો કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ મામલે પક્ષકાર બનાવવામાં આવે.

કોર્ટે મ્યુનિસિપલ સત્તાવાળાઓને પશુ જન્મ નિયંત્રણ (ABC) નિયમોના પાલન માટે ઉપલબ્ધ કૂતરાના પાઉન્ડ, પશુચિકિત્સકો, કૂતરા પકડનારા કર્મચારીઓ અને ખાસ સુધારેલા વાહનો અને પાંજરા જેવા સંસાધનોના સંપૂર્ણ આંકડા સાથે પાલનનું સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે આ મામલે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પણ સામેલ કર્યા હતા અને કહ્યું હતું કે ABC નિયમોનો ઉપયોગ સમગ્ર ભારતમાં એકસમાન છે. સુપ્રીમ કોર્ટ ૨૮ જુલાઈના રોજ રાષ્ટ્રીય રાજધાનીમાં રખડતા કૂતરાના કરડવાથી, ખાસ કરીને બાળકોમાં, હડકવા થવાના મીડિયા અહેવાલ પર એક સુઓમોટુ કેસની સુનાવણી કરી રહી છે.

# કોંગ્રેસના વડાએ સરદાર પટેલના ૧૯૪૮ના પત્રનો સંદર્ભ આપતા કહ્યું કે, મને લાગે છે કે RSS પર પ્રતિબંધ મૂકવો જોઈએ

## સરદાર પટેલના ૧૯૪૮ના પત્રમાં સંગઠનને મહાત્મા ગાંધીની હત્યા સાથે જોડવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૩૧

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર આકરા પ્રહારો કર્યા, અને કહ્યું કે દેશમાં ''કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ'' ઉભી કરવા બદલ આ હિન્દુ સંગઠન પર પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમણે કહ્યું કે, આ મારો વ્યક્તિગત અભિપ્રાય છે, આ કરવું જોઈએ કારણ કે દેશમાં મોટાભાગના મુદ્દાઓ અને કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ ભાજપ-આરએસએસના કારણે ઊભી થઈ રહી છે. જો વડાપ્રધાન વલ્લભભાઈ પટેલ દ્વારા રજૂ કરાયેલા વિચારોનું સન્માન કરે છે, તો તેઓએ આ કરવું જોઈએ. સરદાર પટેલના નામનો ઉપયોગ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા, ખડગેએ મહાત્મા ગાંધીની હત્યા પછી RSS પર પટેલના શબ્દોનો ઉલ્લેખ કર્યો. તેમણે પટેલે ૧૯૪૮માં શ્યામાપ્રસાદ મુખર્જીને લખેલા પત્રનો ઉલ્લેખ કર્યો, જેમાં તત્કાલીન ગૃહમંત્રીએ તેમના મંત્રાલયના અહેવાલોની નોંધ લીધી હતી જેમાં સંઘની ''શંકાસ્પદ પ્રવૃત્તિઓ''ને કારણે મહાત્મા ગાંધીની હત્યા થઈ હતી. કોંગ્રેસે કહ્યું કે, સરદાર પટેલ અને ભારતના પ્રથમ વડાપ્રધાન, જવાહરલાલ નહેરુ વચ્ચે ગાઢ સંબંધો હતા અને બંનેએ એકબીજાની પ્રશંસા કરી હતી ત્યારે ભાજપ તેઓની વચ્ચે તિરાડ દર્શાવવાનો પ્રયાસ કરતા હતા. ખડગેએ યાદ અપાવ્યું કે પટેલે તે વર્ષે RSS પર પ્રતિબંધ મૂક્યો હતો, તેને રાષ્ટ્રના ધર્મનિરપેક્ષ માળખાના હિતમાં લેવામાં આવેલું પગલું ગણાવ્યું હતું. તેમણે NCERTના પાઠ્યપુસ્તકોમાંથી ગાંધી, ગોડસે, RSS અને ૨૦૦૨ના રમખાણોના સંદર્ભો દૂર કરીને ''ઈતિહાસને વિકૃત'' કરવા બદલ મોદી સરકારની ટીકા કરી અને કહ્યું કે, સરદાર પટેલે રાષ્ટ્ર અને ધર્મનિરપેક્ષતાના હિતમાં RSS પર પ્રતિબંધ મૂક્યો હતો. આજે, તેઓ પોતાના માટે ઈતિહાસ ફરીથી લખી રહ્યા છે.

# ઠોકર ખાવાથી લઈ ૩.૫ કરોડ રૂપિયાના વ્યવસાય સુધીની સફળતાની કહાણી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખેડૂત ઋષિકેશ જયસિંહ ધાણેએ દુષ્કાળને તકમાં ફેરવી દીધો. તેમણે એલોવેરામાંથી સાબુ, શેમ્પૂ અને જ્યુસ જેવા ઉત્પાદનોનું ઉત્પાદન કરીને ૩.૫ કરોડ રૂપિયા(આશરે ૧૫ લાખ ડોલર)નો વ્યવસાય બનાવ્યો છે. છેતરપિંડીનો ભોગ બન્યા પછી અને એલોવેરા ખેતી તરફ વળ્યા પછી, ઋષિકેશ આ વ્યવસાયમાં પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. આજે, લોકો દૂર-દૂરથી તેમની સલાહ લેવા આવે છે. ચાલો અહીં ઋષિકેશ જયસિંહ ધાણેની સફળતાની સફર વિશે જાણીએ.

આ મહારાષ્ટ્રના એક ખેડૂતની વાર્તા છે જેણે છેતરપિંડી અને ગરીબીને પોતાની શક્તિમાં ફેરવી દીધી. દુષ્કાળગ્રસ્ત સતારા જિલ્લાના ઋષિકેશ જયસિંહ ધાણેનો પરિવાર એક સમયે ૨૦૦૦ રૂપિયાની માસિક આવક પર આધાર રાખતો હતો. તેમની પાસે પહેરવા માટે ચપ્પલ પણ નહોતા. ધાણેએ તેના જીવનના સૌથી મોટા પડકારને સૌથી મોટી તકમાં ફેરવી દીધો. તેના સમર્પણ અને દૂરંદેશીએ તેને માત્ર એક સફળ ઉદ્યોગપતિ બનાવ્યો જ નહીં, પરંતુ તે બધા લોકો માટે પ્રેરણા પણ છે જેઓ માને છે કે નસીબ ફક્ત પૈસાવાળા લોકોનો જ સાથ આપે છે.

લગભગ બે દાયકા પહેલા, મહારાષ્ટ્રના



સતારા જિલ્લામાં ખેડૂતોને એલોવેરાની ખેતી કરવા માટે લલચાવવામાં આવ્યા હતા. એક છેતરપિંડી કરનારે તેમને કહ્યું હતું કે તેઓ એલોવેરાની ખેતી કરીને લાખો કમાઈ શકે છે. આનાથી લલચાઈને, ઘણા ખેડૂતોએ રોકાણ કર્યું. જોકે, જ્યારે લણણીનો સમય આવ્યો, ત્યારે છેતરપિંડી કરનાર ભાગી ગયો. ખેડૂતો રડ્યા અને તેમના ખેતરોમાંથી છોડ ઉખેડીને શેરીઓમાં ફેંકી દેવા લાગ્યા. જોકે, જયસિંહ અવિચલ રહ્યા. તેમણે આ કાઢી નાખેલા એલોવેરાના છોડ ઉપાડ્યા અને તેમના ખેતરમાં વાવ્યા. તેમણે વિચાર્યું કે આ પાક ઉધઈને દૂર કરવામાં અને તેમના કેરીના ઝાડને સુરક્ષિત રાખવામાં મદદ કરશે.

ઋષિકેશ જયસિંહે તેમના ખેતરોમાં ૪,૦૦૦ એલોવેરાના છોડ વાવ્યા. ત્યારબાદ તેમણે પોતાની ચાતુર્યનો ઉપયોગ કરીને એલોવેરામાંથી વિવિધ કુદરતી ઉત્પાદનો બનાવ્યા, જેમાં સાબુ, શેમ્પૂ અને જ્યુસનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો નિઃશંકપણે ફળ્યા. જોકે, તેમણે પછી પોતાની બાગાયતી કુશળતાનો ઉપયોગ એલોવેરામાંથી ઉત્પાદનો બનાવવા માટે કર્યો, જેમ કે કુદરતી જંતુનાશકો, હર્બલ સ્પ્રેડર્સ અને છોડના વિકાસને પ્રોત્સાહન આપનારા. તેમને આ ઉત્પાદનો અસરકારક લાગ્યા. ૨૦૧૩માં જયસિંહે તેમના ઉત્પાદનોનું વ્યાપારીકરણ શરૂ કર્યું. આજે, તેમનો વ્યવસાય રૂા.૩.૫ કરોડ સુધી વધી ગયો છે, જેનાથી ૩૦% નફો થયો છે. શરૂઆતમાં તેમના સાસરિયાઓએ તેમના નિર્ણયનો વિરોધ કર્યો હતો, પરંતુ તેમની મહેનતથી તેમણે બધાને ખોટા સાબિત કર્યા. આજે, જે ખેડૂત પાસે એક સમયે ચંપલનો અભાવ હતો તે હવે બે માળના ઘરમાં રહે છે અને ફોર્ચ્યુનર ચલાવે છે. ઋષિકેશ જયસિંહ ધાણેની વાર્તા સાબિત કરે છે કે સમર્પણ અને કામ કરવાની ઈચ્છાશક્તિથી, તમે જીવનના સૌથી મોટા પડકારોને પણ મોટી સફળતામાં પરિવર્તિત કરી શકો છો.

# યુપીની આ છોકરી વાર્ષિક ૧ કરોડ રૂપિયા કમાય છે, તેણે નોકરી કરવાની ના પાડી દીધી હતી, હવે તેણે પોલીહાઉસ ફાર્મ શરૂ કર્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

જ્યારે તમે મોટા સપના જોતા હો, ત્યારે તમે નાની વસ્તુઓનો પીછો કરતા નથી. ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌની રહેવાસી અનુષ્કા જયસ્વાલ પણ કંઈક આવું જ કરતી હતી. ૨૦૧૬માં તે દિલ્હીની હિન્દુ કોલેજમાં પ્લેસમેન્ટ માટે અરજી કરી રહી હતી. તેણીને સારી નોકરી મળવાની અપેક્ષા હતી, પરંતુ તેણીએ એક પણ ઓફર સ્વીકારી નહીં. ૨૯ વર્ષીય અનુષ્કાનું લક્ષ્ય સ્પષ્ટ હતું: તે પાયાના સ્તરે કંઈક મોટું કરવા માંગતી હતી. તેણીએ સેન્ટ સ્ટીફન કોલેજમાં ફ્રેન્ચનો અભ્યાસ કર્યો હતો, પરંતુ તેણીને ત્યાં સંતોષ ન મળ્યો, તેથી તેણી તેના હેતુની શોધમાં ઘરે પાછી ફરી. તેણીના જીવનમાં એક મહત્વપૂર્ણ ક્ષણ ત્યારે આવી જ્યારે તેણીએ તેના ટેરેસ પર ટામેટાં સહિતના કેટલાક છોડ ઉગાડ્યા. તેણીને આ કામ ગમ્યું અને ખેતીને કારકિર્દી તરીકે વિચારવાનું શરૂ કર્યું. આજે, તે વાર્ષિક લગભગ ૧ કરોડ રૂપિયા કમાય છે. એક સાંજે ચા પીતી વખતે, તેણીએ તેના ભાઈને તેની રુચિ વિશે કહ્યું. તેણે તેણીને આ માર્ગ અપનાવવા માટે જરૂરી પ્રોત્સાહન આપ્યું. તેના ભાઈ દ્વારા પ્રોત્સાહિત થઈને તેણે નોઈડામાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચર



ટેકનોલોજીમાં બાગાયતીનો અભ્યાસક્રમ શરૂ કર્યો. ખેતી સંબંધિત અન્ય ઘણા અભ્યાસક્રમો પૂર્ણ કર્યા પછી, સુરક્ષિત ખેતીમાં તેમનો રસ વધ્યો.

વ્યાપક સંશોધન અને જરૂરી અભ્યાસક્રમો પૂર્ણ કર્યા પછી, તેમણે ૨૦૨૦માં એક એકર જમીન પર પોલીહાઉસ ફાર્મ શરૂ કર્યું. છેલ્લા પાંચ વર્ષમાં, તેણે લખનઉ અને આસપાસના વિસ્તારોમાં તેમના ખાસ શાકભાજી, ખાસ કરીને વિવિધ પ્રકારના કેપ્સિકમ માટે પ્રતિષ્ઠા મેળવી છે.

અર્થશાસ્ત્રના સ્નાતક અનુષ્કાએ માત્ર ૨૪ વર્ષની ઉંમરે અંગ્રેજી કાકડીઓથી ખેતી શરૂ કરી હતી. તેના પહેલા પાકમાં પ્રભાવશાળી ૫૧ ટન ઉત્પાદન મળ્યું હતું, જે તેણીનો દાવો છે કે પરંપરાગત ખેડૂતો કરતા લગભગ ત્રણ ગણું છે.

તેણીની શરૂઆતની સફળતાથી પ્રોત્સાહિત થઈને, તેણીએ લાલ અને પીળા કેપ્સિકમ પણ ઉગાડ્યા, જે પણ ખીલ્યા. તેણીએ પ્રતિ એકર જમીનમાં ૩૫ ટન કેપ્સિકમનું ઉત્પાદન કર્યું, જે તેને સરેરાશ ૮૦થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે વેચી રહી હતી. આજે, તે વાર્ષિક ૨૦૦ ટનથી વધુ કેપ્સિકમનું ઉત્પાદન કરે છે. આજે, અનુષ્કા છ એકરથી વધુ જમીન પર શાકભાજી ઉગાડે છે. મીડિયા અહેવાલો અનુસાર, તેણીએ ૨૦૨૩-૨૪માં ૧ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર હાંસલ કર્યું. તેણીના શાકભાજી બ્લિંકિટ અને બિગ બાસ્કેટ જેવા ક્વિક કોમર્સ પ્લેટફોર્મ પર તેમજ લુલુ હાઈપર માર્કેટ જેવા સ્ટોર્સમાં વેચાય છે. તેમના શાકભાજી દિલ્હી અને વારાણસીના બજારોમાં પણ નિકાસ કરવામાં આવે છે. તેઓ ૨૫-૩૦ મજૂરોને પણ રોજગારી આપે છે, જેમાં મોટાભાગે મહિલાઓ હોય છે.

# અખિલ કચ્છ હિંગોરા સમાજની નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૬માં ફૈઝાન વોરિયર્સ ખીરસરા બીજી વખત ચેમ્પિયન



વિંઝાણ, તા.૩૧

અબડાસા તાલુકાના વિંઝાણ ખાતે અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૬નું આયોજન કરાયું હતું. જેમાં ફૈઝાન વોરિયર્સ ખીરસરા અને રિપિટ કાર્ગો ધનાવાળા વચ્ચે ફાઈનલમાં જંગ જામ્યો હતો, જેમાં ફૈઝાન વોરીયર્સ ખીરસરા ચેમ્પિયન બની હતી.

ફાઈનલ ઈનામ વિતરણમાં વીનર ટીમને બાઈક તેમજ ટ્રોફી આપવામાં આવી હતી અને રનર્સઅપ ટીમને ૨૧૦૦૦- રોકડ અને ટ્રોફી આપવામાં આવી હતી સમાજના પ્રમુખ હાજી જુણસભાઈ હિંગોરાએ ખેલકૂદની ભાવના બિરદાવી હતી.

હિંગોરા સમાજના ખીરસરા વિ.ના વતની સખીદાતા અબ્દુલકાદરભાઈ હિંગોરા દ્વારા ચેમ્પિયન ટીમ માટે ટુ વ્હીલર બાઈક અર્પણ કરી હતી અને રિટાયર્ડ ફૌજી અલીમામદ હિંગોરા વિંઝાણવાલા સમગ્ર ટુર્નામેન્ટની તમામ ટ્રોફીઓના દાતા રહ્યા હતા અને ખાસ સમાજ યુવા ઉભરતા ખેલાડી બશીર હિંગોરા (ઉં.વ. ૧૩) ખીરસરા વાલાને ટ્રોફી આપી હોંસલાઅફઝાઈ કરી હતી.

સમગ્ર ટુર્નામેન્ટ માં બોલના દાતા હિંગોરા ઉમરભાઈ નાનાવાડા રહ્યા હતા અને સમગ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ મેચ બનનાર ખેલાડીઓ માટે ઈનામના દાતા અશરફભાઈ હિંગોરા અને રીયાઝભાઈ હિંગોરા રહ્યા હતા.

સમાજના દિકરાઓ રમતગમત ક્ષેત્રે આગળ આવે એના માટે સતત ૭ વર્ષથી આ ટુર્નામેન્ટ રમાઈ રહી છે. વિંઝાણ ગામના સરપંચ સજ્જનસિંહ જાડેજા જેઓ સતત હાજરી આપી છોકરાઓને હોંસલાઅફઝાઈ કરે છે તે બદલ સમાજના વડીલ હાજીઆમદ હિંગોરા (માજી તાલુકા પંચાયત સદસ્ય અબડાસા) દ્વારા ખાસ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટ ફાઈનલ મેચ માં ખાસ મહેમાન તરીકે અબડાસા તાલુકા પંચાયતના ચેરમેન જયુભા જાડેજા અને અબડાસા ભાજપના ઉપપ્રમુખ પિયુષભાઈ ભાનુશાલી એ ખાસ હાજરી આપીને છોકરાઓને પ્રોત્સાહિત કરવા વિશેષ દાનની રકમ લખાવી હતી.

સમગ્ર ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સીરીઝ અલ્લી લક્કી ખીરસરા અને બેસ્ટ બેસ્ટમેન તાહિર હિંગોરા ખીરસરા અને બેસ્ટ બોલર જુનેદ હિંગોરા ખીરસરા અને બેસ્ટ ફિલ્ડર અભુ હિંગોરા વિંઝાણ રહ્યા હતા. આ પ્રસંગે સૈયદ અબ્દુલહમીદ બાપુ અને સૈયદ તન્વીર બાપુ અને અબડાસા તાલુકા પંચાયતના માજી ચેરમેન જાફરભાઈ સમાજના મહામંત્રી હાજીખાલકભાઈ અને સમાજના ખજાનચી ઈલીયાસભાઈ અને સમાજના ઉપપ્રમુખ હાજીજાકુબભાઈ અને ખીરસરા સરપંચ આદમભાઈ અને મંજલ સરપંચ અનવરભાઈ અને નાનાવાડા સરપંચ આમેદભાઈ અને સાંધવ માજી સરપંચ હુસૈનભાઈ અને ફારૂકભાઈ સોતા સહિતના આગેવાનોએ હાજરી આપી હતી.

સમગ્ર ટુર્નામેન્ટના મુખ્ય આયોજકો ઈમરાન હિંગોરા ખીરસરા અને ઈબ્રાહિમ હિંગોરા અને દાદા હિંગોરા વિંઝાણ રહ્યા હતા. અબડાસા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રજાકભાઈ હિંગોરા એ સમાજની નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ માં તમામ કોમેન્ટ્રો અને અમ્પાયરો અને સખીદાતોઓ તમેજ તમામ નામી અનામી સહયોગ કરનારાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આઠમા પગાર પંચના ગઠનને આવકારતા રેલવે યુનિયનના વિવિધ સંગઠનો

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૩૧

છેલ્લા લાંબા સમયથી નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવે મેન્સના જનરલ સેક્રેટરી ડો.એમ રાઘવય્યા અને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના જનરલ સેક્રેટરી આરજી કાબર ઉપરાંત તમામ જનરલ સેક્રેટરીઓ દ્વારા સરકાર સમક્ષ કેન્દ્રીય કર્મચારીઓ માટે આઠમા પગારપંચના ગઠન કરવા માટે સતત રજૂઆતો કરવામાં આવી હતી તો સમગ્ર ભારતીય રેલવે કર્મીઓ દ્વારા ધરણા પ્રદર્શનો કરી સરકાર સાથે વાટાઘાટોનો દોર સતત શરૂ રાખતા તેના પરિણામ સ્વરૂપે તા. ૨૮/૧૦/૨૫ના રોજ સરકાર તરફથી આઠમા પગારપંચનું ગઠન કરવામાં આવેલ છે. આ નિર્ણય નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવેમેન અને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના નેતાઓ અને કાર્યકર્તાઓએ વધાવી લીધો છે. આ પગાર પંચમા વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં લઈ અને સાતમા પગાર પંચને ૧૦ વર્ષ પૂર્ણ થતાં કેન્દ્રીય કર્મચારીઓના પગાર ધોરણમાં વૃદ્ધિ થાય અને તેમના પરિવાર સાથે જીવન ધોરણ સારી રીતે વ્યતીત થાય એ માટે નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવે મેન્સ અને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના સતત પ્રયાસોને સફળતા મળેલ છે. આ સાથે પૂરા ભારતીય રેલવેના કર્મચારી માટે ઓલ્ડ પેન્શન સ્કીમ લાગુ કરવા માટે પણ સતત પ્રયાસો ચાલુ છે. કર્મચારીઓના હિતને ધ્યાનમાં લઈને અને ભવિષ્યમાં તેમની વૃદ્ધાસ્થામાં સ્વમાન ભેર જીવી શકે તે માટે જૂની પેન્શન સ્કીમ લાગુ કરાવવા માટે સતત સંઘર્ષ કરી રહ્યા છીએ. વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના જનરલ સેક્રેટરી આરજી કાબર, પ્રેસિડેન્ટ હિરેન મહેતાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વેસ્ટર્ન રેલવેમાં આઠમા પગાર પંચ માટેના પ્રયાસો અને ધરણા પ્રદર્શનો કરવામાં આવેલ હતા તે સંપૂર્ણ સફળ થયા છે જેમાં ભાવનગર ડિવિઝનમાં ડિવિઝનલ સેક્રેટરી બીએન ડાભી, ડિવિઝનલ ચેરમેન ગિરીશભાઈ મકવાણાની આગેવાની હેઠળ આ આઠમા પગાર પંચ માટેની ઝુંબેશમાં ડિવિઝન બોડીના તમામ પદાધિકારીઓ તમામ બ્રાંચોના ચેરમેન, સેક્રેટરીઓ, ઓફિસ બેરરોએ સંઘર્ષ કરી લડત આપી હતી જે લડતમાં સફળતાં મેળવી છે. નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવે મેન્સના અને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના આ તમામ કર્મચારીઓ માટેના કાર્યથી સમગ્ર ભારતીય રેલવેના કર્મચારીઓ આનંદની લાગણી અનુભવી રહ્યા છે તેવી એક અખબારી યાદીમાં વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ વેરાવળ બ્રાન્ચના ચેરમેન તસ્લીમભાઈ કાજીએ જણાવેલ છે.

# ખેડૂતોને થયેલ નુકસાનીનો રિપોર્ટ સત્વરે તૈયાર કરવા રાજ્યમંત્રીનું સૂચન

## ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનની સમીક્ષા કરવા મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પરષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩૧

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલાં નુકસાનની સમીક્ષા કરવા માટે ભાવનગર સર્કિટ હાઉસ ખાતે મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી પરષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમંત્રીએ વિવિધ વિભાગો પાસેથી જિલ્લામાં કમોસમી વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો અહેવાલ મેળવ્યો હતો. આ બેઠકમાં રાજ્ય મંત્રી પરષોત્તમભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલાં નુકસાનનો સર્વે તાત્કાલિક હાથ ધરી તેનો અહેવાલ સરકારને સત્વરે સોંપવામાં આવે. કુદરતી આફતને લઈને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ચિંતિત છે, સમગ્ર પરિસ્થિતિ પર તેઓ નજર રાખી રહ્યાં છે. કોઈ પણ ખેડૂતનું ખેતર સર્વે વગર બાકી ન રહે તે જોવા મંત્રીએ ખાસ તાકીદ કરી હતી.



આ તકે નિવાસી અધિક કલેક્ટર એન.ડી. ગોવાણીએ ભાવનગર જિલ્લામાં ખેતી પાક લેવાના સમયે થયેલા કમોસમી વરસાદ અંગે વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લાના અગ્રણી દિગ્વિજયસિંહ ગોહિલ, રાજુભાઈ ફાળકીએ પ્રવર્તમાન સ્થિતિ અંગે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નગર પાલિકાના પ્રાદેશિક કમિશનર ધવલ પંડ્યા, જિલ્લા અગ્રણી દિવ્યેશભાઈ સોલંકી સહિત પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળમાં સોની વેપારીની નજર ચૂકવી ગઠિયો ૭ જોડી સોનાની બુટ્ટી સેરવી ગયો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૩૧

માંગરોળમાં સોની વેપારીને ત્યાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠીયાએ નજર ચૂકવી રૂા.૧.૯૭ લાખની સોનાની ૬ બુટ્ટી ચોરી કરી ગયાની ફરિયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે શ્યામ પરેશભાઈ રાજપરાએ અજાણ્યા ૩૦થી ૪૦ વર્ષના પુરૂષ વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીની એસપી જવેલર્સ નામની દુકાને આરોપીએ સોનાની બુટ્ટી લટકણ (સોયદોરા) વેચાતી લેવાના બહાને આવી ફરિયાદી સાથે સોનાની બુટ્ટી બાબતે વાતચીત કરી ફરિયાદીની નજર ચૂકવી સોનાની બુટ્ટી ૭ જોડી કિ.રૂા. ૧,૯૭,૬૪૦ની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં ખાનગી ટ્રાવેલ્સ બસની અડફેટે બાઈકસવાર બે યુવાનનાં મોત

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩૧

ઉમરાળાથી ધોળા જવાના રસ્તા ઉપર મોડી રાત્રિના સમયે લક્ઝરી બસના ચાલકે પૂરપાટ ઝડપે બસ ચલાવી બાઈકચાલકને ઠોકરે ચડાવતા ધડાકાભેર અકસ્માત થતા બાઈકમાં સવાર બે લોકો રોડ ઉપર પટકાતા બંન્ને યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા.આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ઉમરાળા ખાતે મોડી રાત્રીના સમયે ઉમરાળા-ધોળા રોડ ઉપર એક લક્ઝરી બસના ચાલકે ગઢડાના સભાડીયા ગામના બે યુવકોની બાઈક સાથે બસનો ગમખ્વાર અકસ્માત કર્યો હતો. બસના ચાલકે પૂરપાટ ઝડપે બસને હંકારીને બાઈક સવાર બંન્નો યુવકોને અડફેટે લીધા હતા. ગઢડા તાલુકાના સભાડીયા ગામના વતની યુવરાજસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ (ઉં.વ,૨૨) અને ભદ્રરાજસિંહ સુજાનસિંહ ગોહિલ (ઉં.વ.૩૯) પોતાની બાઈક લઈ જઈ રહ્યા હતા તે વેળાએ સદગુરૂ શિવમ ટ્રાવેલ્સના ચાલકે પૂરપાટ ઝડપે બસ ચલાવી, બેફીકરાઈથી બાઈક સાથે અકસ્માત કરતા બંન્ને યુવકો રોડની કિનારીએ પટકાયા હતા જેમાં બંન્ને યુવકોને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજા થતાં બંન્ને યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજવા પામ્યા હતા. બનાવની જાણ થતા ઉમરાળા પોલીસ મથકનો સ્ટાફ તેમજ અન્ય વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા અને બંન્ને મૃતકોની મૃતદેહોને પી.એમ. અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# કુકસવાડા ગામે એસિડ પી લેતા યુવતીનું મોત

જૂનાગઢ તા.૩૧

ચોરવાડના કુકસવાડા ગામે રહેતા પરિવારની યુવતીએ કોઈ કારણોસર એસિડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાંનો બનાવ બન્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે ભરતભાઈ દેવસીભાઈ વાઢેરએ જાહેર કરેલ કે પોતાની મૃતક બહેન ચંપાબેન(ઉં.વ.૨૧)એ કોઈ કારણોસર પોતાના ઘરે એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાંનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# કમોસમી વરસાદથી થયેલ ખેડૂતોને નુકસાનનું વળતર આપવા અને રાહત પેકેજ જાહેર કરવા જામનગર તાલુકા કોંગ્રેસની માંગ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૩૧

ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેડૂતોના કપાસ, મગફળી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. જામનગર જિલ્લા-તાલુકા કોંગ્રેસ દ્વારા સંસદસભ્ય વિક્રમભાઈ માડમની આગેવાની હેઠળ કોંગ્રેસ દ્વારા સૂત્રોચ્ચાર સાથે રેલી યોજી મુખ્યમંત્રીને સંબોધિત આવેદનપત્ર જિલ્લા પંચાયતમાં સુપરત કરી તાકીદે રાહત પેકેજ જાહેર કરવા માગણી કરવામાં આવી હતી. ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં છેલ્લા ૨-૩ દિવસથી થયેલા કમોસમી વરસાદ અને વાવાઝોડા જેવી પ્રાકૃતિક આફતોના કારણે હજારો ખેડૂતોનો પાક પૂરેપૂરો નાશ પામી ગયો છે. ખાસ કરીને જામનગર જિલ્લાના ખેડૂતો અત્યંત વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ખેતરોમાં ઉભેલા પાક નાશ પામવાથી ખેડૂતોની આશા તૂટી ગઈ છે અને ઘણાં ખેડૂતો પશુપાલન માટે ચારો મેળવવામાં પણ અસમર્થ બન્યા છે. આજે ગુજરાતનો ખેડૂત, જે આપણા દેશની અન્નસુરક્ષા માટે ખેતરમાં દિવસ-રાત પરિશ્રમ કરે છે. એ ખાદ્ય અનાજ, કપાસ, તલ, મગફળી, જવ જેવા મુખ્ય પાકના નુક્સાનને કારણે આર્થિક રીતે કચડાઈ ગયો છે. રાજયભરના તમામ અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવા, ખેડૂતો પર રહેલા કૃષિ લોન તથા સહકારી બેંકના બોજાને માફ કરવા, પશુપાલન માલધારી માટે ઘાસચારાની તાત્કાલિક વ્યવસ્થા કરવા અને વિસ્તારવાર નુક્સાનનું સર્વેક્ષણ કરી સીધા ખેડૂતોના ખાતમાં રાહત રકમ જમા કરાવવાની માગણી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદસભ્ય વિક્રમભાઈ માડમ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથરિયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઈકબાલભાઈ સુમરા, કાસમભાઈ ખફી, પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ મુસડિયા, જે.પી. મારવિયા, અન્ય હોદ્દેદારો, કાર્યકરો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ભાવનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જુદા-જુદા કામોની ૨૨ દરખાસ્તોને મંજૂરી

## વેસ્ટ કલેક્શનની એજન્સી ઓમ સ્વચ્છતાને રૂા.૩.૯૦ કરોડનો દંડ ફટકાર્યો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩૧

ભાવનગર મહાનગરપાલિકા પાસેથી ઘરે-ઘરે કચરો ઉઘરાવવા કરોડોનો કોન્ટ્રાક્ટર મેળવી લઈ નિયમોનો છડેચોક ઉલ્લંઘન કરી રહેલી કોન્ટ્રાક્ટ એજન્સીને તાબામાં લેવા આખરે રૂા.૩.૯૦ કરોડની પેનલ્ટી ફટકારી છે. લાંબા સમયથી નિયમોનો ભંગ કરી એજન્સી સતત વિવાદ અને ચર્ચામાં રહી છે, કચરો ઉઘરાવવામાં સંતોષજનક સેવા નથી, તેમના કર્મચારીઓને સમયે પગાર નથી અપાતો તેમજ ટેમ્પલ બેલ સાથે પૂરતા માણસો નથી રખાતા... આવી તો અનેક ફરિયાદ છે. આખરે ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં આ મામલે ચર્ચા કર્યા બાદ પેનલ્ટી ફટકારાઈ છે.

ભાવનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ગુરૂવારે મળી હતી. જેમાં જુદા-જુદા કામોની ૨૨ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં રૂપિયા પોણા બે કરોડના ખર્ચે જુદા-જુદા વિસ્તારોમાં વિકાસ કાર્યો કરવાને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડ વિભાગના સાધનો માટે ટેન્ડરિંગ કરવામાં આવશે અને પ્રક્રિયા આગળ વધારવા મંજૂરી અપાઈ હતી. સ્ટેન્ડિંગ કમિટીમાં અધ્યક્ષ સ્થાનેથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરતી એજન્સીને એપ્રિલ ૨૦૨૪થી એપ્રિલ ૨૦૨૫ના એક વર્ષ દરમિયાન સેવાઓમાં અનિયમિતતા બદલ ઓમ સ્વચ્છતા એજન્સીને ૩.૯૦ કરોડની પેનલ્ટી કરવામાં આવી હતી. ડોર ટુ ડોર કચરાની સેવાઓ આપતી એજન્સીઓની સામે ફરિયાદો આવી હોય અને આ વ્યાપક ફરિયાદો સામે રૂા.૩.૯૦ કરોડની માતબર રકમનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત રૂવા રવેચી ગામમાં વર્ષો જૂની વાવની બંને બાજુ ચણતર કરીને આરસીસીથી મજબૂત કરી નગરજનો ફરવા આવી શકે તે માટે આ દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી હતી હવે આ ૨૨ દરખાસ્તો મહાપાલિકાની સાધારણ સભામાં મોકલવામાં આવશે જયાં ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાશે.

# જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂા.૧૭.૯૮ કરોડના વિકાસ કામોને મંજૂરી

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૩૧

જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૧૭ કરોડ ૯૮ લાખના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે કન્સલ્ટન્સસી સર્વિસની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગ ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૨ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યાડે.મેયર કિષ્નાબેન સોઢા, કમિશનર ડી.એન.મોદી, ડે.કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી એન્જિનિયર ભાવેશભાઈ જાની, આસી. કમિશનર (વ.) મુકેશભાઈ વરણવા ઉપસ્થિત રહ્યા હતા.શીફ્ટિંગ એન્ડ ઈલેક્ટ્રિફિકેશન વર્ક એટ રણમલ લેઈક પેરીફરી એન્ડ લાખોટા કોઠા મ્યુઝીયમ સરાઉન્ડીંગ એટ જામનગરના કામ અંગે કમિશનરની રજૂ થયેલ દરખાસ્ત અન્વયે રૂા.૧૩૫.૮૭ લાખના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી. જામનગર શહેરમાં ખંભાળીયા રોડ પર, હોટલ વિશાલ પાછળ, ટી.પી. સ્કીમ નં.૨, અંતિમ ખંડ નં.૯૮ વાળી જગ્યામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ (ફેઝ-૧) બનાવવાના કામે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસીસ આપવાના કામની દરખાસ્ત પેન્ડિંગ રાખવા નિર્ણય લેવાયો હતો.

# ભાવનગર : જશોનાથ સર્કલ પાસે વેપારીને છરીની અણીએ લૂંટી લેનાર ગણતરીના કલાકોમાં ઝડપાયા

ભાવનગર, તા.૩૧

શહેરના જશોનાથ સર્કલમાં પિલગાર્ડન પાસે ઊભેલા વેપારીને ત્રણ શખ્સોએ છરીની અણીએ લૂંટી ફરાર થયા હતા. આ બનાવમાં નિલમબાગ પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણેયને ઝડપી લઈ બનાવ સ્થળે લઈ જઈ ક્રાઈમ રિ-કન્ટ્રક્શન કરાવ્યું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ અશોકભાઈ શાહ ભાવનગરની સોની બજારમાં જૂની વસ્તુઓની લે-વેચ અને ફાટેલી નોટો બદલવાનો વ્યવસાય કરે છે, તેઓ નોટો બદલવાનું કામ પૂરૂં કરીને બુધવારે રાત્રે શિહોર જવા માટે વાહનની રાહ જોઈ રહ્યા હતા. તે દરમ્યાન ત્રણ અજાણ્યા શખ્સો તેમની પાસે આવ્યા. તેમાંથી એક વ્યક્તિએ છરી બતાવી, બીજાએ અશોકભાઈનું મોઢું દબાવ્યું અને ત્રીજાએ પૈસાની માંગણી કરી હતી, જ્યારે વેપારીએ પૈસા આપવાની ના પાડી, ત્યારે લૂંટારૂઓએ એકબીજાને સંજય, શ્યામ અને ફારૂક નામથી સંબોધીને 'ડોસાના ગળે છરી રાખ', 'ડોસાનું બૌથી પકડી રાખ' અને 'ડોસાના ખિસ્સામાંથી પૈસા કાઢી લે' તેમ બોલતા હતા, ત્રણેય શખ્સોએ અશોકભાઈને મારી નાખવાની ધમકી આપી અને બળજબરીપૂર્વક તેમના ખિસ્સામાંથી રૂા.૫,૦૦૦ લૂંટી લીધા હતા. પૈસા લૂંટીને તેઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. બનાવ અંગે નિલમબાગ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ ઝાલાના માર્ગદર્શનમાં પોલીસ ટીમે ગણતરીના કલાકોમાં જ આરોપીઓને ઝડપી લીધા છે.

# સુરેન્દ્રનગરના પાનવા ગામે ગૌચર જમીન ઉપર દબાણ મુદ્દે યુવકની કલેક્ટર કચેરીમાં આત્મવિલોપનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચર જમીનો અને સરકારી ખરાબ ઉપર દબાણો હોવાની વ્યાપક ફરિયાદો તંત્રને ગ્રામજનો અને ખાસ કરીને આગેવાનો દ્વારા વારંવાર કરવામાં આવતી હોય છે. તે છતાં પણ દબાણો હટાવવાની અને દબાણ કર્તા સામે કાર્યવાહી કરવાના સ્થાને રજૂઆત કરનારની અરજીઓ ફાઈલ કરી નાખવામાં આવતી હોવાની રાવ ઉઠવા પામી છે. સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના પાનવા ગામે ૯૬૦ વીઘા ગૌચર જમીન ઉપર દબાણો કરી દેવામાં આવ્યા છે જેને લઈને યુવક દ્વારા અનેક વર્ષોથી કલેકટર ડીડીઓ અને મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમ જિલ્લા સ્વાગત કાર્યક્રમ અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. રાજરત્ન નાગવંશી દ્વારા રજૂઆત કરવામાં આવતી હોવા છતાં પણ કોઈ પણ પ્રકારના દબાણો દૂર કરવામાં નથી આવતા જેને લઈને આજે યુવક દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે.



સુરેન્દ્રનગર કલેકટર કચેરીમાં જ આત્મવિલોપન કરવાની ચીમકી આપવામાં આવી છે ગૌચર જમીનો ઉપર છેલ્લા પાંચ વર્ષથી માથાભારે ઈસમો દ્વારા કબજો જમાવી દેવામાં આવ્યો છે ૯૬૦ વીઘા જેટલી ગૌચર જમીન ઉપર કબજો જમાવી લેવામાં આવ્યા હોવાનો યુવક દ્વારા કરવામાં આવેલી અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.હાલ ગામમાં ગૌચર જમીન ઉપર દબાણો કરવામાં આવ્યા હોવાના કારણે ગામના માલ ઢોરને ચારવાના પ્રશ્ન પણ ઊભા થઈ રહ્યા છે ત્યારે હવે તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે ૧૫ દિવસમાં દબાણો નહીં હટાવવામાં આવે તો આત્મવિલોપન કચેરીમાં જ કરવા અંગેની ચીમકી યુવક દ્વારા ઉચ્ચારવામાં આવી છે આ સંદર્ભે લેખિત અરજી પણ કરવામાં આવી છે.સુરેન્દ્રનગરમાં હવે ગૌચર અને સરકારી ખરાબાઓની જમીનો પણ સુરક્ષિત ન હોવાનો ઘાટ સર્જાઇ જવા પામ્યો છે ત્યારે હવે અગામી યુવક દ્વારા અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે તંત્ર દ્વારા હવે કેવી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવશે તે તો અગામી સમય દેખાડશે પરંતુ હાલમાં યુવક દ્વારા આત્મા વિલોપનની ચકચાર મચી જવા પામ્યો છે.

# ગીરનારના પગથિયા પરથી પડી જતાં યુવાનનું મોત

જૂનાગઢ, તા.૩૧

ગીરનાર પર્વતના ૨૫૦૦ પગથિયા પર એક અજાણ્યા ૩૦થી ૩૫ વર્ષની ઉંમરનો યુવક શોર્ટકટ મારી અને ગીરનારની યાત્રા કરી રહ્યો હતો. તે દરમ્યાન ૩૨૦૦ પગથિયાથી નીચે ૨૫૦૦ પગથિયા પર પટકાતા તેનું પ્રાણ પંખેરૂઉડી ગયું હતું. ગઈકાલે સાંજના આ બનાવ પામ્યો હતો. આ બનાવ અંગે વન વિભાગ અને પોલીસને જાણ કરતા પોલીસ અને વન વિભાગના અધિકારીઓ બનાવના સ્થળે પહોંચી અને તપાસની કામગીરી હાથ ધરી હતી.

# વાપીના ડુંગરામાં જેડી પરિવાર દ્વારા ભાગવત કથા

વાપી, તા.૩૧

વાપીના ડુંગરા ખાતે જેડી પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેરગામના કથાકાર દેવુભાઈ જોશીની આ ૫૦૦ મી કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ કથા તા.૩૦/૧૦/૨૫થી શરૂવાશે. જે તા.૫/૧૦/૨૫ના રોજ કથાને વિરામ આપવામાં આવશે. વાપીના ડુંગરા ગામના અગ્રણી દર્પણભાઈ દેસાઈએ જણાવ્યું છે.



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

## નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ સફાઈની સ્થિતિ બદતર

# બોડેલીના અલીપુરા નવી નગરીમાં અસહ્ય ગંદકી અને દુર્ગંધ : લોકો ત્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૩૧

બોડેલીના અલીપુરા નવીનગરીમાં બે મહિનાથી કચરાનું ટ્રેક્ટર નથી આવતું ગંદકી અને દુર્ગંધથી રહીશો પરેશાન, નગરપાલિકાની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. તો સ્થાનિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આખા વિસ્તારમાં ગંદકી અને દુર્ગંધ ફેલાઈ ગઈ છે, જેના કારણે રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે, બોડેલીને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ પણ સફાઈની સ્થિતિ પંચાયત સમય કરતાં વધુ ખરાબ થઈ ગઈ છે. કચરાના નિયમિત નિકાલના અભાવે રોગચાળાનો ભય પણ ઊભો થયો છે. ખાસ કરીને નવીનગરી નજીક આવેલા પશુ દવાખાનાના કમ્પાઉન્ડમાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે, જ્યાંથી આવતી દુર્ગંધ આસપાસના રહેવાસીઓ માટે અસહ્ય બની ગઈ છે. રહીશોએ નગરપાલિકા તંત્રને તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ઉકેલ લાવવા અને નિયમિત સફાઈ વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે, જેથી સ્વચ્છતા જળવાઈ રહે અને લોકો સ્વસ્થ જીવન જીવી શકે.

# અરવલ્લીમાં કુદરતનો કહેર : ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતોની આંખો ભીની



(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લાને કમોસમી વરસાદે ઘમરોળી નાખ્યો છે છેલ્લાં ત્રણ ચાર દિવસથી પડી રહેલા સતત વરસાદ ખેડૂતો અને તેમના પરિવારોને રડાવી રહ્યો છે. ખેડૂતોએ મોઘાદાટ બિયારણ, દવાઓ અને શ્રમિકોનો ખર્ચ અને તેમના પરિવારે દિવસ-રાત મહેનત કરી તૈયાર કરેલ ખેતી માવઠાના પગલે નિષ્ફળ જવાની દહેશતના પગલે ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાઈ જાય તો નવાઈ નહીં હાલ તો ખેડૂતો કમોસમી વરસાદ ખમૈયા કરેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે બીજીબાજુ હવામાન વિભાગે અરવલ્લી જિલ્લામાં બે દિવસ હળવાથી ભારે વરસાદી ઝાપટાની આગાહી કરતા ખેડૂતો ચિંતિત જોવા મળી રહ્યા છે સતત વરસતા વરસાદ અને ધીમી ગતિથી ફૂંકાતા પવનના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે સારા વરસાદના કારણે ખરીફ પાકનું બમ્પર ઉત્પાદન થયું હતું હાલમાં જિલ્લામાં ખરીફ પાકની કાપણી અને લણણી ચાલી રહી છે ત્યારે માવઠું થતાં ખેતરોમાં તૈયાર પાક પલળી ગયો છે. મગફળી, સોયાબીન, ડાંગર સહિતના પાકનો વરસાદે સોથ વાળી નાખ્યો છે. જેથી ખેડૂતોને આર્થિક ફટકો પડતાં ખેડૂતોએ રાજકીય પક્ષોએ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે કરાવી તાકીદે વળતર આપવામાં આવેની માંગ કરી છે. કમોસમી વરસાદ અને વાવાઝોડાથી જગતના તાતના મોઢા સુધી આવેલો કોળિયો છિનવાયો હોય તેવી સ્થિતિ પેદા થતાં ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે ખેતરમાં લણીને તૈયાર પાક અને ખેતરમાં લહેરાતા પાકને ભારે નુકસાન થયું છે. ખાસ કરીને કપાસ, મગફળી, તલ અને જવ જેવા મુખ્ય પાકોને સંપૂર્ણ નુકસાન થવાથી ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે બાગાયતી અને શાકભાજીની ખેતી કરનાર ખેડૂતો પણ લાચારી અનુભવી રહ્યા છે.

# અંકલેશ્વર : કોંગ્રેસ દ્વારા સરદાર પટેલ અને ઈન્દિરા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ



અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વર જીઆઈડીસી નોટિફાઇડ એરિયામાં કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ તેમજ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તારીખ ૩૧મી ઓક્ટોબરના રોજ લોખંડી પુરુષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને પૂર્વ વડાપ્રધાન સ્વ.ઈન્દિરા ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે અંકલેશ્વર જીઆઈડીસીના સરદાર પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી, આ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના કાર્યકાળને પણ યાદ કરીને તેમને પણ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શૈલેષ પ્રજાપતિ, હર્ષદ ગઢવી, ભરતસિંહ યાદવ, અનિલ નેવે, યોગેશ જોષી, રામ કુબેર પાંડે અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

# સેવાલિયા : લક્ઝરી બસમાં પિસ્તોલ લઈ જતાં બે પરપ્રાંતીય પકડાયા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૩૧

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા ગામ નજીક ઈન્દોર હાઈવે રોડ પર આવેલ મહારાજના મુવાડા નવી ચેકપોસ્ટ ખાતેથી પોલીસે આજે વહેલી સવારના વાહન ચેકિંગ દરમિયાન એક લક્ઝરી બસમાં દેશી પિસ્તોલ અને ધારદાર લોખંડનો સળિયો લઈ જતાં બે પરપ્રાંતીય ઈસમોને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, ગળતેશ્વર તાલુકાના સેવાલિયા ગામ પાસે ઈન્દોર અમદાવાદ હાઈવે રોડ પર આવેલ મહારાજના મુવાડા નવી ચેકપોસ્ટ ખાતે પોલીસ દ્વારા આજે વહેલી સવારના વાહન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ત્યાં ગોધરા તરફથી આવતી લક્ઝરી બસ નંબર MP 09 FA 9547ને પોલીસે રોકી હતી. લક્ઝરી બસમાં સીટ નંબર ચાર પર મુસાફરી કરી રહેલ બે ઈસમો પોલીસને જોઈ ગભરાઈને આઘાપાછા થતાં હોય પોલીસ દ્વારા શંકાના આધારે બંને તપાસ કરવામાં આવી હતી. જેમાં પોલીસને એક ઈસમ પ્રિન્સ પ્રાગર પદમ મંડોઇ (ઉ.વ. ૨૦, રહે.બડખદ, તા. કુકશી, જિ.ધાર, મધ્યપ્રદેશ)ના પેન્ટના કમરના ભાગેથી ભારતીય હાથ બનાવટની એક ખાલી મેગેઝિનવાળી પિસ્ટલ મળી આવી હતી. જયારે પોલીસને બીજા ઈસમ મગર થાવરીયા ભીલ (ઉ.વ. ૨૦, રહે.ગેટટા ગામ, તા. કુકશી, જિ.ધાર, મધ્યપ્રદેશ) પાસેથી સીટ પરથી એક લોખંડનો ધારદાર સળિયો મળી આવ્યો હતો. પોલીસે બંનેની અટકાયત કરી રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતની દેશી પિસ્તોલ અને બે મોબાઈલ સહિત કુલ રૂપિયા ૩૧,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરમિયાન સેવાલિયા પોલીસે આ અંગે બંને આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)(એ), ૨૫(૧-એ), ૨૫(૧-એએ), અને જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી કાયદેસર હાથ ધરી છે.

# ઠાસરામાં વેપારીના બંધ મકાનમાંથી ૧.૨૭ લાખની ચોરીથી ફફડાટ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૩૧

ઠાસરા ખાતે આવેલ માતંગી સોસાયટીમાં રહેતા વેપારી અને પરિવારજનો મકાન બંધ કરી નાના ભાઈને ઘેર પત્નીની ડિલિવરી હોય ગયા અને તસ્કરો બંધ મકાનનું તાળું તોડી રોકડા રૂપિયા ૯૪,૦૦૦ તેમજ સોના-ચાંદીના ના દાગીના મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦ની મતા ચોરી ગયાનો બનાવ ઉજાગર થતા નગરમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, ઠાસરા નગરમાં ડાકોર રોડ પર આવેલ માતંગી સોસાયટીમાં રહેતા કપડાના વેપારી ઈમરાનભાઈ ઉસ્માનભાઈ ગફુરભાઈ વહોરા અને પરિવારજનો તા.૨૯/૧૦/૨૫ના રોજ રાતના મકાનને તાળું મારી બંધ કરી તેમના નાના ભાઈ સોહિલના પત્નીની ઉમરેઠની સોહમ હોસ્પિટલ ખાતે ડિલિવરી હોવાથી દાખલ કર્યા હતા. જેથી ઠાસરાના કાજીવાડા સ્થિત નાના ભાઈ સોહિલના ઘરે ગયા હતા. બાદ વેપારી અને પરિવારજનો ત્યાં રોકાયા હતા આ તકનો લાભ લઈ કોઈ તસ્કર ગેંગે ઈમરાન ભાઈના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું.

તસ્કરો ઈમરાન ભાઈના મકાનના દરવાજાને મારેલ તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. તસ્કરો અલગ-અલગ રૂમમાંની તિજોરીઓના ખાના ખોલી અંદર મુકેલ રોકડા રૂપિયા ૯૪ હજાર એમ જ સોના-ચાંદીના ના દાગીના મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦ની મતાની ચોરી કરી તસ્કરો ફરાર ગયા હતા. દરમિયાન વેપારીના ઘર સામે રહેતા એક યુવકે ગઈકાલે સવારના તેમના મકાનના દરવાજાનું તાળુ તૂટેલું જોતા ઘટનાની જાણ થઈ હતી. ઠાસરા પોલીસે આ અંગે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ત્રણ તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ

ઠાસરામાં માતંગિ સોસાયટીમાં બનેલી ઘરફોડ ચોરીના બનાવમાં રાત્રિના અંધારામાં બાઈક પર સવાર ત્રણ શખ્સો CCTV કેમેરામાં આવતા-જતા સ્પષ્ટ કેદ થયા છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, પોલીસ ઊંઘમાં હતી અને ચોરો આરામથી આખું ઓપરેશન ચલાવી ગયા. ચોંકાવનારી વાત એ છે કે આ જ માતંગિ સોસાયટીમાં બે મહિના પહેલા પણ સમાન રીતની ચોરી થઈ હતી. તેથી રહેવાસીઓનું માનવું છે કે આ કારસ્તાન કોઈ જાણ ભેદુનું હોવાની શક્યતા છે.

# સાબરકાંઠામાં છ તાલુકામાં માવઠું, ૮થી ૪૪ મિમી વરસાદ, ખેડૂતોને નુકસાન અંગે રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે સવારે બે કલાક દરમિયાન આઠમાંથી છ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાભરમાં કમોસમી વરસાદ વરસ્યો છે. આઠમાંથી છ તાલુકામાં ૧ મિમીથી ૧૩ મિમી સુધી વરસાદ નોંધાયો.

હવામાન વિભાગની આગાહી વચ્ચે શુક્રવારે સવારે ૬થી ૮ વાગ્યા દરમિયાન આઠમાંથી છ તાલુકામાં ૧ મિમીથી ૧૩ મિમી સુધી વરસાદ નોંધાયો હતો. જેમાં ખેડબ્રહ્મામાં ૩ મિમી, વડાલીમાં ૩ મિમી, ઈડરમાં ૫ મિમી, હિંમતનગરમાં ૧ મિમી, પ્રાંતિજમાં ૩ મિમી અને તલોદમાં ૧૩ મિમી કમોસમી વરસાદ પડ્યો હતો. જેના પગલે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લામાં સર્વત્ર કમોસમી વરસાદ નોંધાયો છે. ખેડબ્રહ્મામાં ૧૩ મિમી, વિજયનગરમાં ૮ મિમી, વડાલીમાં ૧૭ મિમી, ઈડરમાં ૧૫ મિમી, હિંમતનગરમાં ૪૩ મિમી, પ્રાંતિજમાં ૪૪ મિમી, તલોદમાં ૪૩ મિમી અને પોશીનામાં ૧૩ મિમી વરસાદ નોંધાયો હતો. કમોસમી વરસાદને કારણે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓ સહિત આસપાસના વિસ્તારોમાં ખેડૂતોને ભારે નુકસાન થયું છે. ઘણા ખેડૂતોનો પાક સંપૂર્ણપણે બગડી ગયો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને પાક નુકસાનીનો સર્વે કરીને યોગ્ય વળતર અને તાત્કાલિક સહાય આપવા રજૂઆત કરી છે. કમોસમી વરસાદને કારણે હિંમતનગર માર્કેટયાર્ડમાં તા.૨ નવે સુધી હરાજી બંધ કરવામાં આવી છે. જો ૩ નવેમ્બરે પણ વરસાદી વાતાવરણ હોય, તો ખેતપેદાશો વેચાણ માટે ન લાવવી. તેમ માર્કેટયાર્ડના મેનેજર ઝાલાએ જણાવ્યું છે.

# વડોદરાના રાવપુરામાં નકલી પોલીસ બની રોફ જમાવતો શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

રાવપુરા વિસ્તારમાં નકલી પોલીસ બની ફરતો શખ્સ અસલી પોલીસના હાથે ઝડપાયો હતો. પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલે સાંજે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે આ શખ્સની અટકાયત કરી હતી. તેનું નામ ઘનશ્યામ ભાણજીભાઈ સંઘાણી (રહે. નતાશા પાર્ક સોસાયટી, છાણી જકાતનાકા, મૂળ મોરબી) હોવાનું બહાર આવ્યું હતું. તેની પાસેથી વિવિધ સંસ્થાઓના આઈકાર્ડ મળી આવ્યા હતા. જેમાં સીઆઈડી ટ્રસ્ટ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિટેક્ટિવ, સીબીઆઈ ક્રાઈમ ભારત ઈન્ડિયા પ્રેસ, દિલ્હી ક્રાઈમ અને ભ્રષ્ટાચાર વિરોધી મોરચા તથા ટીએનપી પ્રેસના આઈકાર્ડનો સમાવેશ થાય છે. આ ચાર પૈકીના પ્રથમ ત્રણ આઈકાર્ડની કોઈ સરકારી કચેરીમાં નોંધણી કે વેરિફિકેશન ન હતું. શખ્સે પોતે પોલીસ વિભાગ સાથે સંકળાયેલ હોવાનો ખોટો ભ્રમ પેદા કરી લોકોમાં રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા દસ વર્ષથી વડોદરામાં રહી છૂટક કામ કરે છે. તેની સામે અગાઉ ચેક રિટર્નનો એક કેસ પણ નોંધાયો છે.

# પાવીજેતપુર પોલીસ સ્ટેશન ખાતે ‘રન ફોર યુનિટી’નું આયોજન

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૩૧

દેશના લોખંડી પુરૂષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી (રાષ્ટ્રીય એકતા દિવસ) નિમિત્તે આજે ૩૧ ઓક્ટોબરના રોજ પાવીજેતપુર ખાતે પોલીસ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ‘રન ફોર યુનિટી’ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પોલીસ સ્ટેશનના પટાંગણમાં કરવામાં આવી હતી, જયાં પોલીસ અધિકારીઓ, જવાનો અને મોટી સંખ્યામાં નગરજનોએ એકઠા થઈને રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. આ અવસરે સરદાર વલ્લભભાઈ પટેલના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. ‘રન ફોર યુનિટી’ દોડમાં પોલીસ જવાનોએ ભાગ લીધો હતો. ત્યારબાદ પોલીસ સ્ટેશનથી ‘રન ફોર યુનિટી’નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ દોડમાં પોલીસ જવાનો, હોમગાર્ડ, ગ્રામજનો, યુવાનો સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓએ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના નારા લગાવ્યા હતા. આ દોડ પાવીજેતપુરના હાઈવે ઉપર તેમજ મુખ્ય માર્ગો પર ફરીને સમાપ્ત થઈ હતી. આ કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર રાણાએ રાષ્ટ્રીય એકતાનું મહત્ત્વ સમજાવ્યું હતું અને સૌને દેશની એકતા જાળવવા માટે સંકલ્પબદ્ધ થવા પ્રેરિત કર્યા હતા.

# વડોદરા નજીક કેનાલમાં પડતું મૂકનાર યુવકને શોધવાની કવાયત્ માથે પડી, સ્કૂટર મૂકી નાટક કર્યું હતું

વડોદરા, તા.૩૧

વડોદરા નજીક કેનાલમાં એક યુવકે પડતું મુક્યું હોવાના મેસેજથી ફાયરબ્રિગેડ અને પોલીસ દોડતા થયા હતા. તપાસને અંતે યુવકે નાટક કર્યું હોવાનું જણાતાં તમામની મહેનત માથે પડી હતી. પરંતુ પરિવારજનોએ હાશ અનુભવી હતી. વડોદરા તાલુકાના હેકો અંકિત રાઠોડે ફાયરબ્રિગેડને કોલ કરી શેરખી-ભીમપુરા ખાતેની કેનાલમાં એક યુવકે પડતું મુક્યું હોવાની જાણ કરતાં ફાયરબ્રિગેડની વડીવાડીની ટીમે શોધખોળ કરી હતી. પોલીસ પહોંચી ત્યારે કેનાલ પાસે સ્કૂટર પડ્યું હતું અને ડિકિમાં મોબાઈલ હતો. તપાસ દરમિયાન રાયપુરા ગામનો રોહિત પરમાર નામના યુવકનું સ્કૂટર હોવાનું અને તેણે કેનાલમાં પડતું મુક્યું હોવાની આશંકા થઈ હતી. યુવકે તેની બહેનને કરેલા મેસેજ પરથી શંકા વધુ ઘેરી બની હતી. જેમાં તેણે સ્કૂટરની ડિકિમાં મોબાઈલ મુક્યો છે અને ચાવી આગળના બોક્સમાં છે. તેવું અસ્પષ્ટ લખાણ લખ્યું હતું. કેનાલ પાસે સ્કૂટર હોવાથી તે અંદર પડ્યો હોવાની આશંકા ગઇ હતી. જો કે, ચારેક કલાકની તપાસ બાદ યુવક હેમખેમ મળી આવતાં સૌના જીવ હેઠા બેઠા હતા.

# વડોદરામાં સાસરિયાની દહેજની માગણીથી કંટાળી પરિણીતાનો આપઘાત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના ગાઠવેલ ગામની વતની અને ગોરવા વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ પતિ અને સાસરિયાની દહેજ માટેની સતત કરવામાં આવતી માગણીઓથી કંટાળીને ઘરમાં જ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે.

મૂળ મહારાષ્ટ્રની પૂજા પાટીલના લગ્ન વર્ષ ૨૦૨૧માં ગાઠવેલ ગામના પ્રમોદ ગોપાલ પાટીલ સાથે થયા હતા. મહિલાનો પતિ ગોરવા વિસ્તારમાં નોકરી કરતો હતો. ઘણા સમયથી પરિણીતા પાસે પતિ સહિતના આ સાસરિયા દેહજની માગણી કરી હેરાન પરેશાન કરતા હતા.

પરંતુ દિવાળી બાદ પતિ તથા તેની સાસુ, બે નણંદ અને સસરા વડોદરામાં મકાન લેવાનું કહીને પરિણીતા પાસે રૂપિયા ૧૦ લાખની માગણી કરીને હેરાન પરેશાન કરી રહ્યા હતા. દહેજની સતત માગણીઓ અને ત્રાસના કારણે પૂજા પાટીલ કંટાળી ગઈ હતી અને ગોરવામાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધુ હતું. ગોરવા પોલીસને પરિણીતાએ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાની જાણ થતાં તાત્કાલિક સ્થળ પર પહોંચી પીએમ માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક પૂજા પાટીલના પરિજનોએ આક્ષેપ કર્યા હતા કે લગ્ન બાદથી જ પૂજાના પતિ પ્રમોદ પાટીલ અને તેના સાસરિયા વારંવાર પૂજા પાસેથી દહેજની માગણી કરીને તેને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. જેથી કંટાળી ગયેલી મારી દીકરીએ આપઘાત કરી દીધો છે. પૂજાના પતિ સાસુ સસરા અને બે નણંદ અને જન્મ ટીપની સજા થાય તેવી માગણી કરવામાં આવી છે.

# ડભોઈની મહુડીભાગોળને બચાવવામાં પુરાતત્ત્વ વિભાગને રસ નથી ?



**(તસવીર : આઈ.જી. બોડીવાલા, ડભોઈ)**

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૩૧

ડભોઈના ચાર ઐતિહાસિક કિલ્લાઓ દર્ભાવતી નગરીની ઓળખને બચાવવા જાણે પુરાતત્ત્વ પ્રેમી અને પુરાતત્ત્વ વિભાગને રસ ના હોય એમ લાગી રહ્યું છે. ડભોઇ નગરના સોલંકી વંશજના ચાર કિલ્લાએ દર્ભાવતી નગરના ધરોહર મનાય છે. ડભોઇના ચારે દિશાના ચાર કિલ્લાઓ પુરાતત્ત્વ વિભાગની દેખરેખમાં આવે છે. ડભોઇના ચાર કિલ્લાઓમાં ત્રણ કિલ્લાઓ જેમાં હિરાભાગોળ, નાંદોદી ભાગોળ અને વડોદરી ભાગોળના કિલ્લાને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. જયારે ડભોઇનો એક માત્ર મહુડીભાગોળના કિલ્લામાંથી વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લેવાય છે. ડભોઇના મહુડીભાગોળના કિલ્લાને યોગ્ય રખરખાઉના અભાવને કારણે એના પથ્થરો અને મૂર્તિઓ કાળી પડી રહી છે. ડભોઇના મહુડીભાગોળ કિલ્લો જાણે પુરાતત્ત્વ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતો ના હોય એમ એની કાળજી લેવામાં આવતી નથી. મૂર્તિઓ કાળી પડવા સાથે મહુડીભાગોળના ઉપર જવાના સિસમના દરવાજાને પણ આગને કારણે નુકસાન થયાનું જોઈ શકાય છે. એય ઓછું હોય એમ મહુડી ભાગોળની આજુબાજુ બાંધકામો પણ થયા છે. જેને લઈ કિલ્લાને નુકસાન થઈ રહ્યું છે. તો હવે પુરાતત્ત્વ વિભાગ કિલ્લાને બચાવવા માસ્ટર પ્લાન બનાવશે કે પછી સબ દેખા જાએગા ?

# હિંમતનગર ખાતે કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલિ



સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ અશોકભાઇ પટેલની આગેવાનીમાં હિંમતનગર તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લોખંડી પુરૂષ ‘સરદાર વલ્લભભાઈ પટેલ’ની જન્મ જયંતી અને પ્રિયદર્શીની ‘ઈન્દિરા ગાંધી’ની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. જેમાં હિંમતનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ બારોટ, તાલુકા પ્રમુખ અજમલસિંહ, સંગઠન મહામંત્રી પ્રિયવદન પટેલ, ટી.વી. પટેલ, કનુભાઈ રાવળ, કમળાબેન પરમાર, ગોપાલસિંહ, જાલમસિંહ, કાંતિભાઈ પરમાર, નરેન્દ્રભાઈ પટેલ, ઈશાકભાઈ શેખ, કાદીરભાઈ ડોઈ, જયેશભાઈ મહેતા, સુરેશભાઈ, કાંતિભાઈ ગામેતી, લિયાકત મનસુરી, મુકેશભાઈ પટેલ સેવાદળ, મીડિયા કન્વીનર કુમાર ભાટ સમેત આગેવાનો મોટી સંખ્યામાં કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા.

# હિંમતનગર ખાતે કલેક્ટરની ઉપસ્થિતિમાં રાજકીય પક્ષો સાથે (SIR) અંતર્ગત બેઠક યોજાઇ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૩૧

સાબરકાંઠા જિલ્લામાં કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુની ઉપસ્થિતિમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) અંતર્ગત કલેક્ટર કચેરી સભાખંડ હિંમતનગર ખાતે રાજકીય પક્ષો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લોકશાહીને મજબૂત બનાવવા માટેની મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) અંગે રાજકીય પક્ષો સાથે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં SIRના વિવિધ તબક્કાઓ અનુસાર તા.૪/૧૧/૨૫થી તા.૪/૧૨/૨૫ દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ઘરે-ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. ત્યારબાદ તા.૯/૧૨/૨૫ના રોજ ડ્રાફ્ટ રોલ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં તા.૯/૧૨/૨૫થી ૮/૧/૨૬ સુધી સુધારા માટેનો દાવો નાગરિકો કરી શકશે. ૩૧/૧/૨૬ સુધી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મુખ્ય ચૂંટણી અધિકારી દાવાઓની સુનાવણી તથા પ્રમાણિકરણ કરશે. આ સમગ્ર પ્રક્રિયાના અંતે તા.૭/૨/૨૬ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ બેઠકમાં SIRની મુખ્ય પ્રક્રિયાઓ તેમજ SIR શા માટે જરૂરી છે તે અંગે પણ રાજકીય પક્ષો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી રાજેશ ચૌહાણ તેમજ રાજકીય પક્ષોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)**

મજૂરોની સેફ્ટી અંગે પ્રશ્નાર્થ

# વડોદરામાં નવી બંધાતી સાઈટના ૧૦મા માળેથી નીચે પટકાતા શ્રમજીવીનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૩૧

વડોદરાના ગોત્રી સેવાસી રોડ પર નવી બંધાતી સાઈટના ૧૦મા માળેથી નીચે પટકાયેલા શ્રમજીવીનું મોત થયું છે. સેફ્ટીની તકેદારી રાખવામાં આવી હતી કે કેમ, તે અંગે હજી પોલીસે તપાસ કરી નથી. ગોત્રી સેવાસી રોડ પર યુનિટી સેફાયરની નવી બંધાતી સાઈટ પર મૂળ યુ.પી.નો ૨૯ વર્ષનો નંદલાલ જીતુભાઇ આજે સાઈટ પર કામ કરતો હતો. તે દરમિયાન સવારે સાડા દશ વાગ્યે ૧૦મા માળે કામ કરતા સમયે નીચે પટકાતા માથામાં ગંભીર ઈજા થઇ હતી. તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. જે અંગે ગોત્રી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પરિવારજનો યુ.પી.થી આવવાના હોઇ તેનો મૃતદેહ સયાજી હોસ્પિટલમાં કોલ્ડ રૂમમાં મૂકવામાં આવ્યો છે. સાઈટ પર સેફ્ટીના સાધનો હતા કે કેમ? નેટ બાંધી હતી કે કેમ ? તે અંગે બનાવના ૧૦ કલાક પછી પણ પોલીસે તપાસ કરી નથી. પોલીસનું કહેવું છે કે, અમે પી.એમ. કરાવવામાં વ્યસ્ત હોઇ તપાસ થઇ શકી નથી.

## ડીસામાં ‘આપ’ દ્વારા સરદાર પટેલને શ્રદ્ધાંજલિ

ડીસા, તા.૩૧

આજે ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ડીસા ખાતે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓ અને હોદ્દેદારોએ એક સાથે ઉપસ્થિત રહીને સરદાર પટેલની પ્રતિમાને ભક્તિભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવાના શપથ ગ્રહણ કર્યા હતા. ‘આપ’ના હોદ્દેદારોએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલનું યોગદાન દેશ ક્યારેય ભૂલી શકે તેમ નથી. તેમના સિદ્ધાંતો પર ચાલીને જ આપણે એક મજબૂત અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું.

## વડોદરામાં ગેસ એજન્સીના બેંક એકાઉન્ટમાં ૫૦૦ના દરની ડુપ્લીકેટ નોટો ભરાતાં ફરિયાદ

વડોદરા, તા.૩૧

વડોદરા શહેરમાં ડુપ્લીકેટ ચલણી નોટો મુદ્દે એક ફરિયાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે. જેમાં અલકાપુરી પ્રોડક્ટિવિટી રોડ ઉપર સિલ્વર સ્ક્વેરમાં આવેલી શ્રીનાથજી ભારત ગેસના ભરણામાં ૫૦૦ની ૫ ડુપ્લીકેટ નોટો મળી આવી હતી. આ અંગે એચડીએફસી બેંકના કર્મચારી સિદ્ધાર્થ ત્રિવેદીએ વડોદરા ક્રાઈમ બ્રાન્ચને જાણ કરતા પોલીસે ગેસ એજન્સી સામે પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ જાલી નોટો કોણ આપી ગયું તેની તપાસ બાદ પોલીસ આગળનું પગેરું શોધવાનો પ્રયાસ કરશે.

ધાર્મિક કાર્યક્રમ

## આણંદમાં માહે જમાદિલ અવ્વલની ગ્યારવીહ શરીફ રવિવારે મનાવાશે

બજમે સરવર નાપા શરીફ તરફથી માહે જમાદિલ અવ્વલની ગ્યારવીહ શરીફ તા.૨/૧૧/૨૫ રવિવારે શહેજાદા-એ સરવર શાહ પીરે તરીકત સૈયદ હાજી જહુર અહેમદ ઉર્ફે મસ્તાન બાવા તેમજ નવાસા એ સરવર શાહ વ ખલીફા એ મસ્તાન બાવા પીરે તરીકત હઝરત શકીલ અહેમદ ઉર્ફે અકીલ શાહ કાદરીની સદારતમાં ખડોલવાલા ફાર્મ સલાટિયા રોડ, આલ્ફા મિશન સામે, નાની ખોડિયાર બિલાલ મસ્જિદ પાસે આણંદ ખાતે સવારે ૯થી ૧૨ દરમિયાન મનાવવામાં આવશે. આ પ્રસંગે તમામ અકીદતમંદોને તશરીફ લાવવા આમંત્રણ છે. જિક્રે ઈલાહી સલાતો સલામ પછી ન્યાઝ ખવડાવવામાં આવશે.

# ભિલડા ગામના યુવકનું અકસ્માતમાં સારવાર બાદ મોત

ડીસા, તા.૩૧

દાંતીવાડા તાલુકાના ભિલડા ગામનો યુવક અને તેનો સાથી મિત્ર બુલેટ પર જ્યારે તેનો મોટો ભાઈ અને પરિવારજનો ઈકો કારમાં રાજસ્થાનના સુંધા માતાજી દર્શન કરી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન રાજસ્થાનના પૂરણ ગામ નજીક સામેથી પૂરપાટ ઝડપે આવતી નંબર વગરની રિક્ષાનાચાલકે અચાનક કાબૂ ગુમાવતા જોરદાર ટક્કર મારતાં બુલેટ સવાર આશરે ૩૪ વર્ષીય યુવક અરવિંદભાઈ ગેનાજી ઠાકોર (મૂળ રહે. ભિલડા તા.દાંતીવાડા અને હાલ ધંધાર્થે અમદાવાદ)ને ગંભીર ઈજાઓ થઇ હતી. તે દરમિયાન પાછળ ઈકો ગાડી લઈને આવતા તેના મોટાભાઈએ તાત્કાલિક તેનાં નાના ભાઈ અને બુલેટચાલક અરવિંદભાઈ ગેનાજી ઠાકોર અને બુલેટના પાછળ બેઠેલા અશ્વિનભાઈ પોપટભાઈ કોળી (રહે. ભીલડા)ને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા પોપટભાઈ કોળી હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ અકસ્માતના પગલે તેમનાં મોટાભાઈ અશોકભાઈ ગેનાજી ઠાકોરે રિક્ષાચાલક વિરૂદ્ધ રાજસ્થાનના જસવંતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### સુરેન્દ્રનગરમાં ખેડૂત મહાસંમેલન યોજાયું

# વિસાવદરમાં ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપે મંત્રી મંડળ બદલી દીધું, ભૂપેન્દ્ર પટેલને ડમી CM બનાવી દીધા : કેજરીવાલ

## બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા; હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM', ભૂપેન્દ્ર પટેલનું કંઈ ચાલતું નથી : અરવિંદ કેજરીવાલના પ્રહાર

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના વાંટાવચ્છ ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી રહી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતોના વિવિધ પ્રશ્નનો મુદ્દે સરકારને ઘેરી હતી.

આમ આદમી પાર્ટી નેતાઓ દ્વારા બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચાર વિરૂદ્ધ આ મહાપંચાયત યોજાઈ હતી. જેમાં અરવિંદ કેજરીવાલે ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણ અંગે અને બોટાદમાં ખેડૂતોને જેલમાં પુરવા જેવી અનેક બાબતો પર સરકાર પર આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, બોટાદમાં હર્ષસંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને ઈમાન આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા અને પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલને ડમી CM' બનાવી દીધા. હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM' છે.

કડદો શબ્દનો સીધો સાદો અર્થ થાય છે કાપ કે ઘટાડો, માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો પોતાનો પાક વેચવા લાવે ત્યારે વેપારીઓ અથવા દલાલો વજન કરતી વખતે ગુણવત્તા બતાવતા જે કપાત કરે છે તેને કડદો કહેવાય છે. ઉદાહરણ તરીકે ખેડૂત ૧૦૦ કિલો પાક લઈ આવ્યો હોય તો કડદાના નામે તેમા પહેલા સીધી ત્રણ કિલોની ઘટ કરી દેવામાં આવે. તેની સાથે પાકમાં ભેજ છે, દાણા નાના છે, કચરૂં છે તેમ કહીને કિંમતમાં ઘટાડો કરી દેવામાં આવે. આ કડદો પ્રથા વર્ષોથી છે. અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, પંજાબમાં પૂર આવ્યું તો પંજાબ સરકારે એક મહિનામાં જ ખેડૂતોના ખાતામાં ૫૦-૫૦ હજાર જમા કરાવ્યા પરંતું અહીની સરકાર માત્ર સર્વે કરીને સંતોષ માને છે. ખેડૂતોની આશા પર આ સરકાર પાણી ફેરવી રહી છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, વિસાવદરમાં અમારા ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપની પેન્ટ ભીની થઈ ગઈ અને મંત્રીમંડળ બદલી દીધું. ભૂપેન્દ્ર પટેલને સીએમથી ડમી સીએમ બનાવી દીધા. પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલનું કંઈ ચાલતું નથી, હર્ષ સંઘવી આખી સરકાર ચલાવે છે. ભાજપ-કોંગ્રેસ પતિ-પત્નીની જેમ સંબંધ સાચવે છે, કારણ કે એમના ગોરખધંધા બંધ થઈ જાય.. કોંગ્રેસના નેતાઓ ક્યારેય જેલમાં નથી જતા માત્ર આમ આદમી પાર્ટીના નેતાઓ જ જેલમાં જાય છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ટ્રમ્પના ઈશારે કામ કરતી હોય ટ્રમ્પ આગળ એમની પેન્ટ ભીની થઈ જાય છે. અહીં હર્ષ સંઘવી રાજા થઈને ફરે છે. હર્ષ સંઘવીએ ખેડૂતોને જેલમાં મોકલ્યા તો ભાજપે એમને ઈનામ આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા.

કેજરીવાલે જણાવ્યું કે, ખેડૂતોએ ૩૦ વર્ષ વોટ આપીને ભાજપને જીતાડી અને એમણે જ આ ખેડૂતોની દિવાળી બગાડી. ભાજપની સરકાર પોલીસને આગળ કરે છે, હું સરકારને કહેવા માંગુ છું કે, એક દિવસ તમે પોલીસને આગળ ન કરો અને પછી જુઓ તમે આ ખેડૂતો તમને દોડાવી-દોડાવીને મારશે. કેજરીવાલે જણાવ્યું કે, આદિવાસીઓ માટે આંદોલન કરતા ચૈતર વસાવાને પણ આ ક્રૂર સરકારે જેલમાં ધકેલી દીધા હતા. આ સરકાર સામે જો તમે સવાલ ઉઠાવો તો તમે આસામાજિક તત્ત્વ હોવ એ રીતના સરકાર તમારી સાથે વર્તન કરે છે. આ કડદા પ્રથા કરીને સરકાર પોતાના માલનો પૂરતો ભાવ પણ ખેડૂતોને નથી આપતી. ખેડૂતોએ અવાજ ઉઠાવ્યો તો ભાજપની પોલીસે ઘરમાં ઘૂસીને નાના બાળકોને પણ મારમાર્યો. ભાજપવાળાઓએ દિવાળી મનાવી અને ખેડૂત પરિવાર રોઈ રહ્યો હતો.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.



### ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે : પંજાબના મુખ્યમંત્રી

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારે લોકતંત્ર છે, માણસ જે ઈચ્છે એ કરી શકે છે. પરંતું જ્યારે તેને અહંકાર આવે ત્યારે એનું પતન થાય છે. એમ ગુજરાતમાં હવે ભાજપનું પતન થવાની તૈયારી છે. કારણ કે આ સરકારનો હવે ખેડૂતો પર અત્યાચાર વધી ગયો છે. આજે અમે રાજકોટથી અહીં બાયરોડ આવ્યા તો અમે જોયું કે અહીં રસ્તામાં ખાડા નથી પરંતુ ખાડામાં રસ્તો છે. ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારના વિરોધમાં તમે આટલી મોટી સંખ્યામાં ભેગા થયા છો, એ જોઈને લાગે છે કે પંજાબની જેમ ગુજરાતનો ખેડૂત હવે જાગી ગયો છે અને પોતાના હક માટે લડવા તૈયાર છે. આટલી મોટી સંખ્યામાં તમારો ઉત્સાહ જોઈને લાગે છે કે હવે તમે નવો અધ્યાય લખવાની તૈયારીમાં છો. ગુજરાતમાં ભાજપની સરકાર જે પ્રમાણે ખેડૂતો પર અત્યાચાર કરે છે એને તમારે જડબાતોડ જવાબ આપવાનો છે.

# હોસ્પિટલની દવાની બોટલોની આડમાં દારૂ અને બીયરની હેરાફેરી થતી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

અમદાવાદમાં સોલા હાઈકોર્ટ પોલીસે દારૂની દાણચોરીની એક મોટી કાર્યવાહીનો પર્દાફાશ કર્યો છે. જેમાં હોસ્પિટલની દવાની બોટલોની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયર મળીને કુલ ૫,૫૨૦ બોટલના જથ્થા સાથે પોલીસે પંજાબના બે શખ્સની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂા.૫૦.૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, સોલા હાઈકોર્ટ પોલીસ સર્વેલન્સની ટીમે બાતમીના આધારે ગુરૂવારે તા.૩૦ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે એસ.જી. હાઈવે ગોતા બ્રિજ પાસે શંકાસ્પદ ટ્રકને

### રૂા.૫૦.૯ લાખના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

અટકાવ્યો હતો. જેમાં તપાસ કરતાં ટ્રકમાં હોસ્પિટલની દવાની બોટલ તરીકે લેબલવાળા બોક્સ મળી આવ્યા હતા, જેમાં વિવિધ બ્રાન્ડના ૫,૫૨૦ બોટલ અને દારૂના ટીન મળી આવ્યા હતા.

પોલીસે વ્હિસ્કી દારૂ અને બીયરની ૫,૫૨૦ બોટલ, રૂા.૨૦ લાખની કિંમતનો ટ્રક, બે મોબાઈલ ફોન અને ગેરકાયદે માલ માટે કવરમાં ઉપયોગમાં લેવામાં આવતી લગભગ ૫૯,૯૦૪ ખાલી દવાની બોટલો જપ્ત કરી હતી. અને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેમાં યાદવિંદરસિંહ અનુપસિંહ ભુલ્લર (ઉં.વ.૩૬) તરલોચનસિંહ ગજનસિંહ સંધુ (ઉં.વ.૪૦, ડ્રાઈવર, બંને રહે. અમૃતસર, પંજાબ)નો સમાવેશ થાય છે.

દવાના બોક્સમાં દારૂની દાળચોરી મામલે ગુજરાત દારૂબંધી કાયદાની કલમો હેઠળ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આરોપીઓ બચવા માટે હોસ્પિટલ સપ્લાય કન્સાઈનમેન્ટનો ઉપયોગ કરીને રાજ્યની બહારથી ગુજરાતમાં દારૂની દાણચોરી કરી રહ્યા હતા. હોસ્પિટલના દવાના પેકેજોમાં દારૂ છુપાવવાની મોડસ ઓપરેન્ડી એક સંગઠિત નેટવર્કનું અનુમાન છે. સપ્લાય રૂટ અને આ કામગીરીમાં સામેલ અન્ય લોકોને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.'

## ક્રાઈમ ડાયરી

### ક્રેડિટ કાર્ડ વેરિફિકેશનના નામે રૂા.૨.૪૬ લાખની છેતરપિંડી

દિપકકુમાર નટવરભાઈ કસલકર (ઉ.વ.૨૯, રહે. રમણપુરાની ચાલી, નગરીમિલ સામે, ગોમતીપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૫ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૩/૫/૨૦૨૫ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાજર હતા. ત્યારે અજાણ્યા મોબાઈલ નંબર + ૯૧૮૮૭૩૯૨૭૯૧૭ તથા + ૯૧૮૮૭૪૬૨૪૧૨૮ ઉપરથી કોઈ અજાણી વ્યક્તિએ Axis Bank Neo ક્રેડિટ કાર્ડ વેરિફિકેશન ડિપાર્ટમેન્ટમાંથી બોલું છું તેમ કહી દિપકકુમાર સાથે વાતચીત કરી, તેમને વિશ્વાસમાં લઈ, દિપકકુમારનો મોબાઈલ ફોન કોઈપણ રીતે હેક કરી ઓટીપી મેળવી લઈ, દિપકકુમારના Axis Bank Neoના ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૨,૪૬,૩૪૯/-નું ટ્રાન્ઝેકશન કરી લઈ દિપકકુમાર સાથે છેતરપિંડી કરી હતી.

### ચાલતી ગાડી પર રૂા.૭૦ હજારની સોનાની ચેઈન તોડી લઈ બે પુરૂષો નાસી છૂટયા

રાજેશભાઈ મોહનલાલ ગુપ્તા (ઉ.વ.૫૯, રહે. રાજનગર મિલની ચાલી, ઈદગાહ દરિયાપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૫ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૫ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ ગીરધરનગર બ્રિજ ઉપર પોતાનું ઈલેકટ્રિક સ્કૂટર લઈ પસાર થતા હતા. ત્યારે એક કે.ટી.એમ. મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગા મળી રાજેશભાઈના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મત્તાની ખેંચી તોડી લઈ નાસી ગયા હતા.

### એસટી બસમાંથી રૂા ૬.૪૦ લાખની મત્તાની ચોરી

શારદાબહેન દિનેશભાઈ પંચાલ (ઉ.વ.૫૦, રહે. શિવનગરી, નારાયણ કોટની ચાલ, આંબીવલી પૂર્વ, મુંબઈ, મહારાષ્ટ્ર મૂળ રહે-ગામ જનાલી, તાલુકો-ભિલોડા જિલ્લો અરવલ્લી)એ તા.૩૦/૧૦/૨૦૨૫ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી. બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નંબર-૧૦ ઉપર હિંમતનગર જતી એસ.ટી. બસમાં ચડતી વખતે કોઈ અજાણી વ્યક્તિએ ભીડનો લાભ લઈ શારદાબહેનની નજર ચૂકવી તેમના પર્સમાંથી સોના-ચાંદીના કિંમત રૂપિયા ૬,૪૦,૫૦૦/- મત્તાના ચોરી કરી લઈ ગઈ હતી.

### આપઘાતનો પ્રયાસ કરનાર યુવકનું સારવાર દરમ્યાન મોત

જીતેન્દ્રભાઈ મહેશભાઈ પંચાલ (ઉ.વ.૩૦, રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી ચંદ્રભાગા હાઉસીંગ બોર્ડ, મૂળ રહે. પંચાલ વાસ, ગામ : લાખવડ, તા.જી. મહેસાણા)એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ભાગ્યલક્ષ્મી સોસાયટી ખાતે આવેલ પોતાની ફોઈના ઘરની ગેલેરીમાંથી નીચે કુદકો મારતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

# રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૬ ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

### પાંચ વર્ષથી ફરાર આરોપીને સુરત પોલીસની ટીમે અમદાવાદના પોશ વિસ્તારમાંથી ઝડપી લીધો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૬ ગંભીર ગુનામાં વોન્ટેડ જાહેર થયેલો એક આરોપી આખરે સુરતની ઉધના પોલીસની સર્વેલન્સ ટીમના હાથે ઝડપાઈ ગયો છે. આ વોન્ટેડ આરોપી વ્યવસાયે કોન્ટ્રાક્ટર છે અને તેને અમદાવાદના પોશ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી રોનક મિસરીમલ કોઠારી (ઉં.વ. ૩૯) માત્ર દારૂબંધીના ગુનામાં જ નહીં પરંતુ, એક ગંભીર હત્યાના પ્રયાસના ગુનામાં પણ વોન્ટેડ હતો.પોલીસને બાતમી મળી કે, આ ફરાર આરોપી અમદાવાદના ગોતા વિસ્તારમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી પરમેશ્વર ટ્રાઈડેન્ટ નામની સોસાયટીમાં છુપાયેલો છે. મૂળ રાજસ્થાનના ચિત્તોડગઢનો વતની રોનક, કોન્ટ્રાક્ટરનો ધંધો કરતો હોવાથી સતત પોતાના લોકેશન અને ઓળખ બદલતો રહેતો હતો. ખાનગી રીતે ટ્રેકિંગ કરીને અને ચોક્કસ બાતમીના આધારે ઉધના પોલીસ તાત્કાલિક અમદાવાદ દોડી ગઈ હતી અને ૫ વર્ષથી કાયદાની આંખમાં ધૂળ નાખી રહેલા આ વોન્ટેડ આરોપીને પકડી પાડ્યો હતો. ઉધના પોલીસે આરોપી રોનકની ધરપકડ કરીને તેની વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે એમ.કે. દાસે ચાર્જ સંભાળ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ગુજરાતના વહીવટી તંત્રમાં એક મહત્ત્વપૂર્ણ ફેરફાર થયો છે. રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી વય મર્યાદાના કારણે સેવામાંથી નિવૃત્ત થયા છે. તેમના સ્થાને, વરિષ્ઠ IAS અધિકારી એમ. કે. દાસ (મનોજ કુમાર દાસ) રાજ્યના ૩૩મા મુખ્ય સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

આ પ્રસંગે, નિવૃત્ત થતા મુખ્ય સચિવ પંકજ જોષી નવા મુખ્ય સચિવ એમ. કે. દાસને સત્તાવાર રીતે ચાર્જ સોંપવા માટે કચેરીએ પહોંચ્યા હતા. એમ. કે. દાસે સત્તાવાર રીતે રાજ્યના મુખ્ય સચિવ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે, જે ગુજરાતના વહીવટી વડા તરીકેની સર્વોચ્ચ જવાબદારી છે. નોંધનિય છે કે, એમ. કે. દાસ ૧૯૯૦ની બેચના ગુજરાત કેડરના સિનિયર IAS અધિકારી છે અને અગાઉ મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા હતા. રાજ્યના વિકાસ અને વહીવટમાં તેમનો બહોળો અનુભવ છે, અને હવે તેઓ રાજ્યના વહીવટી તંત્રનું સુકાન સંભાળશે.

# એકતાનગર ખાતે ભારત પર્વનો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે ઉદ્‌ઘાટન

### ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન વિવિધ રાજ્યોની સંસ્કૃતિનો સંગમ, VVIPsનું થશે આગમન

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૩૧

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તારીખ ૦૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નર્મદા જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે, જ્યાં તેઓ દેશની એકતા અને સંસ્કૃતિના મહાપર્વ 'ભારત પર્વ'નો પ્રારંભ કરાવશે. નર્મદા ડેમ ન્યૂ પોઈન્ટ -૧ ખાતે તારીખ ૦૧થી ૧૫ નવેમ્બર દરમિયાન આ ભવ્ય આયોજન થશે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત આ ૧૫ દિવસીય પર્વમાં દેશના વિવિધ રાજ્યોના કલાકારો પોતાની કલા-સંસ્કૃતિનું પ્રદર્શન કરશે. આ સાથે જ, વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા ગુજરાતી સમાજ સાથે શુભગ સમન્વય સાધતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ સહિતના મહાનુભાવો (VVIPs)નું આગમન થવાનું છે, જેને ધ્યાનમાં રાખીને પ્રોટોકોલ મુજબની વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ભારત પર્વ'ના ઉદ્‌ઘાટન બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના દર્શન કરશે. ત્યારબાદ, તેઓ પ્રવાસીઓ માટેના નવા આકર્ષણ કેન્દ્ર એવા 'એકતા પ્રકાશ પર્વ'ની પણ મુલાકાત લેશે. આ મેગા ઈવેન્ટના આયોજનની આખરી સમીક્ષા માટે ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટી સંકુલ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારે ભારત પર્વની ઉજવણીની રૂપરેખા આપીને ૧૫ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એસ.કે. મોદી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ જરૂરી સૂચનો કર્યા હતા. વિવિધ સમિતિના અધિકારીઓને સોંપાયેલી જવાબદારીઓ સુપેરે પાર પડે તે માટે ચર્ચા વિચારણા કરાઈ હતી. બેઠકમાં પ્રવાસન વિભાગના એમડી પ્રભવ જોશી, નાયબ વન સંરક્ષક અગ્નિશ્વર વ્યાસ, અધિક કલેક્ટર સર્વ ગોપાલ બામણીયા અને નારાયણ માધુ સહિત અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં માવઠાંએ છેલ્લા દસ વર્ષનો રેકોર્ડ તોડ્યો ચાલુ માસમાં ૩.૩૦ ઈંચ વરસાદ નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં કમોસમી વરસાદનો દોર ચાલુ રહેતા ખેડૂતો માટે 'પડતા પર પાટુ' જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં નોંધાયેલા વરસાદે છેલ્લા એક દાયકાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ગુજરાતમાં આ વર્ષે ઓક્ટોબર મહિનામાં જ સરેરાશ ૩.૩૦ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં ઓક્ટોબરમાં નોંધાયેલો સૌથી વધુ વરસાદ છે. આ પહેલા ૨૦૧૬, ૨૦૨૨ અને ૨૦૨૪ના વર્ષમાં પણ ઓક્ટોબરમાં વધુ વરસાદ પડ્યો હતો, પરંતુ આ વર્ષે તેની તીવ્રતા સૌથી વધારે રહી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં સરેરાશ ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. ગુરુવાર તા.૩૦મી ઓક્ટોબરે રાજયના કુલ ૧૮૮ તાલુકાઓમાં માવઠું પડ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાનું મહુવા સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યું હતું, જ્યાં ૩.૨૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ કમોસમી વરસાદને કારણે ખેતરોમાં ઊભા પાકને મોટા પાયે નુકસાન પહોંચ્યું છે, જેના પગલે સરકારે પાક નુકસાનના સર્વેનો આદેશ આપ્યો છે. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસ સુધી ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી કરી છે. શુક્રવાર તા.૩૧મી ઓક્ટોબરે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, અને ગીર સોમનાથમાં વરસાદ પડવાની સંભાવના છે. આજે ભરૂચ, સુરત, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. આ સિવાયના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની સિઝનનો કુલ ૧૨૫ ટકા જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. પ્રદેશ મુજબ જોઈએ તો કચ્છમાં સૌથી વધુ ૧૫૦ ટકા,જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૧૩૧ ટકા વરસાદ નોંધાયો છે.

# અમદાવાદમાં મતદારયાદી SIR ઝુંબેશ ૪ નવે.થી BLO ઘરે-ઘરે ફોર્મ ભરાવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

ગુજરાત સહિત કુલ ૧૨ રાજ્યો માટે મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનું સમય પત્રક જાહેર કરવામાં આવ્યું છે. જેને લઈને આજે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેકટર સુજીતકુમારના અધ્યક્ષસ્થાને રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં સમગ્ર પ્રક્રિયા સાથે રાજકીય પક્ષોને માહિતગાર કરીને સહકાર આપવા માટે કહેવાયું હતું. આ બેઠકમાં અમદાવાદ જિલ્લાના અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને પ્રેઝન્ટેશન રજૂ કરીને મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ બાબતે જાણકારી આપી હતી. જેમાં SIRના વિવિધ તબક્કાઓ અનુસાર ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ઘરે-ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. ત્યારબાદ ૯ ડિસેમ્બરના રોજ હંગામી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં ૯ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી સુધી સુધારા માટેનો દાવો મતદારો કરી શકશે. જેમાં ૩૧ જાન્યુઆરી સુધી દાવાઓની સુનાવણી તથા ચકાસણી કરાશે. આ સમગ્ર પ્રક્રિયાના અંતે ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. SIRની મતદાર યાદીમાં મતદારો તેમના નામ સહિતની વિગતો ચકાસી શકશે. મતદાર તરીકે સમાવેશ માટે ભારતીય પાસપોર્ટ અને જન્મના પ્રમાણપત્ર સહિતના વિવિધ ૧૨ દસ્તાવેજો માન્ય ગણાશે. મતદારયાદીની ખાસ સઘન સુધારણાની આ પ્રક્રિયામાં મહિલાઓ, અશક્ત નાગરીકો, દિવ્યાંગો અને વડીલોને સુવિધા રહે તે હેતુથી સ્વયંસેવક જૂથોની મદદ પણ લેવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ રાજકીયપક્ષોને BLOની કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

# નારણપુરામાં આધેડની હત્યા કરનાર ૬ આરોપીઓની ધરપકડ

## પ્રેમલગ્નના મનદુઃખમાં યુવતીના પરિવારજનોએ યુવકના પિતાની હત્યા કરી હોવાનું ખુલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ભાઈલાલ વાઘેલાની હત્યા કરનાર ૬ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. પ્રેમ લગ્નના મનદુઃખમાં હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. પ્રેમ લગ્નના મન દુઃખના કારણે યુવતીના પરિવારજનોએ યુવકના માતા અને પિતાને ઢોર માર માર્યો હતો. યુવકના પિતા ભાઈલાલ વાઘેલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ભાઈલાલ વાઘેલાનું મોત થતાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેના આધારે નારણપુરા પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. નારણપુરા વિસ્તારમાં આવેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં આઉટ સોર્સમાં સફાઈ કામદાર તરીકે કૈલાશબેન અને ભાઈલાલ વાઘેલા નોકરી કરતા હતા. ભાઈલાલના નાના દીકરા સની વાઘેલાએ આરોપી રાજુ પરમારની નાની દીકરી જ્યોત્સના સાથે ચાર વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા. નાની દીકરીએ અન્ય સમાજમાં લગ્ન કરતા જયોત્સનાના પરિવારજનો નારાજ થઈ ગયા હતા. જે બાદ જ્યોત્સનાને ઘરે પરત આવવા માટે કહ્યું હતું પરંતુ, જ્યોત્સના આવવા માટે તૈયાર નહોતી. જેથી, અવારનવાર ઝઘડો કરીને દીકરીને પોતાની સાથે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જેથી જ્યોત્સનાએ નારોલ પોલીસ સ્ટેશનમાં મદદ માંગી હતી છતાં પણ યુવતીના પરિવારજનો દીકરીને પરત આપવા માટે યુવકના પરિવારજનોને પણ દબાણ કરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. ૩૦ તારીખે યુવકના માતા-પિતા નોકરી પર આવ્યા હોવાની જાણ જ્યોત્સનાના પરિવારજનોને મળી હતી. જેથી, યુવતીના પિતા રાજુ પરમાર સહિતના પરિવારજનો રિક્ષા લઈને યુવકના માતા-પિતા જ્યાં કામ કરતા હતા ત્યાં પહોંચ્યા હતા. ઉસ્માનપુરા મેટ્રો સ્ટેશન પાસે આવેલા એક પેટ્રોલપંપ પાસે લાકડીઓ વડે સની વાઘેલાના માતા અને પિતાને માર મારવામાં આવ્યો હતો. જે બાદ રાજુ પરમાર સહિતના પરિવારજનો સનીના માતા અને પિતાને બળજબરીપૂર્વક રીક્ષામાં બેસાડીને રાણીપ ડી માર્ટ પાસે ખુલ્લા મેદાનમાં લઈ ગયા હતા. લાકડીઓ વડે આરોપીઓએ ભાઈલાલભાઈ અને તેમની પત્ની કૈલાશબેનને ઢોર માર મારવામાં આવ્યો હતો. મારામારીની ઘટનામાં બૂમાબૂમ થતા લોકો એકઠા થઈ હતા. જેથી ઈજાગ્રસ્ત હાલતમાં છોડી આરોપીઓ ભાગી ગયા હતા. જ્યાં ભાઈલાલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નિપજયું હતું. હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જે બાદ મૃતક ભાઈલાલભાઈ વાઘેલાની પત્ની કૈલાશબેન દ્વારા ફરિયાદ નોંધવામાં આવી હતી. જેથી, ફરિયાદના આધારે આરોપીઓ કોણ કોણ છે તેની માહિતી એકત્ર કરી પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. નારણપુરા પોલીસે ગણતરીના કલાકોમાં હત્યા કરનારા ૬ આરોપીઓની ધરપકડ કરી છે. રાજુ પરમાર, મહેશ પરમાર, લીલાબેન પરમાર, કલાવતીબેન સોલંકી, મહેશ રાઠોડ અને પ્રેમ પરમારની ધરપકડ કરવામાં આવી છે. તેમજ જ્યોતિ રાઠોડ નામના આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ગુનાના કામમાં ઉપયોગમાં લેવાયેલી રિક્ષા અને એક એક્ટિવા પણ પોલીસ દ્વારા કબજે કરવામાં આવી છે.



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સરકાર

"એક ભારત શ્રેષ્ઠ ભારત"ના
ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

## ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પૅવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



**ભારત પર્વ ૨૦૨૫**
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પોઈન્ટ-૧, વૅલી ઑફ ફ્લાવર સામે

**થીમ પૅવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઈટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઈલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર

'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ટર્નિંગ ટ્રમ્પના વધુ એક યુ-ટર્નથી ભારત-અમેરિકાના સંબંધો સુધરશે ??

આપણે ત્યાં કહેવત છે કે ''જે વાર્યા ન વળે એ હાર્યા વળે''.... અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પણ આખી દુનિયામાં આડેધડ ટેરિફ લાદવાનું શૂરાતન ચડયું અને એમણે આ ટેરિફ લાગુ પણ કરવા માંડયું. પરિણામે અન્ય દેશોને નુકસાન થતાં થશે પણ ખુદ અમેરિકાને જ મોટા આર્થિક ખાડામાં પડવું પડયું. જયારે ચીન અને ભારત જેવા દેશો તો પોતપોતાની રીતે ટ્રમ્પના ટેરિફના વિકલ્પો પણ તૈયાર કરવા માંડતા ટ્રમ્પની કારી કહો કે દાદાગીરી કહો એ ચાલી નહીં અને છેવટે તેઓ કૂણાં પડયા છે. તેમણે ભારતને પ્રતિબંધોમાંથી રાહત આપવા માંડી છે અને એ જ રીતે ચીનને પણ રાહત આપી દીધી છે.

આમ તો છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા આર્થિક ઉતાર-ચઢાવને જોતાં, કોઈ નિષ્કર્ષ પર પહોંચવું મુશ્કેલ છે. જોકે, ચોક્કસપણે કહી શકાય કે સંબંધોને ફરીથી સરળ બનાવવા માટે તકો શોધવામાં આવી રહી છે, જેનાથી બંને દેશો વચ્ચે સકારાત્મક વાતાવરણ સર્જાઈ શકે છે. ઉદાહરણ તરીકે, દક્ષિણ કોરિયાના ગ્યોંગજુમાં એશિયા-પેસિફિક આર્થિક સહકાર સીઈઓ સમિટમાં, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા ભારત સાથે વેપાર કરાર કરી રહ્યું છે. દરમિયાન, ભારતના વિદેશ મંત્રાલયે પણ જણાવ્યું હતું કે યુએસએ ચાબહાર બંદર પ્રોજેક્ટ પર યુએસ પ્રતિબંધોમાંથી ભારતને છ મહિનાની મુક્તિ આપી છે. નોંધનીય છે કે સપ્ટેમ્બરના અંતથી અમેરિકાએ ચાબહાર બંદરનું સંચાલન કરનારાઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. વાસ્તવમાં, ગયા વર્ષના મે મહિનામાં, ભારતે આગામી દસ વર્ષ માટે ચાબહાર બંદરનું સંચાલન કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આનાથી ભારતને મધ્ય એશિયાઈ દેશો સાથે વેપાર વધારવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. આ મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ પહેલી વાર ભારત વિદેશી ધરતી પર બંદરનું સંચાલન કરવાની જવાબદારી સંભાળી રહ્યું છે. ચાબહાર બંદરને આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ માર્ગ ભારતને યુરોપ સુધી પહોંચવામાં મદદ કરશે. તેનાથી ઈરાન અને રશિયાને પણ ફાયદો થઈ શકે છે. જોકે, જ્યારે યુએસ પ્રમુખ ટ્રમ્પે અન્ય દેશોને તેમની નીતિઓનું પાલન કરવા માટે દબાણ કરવાના હેતુથી ટેરિફની જાહેરાત કરી હતી, ત્યારે તેમણે અન્ય પગલાં પણ લીધા હતા, જેમાં રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર દંડ લાદવાનો અને ચાબહાર બંદરનું સંચાલન કરતા લોકો પર પ્રતિબંધો લાદવાનો સમાવેશ થાય છે. દેખીતી રીતે આ નીતિ મૂળભૂત રીતે એક સમસ્યાને ઉકેલવા માટે નવી સમસ્યાઓ ઊભી કરવાનો એક અયોગ્ય માર્ગ હતો, 'બકરૂં કાઢતા ઊંટ પેઠું' જેવી આ સ્થિતિમાં ટ્રમ્પે પોતાની જાહેર કરેલી નીતિઓમાં છેવટે ફેરફાર કરવાની જરૂરિયાત અનુભવી છે તે કારણ વગર નથી. છેલ્લા કેટલાક મહિનાઓમાં, વિવિધ મુદ્દાઓ પર તેમનું વલણ ઘણી વખત બદલાયું છે. જ્યારથી અમેરિકાએ આયાતી માલ પર તેની ટેરિફ નીતિ લાગુ કરી છે અને તેનો વિસ્તાર કરવાનું ચાલુ રાખ્યું છે, ત્યારથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે ભારત તેનું પહેલું નિશાન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, યુએસની ટેરિફ નીતિને અઘોષિત વેપાર યુદ્ધ બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

આ નીતિથી પ્રભાવિત કોઈપણ દેશ તેની સ્થિતિને સંતુલિત કરવા માટે વૈકલ્પિક પગલાં લેશે તે સ્વાભાવિક છે. ભારત પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે, અને તેના પ્રતિભાવમાં, તેણે રશિયા સાથે તેલ સોદો અને રાજદ્વારી પ્રયાસો સહિત અનેક પહેલ કરી છે. હવે, જો અમેરિકા ફરીથી સંબંધોને સરળ બનાવવા માટે નવા માર્ગો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, તો આને સકારાત્મક ગણી શકાય. કોઈ પણ સંજોગોમાં, બંને દેશો વચ્ચે વેપાર વાટાઘાટો આગળ વધારવી એ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે, જેની દૂરગામી અસરો થશે. આશા છે કે અમેરિકા હવે આ દિશામાં નક્કર પગલાં લેશે. આમાં જ બંને દેશોની ભલાઈ છે.

# ભારત પોતાનું કોલર આઈડી ટેક CNAP લોન્ચ કરશે, ચાલો જાણીએ તે ટ્રુકોલરને કેવી રીતે ટક્કર આપી શકે છે

(એજન્સી) તા.૩૧

ભારત એક નવી ચકાસાયેલ કોલર ઓળખ સિસ્ટમ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે જે ટ્રુકોલર જેવી તૃતીય-પક્ષ એપ્લિકેશનોથી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)એ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT)ના કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (CNAP) ફ્રેમવર્કને મંજૂરી આપી છે, જે વપરાશકર્તાઓના મોબાઈલ ફોન પર સીધા કોલ કરનારાઓના રજિસ્ટર્ડ નામ પ્રદર્શિત કરશે. TRAI અને DoT બંને દ્વારા પુષ્ટિ કરાયેલ આ પહેલનો હેતુ દેશભરમાં લાખો સબ્સ્ક્રાઈબર્સ માટે ફોન સંદેશાવ્યવહારને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવાનો છે.

વર્તમાન કોલર આઈડી ડિસ્પ્લેથી વિપરીત જે ફક્ત ફોન નંબર બતાવે છે, CNAP સત્તાવાર ટેલિકોમ રેકોર્ડ્સમાંથી ન ચકાસાયેલ નામ દૂર કરશે, જેનાથી વપરાશકર્તાઓ જવાબ આપતા પહેલા કોણ ફોન કરી રહ્યું છે તે જોઈ શકશે. આનાથી વિશ્વાસ વધશે અને વપરાશકર્તાઓને અનિચ્છનીય અથવા કપટપૂર્ણ કોલ્સ ટાળવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. TRAIના મતે આ સુવિધા બધા વપરાશકર્તાઓ માટે ડિફોલ્ટ રૂપે સક્ષમ રહેશે, પરંતુ જો તેઓ પોતાનું નામ પ્રદર્શિત ન કરવા માંગતા હોય તો વ્યક્તિઓ તેમના ટેલિકોમ ઓપરેટરનો સંપર્ક કરીને નાપસંદ કરી શકે છે.

નવી CNAP સિસ્ટમમાં બધા ટેલિકોમ ઓપરેટરોએ કોલિંગ નેમ (CNAM) ડેટાબેઝ જાળવવાની જરૂર છે, જેમાં ગ્રાહક KYC (તમારા ગ્રાહકને જાણો) પ્રક્રિયાઓ દરમિયાન ચકાસાયેલ દરેક નંબરને નામ સાથે લિંક કરવામાં આવશે. દર વખતે જ્યારે કોઈ કોલ કરે છે, ત્યારે પ્રાપ્તકર્તાનો સેવા પ્રદાતા આ સુરક્ષિત ડેટાબેઝમાંથી કોલ કરનારનું નોંધાયેલ નામ મેળવશે અને પ્રાપ્તકર્તાની સ્ક્રીન પર પ્રદર્શિત કરશે. આ પ્રક્રિયા સેકન્ડોમાં કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે પછી ભલે વપરાશકર્તા પાસે સ્માર્ટફોન હોય કે મૂળભૂત ફીચર ફોન.

મંજૂરી મેળવતા પહેલા ટેલિકોમ્યુનિકેશન વિભાગે 4G અને 5G નેટવર્ક બંને પર ધ્યાન કેન્દ્રિત કરીને અનેક ભારતીય શહેરોમાં CNAPના વ્યાપક પરીક્ષણો હાથ ધર્યા. આ પરીક્ષણોમાં જૂના સોફ્ટવેર પેચ અને ચોક્કસ નેટવર્ક અપગ્રેડની જરૂરિયાત જેવા ટેકનિકલ અવરોધો ઓળખાયા, પરંતુ આખરે કોલર્સને વિશ્વસનીય રીતે ઓળખવામાં સિસ્ટમ અસરકારક હોવાનું જણાયું.

મુખ્ય ટેલિકોમ ઓપરેટરોમાં બેકએન્ડ એકીકરણ ચાલી રહ્યું હોવાથી CNAP નિયમિત મોબાઈલ સેવાઓના ભાગરૂપે શરૂ થવા માટે તૈયાર છે, જે અલગ ઓળખ એપ્લિકેશન્સની જરૂરિયાતને દૂર કરે છે. જ્યારે ચોક્કસ લોન્ચ તારીખ જાહેર કરવામાં આવી નથી, ત્યારે નજીકના ભવિષ્યમાં રાષ્ટ્રવ્યાપી જમાવટને સક્ષમ કરવા માટે ઓપરેટર સ્તરે કાર્ય શરૂ થઈ ગયું છે.

જો ભારતના વિશાળ મોબાઈલ સબ્સ્ક્રાઈબર બેઝમાં અમલમાં મૂકવામાં આવે તો CNAP વિશ્વની સૌથી મોટી સત્તાવાર કોલર ID સિસ્ટમોમાંની એક બની શકે છે. KYC પ્રક્રિયામાંથી ચકાસાયેલ સબ્સ્ક્રાઈબર ડેટા પર આધાર રાખીને, સિસ્ટમ હાલના તૃતીય-પક્ષ ઉકેલો કરતાં વધુ ચોકસાઈ પ્રદાન કરવાનો ઈરાદો ધરાવે છે. આ પરિવર્તનથી મોબાઈલ વપરાશકર્તાઓ દ્વારા વારંવાર અનુભવાતા સ્પામ અને કૌભાંડી કોલ્સના જથ્થામાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે.

હાલમાં મોટાભાગના ફોન કોલિંગ લાઈન આઈડેન્ટિફિકેશન (CLI)નો ઉપયોગ કરીને ઈનકમિંગ નંબરો પ્રદર્શિત કરે છે, જે તેમના નંબર ઉપરાંત કોલરની ઓળખ વિશે કોઈ માહિતી પ્રદાન કરતા નથી. CNAP ઓપરેટરના ડેટાબેઝમાંથી રજિસ્ટર્ડ નામ ખેંચીને અને તેને વાસ્તવિક સમયમાં કોલ પ્રાપ્તકર્તાઓ માટે દૃશ્યમાન બનાવીને આ ગતિશીલતાને બદલે છે. ભારતના ટેલિકોમ નેટવર્ક્સમાં સમાવિષ્ટ આ અભિગમને એપ્લિકેશન-આધારિત વિકલ્પોની તુલનામાં વધુ વિશ્વસનીય ગણાવવામાં આવ્યો છે. ભારતમાં મોબાઈલ વપરાશમાં વધારો અને અવાંછિત કોલ્સમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આ પગલું લેવામાં આવ્યું છે. CNAP લાગુ કરીને, TRAI અને DoT વપરાશકર્તાઓના હાથમાં વધુ નિયંત્રણ મૂકવાની અને દેશભરમાં મોબાઈલ સંચાર માટે સુરક્ષિત વાતાવરણ બનાવવાની આશા રાખે છે.

**TRAIએ રાષ્ટ્રવ્યાપી કોલર નામ ફ્રેમવર્કને મંજૂરી આપી છે, જે મોબાઈલ પર સીધી વાસ્તવિક કોલર ઓળખને સક્ષમ બનાવે છે, CNAP સિસ્ટમ તેમના ટેલિકોમ રેકોર્ડ્સમાંથી કોલરનું ચકાસાયેલ નામ પ્રદર્શિત કરે છે, જેનો હેતુ સ્પામ અને કૌભાંડો ઘટાડવાનો છે**

# હરમનપ્રીત કૌરે કોચ અમોલ મઝુમદારના 'ફાયર' પેપ-ટોકને આપ્યો શ્રેય, ઑસ્ટ્રેલિયા સામે ૩૩૯ રનનો રેકોર્ડ ચેઝ શક્ય બન્યો

તા.૩૧

ઑસ્ટ્રેલિયા સામે વુમન્સ ODI વર્લ્ડ કપ સેમિ-ફાઈનલમાં ભારતની ઐતિહાસિક ૩૩૯ રનની રન-ચેઝ માત્ર ખેલાડીઓની કુશળતાનું જ નહીં, પરંતુ ટીમના મજબૂત વિશ્વાસનું પણ પરિણામ હતી. ભારતની કેપ્ટન હરમનપ્રીત કૌરે આ ભવ્ય જીત બાદ ખુલાસો કર્યો કે કેવી રીતે કોચ અમોલ મઝુમદારના ઈંગ્લેન્ડ સામેની અગાઉની હાર પછીના જોશીલા પેપ-ટૉકે ટીમને ફરીથી સંગઠિત થવામાં અને આ રેકોર્ડ ચેઝ દરમિયાન શાંત રહેવામાં મદદ કરી. આ જીત સાથે ભારતે વુમન્સ ODI ઈતિહાસમાં સૌથી મોટો સફળ રન ચેઝ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ જીતનો મુખ્ય આધાર જેમિમાહ રોડ્રિગ્ઝનો અણનમ ૧૨૭ રનનો કૉમ્પોઝ્ડ શતક રહ્યો, જેણે કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે મળીને ૧૬૭ રનની જબરદસ્ત ભાગીદારી કરી. આ ભાગીદારીએ ભારતને ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ સામે ૫ વિકેટે વિજય અપાવ્યો. જોકે, ફાઈનલ સુધીની સફર સરળ નહોતી. અગાઉ, ઈંગ્લેન્ડ સામે ૨૮૯ રનનો પીછો કરતી વખતે માત્ર ૫૨ બૉલમાં ૫૫ રન જોઈતા હોવા છતાં ભારતની ટીમે મોટો ધબડકો કર્યો હતો, જેના પર ઘણી ટીકા થઈ હતી. પરંતુ ઑસ્ટ્રેલિયા સામેની સેમિ-ફાઈનલમાં ટીમે નર્વ્સ પર કંટ્રોલ રાખીને ભૂતકાળની ભૂલ સુધારી લીધી. સ્ટાર સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં હરમનપ્રીતે જણાવ્યું કે ઈંગ્લેન્ડ સામેની મેચ પછી મઝુમદારના કડક શબ્દો ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓને deeply અસર કરી ગયા હતા. હરમનપ્રીતે કોચની નકલ કરતા કહ્યું: "મેં તે મેચ (ઈંગ્લેન્ડ સામે) પછી એક શબ્દ પણ નહોતો કહ્યો, કારણ કે તે જ બોલી રહ્યા હતા - 'તમારે મેચ બચાવવી જોઈતી હતી." કેપ્ટને ઉમેર્યું: "દરેક વ્યક્તિએ તે વાતને સારી ભાવનાથી લીધી. અમે બધા માનીએ છીએ કે સર જે કંઈ કહે છે તે દિલથી કહે છે. તે પછી, મેં બધા ખેલાડીઓ સાથે વાત કરી કારણ કે હું જાણવા માંગતી હતી કે તેમને કેવું લાગે છે, કારણ કે સર અમારી પાસેથી સાચી વસ્તુઓની અપેક્ષા રાખે છે. આ જ આખો દેશ પણ અમારી પાસેથી અપેક્ષા રાખે છે. દરેક વ્યક્તિએ તેને



સકારાત્મક રીતે લીધું, અને આજે (ઑસ્ટ્રેલિયા સામે) દરેક જે રીતે રમ્યા તેમાં તમે તે જોઈ શકો છો."તે જ ઈન્ટરવ્યૂમાં હાજર રહેલા કોચ મઝુમદારે સ્વીકાર્યું કે તેમના શબ્દો લાગણીમાં આવીને બોલાયા હતા પરંતુ તેનો હેતુ ટીમને આગળ ધપાવવાનો હતો. તેમણે કહ્યું, "અમે ખેલાડીઓ સાથે થોડી ચર્ચા કરી હતી... મેં ડ્રેસિંગ રૂમમાં થોડી વાતો કહી હતી. પણ તે સારી ભાવનાથી હતી." જેમિમાહના શતકને હરમનપ્રીત, દીપ્તિ શર્મા અને રિચા ઘોષના મહત્વના સમર્થનથી વિજય મળ્યો. અંતે, અમનજોત કૌરે ચોગ્ગો ફટકારીને ભારતને પાંચ વિકેટે જીત અપાવી, જે મહિલા ODI ઈતિહાસમાં સૌથી સફળ રન-ચેઝ બની. હવે ભારતનો મુકાબલો ૨ નવેમ્બરના રોજ નવી મુંબઈમાં ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે થશે. સાઉથ આફ્રિકન મહિલા ટીમે તેમની સેમિ-ફાઈનલમાં ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવીને શાનદાર ફોર્મમાં છે.

# પોતાની સિનેમા યાત્રાની ઉજવણી માટે શાહરૂખ ખાન દ્વારા શાહરૂખ ખાન ફિલ્મ ફેસ્ટિવલની જાહેરાત

(એજન્સી) મુંબઈ, તા.૩૧

સુપરસ્ટાર શાહરૂખ ખાને તેમની સિનેમા યાત્રાની ઉજવણી માટે એક ખાસ ફિલ્મ ફેસ્ટિવલની જાહેરાત કરી છે, જેમાં ભારતભરમાં અને પસંદગીના આંતરરાષ્ટ્રીય થિયેટરોમાં સ્ક્રીનિંગ યોજાશે. આ પહેલ દર્શકોને ફરી એકવાર મોટા પડદા પર શાહરૂખ ખાનના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત પ્રદર્શનને ફરીથી જીવંત કરવાની મંજૂરી આપશે. શુક્રવારે દિલવાલે અભિનેતાએ શાહરૂખ ખાન ફિલ્મ ફેસ્ટિવલની જાહેરાત કરતી વખતે તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સિનેમા પ્રત્યેના તેમના શાશ્વત પ્રેમની ઉજવણી કરતો એક હૃદયસ્પર્શી સંદેશ શેર કર્યો. એક વીડિયો શેર કરતા શાહરૂખ ખાન લખે છે, 'સુધી લાઈટ્સ, કેમેરા અને થોડો પ્રેમ હજુ પણ ચાલુ છે ત્યાં સુધી મૈં કૌન હૂં, કૌન નહીં... ખરેખર કોઈ ફરક પડતો નથી. આજથી શરૂ થઈ રહેલા #ShahRukhKhanFilmFestivalમાં મળીશું. PVR INOXના સહયોગથી ભારતના પસંદગીના થિયેટરોમાં. ભારતભરના પસંદગીના સિનેપોલિસ સ્ક્રીનોમાં.

**તમારી ટિકિટ બુક કરો !**

**https://bit.ly/SRKFilmFestival**

મધ્ય-પૂર્વ, ઉત્તર અમેરિકા, યુકે, યુરોપ, ઓસ્ટ્રેલિયામાં YRF ઈન્ટરનેશનલ રિલીઝ અને ન્યુઝીલેન્ડ. નિયમો અને શરતો લાગુ કરો. આજથી શરૂ થઈ રહેલા આ ખાસ મહોત્સવમાં શાહરૂખ ખાનની કેટલીક સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મો, જેમ કે 'કભી હાં કભી ના,' 'દિલ સે,' 'દેવદાસ,' 'મૈં હૂં ના,' 'ઓમ શાંતિ ઓમ,' 'ચેન્નાઈ એક્સપ્રેસ' અને 'જવાન' PVR INOXના સહયોગથી ભારતના પસંદગીના થિયેટરોમાં અને દેશભરમાં સિનેપોલિસ સ્ક્રીનો પર પ્રદર્શિત કરવામાં આવશે.

આ ઉજવણી વૈશ્વિક સ્તરે પણ વિસ્તરિત થાય છે, જેમાં YRF ઈન્ટરનેશનલ મધ્ય-પૂર્વ, ઉત્તર અમેરિકા, યુકે, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સહિતના પ્રદેશોમાં રિલીઝની સુવિધા આપે છે. શાહરૂખ ખાન ૨ નવેમ્બરે તેમના ૬૦મા જન્મદિવસની ઉજવણી કરવા જઈ રહ્યા છે, ત્યારે તેમના સિનેમેટિક વારસાને માન આપવા માટે બે અઠવાડિયાનો ભવ્ય ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉજવણી PVR INOX દ્વારા ૩૦થી વધુ ભારતીય શહેરોમાં ૭૫થી વધુ સિનેમાઘરોમાં યોજાશે, જ્યારે સ્ટુડિયો ભાગીદારોએ મધ્ય-પૂર્વ, ઉત્તર અમેરિકા, યુકે, યુરોપ, ઓસ્ટ્રેલિયા અને તેનાથી આગળના પ્રદેશોમાં એક સાથે સ્ક્રીનિંગનું આયોજન કર્યું છે. આ ફિલ્મ ફેસ્ટિવલમાં શાહરૂખ ખાનની સાત સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મોને પસંદગીના થિયેટરોમાં ફરીથી રજૂ કરવામાં આવશે.

# ભાજપના સાંસદ ક્રેન પરથી પ્રતિમાને હાર પહેરાવતા હતા અને ક્રેન અટકી જતાં ઓપરેટરને થપ્પડ મારી

## સરદાર પટેલની પ્રતિમાને હાર પહેરાવ્યા પછી નીચે ઉતરતી વખતે ક્રેન હવામાં જ અટકી ગઈ હતી, જેના કારણે ભાજપના સાંસદ ગણેશ સિંહ અમુક ક્ષણો માટે ફસાઈ ગયા હતા

(એજન્સી) તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી અંધાધૂંધી અને આક્રોશના દ્રશ્યમાં ફેરવાઈ ગઈ હતી જ્યારે ભાજપના સાંસદ ગણેશ સિંહે જાહેરમાં મ્યુનિસિપલ ક્રેન ઓપરેટરને થપ્પડ મારી દીધી. આ ઘટના બીઆર આંબેડકરની પ્રતિમા પાસે સેમરિયા ચોકમાં 'રન ફોર યુનિટી' કાર્યક્રમ દરમિયાન બની હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, સાંસદ આંબેડકરની પ્રતિમાને માળા ચઢાવવા માટે હાઈડ્રોલિક ક્રેનનો ઉપયોગ કરી રહ્યા હતા. નીચે ઉતરતી વખતે, આ મશીન હવામાં જ અટકી ગયું, જેના કારણે તેઓ થોડીક સેકન્ડો માટે ફસાઈ ગયા. જ્યારે ક્રેન આખરે નીચે આવી ત્યારે ગુસ્સે થયેલા ધારાસભ્યએ ઓપરેટર, મ્યુનિસિપલ કર્મચારી ગણેશ કુશવાહાને બોલાવ્યો અને ભાજપના કાર્યકરો, વહીવટી અધિકારીઓ અને પસાર થતા લોકોની સામે તેમને થપ્પડ મારી હતી. કેમેરામાં કેદ થયેલી આ ઘટનાની સોશિયલ મીડિયા પર તીવ્ર ટીકા થઈ રહી છે.

આ વિડીયોમાં સાંસદ હાઈડ્રોલિક બોક્સમાંથી બહાર નીકળતા, ઓપરેટરને બૂમો પાડતા અને પછી તેમના ચહેરા પર થપ્પડ મારતા દેખાય છે જ્યારે પોલીસ અને અધિકારીઓ સ્તબ્ધ મૌન સાથે જોઈ રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે મશીન નાની ટેકનિકલ ખામીને કારણે થયું હતું. ઓપરેટર પોતાનું કામ કરી રહ્યો હતો. અચાનક લાગેલ બ્રેક યાંત્રિક ત્રુટિ હતી. પરંતુ સાંસદ ગુસ્સે થઈ ગયા હતા.

થોડા સમય પછી, સાંસદના પ્રતિનિધિ, નીતા સોનીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં હુમલાનો બચાવ કરતા લખ્યું કે, સાંસદે ફક્ત તેમને થપ્પડ મારી.



તેમના હાથ અને પગ ભાંગી નાખવા જોઈતા હતા. જો તેઓ આ ઊંચાઈ પરથી પડી ગયા હોત, તો કોની જવાબદારી હતી? આ પોસ્ટથી રાજકીય ગુસ્સો વધુ તીવ્ર બન્યો છે.

કોંગ્રેસે આ કૃત્યની નિંદા કરી છે, અને તેને અહંકાર અને સત્તાના નશાનું પ્રદર્શન ગણાવ્યું છે. રાજ્ય પક્ષના પ્રવક્તા અભિનવ બરૌલિયાએ કહ્યું કે, આ ભાજપનો વાસ્તવિક ચહેરો છે તેના નેતાઓ માને છે કે તેઓ જાહેર સેવકો અને જનતા બંનેના માલિક છે. સ્થાનિક વહીવટીતંત્રે હજુ સુધી પુષ્ટિ કરી નથી કે સાંસદ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે કે નહીં અને મ્યુનિસિપલ કર્મચારીએ ફરિયાદ નોંધાવી છે કે નહીં.

# 'લઘુમતી સંસ્થાનો દરજ્જો રાજ્યના નિયમો સામે રક્ષણ આપી શકે નહીં' અલ્હાબાદ હાઈકોર્ટે મદ્રેસાની ગેરકાયદેસર ભરતી જાહેરાત રદ કરી

(એજન્સી) તા.૩૧

અલહાબાદ હાઈકોર્ટ (HC) એ કહ્યું છે કે લઘુમતી સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ શૈક્ષણિક ધોરણો જાળવવાના હેતુથી સરકારી નિયમોથી મુક્તિનો દાવો કરી શકતી નથી. કોર્ટે ગોરખપુર સ્થિત મદરેસાએ શિક્ષકો અને કારકુનની ભરતી માટે જારી કરેલી જાહેરાતને રદ કરી અને આ પ્રક્રિયાને ગેરકાયદેસર અને રાજ્ય નીતિની વિરુદ્ધ ગણાવી છે. જસ્ટિસ મંજુ રાની ચૌહાણે મદરસા અરબિયા શમશુલ ઉલૂમ, સીકરીગંજ (એહતા નવાબ) ના મેનેજમેન્ટ કમિટી દ્વારા દાખલ કરાયેલી અરજીનો નિર્ણય લેતા જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૦(૧) હેઠળ લઘુમતી સંસ્થાઓનું સંચાલન કરવાનો અધિકાર શૈક્ષણિક શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરવા માટે વાજબી નિયમોથી મુક્તિ મેળવવા માટે આપી શકાતો નથી. મદરેસાના મેનેજર હોવાનો દાવો કરતા સજ્જાદ હુસૈને ૨૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ દૈનિકમાં છ ખાલી જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી ત્યારે આ વિવાદ શરૂ થયો હતો. મદ્રેસાની મેનેજમેન્ટ કમિટીએ આ પગલાને પડકાર્યો હતો, અને દાવો કર્યો હતો કે હુસૈન સંસ્થાનું સંચાલન કરતી સોસાયટીનો માન્ય સભ્ય પણ નથી અને તેણે કપટથી ચાર્જ સંભાળ્યો છે. કોર્ટે શોધી કાઢ્યું કે હુસૈનનું નામ ૨૦૧૯ માં સોસાયટીની સભ્યપદ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું, જ્યારે સક્ષમ અધિકારીએ અગાઉની સમિતિને સમયમર્યાદા જાહેર કરી હતી અને નવી ચૂંટણીઓનો આદેશ આપ્યો હતો. આમ છતાં, ૨૦૨૪-૨૦૨૫ માટે પદાધિકારીઓની યાદી પાછળથી નોંધવામાં આવી હતી જેમાં તેમને મેનેજર તરીકે દર્શાવવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે ૨૦ મે, ૨૦૨૫ ના રોજના સરકારી આદેશ દ્વારા તમામ મદરેસામાં નવી નિમણૂકો પર પ્રતિબંધ લાદ્યા પછી પણ ભરતી કરવામાં આવી હતી. આ આદેશ અંજુમન કાદરી વિરુદ્ધ ભારત સંઘ (નવેમ્બર ૨૦૨૪) કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને અનુસરીને કરવામાં આવ્યો હતો, જેમાં પરંપરાગત કામિલ અને ફાઝીલ ડિગ્રીઓને ગેરબંધારણીય જાહેર કરવામાં આવી હતી અને મદ્રેસાના શિક્ષકો માટે નવા લાયકાત ધોરણો ઘડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નીતિને અનુરૂપ, લઘુમતી કલ્યાણ નિયામક, યુ.પી.ના રજિસ્ટ્રાર, મદરસા શિક્ષણ બોર્ડ અને જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારીએ તમામ સંસ્થાઓને નવા ધોરણો નક્કી ન થાય ત્યાં સુધી નિમણૂકો અટકાવવા વારંવાર સૂચનાઓ જારી કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે ગોરખપુર મદરેસાને મે અને જુલાઈ ૨૦૨૫ વચ્ચે અનેક પત્રો દ્વારા આ પ્રતિબંધો વિશે ખાસ જાણ કરવામાં આવી હતી, છતાં તેણે ભરતી ચાલુ રાખી હતી. જસ્ટિસ ચૌહાણે અવલોકન કર્યું કે લઘુમતી અધિકારોના નામે સરકારી નિર્દેશોનું ઉલ્લંઘન વાજબી ઠેરવી શકાય નહીં. મદરેસામાં શિક્ષકોની લાયકાત માટે સરકાર દ્વારા ધોરણો ઘડવામાં આવે તેની રાહ જોયા વિના જાહેરાત જારી કરવી કાયદાની નજરમાં અયોગ્ય છે. સંસ્થાનું સંચાલન કરવાનો અધિકાર કાયદાની વિરુદ્ધ કાર્ય કરવાના અધિકાર આપતો નથી. કોર્ટે પી.યુ. જોશી વિરુદ્ધ એકાઉન્ટન્ટ જનરલ (૨૦૦૩) અને ચંદીગઢ વહીવટીતંત્ર વિરુદ્ધ ઉષા ખેતરપાલ વાઈ (૨૦૧૧) સહિત સુપ્રીમ કોર્ટના અનેક દાખલાઓનો ઉલ્લેખ કર્યો અને આ ભરતી પ્રક્રિયાને "સરકારી નીતિ અને ન્યાયિક નિર્દેશોનું સ્પષ્ટ ઉલ્લંઘન" ગણાવતા, હાઈકોર્ટે ૨૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજની જાહેરાત રદ કરી, અને જાહેર કર્યું કે તેના હેઠળ કરવામાં આવેલી કોઈપણ નિમણૂકો "ગેરકાયદેસર" હતી. તેણે સ્પષ્ટ કર્યું કે જેઓ જાહેરાત અનુસાર જોડાયા હોઈ શકે છે તેઓ "ચાલુ રાખવાનો કોઈ અધિકાર દાવો કરી શકતા નથી" કારણ કે તેમની પસંદગી ગેરકાયદેસર કૃત્યથી થઈ હતી.

**મદ્રેસાના મેનેજર હોવાનો દાવો કરતા સજ્જાદ હુસૈને ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ દૈનિકમાં છ ખાલી જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી ત્યારે આ વિવાદ શરૂ થયો હતો.**

# વાવાઝોડા મેલિસાથી મૃત્યુઆંક ૪૯ પર પહોંચી ગયો છે, ઘણા લોકો હજુ પણ લાપતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

વાવાઝોડા મેલિસામાં અત્યાર સુધીમાં લગભગ ૪૯ લોકો માર્યા ગયા છે, જો કે, ઉત્તરીય કેરેબિયનમાં વાવાઝોડાના કારણે થયેલા વિનાશના માર્ગ પર શોધ અને બચાવ કામગીરી ચાલુ હોવાથી આ આંકડો વધવાની ધારણા છે. હૈતીના અધિકારીઓએ ગુરૂવારે ઓછામાં ઓછા ૩૦ લોકોનાં મોત અને ૨૦ ગુમ થયાની જાણ કરી. ગરીબ રાષ્ટ્ર સીધી રીતે ફટકો પડ્યો ન હતો પરંતુ ભારે તોફાનથી દિવસો સુધી ભારે વરસાદનો ભોગ બન્યો હતો. રોઈટર્સ ન્યૂઝ એજન્સી અનુસાર જમૈકામાં ૧૯ લોકોનાં મોત થયા છે. વાવાઝોડાના અન્યત્ર લેન્ડફોલ થાય તે પહેલાં ડોમિનિકન રિપબ્લિકે એક મૃત્યુની જાણ કરી છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર રેકોર્ડ પરના સૌથી મજબૂત એટલાન્ટિક વાવાઝોડાઓમાંના એક મેલિસા મંગળવારે જમૈકામાં ૨૯૫ કિલોમીટર પ્રતિ કલાક (૧૮૩ માઈલ પ્રતિ કલાક) સુધીના મહત્તમ સતત પવન સાથે કેટેગરી પાંચ વાવાઝોડા તરીકે ત્રાટક્યું. વાવાઝોડું કિંગ્સ્ટનની રાજધાની સાથે અથડાયું ન હતું, પરંતુ તે જમૈકાના પશ્ચિમ ભાગમાં અથડાયું હતું, જ્યાં તેણે વિનાશ કર્યો હતો. મેલિસાએ બુધવારે રાત્રે બહામાસમાંથી પસાર થતાં માર્ગ પર આગળ વધતા પહેલા કેટેગરી ૩ વાવાઝોડા તરીકે ક્યુબા પર ત્રાટક્યું. યુએસ નેશનલ હરિકેન સેન્ટર અનુસાર તે બર્મુડાથી ૬૦ કિ.મી. (૩૭ માઈલ)ની અંદર પસાર થવાનું છે. છેલ્લા અઠવાડિયામાં તેની શક્તિમાં સતત ઘટાડો થયો હોવા છતાં વાવાઝોડાની શક્તિ સમગ્ર કેરેબિયનમાં અનુભવાઈ છે, જે વિનાશક પવન, વરસાદ અને પૂર લાવે છે. જો કે, હૈતી અને ડોમિનિકન રિપબ્લિક, જે હિસ્પેનિઓલા ટાપુને વહેંચે છે, તેમને સીધી અસર થઈ ન હતી, સ્થાનિક અહેવાલો અનુસાર બંનેએ ભારે પૂરનો અનુભવ કર્યો. રોઈટર્સ અનુસાર ટાપુના પૂર્વ ભાગમાં ભારે પવન ફૂંકાયો હોવા છતાં ક્યુબામાં હજુ સુધી કોઈ મૃત્યુના અહેવાલ નથી. ન્યૂઝ વાયરે જણાવ્યું હતું કે, કેરેબિયનમાં લાખો લોકો વીજળી વિના રહે છે, જેમાં જમૈકાના ૭૦ ટકા વીજળી ગ્રાહકોનો સમાવેશ થાય છે. પ્રાદેશિક સત્તાવાળાઓ પડી ગયેલા વૃક્ષો અને વીજળી લાઈનોને સાફ કરવા અને વ્યાપક માળખાકીય નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે કામ કરી રહ્યા છે. યુએન એજન્સીઓ કહે છે કે, તેઓ હજુ પણ મેલિસાથી થયેલા નુકસાનની ગણતરી કરી રહ્યા છે, યુએન રેસિડેન્ટ કોઓર્ડિનેટર ડેનિસ ઝુલુના જણાવ્યા અનુસાર જો કે, જમૈકા માટે પ્રારંભિક મૂલ્યાંકન ટાપુ દ્વારા પહેલાં ક્યારેય ન જોયેલી વિનાશનું સ્તર દર્શાવે છે.

**હદીસ બોધ**

દરેક વ્યક્તિને તેનો હક આપો. (હદીસ બોધ)

**બોધ વચન**

સરળતાથી પ્રાપ્ત થતો પંથ પ્રગતિનો પંથ હોઈ શકે નહીં. -હેરોક્લિટસ

**આજની આરસી**

૧ નવેમ્બર શનિવાર ૨૦૨૫
૯ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭
કારતક સુદ દસમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૨૪
ખત્મે ઝવાલ ૧૨-૨૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૪૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૦૨

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# ઓસ્ટ્રેલિયા સામે ભારતનો ધબડકો : MCG ખાતે ૧૭ વર્ષનો T20I વિજયી સિલસિલો તૂટ્યો !

## બીજી ટી-૨૦માં ભારતને ૪ વિકેટે પરાજય આપતું ઓસ્ટ્રેલિયા



તા.૩૧

ભારતીય ટીમ માટે શુક્રવાર, ૩૧ ઓક્ટોબર, મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે એક ભૂલી જવા જેવી રાત સાબિત થઈ. ઑસ્ટ્રેલિયાએ બીજી T20I મેચમાં ભારતને ચાર વિકેટે હરાવીને પાંચ મેચની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. આ હાર સાથે MCG ખાતે ૨૦૦૮ પછી ભારતનો T20Iમાં વિજયી સિલસિલો પણ તૂટી ગયો. ભારતની બેટિંગનો ધબડકો અને ઑસ્ટ્રેલિયાના બોલરોનું શાનદાર પ્રદર્શન આ હારનું મુખ્ય કારણ બન્યું.

**જોશ હેઝલવુડનો તરખાટ: 'પ્લેયર ઑફ ધ મેચ'**

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ માટે ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ કાળ બનીને આવ્યો. હેઝલવુડે પોતાના ચાર ઓવરના સ્પેલમાં માત્ર ૧૩ રન આપીને ત્રણ મહત્ત્વની વિકેટો ઝડપી હતી, જેના કારણે તેને 'પ્લેયર ઑફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો. ઈંગ્લેન્ડમાં એશિઝની તૈયારી માટે આ શ્રેણીમાં તેની આ છેલ્લી મેચ હતી, અને તેણે તેના પ્રદર્શનથી સૌને પ્રભાવિત કર્યા. તેના ઘાતક સ્પેલ સામે ભારતીય ટોચનો ક્રમ ધ્વસ્ત થઈ ગયો, જેમાં સુકાની સૂર્યકુમાર યાદવની વિકેટ પણ સામેલ હતી, જેને હેઝલવુડના એક 'અનપ્લેએબલ' બોલે આઉટ કર્યો હતો. ઉપરાઉપરી ત્રણ ઓવરમાં ત્રણ વિકેટ લઈને તેણે ભારતને ૩૨ રનમાં ૪ વિકેટની મુશ્કેલીમાં મૂકી દીધું હતું.

**ભારતીય બેટિંગનો મોટો ધબડકો**

## ૫, ૨, ૧૦, ૫ : ભારતની બેટિંગ હરોળ MCG પર પત્તાના મહેલની જેમ તૂટી પડી : જોશ હેઝલવુડની આગ ઝરતી બોલિંગ

ભલે પિચ પર હવામાન વાદળછાયું હતું, પણ ભારતીય બેટિંગ યુનિટ માટે તે એક 'ઓફ ડે' સાબિત થયો. ભારતીય ટીમ નિર્ધારિત ૨૦ ઓવર પણ પૂરી કરી શકી નહીં અને માત્ર ૧૨૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

★ વાઈસ-કેપ્ટન શુભમન ગિલ સંઘર્ષ કરતો જોવા મળ્યો અને મિડ-ઓફ પર જોશ હેઝલવુડના હાથે આઉટ થયો.

★ સંજુ સેમસનને નંબર ૩ પર પ્રમોટ કરવામાં આવ્યો, પરંતુ તે માત્ર ચાર બોલમાં નાથન એલિસનો શિકાર બન્યો.

★ નંબર ૫ પર આવેલા તિલક વર્મા ખાતું પણ ખોલાવ્યા વગર શૂન્ય પર આઉટ થયા.

**અભિષેક-હર્ષિતની લડાયક ભાગીદારી**

૪૯ રનમાં ૫ વિકેટ ગુમાવ્યા બાદ, ઓલરાઉન્ડર અભિષેક શર્મા (૪૭ બોલમાં ૫૬ રન) અને હર્ષિત રાણા (૩૩ બોલમાં ૩૫ રન) એ ટીમનો ધબડકો અટકાવવા માટે સૌથી મોટી ભાગીદારી કરી. હર્ષિત રાણા, જેને અર્શદીપ સિંહની જગ્યાએ ટીમમાં લેવામાં આવ્યો હતો અને બેટિંગમાં પ્રમોટ કરવામાં આવ્યો હતો, તેણે લડાયક બેટિંગ કરી. જોકે, બોલિંગમાં તેનું પ્રદર્શન મોંઘુ સાબિત થયું, જ્યાં તેણે તેની શરૂઆતની બે ઓવરમાં ૨૭ રન આપ્યા હતા.

**ઑસ્ટ્રેલિયાનો આસાન વિજય**

માત્ર ૧૨૬ રનના સાધારણ લક્ષ્યનો પીછો કરતાં, ઑસ્ટ્રેલિયાએ શરૂઆતથી જ મેચ પર પકડ જમાવી દીધી. સુકાની મિચેલ માર્શ (૨૬ બોલમાં ૪૬ રન) અને ટ્રેવિસ હેડના આક્રમક પ્રારંભે માત્ર ૨૯ બોલમાં ૫૧ રનની ભાગીદારી કરીને ભારતની તમામ આશાઓ પર પાણી ફેરવી દીધું. ઑસ્ટ્રેલિયાએ આ લક્ષ્યને ૪૦ બોલ બાકી રાખીને ચાર વિકેટના નુકસાન સાથે સરળતાથી હાંસલ કરી લીધું.

★ ભારતીય ઝડપી બોલર જસપ્રિત બુમરાહને પિચ પર કોઈ મદદ ન મળી, જોકે તેણે તેની છેલ્લી ઓવરમાં બે બોલમાં બે વિકેટ ઝડપીને ક્લાસનો પરિચય આપ્યો.

★ ભારતીય બોલરોમાં વરૂણ ચક્રવર્તી (૨૩ રનમાં ૨ વિકેટ) સૌથી પ્રભાવશાળી રહ્યો, જેને ઑસ્ટ્રેલિયન બેટરો વાંચી શક્યા નહોતા.

★ કુલદીપ યાદવ (૩.૨ ઓવરમાં ૪૫ રન) અને અન્ય બોલરો જરૂરી દબાણ બનાવી શક્યા નહીં કારણ કે બોર્ડ પર પૂરતા રન જ નહોતા. ઑસ્ટ્રેલિયાના આ પ્રભાવી પ્રદર્શને MCGમાં હાજર ભારતીય સમર્થકોને નિરાશ કર્યા છે. હવે બંને ટીમો વચ્ચે ત્રીજી T20I મેચ રવિવાર, ૨ નવેમ્બરના રોજ હોબાર્ટ ખાતે રમાશે.

# વર્લ્ડ કપની હીરો જેમિમાહ : બેટથી ટીકાકારોને ચૂપ કરાવ્યા, 'રીલ્સ ક્વીન'થી બની 'વૉરિયર'



તા.૩૧

નવી મુંબઈમાં ઑસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ કપ સેમિ-ફાઈનલમાં જેમિમાહ રોડ્રિગ્ઝે તેના બેટથી જે જવાબ આપ્યો, તે ઈતિહાસમાં નોંધાઈ ગયો છે. જેમિમાહના શતકે તે ટીકાકારોને શાંત કરી દીધા, જેઓ તેને 'રીલ્સ ઔર ગિટાર ક્વીન' કહીને તેની ક્રિકેટિંગ ક્ષમતાને ઓછી આંકતા હતા. તેની આ સદી એ વાતનો પુરાવો છે કે એક ખેલાડી મેદાનની બહાર હસમુખ અને જીવંત હોવા છતાં મેદાન પર ગંભીર અને વિજયી બની શકે છે.

**સોશિયલ મીડિયાની મજાકનો જડબાતોડ જવાબ**

"રન બનાના, વો ક્યા હોતા હૈ, મેરા ક્રિન્જ રીલ દેખ ઔર ગાના સુન" — આ એ શબ્દો હતા જેનો ઉપયોગ ટ્રોલ્સ દ્વારા તેના ફોકસ પર સવાલ ઉઠાવવા માટે થતો હતો. તેમને લાગતું હતું કે જેમિમાહ બેટિંગ કરતાં તેના સોશિયલ મીડિયા પર વધુ ધ્યાન આપે છે. પરંતુ હવે આ જ શબ્દો એક વિજયનો શાનદાર બેજ બની ગયા છે. જેમીમાહે ડી વાય પાટીલ સ્ટેડિયમમાં અણનમ ૧૨૭ રનની ઈનિંગ રમીને ભારતને ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચાડ્યું, અને વુમન્સ ODI ઈતિહાસનો સૌથી મોટો ૩૩૯ રનનો સફળ ચેઝ પૂરો કર્યો.

**'રીલ્સ' પાછળનું દર્દ અને સંઘર્ષ**

જેમિમાહની સફર ક્યારેય સરળ નહોતી. નીચા સ્કોર, શ્રીલંકા અને સાઉથ આફ્રિકા સામે 'ડક' થવું અને ટીમમાંથી ડ્રોપ થવાના કારણે તેના પર ભારે દબાણ હતું. ૨૦૨૨ના વર્લ્ડ કપમાંથી બહાર થવાનું દુઃખ પણ હતું. જોકે, તેણે ત્રીજા ક્રમે બેટિંગ કરીને ન્યૂઝીલેન્ડ સામે અડધી સદી ફટકારીને કમબેક કર્યું.

વિશ્વ તેને 'રીલ્સ ક્વીન' કહેતું હતું, પરંતુ થોડા જ લોકો જાણતા હતા કે આ હસમુખ ચહેરા પાછળ તે ચિંતા અને ડિપ્રેશન સામે લડી રહી હતી. ઑસ્ટ્રેલિયા સામેની જીત બાદ તેની લાગણીઓ છલકાઈ ગઈ. તેણે સ્વીકાર્યું, "મેં આ ટૂર પર લગભગ દરરોજ રડ્યું છે. હું માનસિક રીતે સારી નહોતી, ચિંતા સાથે સંઘર્ષ કરી રહી હતી. પણ મને ખબર હતી કે મારે મેદાનમાં આવવું પડશે - અને ભગવાને બધું સંભાળી લીધું."

જીત પછી, આંસુઓથી ભરાયેલી આંખે તે સૌપ્રથમ પોતાના માતા-પિતાને ભેટી પડી. તે ક્ષણ સેંકડો રન અને રેકોર્ડ્સ કરતાં વધુ રાહત અને વિશ્વાસની હતી.

**જેમિમાહ ૨.૦ : ધ ગ્રેસ ઑફ અ ચેમ્પિયન**

જ્યાં હરમનપ્રીત કૌરની ૨૦૧૭ની ૧૭૧ રનની ઈનિંગ 'એપિક' ગણાય છે, ત્યાં જેમિમાહની આ 'માસ્ટરપીસ' તેની બાજુમાં ઊભી છે—બળના બદલે ગ્રેસ (નજાકત) અને શાંતિથી રમાયેલી. તેના ૧૨૭ રન માત્ર આંકડા નહોતા, પણ એક દેશના હૃદયની ધડકન હતા, જે ફરી એકવાર વર્લ્ડ કપ જીતવાનું સપનું જોઈ રહ્યો છે. જેમિમાહે સાબિત કરી દીધું કે એક ખેલાડી તેની અંદરની ખુશી અને વ્યક્તિગત ઓળખને મેદાન પરની પ્રતિબદ્ધતાથી અલગ કર્યા વિના સફળ થઈ શકે છે. હવે ભારત ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. જેમિમાહ રોડ્રિગ્ઝ આશા અને દૃઢ વિશ્વાસનું પ્રતીક બનીને ઊભરી છે.

શું તમે જેમિમાહ રોડ્રિગ્ઝના ક્રિકેટ અને સોશિયલ મીડિયા વચ્ચેના સંતુલન વિશે વધુ જાણવા માંગો છો ?

# જો ભારત વર્લ્ડ કપ જીતશે તો સુનીલ ગાવસ્કરનું વચન : જેમિમાહ સાથે ગિટાર પર ગાશે ગીત !



તા.૩૧

ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી અને બેટિંગ લિજેન્ડ સુનીલ ગાવસ્કરે મહિલા વર્લ્ડ કપ સેમિ-ફાઈનલની હિરો જેમિમાહ રોડ્રિગ્ઝ માટે દિલથી એક વચન આપ્યું છે. ગાવસ્કરે જાહેરાત કરી છે કે જો ભારતીય મહિલા ટીમ નવી મુંબઈમાં યોજાનારી વર્લ્ડ કપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ચેમ્પિયન બનશે, તો તેઓ જેમિમાહ સાથે મળીને વિજયની ઉજવણી ગીત ગાઈને કરશે. ગાવસ્કરે 'સ્પોર્ટ્સ ટુડે' પર વાત કરતાં કહ્યું, "જો ભારત વર્લ્ડ કપ જીતે છે, તો તે (જેમિમાહ) અને હું — જો તે ઠીક હોય તો — સાથે મળીને એક ગીત ગાઈશું. તેની પાસે તેનું ગિટાર હશે, અને હું સાથે ગાઈશ." તેમણે યાદ કર્યું કે બે વર્ષ પહેલાં BCCI એવોર્ડ્સ દરમિયાન આ બંનેએ એકવાર આવું કર્યું હતું. તે એક સહજ સંગીતમય યુગલગીત હતું, જેમાં જેમિમાહે ગિટાર વગાડ્યું હતું અને ગાવસ્કરે ગાયું હતું, જેને સૌએ ખૂબ માણ્યું હતું. ગાવસ્કરે ઉમેર્યું, "જો ભારત જીતે છે, તો મને તે ફરીથી કરવું ગમશે — જો તે વૃદ્ધ વ્યક્તિ સાથે આવું કરવા માટે ખુશ હોય. હું આ માટે સંપૂર્ણપણે તૈયાર છું." ગાવસ્કરનું આ 'જેમિમાહ સાથે જામ' કરવાનું વચન હવે ભારતના વર્લ્ડ કપની સફરમાં એક રોમાંચક ઉપકથા બની ગયું છે. જેમિમાહે તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની સેમિ-ફાઈનલમાં અણનમ ૧૨૭ રનની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ ઈનિંગ્સ રમીને આ સન્માન મેળવ્યું છે. તેની આ ઈનિંગ્સના કારણે ભારતે વુમન્સ ODI ઈતિહાસમાં સૌથી મોટો ૩૩૯ રનનો સફળ ચેઝ કર્યો હતો, જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે તેની ૧૬૭ રનની ભાગીદારીએ રમતનું પાસું પલટી નાખ્યું હતું. આ જીતથી ભારતે સાત વખતની ચેમ્પિયન ઑસ્ટ્રેલિયાની વર્લ્ડ કપમાં ૧૫ મેચોની અજેય સિરીઝનો અંત લાવી દીધો હતો અને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. હવે ભારતનો મુકાબલો રવિવારે (નવેમ્બર ૩) નવી મુંબઈમાં સાઉથ આફ્રિકા સામે થવાનો છે, જ્યાં ક્રિકેટ જગતને એક નવું વર્લ્ડ ચેમ્પિયન મળશે. જો હરમનપ્રીત કૌરની ટીમ આ સિદ્ધિ હાંસલ કરશે, તો ક્રિકેટ ચાહકોને વિજયની ઉજવણીમાં જેમિમાહના ગિટાર પર ગાવસ્કરના અવાજમાં એક ખાસ ધૂન સાંભળવા મળશે.

# ભારતીય હોકીના દિગ્ગજ ખેલાડી મેન્યુઅલ ફ્રેડરિકનું નિધન ૧૯૭૨ મ્યુનિચ ઓલિમ્પિક્સના બ્રોન્ઝ મેડલ વિજેતા હતા

તા.૩૧

ભારતીય પુરૂષ હૉકી ટીમના પૂર્વ ગોલકીપર અને ૧૯૭૨ની મ્યુનિચ ઑલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ટીમના સભ્ય મેન્યુઅલ ફ્રેડરિકનું શુક્રવારે સવારે બેંગલુરૂમાં નિધન થયું છે. તેઓ ૭૮ વર્ષના હતા અને છેલ્લા ૧૦ મહિનાથી પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત હતા.



**ઑલિમ્પિક ગૌરવ :** કેરળના કન્નુરના બર્નાસેરીમાં ૨૦ ઑક્ટોબર, ૧૯૪૭ના રોજ જન્મેલા ફ્રેડરિક ઑલિમ્પિક મેડલ જીતનારા કેરળના પ્રથમ એથ્લીટ હતા. તેમના સિવાય કેરળના માત્ર પી.આર. શ્રીજેશ (ટોક્યો અને પેરિસ ઑલિમ્પિક્સમાં બ્રોન્ઝ) જ આ સિદ્ધિ મેળવી શક્યા છે.

**સન્માન :** હૉકીમાં તેમના આજીવન યોગદાન બદલ તેમને ૨૦૧૯માં મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

**અંતિમ સંઘર્ષ:** ફ્રેડરિક છેલ્લા ૧૦ મહિનાથી કેન્સર સામે લડી રહ્યા હતા. એક વર્ષ પહેલાં તેમની પત્ની શીતલાનું નિધન થતાં તેઓ ડિપ્રેશનથી પણ પીડાઈ રહ્યા હતા. તેમની પુત્રી ફ્રેશનાએ જણાવ્યું કે અંતમાં તેમને કમળો થયો અને લિવરને અસર થઈ, જેના કારણે તેમની સ્થિતિ ગંભીર બની ગઈ હતી. ફ્રેડરિક લાંબા સમયથી બેંગલુરૂમાં સ્થાયી થયા હતા અને તેમના પરિવારમાં તેમની બે પુત્રીઓ છે. ભારતીય હૉકી માટે તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે.

# તામિલનાડુમાં 'મિત્રના ઘરે જવા બદલ' દલિત છોકરાને નિર્વસ્ત્ર કરી માર મારવામાં આવ્યો

## ચૂલાઈમેડુમાં ૧૭ વર્ષનો છોકરો અને છોકરી સાથે ભણતા હતા ત્યારથી મિત્રો હતા

(એજન્સી) ચેન્નાઈ, તા.૩૧

સચિવાલય કોલોની પોલીસે SC/ST (અત્યાચાર નિવારણ) કાયદા હેઠળ ધોરણ-૧૦માં ભણતી વિધ્યાર્થીનીને મળવા તેના ઘરે જવા બદલ ૧૨માં ધોરણમાં ભણતા એક છોકરાને કપડાં ઉતારીને માર મારવા અને દુર્વ્યવહાર કરવાના આરોપ હેઠળ બે પુરૂષોની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ સરવનન તરીકે થઈ છે, જે ભાજપના પૂર્વ કાર્યકર્તા અને તેનો ભાઈ લોગેશ હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું હતુંકે, છોકરીની માતાએ પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ પણ નોંધાવી છે, જેમાં છોકરાએ તેની પુત્રી સાથે દુર્વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો છે, જોકે હજુ સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી. ૧૭ વર્ષનો છોકરો અને છોકરી ચૂલાઈમેડુમાં સાથે ભણતા ત્યારથી મિત્રો હતા. જો કે, પછીથી અલગ અલગ શાળાઓમાં ભણતા હોવા છતાં, તેઓ સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં રહ્યા. જ્યારે છોકરાએ સચિવાલય કોલોનીમાં તેની મુલાકાત લીધી, ત્યારે છોકરીના સંબંધીઓએ તેને એક રૂમમાં બંધ કરી દીધો અને પછી સરવનનને ફોન કર્યો. તેણે અને લોગેશે છોકરાને છોડતા પહેલા તેના પર હુમલો કર્યો હોવાનો આરોપ છે.

# મુખ્યમંત્રી પદ માટે ખેંચતાણ વચ્ચે દલિત મંત્રીઓનું મેગા રેલી માટે ફરીથી દબાણ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩૧

ગૃહમંત્રી જી પરમેશ્વરના નેતૃત્વમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) સમુદાયોના મંત્રીઓએ આગામી મહિને ચિત્રદુર્ગ અથવા દાવણગેરેમાં 'દલિતા એક્યથ સમાવેષા' નામનું સમુદાય સંમેલન યોજવાની યોજના ફરી શરૂ કરી છે. સંભવિત શક્તિ પ્રદર્શન તરીકે જોવામાં આવતી પ્રસ્તાવિત રેલીએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે કારણ કે તે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાથી તેમના નાયબ ડીકે શિવકુમાર સુધીના સંભવિત સંક્રમણ અંગે વધતી ચર્ચા વચ્ચે આવી રહી છે અને દલિત મુખ્યમંત્રી માટે નવી હાકલ કરી રહી છે. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ટેકો આપનારા દલિત મતદારો માટે આભાર માનવા માટે વર્ણવવામાં આવેલી રેલીનું આયોજન કરવાનો અગાઉનો પ્રયાસ પાર્ટી હાઈકમાન્ડ દ્વારા મંજૂરી રોકી દેવામાં આવ્યા બાદ રદ કરવામાં આવ્યો હતો. તે સમયે, તેને સિદ્ધારમૈયા છાવણી દ્વારા બે મોટા નેતાઓ વચ્ચેની અનૌપચારિક સત્તા-વહેંચણી વ્યવસ્થાને નબળી પાડવાના પ્રયાસ તરીકે જોતા શિવકુમારના સમર્થકોએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો હોવાનું માનવામાં આવતું હતું. આ વખતે, દલિત મંત્રીઓ નવા દૃઢ નિશ્ચય સાથે આગળ વધી રહ્યા છે. પરમેશ્વરે બેંગલુરુમાં કેબિનેટ સાથીદાર એચસી મહાદેવપ્પા સાથેની મુલાકાત બાદ કહ્યું કે,"ચૂંટણીમાં દલિત મતદારોએ પૂરા દિલથી કોંગ્રેસને ટેકો આપ્યો હતો, અને આભાર વ્યક્ત કરવો એ આપણી ફરજ છે.'' તેમણે કહ્યું, ''આપણે તેમને અમારી સરકાર દ્વારા તેમના માટે શ્રેણીબદ્ધ યોજનાઓ અમલમાં મૂકવાની અને ભવિષ્યની યોજનાઓ સમજાવવાની પહેલ વિશે જણાવવું જોઈએ.'' પરમેશ્વર, મહાદેવપ્પા, કેએચ મુનિયપ્પા, આરબી થિમ્માપુર અને અનુસૂચિત જન જાતિના સતીશ જરકીહોલી સરકારમાં આંતરિક દબાણ જૂથ બનાવવા માટે ફરીથી સંગઠિત થયા છે. ભૂતપૂર્વ મંત્રીઓ કેએન રાજન્ના અને બી નાગેન્દ્ર, બંને વાલ્મીકી સમુદાયના છે, કેબિનેટમાંથી હાંકી કાઢવામાં આવ્યા તે પહેલાં ટીમનો ભાગ હતા. આ જૂથે અગાઉ ૩૬ માંથી ૩૧ SC-અનામત બેઠકો અને ૧૫માંથી ૧૪ ST-અનામત બેઠકો પર કોંગ્રેસની ભવ્ય જીતમાં પોતાની ભૂમિકાને ઉજાગર કરીને ધ્યાન ખેંચ્યું છે. સિદ્ધારમૈયાના પુત્ર અને MLC યથિન્દ્ર સિદ્ધારમૈયાએ જારકીહોલીને તેમના પિતાના રાજકીય વારસદાર તરીકે નામ આપ્યા બાદ દલિત મુખ્યમંત્રી હોવાની ચર્ચા ફરી શરૂ થઈ છે. તાજેતરમાં કોલારમાં પાર્ટીના કાર્યકરોએ ટોચના પદ માટે મુનિયપ્પાને સમર્થન આપતા સૂત્રોચ્ચાર કર્યા હતા, ત્યારે પરમેશ્વરે તેમના લાંબા રાજકીય કાર્યકાળને ટાંકીને ખુલ્લેઆમ તેમનું સમર્થન કર્યું હતું. પરંતુ મુનિયપ્પાએ કહ્યું : ''પરમેશ્વર અમારા સૌથી આદરણીય સભ્યોમાંના એક છે. તેમને આઠ વર્ષ સુધી KPCC પ્રમુખ તરીકે સેવા આપવાનો ગૌરવ છે, જે સૌથી લાંબો કાર્યકાળ છે, અને ડેપ્યુટી CM તરીકે સેવા આપી છે. જ્યારે આપણે દલિત CM વિશે વાત કરીએ છીએ, ત્યારે પરમેશ્વરને સ્વાભાવિક રીતે યોગ્યતાના આધારે ધ્યાનમાં લેવામાં આવશે. જો કે, હવે CM બદલવાની ચર્ચા કરવાનો સમય નથી. સિદ્ધારમૈયા સંપૂર્ણ પાંચ વર્ષનો કાર્યકાળ ચાલુ રાખશે.'' પ્રસ્તાવિત રેલી પર, મુનિયપ્પાએ કહ્યું, ''હાઈકમાન્ડની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.'' પરમેશ્વરે ઉમેર્યું કે દલિત મુખ્યમંત્રીની માંગ કરવામાં કે દલિત સંમેલન યોજવામાં કંઈ ખોટું નથી. તેમણે કહ્યું કે, ''આપણે તેમની (સમુદાય) માંગણીઓ સાંભળવી જોઈએ અને તેમને ભવિષ્યની ખાતરી આપવી જોઈએ.'' જોકે, જારકીહોલીએ સાવધાનીપૂર્વક કહ્યું કે, ''આપણે આપણા વારાની ધીરજથી રાહ જોવી જોઈએ. આપણે જે કંઈ કરવાનું વિચારી રહ્યા છીએ તે પક્ષના હિતમાં છે.'' નિરીક્ષકો કહે છે કે કોંગ્રેસ હાઈકમાન્ડની પ્રતિક્રિયા પર નજીકથી નજર રાખવામાં આવશે, કારણ કે AICC પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને તેમના મંત્રી પુત્ર પ્રિયંક ખડગે બંને દલિત છે.

# કેવી રીતે દલિત કલાકારો સમકાલીન કલાને આકાર આપી રહ્યા છે ?

## તેમના કલા પ્રદર્શન બિકમિંગ - વીવિંગ ધ કોમન્સમાં કે. નટરાજન અને એસ. વેંકટેશન જીવનકથાઓને કલાત્મક અભિવ્યક્તિમાં ફેરવે છે, તે જીવંત અનુભવનો નકશીદાર પટલ છે જે જાતિ અને સમુદાયથી ઉપર ઊઠે છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૩૧

જ્યારે બે દલિત કલાકારો તેમની જીવનકથાઓને કલામાં ફેરવે છે, ત્યારે તેમનો સહયોગ એક શક્તિશાળી વાતચીત બની જાય છે. કે. નટરાજન અને એસ. વેંકટેશન 'બીકમિંગ - વીવિંગ ધ કોમન્સ' નામના એક આર્ટ શોમાં તેમની કૃતિઓ રજૂ કરી રહ્યા છે, જે દર્શકોને વ્યક્તિગત કથાઓ કેવી રીતે એક શેર કરેલી, મોટી વાર્તામાં વિકસી શકે છે તે જોવા માટે આમંત્રિત કરે છે. શોના ક્યુરેટર પ્રેમા રેવતી, તે કેવી રીતે આકાર પામ્યું છે તે અંગે ઉત્સાહિત છે. ''બંને કલાકારોએ વર્ગ, જાતિ અને વંશીયતાના અવરોધોને પાર કરીને કલાને મુક્તિના સાધન તરીકે પસંદ કરી,. 'બીકમિંગ' થીમ છે કારણ કે તેઓ કલા દ્વારા પોતાને આકાર આપી રહ્યા છે. તેમના જીવનનો આકાર તેઓ જે સમાજમાં જન્મ્યા હતા તેના દ્વારા થયો હતો, પરંતુ તેમની યાત્રા પોતાને સાર્વત્રિક માણસોમાં ઘડવાની રહી છે, તેમને સોંપાયેલ મર્યાદાઓથી આગળ વધીને એક ઉદાહરણ સ્થાપિત કરવાની છે.'' આ બંને કોલેજના મિત્રો છે જેઓ ચેન્નાઈની કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં મળ્યા હતા. નટરાજન ચિત્રો અને ચિત્રકામ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે વેંકટેસન ચિત્રકામ, પ્રિન્ટ અને ચિત્રો સાથે કામ કરે છે. નીલમ કલ્ચરલ સેન્ટર દ્વારા પ્રસ્તુત, આ આર્ટ શો ૧ નવેમ્બર સુધી લલિત કલા અકાદમી ખાતે ચાલે છે. ચેન્નાઈમાં, જ્યાં કલા શો ઉત્સવોની જેમ ઉજવવામાં આવે છે, ત્યાં દલિત કલાકારો ભાગ્યે જ ચર્ચામાં આવે છે. ''આ અંતર ફક્ત કલામાં જ નહીં, સમગ્ર સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. ઘણા દલિત કલાકારો આપણી વચ્ચે છે, પરંતુ તે જે લેબલ લાવે છે તેના કારણે તેઓ ઘણીવાર દલિત તરીકે ઓળખવાનું ટાળે છે. તે તકોને મર્યાદિત કરી શકે છે, અને પ્રેક્ષકો પૂર્વધારણા દ્વારા દલિત કલાકારને જોવાનું વલણ ધરાવે છે. રંજીત અને નીલમ કલ્ચરલ સેન્ટરના સમર્થનને કારણે, વસ્તુઓ બદલાઈ રહી છે. વધુ કલાકારો હવે ખુલ્લેઆમ દલિત તરીકે ઓળખાઈ રહ્યા છે અને આગળ વધી રહ્યા છે.'' ક્યુરેટર કહે છે કે આવા શોનો હેતુ અવરોધોને તોડવા અને વધુ યુવા કલાકારોને ઉભરી આવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. પ્રેમા રેવતી નિર્દેશ કરે છે કે, ''નટરાજન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલા પાંચ યુવા કલાકારોનો એક વિભાગ છે. અમે એક વંશાવળી બતાવવા માંગીએ છીએ જેથી વધુ કલાકારો અનુસરે. આંતરિક રીતે, આ જગ્યાનું નિર્માણ કરે છે; બાહ્ય રીતે, ગેલેરીઓ અને મોટા કલા કાર્યક્રમોએ વિવિધ સમુદાયોના ઉભરતા કલાકારોને ઓળખવા જોઈએ, તેમની સાથે કામ કરવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે તેમનું પ્રતિનિધિત્વ થાય. સાચી સમકાલીન કલા સમાવિષ્ટ હોવી જોઈએ.'' વેંકટેશન કહે છે કે દલિત તરીકેના તેમના જીવનના અનુભવો તેમના ચિત્રોને આકાર આપે છે. તે શેર કરે છે કે, ''મારા કેનવાસ પરના લોકો તે છે જેમની સાથે હું મોટો થયો છું. દુઃખ છે, પણ ખુશી પણ છે અને હું બંને બતાવવા માંગુ છું.'' તે તેમની કલાને તેમના જીવન અને યાદોના વિસ્તરણ તરીકે જુએ છે.

**કે.નટરાજન**

તિરૂવન્નામલાઈના નટરાજનનો તે ભૂમિ સાથે ઊંડો સંબંધ છે જ્યાં તેઓ મોટા થયા હતા. તે જ લેન્ડસ્કેપ, જે તેમને આનંદ લાવતો હતો, તે તેમના પર થોપવામાં આવેલી ઓળખ અને અન્ય લોકો તરફથી મર્યાદિત સમજણ સાથે પણ જોડે છે. ''મારા કાર્યમાં, હું એક વૈશ્વિક જગ્યાનું લક્ષ્ય રાખું છું જ્યાં આવી તુચ્છ ભાવના અસ્તિત્વમાં ન હોય. દલિત મારા પર લાદવામાં આવેલી ઓળખ હતી. મેં તેને પસંદ કર્યું નથી, અને હું તેને તોડવાનો પ્રયાસ કરી રહી છું.'' તે ઉમેરે છે, ''હું આ ફક્ત એક દલિત તરીકે કરી શકું છું કારણ કે તે એક એવી ઓળખ છે જેને હું છુપાવવાનો ઈન્કાર કરૂં છું. મને કોઈ શરમ નથી લાગતી કારણ કે મેં તેને બનાવી નથી. હું તેને ખુલ્લેઆમ રાખું છું જ્યારે હું એવી જગ્યાની કલ્પના કરૂં છું જ્યાં આવા વિભાજન હવે અસ્તિત્વમાં નથી.''

નટરાજન તેમની કલાને જીવનના વિસ્તરણ તરીકે જુએ છે, અને તેને ખરેખર રાજકીય બનાવવા માટે, તે જીવંત અનુભવોમાંથી આવવી જોઈએ. ''દલિત કલા એક એવો શબ્દ છે જેનો ઉપયોગ ઓળખને પાછી મેળવવા માટે થાય છે, જેને જાતિના નામો અથવા સોંપાયેલ, અપમાનજનક નોકરીઓ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. દલિત મુક્તિનો શબ્દ છે. દલિત કલા એક એવી જગ્યા છે જ્યાં ફક્ત દલિતો જ નહીં, પરંતુ બધા જ એક સાથે આવીને એક જાતિ વિરોધી, માનવતાવાદી સૌંદર્ય શાસ્ત્ર બનાવી શકે છે જે એક નવી દુનિયાને આકાર આપી શકે છે.''


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

CIN : L65110TN2014PLC097792

**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**નાણાકીય સંપત્તિના સુરક્ષા અને પુનર્નિર્માણની કલમ ૧૩ (૨) અને અમલીકરણ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સૂચના**

નીચેના દેણદારો અને સહ-દેણદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોન મેળવી હતી. નીચે જણાવેલ દેણદારો અને સહ-દેણદારોની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરો દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. કારણ કે તેઓ સંબંધિત લોન કરારના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે અને અનિયમિત બન્યા છે, તેમની લોન RBI માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ સ્પષ્ટ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસ મુજબ કરવામાં આવ્યો છે અને ઉપરોક્ત રકમ પર વધુ વ્યાજ પણ લાગુ પડશે અને તે જ તેમની સંબંધિત તારીખોથી અમલમાં આવતા કરાર દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદારો અને સહ-દેણદારોના નામ | નિયમ ૧૩(૨) નોટિસ તારીખ | નિયમ ૧૩(૨) મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | ૧૦૨૮૧૩૪૬૫ ૧૦૫૬૩૧૪૮૯ | હોમ લોન | ૧. કમલેશ ચંદુભાઈ બારિયા ૨. કાજલ કમલેશભાઈ બારિયા | ૧૧.૦૧.૨૦૨૫ | ભા. રૂા. ૩૬,૯૭,૨૪૫.૦૧/- |

**મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સાઓ રેસિડેન્શિયલ ફ્લેટ નં.૮૦૨ના, બિલ્ટ અપ એરિયા ૯૦.૨૩૯ ચો.મી., આઠમો માળ, બિલ્ડિંગ નામે 'ટાવર-બી/૫'નો 'ઓસીઅર સ્કાય પાર્ક' બંધાયેલ જમીન પર ધરાવતા પ્લોટ નં.૧થી ૩ રેવન્યુ સર્વે નં.૫૧૮/૩ પૈકી ૧ સી.એસ.ડબ્લ્યુ નં.૩૬૧૮, ટીપી નં.૯, એફપી નં.૩૫/૨ રાજકોટ સિટી સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૬ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ** : ફ્લેટ નં.બી/૫-૮૦૧, **પશ્ચિમ** : માર્જિન એરિયા, **ઉત્તર** : ફ્લેટનો પ્રવેશ અને રસ્તો, **દક્ષિણ** : માર્જિનની જગ્યા

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો અનુસાર, ઉપરોક્ત તારીખથી ૬૦ દિવસની અંદર, તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ને તેમની સંબંધિત તારીખો અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરેના કરારિત વ્યાજ દર સાથે રકમ ચૂકવવાનું કહેવામાં આવે છે, જો નીચે સહી કરનારન સરફેસી કાયદાની કલમ ૧૩ (૪) અને કલમ ૧૪ હેઠળ, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ને બાકી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત ગીરવે મૂકેલી મિલકતો સામે કાર્યવાહી શરૂ કરવાની ફરજ પાડવામાં આવશે. વધુમાં, તમને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૧૩) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા ઉપરોક્ત સુરક્ષિત સંપત્તિઓ ટ્રાન્સફર કરવાની મનાઈ છે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૦૧.૧૧.૨૦૨૫**
**સ્થળ : રાજકોટ**

# બંગાળમાં SIR-NRCના ડરથી આપઘાતના વધતા બનાવો બદલ ભાજપ પર પ્રહારો કરતા મમતા બેનરજી

## મુખ્યમંત્રીએ પ્રશ્ન કર્યો કે, ભાજપ જેના અંતરગત ભયનું સામ્રાજય ફેલાઈ ગયું છે તેની સામે બોલવાની ભાજપના સાથી પક્ષો હિંમત બતાવી શકશે ખરા ?

(એજન્સી) કોલકાતા, તા.૩૧

બુધવારે રાત્રે પશ્ચિમ બંગાળના બિરભુમ જિલ્લામાં મતદાર યાદી સઘન રિવિઝન કવાયતથી ડરી જઈને ૯૫ વર્ષના એક વૃદ્ધ નાગરિકે આત્મહત્યા કરી દીધાની ઘટના બની હતી જે ઈલ્બમ બજાર વિસ્તારમાં બની હતી. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મતદાર યાદી સઘન રિવિઝન કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા પછી ત્રણ દિવસમાં આવી રીતે આપઘાતની આ બીજી ઘટના બની છે. ક્ષિતિજ મજુમદાર નામના વૃદ્ધની આત્મહત્યા માટે મુખ્યમંત્રી મમતા બેનરજીએ ભાજપની "ભયની રાજનીતિ" દોષિત ગણાવી હતી. ચોથી નવેમ્બરથી ચૂંટણી પંચે ગોઠવેલા બુથ લેવલ અધિકારીઓ ઘરે ઘરે જઈને ૨૦૦૨ની મતદાર યાદીઓ સાથે મતદારોના નામોની અને અન્ય વિગતોની ચકાસણી કરશે અને મતદારોના નામો નવી યાદીમાં જોડવામાં આવશે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઈબ્લમ બજાર વિસ્તારમાં પોતાના સગાને ત્યાં આવેલા ક્ષિતિજ મજુમદાર નામના ૯૫ વર્ષના લટકતી હાલતમાં મળી આવ્યા હતા અને એમના પરિવારજનોએ એવો આક્ષેપ કર્યો હતો કે એસ.આઈ.આર.ને કારણે એમને એવી બીક લાગી ગઈ હતી કે એમનું નામ પણ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવશે અને એમને બાંગ્લાદેશ ધકેલી દેવામાં આવશે.

૨૦૦૨ની મતદાર યાદીમાં પણ એમનું નામ નહોતું ત્યારથી તેઓ ચિંતામાં રહેતા હતા એવું તેમના પરિજનો કહે છે.



મુખ્યમંત્રી મમતા બેનરજી પ્રારંભથી જ એસઆઈઆરનો વિરોધ કરતા રહ્યા છે. તેમણે બંગાળમાં એસઆઈઆરથી ડરીને થયેલી આત્મહત્યાની બીજી ઘટના માટે ભાજપને જવાબદાર ગણાવ્યો હતો અને એવો આક્ષેપ ફરીથી કર્યો હતો કે ભાજપ ભય તથા વિભાજન અને નફરતનું રાજકારણ રમીને નાગરિકોને હતાશામાં ધકેલી રહ્યો છે. ભાજપની ભય અને ભાગલાવાદની તથા નફરતની નીતિઓના ગંભીર અને કરૂણ પરિણામો આપણે જોઈ રહ્યા છીએ. ચૂંટણી પંચે મતદાર યાદી રિવિઝનની જાહેરાત કર્યાના ૭૨ કલાકમાં નિવારી શકાય એવી એક પછી એક કરૂણ ઘટનાઓ બની રહી છે. ભાજપના વિચારે અને તેના દબાણથી જ બંગાળમાં એકાએક એસઆઈઆરની કવાયત ધરાર બળજબરીથી શરૂ કરી દેવામાં આવી છે.

મમતાએ સવાલ કર્યો હતો કે રાજકીય રીતે અને રાજકારણ પ્રેરિત આ કરૂણતાઓને અટકાવી શકાઈ હોત પણ આવું બન્યું છે તો તેના માટે કોણ જવાબદાર ? શું કેન્દ્રીય ગૃહમંત્રી જવાબદારી લેશે ખરા ? જે ભાજપ અને તેના સાથી પક્ષોના છત્ર હેઠળ ભયનું સામ્રાજ્ય ફેલાવી દેવામાં આવ્યું છે એવા ભાજપના સાથીઓ હવે કંઈ બોલવાની હિંમત કરશે ખરા ?

મમતાએ કહ્યું હતું કે આ ધરતીની સેવામાં જીવન આપી દેનાર ૯૫ વર્ષના વૃદ્ધ ને પોતે આ ભૂમિના જ છે એ પુરવાર કરવા માટે જીવ આપી દેવો પડ્યો એ કેવી કરૂણતા ? રાષ્ટ્રની ચેતના ઉપરનો આથી વધુ મોટો ઊંડો ઘા કયો હોઈ શકે ? આ માત્ર એક કરૂણ ઘટના નથી પરંતુ માનવજાત સાથે છળકપટ પણ છે. મુખ્યમંત્રીએ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી અને ખાતરી આપી હતી કે મારી સરકાર બંગાળમાં એનઆરસી લાગુ કરવાના દરેક પ્રયાસોનો સામનો કરશે અને પ્રતિકાર કરશે. હું દરેક નાગરિકને ઉશ્કેરાઈ ન જવાની અને વિશ્વાસ ન ગુમાવવાની અપીલ કરૂં છું અને કોઈ અંતિમ પગલું નહીં ભરવા અનુરોધ કરૂં છું. અમારી મા માટી અને માનુષ સરકાર તમારી સાથે જ છે અને અમે બંગાળમાં સીધી રીતે કે પાછલા બારણેથી એનઆરસીનો અમલ થવા દઈશું નહીં.

મુખ્યમંત્રીએ પડકાર કર્યો હતો કે મારા શરીરમાં લોહીનું અંતિમ ટીપું હશે ત્યાં સુધી હું અને મારી સરકાર પ્રજાના અધિકારો માટે લડત આપતા રહેશું અને ભાજપ તથા તેના સાથીદારોની આપણા દેશના સામાજિક માળખાને વેરવિખેર કરવાની નાપાક કાવતરાબાજીને નિષ્ફળ બનાવીશું.

પ્રદેશ ભાજપના નેતાઓ જોકે એસઆઈઆરને સમર્થન આપી રહ્યા છે અને કોઈપણ ભોગે તેમાં આગળ વધવા માંગે છે અને ટીકા પ્રહારોની પરવાહ કરી રહ્યા નથી.

જોકે શાસક ટીએમસી પક્ષ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચૂંટણી પંચ અને ભાજપ દ્વારા એસઆઈઆર કવાયતના બહાના હેઠળ હજારો મતદારોના નામો મતદાર યાદીઓમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. પક્ષના પ્રવક્તા કુણાલ ઘોષ જણાવે છે કે ખૂબ જ ગુપ્ત રીતે ગેરરીતિઓ કરવામાં આવી હોવાનું આ દાખલો છે. ૨૦૦૨ની યાદીમાં એક વિસ્તારમાં ૭૧૭ મતદારોના નામો હતા તો હવે માત્ર ૧૪૦ બતાવે છે. એ બધા એકસાથે મૃત્યુ પામ્યા હોય એ તો શક્ય બને જ નહીં ! અનેક બૂથમાં કોઈ સત્તાવાર ચકાસણી વિના સેંકડો નામો અલોપ થઈ ગયા દેખાયા છે. તેમણે એક દાખલો આપ્યો હતો કે અશોકનગર વિધાનસભા મતવિસ્તાર માં એક બુથમાં એક પણ મતદારનું નામ નથી હકીકતે ૨૦૦૨ની યાદીમાં આ વિસ્તારમાં ૯૦૦ જેટલા મતદારોના નામો નોંધાયેલા હતા. તો હવે શૂન્ય કઈ રીતે થઈ ગયા એ સમજાતું નથી. કૂચ બિહાર અને અન્ય જિલ્લાઓમાં પણ મોટા પ્રમાણમાં વિસંગતતાઓ જોવા મળી છે એટલે મતદારયાદીઓમાંથી ખરેખર આ સાચા મતદારોને કાઢી નાખવાની આ ગણતરીપૂર્વકની કામગીરી છે. ભાજપની કચેરીઓમાં કાવતરૂં ઘડવામાં આવે છે અને ચૂંટણી પંચના પોર્ટલ મારફત તેનો અમલ કરવામાં આવે છે. બંગાળના એક વરિષ્ઠ મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય જણાવે છે કે આ પ્રકારની ગેરરીતિઓ ભાજપના જ મોઢા ઉપર વળતો ફટકો મારવાની છે કેમકે એમના અનેક સમર્થકોના નામો પણ ગુમ થઈ ગયેલા દેખાયા છે.






# ઉર્દૂ વિશ્વની સૌથી સુંદર ભાષા છે : કિરેન રિજિજુ

(એજન્સી) તા.૩૧

લઘુમતી બાબતોના મંત્રીએ જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના ૧૦૫મા સ્થાપના દિવસ પર પોતાના સંબોધનમાં કહ્યું કે ભારતના વિકાસ માટે હિન્દુ-મુસ્લિમ સંવાદિતા મહત્વપૂર્ણ છે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ઉર્દૂને ‘‘વિશ્વની સૌથી સુંદર ભાષા’’ ગણાવી હતી. જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના ૧૦૫મા સ્થાપના દિવસ પર બોલતા, મંત્રીએ કહ્યું કે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે સંવાદિતા ભારતની પ્રગતિ અને એકતા માટે મહત્વપૂર્ણ છે. મને ઉર્દૂ બહુ આવડતું નથી, પણ હું કહી શકું છું કે ઉર્દૂ દુનિયાની સૌથી સુંદર ભાષા છે. મંત્રીએ યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં વગાડવામાં



આવતા ગીતોની પ્રશંસા કરતા કહ્યું કે ખ્રિસ્તી, મુસ્લિમ, પારસી, જૈન, શીખ અને બૌદ્ધ સહિત છ લઘુમતીઓમાં મુસ્લિમો સૌથી મોટી લઘુમતી છે. હિન્દુ-મુસ્લિમ સંવાદિતા વિના દેશનો વિકાસ થઈ શકતો નથી. છ માન્યતા પ્રાપ્ત લઘુમતીઓમાંથી, મુસ્લિમો લગભગ ૮૦% છે. આ મોટા સમુદાયો - હિન્દુઓ અને મુસ્લિમોની જવાબદારી છે કે તેઓ સંવાદિતા સુનિશ્ચિત કરે. જો તેઓ શાંતિથી રહે છે, તો અન્ય તમામ નાના સમુદાયો પણ દેશના વિકાસમાં ફાળો આપતા રહેશે. જામિયા મિલ્લિયા ઈસ્લામિયા એ શ્રેષ્ઠ પ્રતીક છે જ્યાંથી આવો સંદેશ જઈ શકે છે. મંત્રીએ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના અમલીકરણની પણ પ્રશંસા કરી અને યુનિવર્સિટીના રાષ્ટ્રીય રેન્કિંગ અને શૈક્ષણિક રેકોર્ડની પણ પ્રશંસા કરી હતી. સાંસદો વિવિધ પ્રદેશો અને વિવિધ વિચારધારાઓમાંથી આવે છે. તેમના માટે પોતાના મંતવ્યો વ્યક્ત કરવા સ્વાભાવિક છે. વિપક્ષનો હેતુ આ જ છે. તેથી, વધુ પડતી ચિંતા કરવાની જરૂર નથી. મંત્રીએ ભારતની બંધારણીય શક્તિ અને વિવિધતા પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે, બંધારણને કારણે, આપણે સુરક્ષિત રહીશું, કારણ કે તે સમસ્યાના દરેક પાસાને આવરી લે છે અને તેનું સમાધાન પૂરું પાડે છે.

# મધ્યપ્રદેશ : સત્તા માટે સાંપ્રદાયિકતાને હથિયાર બનાવવામાં આવે છે અને વાણિજ્ય અને વેપાર માત્ર દેખાવ માટે છે

(એજન્સી) તા.૩૧

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ આ વર્ષે જુલાઈમાં સંયુક્ત આરબ અમીરાતના શહેર દુબઈ ગયા હતા. ત્રણ દિવસ સુધી, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના હિન્દુ રાષ્ટ્રવાદી નેતાએ વ્યાપાર કેન્દ્રોનો પ્રવાસ કર્યો, મુસ્લિમ ઉદ્યોગપતિઓ સાથે હાથ મિલાવ્યા, ગલ્ફ ઈસ્લામિક ઈન્વેસ્ટમેન્ટના અધિકારીઓને મળ્યા અને ભારતીય ડાયસ્પોરાને આકર્ષ્યા હતા. તેમણે સલામતી, સમાવેશીતા અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ મધ્યપ્રદેશનું વચન આપ્યું અને રૂા.૧,૦૦૦ કરોડથી વધુના રોકાણ પ્રસ્તાવ મેળવ્યા હતા. પરંતુ ૩૦ દિવસ પછી મધ્યપ્રદેશની આર્થિક રાજધાની ઈન્દોરમાં, દેખાવનો આ માસ્ક સરકી ગયો. શહેરના ઐતિહાસિક કપડા બજારના હૃદયમાં, ઈન્દોર ભાજપના ઉપપ્રમુખ, જે શહેરના એક વર્તમાન ભાજપ ધારાસભ્યના પુત્ર પણ છે, તેમના દ્વારા ‘લવ જેહાદ’ની આડમાં મુસ્લિમોનો બહિષ્કાર કરવાની ઝુંબેશ ચલાવવામાં આવી. એક મહિનાની અંદર, ૧૫૦થી વધુ મુસ્લિમ વેપારીઓ અને સેલ્સમેનને બહાર કાઢવામાં આવ્યા. મુસ્લિમો સાથે વ્યાપારિક ભાગીદારી ધરાવતા હિન્દુ વેપારીઓને પણ ધમકાવવામાં આવ્યા છે.



મુખ્યમંત્રી અને તેમનું વહીવટીતંત્ર, જે દુબઈમાં મુસ્લિમ રોકાણકારો માટે રક્ષણ અને સમૃદ્ધિની વાતો કરતું હતું અને લગભગ દરેક રેલીમાં ‘‘સબકા સાથ, સબકા વિકાસ’’ના નારા પર વિશ્વાસ રાખતું હતું, તે અનેક ફરિયાદો છતાં રાજ્યમાં મૌન રહે છે, જે દર્શાવે છે કે તેમના વહીવટ હેઠળ ઈસ્લામોફોબિયા કેટલો વ્યાપક અને અનિયંત્રિત રીતે વધ્યો છે અને રંગભેદ જેવા સ્તરે પહોંચી ગયો છે. ૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદ પછી, રાજ્યમાં ધાર્મિક ધ્રુવીકરણ તરફ ધીમે ધીમે પરિવર્તન જોવા મળ્યું છે જેના કારણે ૨૦૦૩માં ભાજપ સત્તામાં આવ્યો. ત્યારથી, વૈચારિક પરિવર્તન સંસ્થાકીય બન્યું છે. ક્રમિક સરકારો હેઠળ, ‘સુરક્ષા’ અથવા ‘નૈતિકતા’ના આડમાં અનેક કાયદા પસાર કરવામાં આવ્યા હતા - જેમાં ધર્માંતરણ વિરોધી કાયદો, ગાય હત્યા વિરોધી કાયદા, પથ્થરમારો વિરોધી કાયદા અને અન્ય - આ બધા સાંપ્રદાયિક પૂર્વગ્રહને દર્શાવે છે. પસંદગીયુક્ત ધ્વંસ, પક્ષપાતી પોલીસિંગ અને સતર્ક ન્યાય બહુમતી મતને એકીકૃત કરવાના સાધનો બની ગયા છે. આજના મધ્યપ્રદેશમાં, સાંપ્રદાયિક ધ્રુવીકરણ રાજકારણમાં સાંપ્રદાયિક ઘટનાઓનું કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. ઈન્દોરની ઘટના કોઈ વિસંગતતા નહોતી; કથિત ગાયની તસ્કરી પર લિંચિંગથી લઈને મુસ્લિમ વ્યવસાયોના બહિષ્કાર માટે ખુલ્લા આહ્‌વાન, નફરત, ‘પાકિસ્તાન ઝિંદાબાદ’ જેવા નારા લગાવવા પર મનસ્વી ધરપકડો સામાન્ય થઈ ગઈ છે. ઈન્દોરમાં જાહેરમાં હુમલો કરાયેલા અને બાદમાં ખોટા લવ-જેહાદના આરોપોમાં ૧૦૭ દિવસની જેલની સજા પામેલા તસ્લીમ અલીનો કિસ્સો તે પૈકી એક છે. રાજ્યમાં મુસ્લિમોના આર્થિક બહિષ્કારના ચાલી રહેલા અભિયાન અને મોહન યાદવ વહીવટના રંગભેદને સમર્થનનો પર્દાફાશ કર્યો છે. રાજ્ય તેમની નિષ્ફળતા, ભ્રષ્ટાચાર, અરાજકતા છુપાવવા અને નિષ્ફળ શાસનને ઢાંકવા માટે શ્રદ્ધાનો ઉપયોગ કરીને નફરત ફેલાવી રહ્યું છે. સાંપ્રદાયિકતાના પડદા રાજ્ય બે દાયકાની ઊંડી આર્થિક તકલીફ અને વહીવટી નિષ્ફળતા છુપાવી રહ્યું છે. મોહન યાદવના ૨૧ મહિનાના કાર્યકાળ (ડિસેમ્બર ૨૦૨૩થી ઓગસ્ટ ૨૦૨૫) દરમિયાન, રાજ્યએ રૂા.૧,૪૦,૪૫૨ કરોડ ઉધાર લીધા છે - સરેરાશ રૂા.૨૨૩ કરોડ પ્રતિ દિવસ - જેના કારણે કુલ દેવું રૂા.૪ લાખ કરોડથી વધુ થઈ ગયું છે. છતાં, રોકાણ આકર્ષવા અને રોજગારીનું સર્જન કરવા માટે નીતિઓ બનાવવાને બદલે, વહીવટીતંત્ર સાંપ્રદાયિક તણાવ વધારવામાં સંતુષ્ટ લાગે છે. વધતા જતાં દેવા છતાં, ભાજપ સરકાર, જાહેર ભંડોળ મંદિરો, ધાર્મિક પર્યટન, પૂજારીઓ અને ગાયોમાં રોકાણ કરી રહી છે, વિકાસ સૂચકાંકોમાં પાછળ રહી છે - આરોગ્ય, શિક્ષણ, માળખાગત સુવિધાઓ, રોજગાર અને ઔદ્યોગિક વિકાસ નબળી રહી છે. પરંતુ ભ્રષ્ટાચાર ફેલાઈ રહ્યો છે.

વધતા જતાં દેવા અને ઓછા વિકાસને ધ્યાનમાં રાખીને, સાંપ્રદાયિક તણાવ સંપૂર્ણ વિક્ષેપ બની જાય છે. જમણેરી જૂથો, સરકાર અને પોલીસ બંનેના સમર્થન સાથે, હિન્દુ અને મુસ્લિમ તહેવારોની આસપાસ ધાર્મિક વિભાજન ભડકાવે છે. છેલ્લા બે દાયકાથી, મધ્યપ્રદેશ ગર્વથી પોતાને ‘‘પ્રગતિશીલ’’ રાજ્ય કહે છે. પરંતુ વાસ્તવિક પ્રગતિ મંદિર ઉદઘાટન અથવા રોકાણકાર સમિટમાં માપી શકાતી નથી. તે શાળાઓ, હોસ્પિટલો, કારખાનાઓ, ન્યાયી શાસન અને નાગરિકોને ન્યાય સાથે જોવું જોઈએ.

મુસ્લિમ દુકાનદારોને બંધ કરીને ભાગી જવાની ફરજ પાડવામાં આવે છે, જ્યારે તેમના મુખ્યમંત્રી વિદેશમાં લઘુમતી-મૈત્રીપૂર્ણ નીતિઓની વાત કરે છે, ત્યારે તેમનો દંભ ઓળખવો મુશ્કેલ નથી. જ્યારે ધાર્મિક ઓળખ વ્યવસાયની કાયદેસરતા નક્કી કરે છે ત્યારે વિદેશી રોકાણકારો પણ આવા વિરોધાભાસની નોંધ લે છે. મધ્યપ્રદેશ સરકાર આ વાત જાણે છે પણ તે તેને અવગણવાનું પસંદ કરે છે.

# નવસારીમાં ટાટા તળાવનો રસ્તો બંને બાજુ બંધ; શહેરીજનોમાં રોષ



(સંવાદદાતા દ્વારા)

નવસારી, તા.૩૧

શહેરના હ્રદયસ્થલે આવેલું ટાટા તળાવ, જે માત્ર સૌંદર્યસ્થળ જ નહીં પરંતુ રોજ હજારો લોકો માટે અવરજવરનો માર્ગ તરીકે પણ ઉપયોગમાં લેવાય છે, તે તળાવની બાજુમાં આવેલો મુખ્ય રસ્તો બંને બાજુથી અચાનક બંધ કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયથી શહેરજનોમાં ભારે અસંતોષ અને પ્રશ્નાર્થ ઊભો થયો છે કે "આ રસ્તો આખરે કોના આદેશથી બંધ થયો ?"મળતી માહિતી મુજબ, એક બાજુ નવસારી મહાનગરપાલિકા દ્વારા પોતાના બેરિકેટ લગાવીને રસ્તો બંધ કરવામાં આવ્યો છે, જ્યારે બીજી બાજુ ટાટા તળાવની બાજુમાં ચાલવા માટે બનાવાયેલ ફૂટપાથ પર લગાવેલી રેલીંગ તોડી અને ગોઠવી દેવામાં આવી છે. આ કાર્યવાહી બાદ હાલ આ રસ્તા પરથી કોઈપણ પ્રકારની અવરજવર શક્ય નથી. નાગરિકોએ જણાવ્યું કે કોઈ જાહેર નોટિસ કે ચેતવણી વિના રસ્તો બંધ કરવો, શહેરજનો સાથે ન્યાયી વ્યવહાર નથી. મહાનગરપાલિકા તરફથી આ અંગે કોઈ સ્પષ્ટ નિવેદન બહાર પડ્યું નથી, જેના કારણે તળાવ વિસ્તારની આસપાસ અફવાઓ અને ચર્ચાઓનું માહોલ સર્જાયો છે. સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે મહાનગરપાલિકા તરત જ સ્પષ્ટતા આપે કે આ રસ્તો કયા હેતુસર અને ક્યા અધિકારીના આદેશથી બંધ કરાયો છે, તેમજ સામાન્ય નાગરિકોને અવરજવર માટે તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડે.

# નવસારી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે 'રન ફોર યુનિટી' યોજાઈ



(સંવાદદાતા દ્વારા)

નવસારી, તા.૩૧

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આજે નવસારી ખાતે ભવ્ય 'રન ફોર યુનિટી'નું આયોજન કરાયું હતું. જેમાં વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, બાળકો મળી અંદાજિત ૬૩૦ જેટલા નાગરિકો સહભાગી થયાં હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દેશની એકતા-અખંડિતતાના ઘડવૈયા લોહપુરૂષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે જિલ્લા વહીવટી તંત્ર તથા નવસારી મહાનગરપાલિકા દ્વારા "રન ફોર યુનિટી"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનને ધારાસભ્ય , કલેકટર, મ્યુનિસિપલ કમિશનર, એસ.પી. દ્વારા ગ્રીન ફ્લેગ ઓફ કરી નવસારી સર્કિટ હાઉસથી મેરેથોન શરૂ કરી, ઈટાળવા ત્રણ રસ્તા સુધીની હતી...'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પના સાકાર કરતી આ ગૌરવમય ઉજવણી કાર્યક્રમ એકતા શપથ સાથે શરૂ કરવામાં આવ્યો હતો.

માવઠાના માર બાદ રોગચાળાની દસ્તક

# સુરેન્દ્રનગર જિલ્લામાં ડેન્ગ્યુ, મેલેરિયા, શરદી, ઉધરસ, તાવના કેસોનો રાફડો ફાટ્યો



(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત પાંચ દિવસથી વરસાદી માવઠું વરસી રહ્યું છે ત્યારે વરસાદી માવઠાથી ખેડૂતોને તો નુકસાન છે પરંતુ સાથોસાથ માનવ જીવન ઉપર પણ તેની અસર જોવા મળી રહી છે.

અવિરત વરસતા કમોસમી વરસાદના કારણે રોગચાળો ફાટી નીકળ્યો છે, ડેન્ગ્યુ, મેલેરીયા, શરદી, ઉધરસના કેસોની સંખ્યામાં વધારો થયો છે. સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલની ૨૪ કલાકની ઓપીડી ૫૦૦થી વધુ દર્દીઓની નોંધાઈ ચૂકી છે. ઉપરાંત સુરેન્દ્રનગર શહેરની અલગ અલગ ખાનગી હોસ્પિટલો હોય કે પછી ગ્રામીણ વિસ્તારમાં આવેલા સીએચસી, પીએચસી કેન્દ્ર હોય ત્યાં પણ દર્દીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે.

રોગચાળો ફાટી નીકળ્યા બાદ હવે આરોગ્ય વિભાગની ટીમોને પણ કામે લગાવવામાં આવી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર શહેરી વિસ્તારોમાં કોમન પ્લોટ હોય અથવા તો ખુલ્લા પ્લોટોમાં વરસાદી પાણીનો ભરાવો થઈ રહ્યો છે જેને લઈને મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે. ૮૦ ફૂટનો રોડ દુધરેજ રાજકોટ બાયપાસ રોડ ઉપરની આવેલી સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા છે. જેને લઈને મચ્છરનો ઉપદ્રવ વધતા સ્થાનિક લોકો રોગચાળામાં સપડાયા છે.

લીંબડીમાં પણ ડેન્ગ્યુના કેસોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. જો કે પરંતુ મહાનગરપાલિકાની કામગીરી ચર્ચામાં રહી છે અને ઠેર-ઠેર ગંદકી હોવાના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સર્જાઈ હોવાનું શહેરીજનો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે.

# રાષ્ટ્રીય એકતા દિવસ અંતર્ગત જામનગરમાં યોજાયો "રન ફોર યુનિટી" કાર્યક્રમ

## રાજ્ય કક્ષાના મંત્રી રીવાબા જાડેજા સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી દોડનું પ્રસ્થાન કરાવ્યું



(તસવીર : ઈસ્માઈલ શેખ, જામનગર)

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૩૧

દેશમાં દર વર્ષે તા.૩૧ ઓકટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજ રોજ જામનગર મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શહેરના રણમલ તળાવ ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રાજયકક્ષાના મંત્રી રીવાબા જાડેજા, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા પોલીસવડા ડો.રવિમોહન સૈની, અગ્રણી બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, સાશક પક્ષના નેતા આશિષ જોશી, દંડક કેતન નાખવા સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી વિવિધ પ્રકારના પોસ્ટર અને બેનરો રાખવામાં આવ્યા હતા.

આ દોડ રણમલ તળાવ ગેઈટ નં.૧ના પાર્કિંગથી શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુથી મયુર મેડિકલ થઈ રણજીતનગર પટેલ સમાજ ખાતે પૂર્ણ થઈ હતી. જ્યાં મહાનુભાવો અને પદાધિકારીઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા. બાદમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમના ભાગરૂપે મહાનુભાવો અને પદાધિકારીઓ તથા અધિકારીઓ સફાઈ અભિયાનમાં સહભાગી થયા હતા. આ રેલીમાં નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, જિલ્લા રમત ગમત અધિકારી બી.જે. રાવલીયા, જામનગર જિલ્લા વહીવટી તંત્ર તથા અધિકારીઓ, એનસીસી, હોમગાર્ડ્સ યુનિટ, વિદ્યાર્થીઓ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર સહભાગી થયા હતા.

# પાસોદરા : ઘર નજીક જ આધેડનો કારમાં ઝેર પી આપઘાતથી ચકચાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

પાસોદરામાં ઈવેન્ટ મેનેજમેન્ટના કામ સાથે સંકળાયેલા આધેડે કારમાં ઝેર પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ વડોદરાના વતની અને હાલ પાસોદરા ગઢપુર રોડ પર આવેલ આતુલ્ય રેસીડેન્સીમાં રહેતા ૫૪ વર્ષીય જગદીશભાઈ બાબુભાઈ પટેલ ઈવેન્ટ મેનેજમેન્ટના કામકાજ સાથે સંકળાયેલ હતા અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. દરમિયાન ગઈ કાલે રાત્રે જગદીશભાઈએ ઘર પાસે પોતાની ફોરવ્હીલ ગાડીમાં ઝેર પી લીધું હતું. ત્યાર બાદમાં પત્નીને ફોન કરીને જણાવ્યું હતું કે તેઓ ઝેરી દવા પી ગયા છે. આ સાંભળતાજ પત્ની ચોકી ગઈ હતી અને તાત્કાલિક તેમની પાસે દોડી ગયા હતા અને તાત્કાલિક તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.જ્યાં ટૂંકી સારવાર દરમિયાન જગદીશભાઈનું મોત નિપજયું હતું. જગદીશભાઈના મોત બાદ પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.આ બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ખુરશી પર બેઠેલા એમ્બ્રોઈડરી ખાતેદારનું અચાનક બેભાન થયા બાદ મોત નિપજ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

શહેરના કતારગામ વિસ્તારમાં રહેતા એમ્બ્રોઈડરી કારખાનેદારનું ખાતામાં જ ખુરશી ઉપર બેઠા બેઠા અચાનક બેભાન થઈ જવાને પગલે મોત નીપજ્યું હતું જોકે તેમના મોત પાછળ હાર્ટ અટેક હોવાનું કારણ હાલમાં પરિવારજનો દ્વારા જણાવવામાં આવી રહ્યું હતું.

અમરોલી પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કતારગામ ગજેરા સર્કલ પાસે આવેલ નંદીગ્રામ સોસાયટીમાં રહેતા ૪૭ વર્ષીય પ્રવીણભાઈ પ્રેમજીભાઈ લાઠીયાનું અમરોલી વિસ્તારમાં એમ્બ્રોઈડરીનું ખાતું આવેલું છે દરમિયાન ખુરશી ઉપર બેઠા-બેઠા અચાનક તેઓ બેભાન થઈ ગયા હતા. આ અંગે જ્યારે તેમના પરિવારજનોને જાણ થતા તેઓ તાત્કાલિક ત્યાં દોડી ગયા હતા અને તેમને એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. વધુમાં તેમના સગા અમરીશભાઈએ જણાવ્યું હતું કે પ્રવીણભાઈને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. ગઈકાલે તેઓ ખાતાની ઉપર ટેરેસ પર તેમની ઓફિસમાં એકલા જ ખુરશી ઉપર બેઠા હતા ત્યારે અચાનક તેઓ બેભાન થઈ ગયા હતા.જોકે ત્યારે આ અંગે કોઈને ખબર ન હતી, કેટલાક સમય બાદ મટીરિયલ્સ લેવા આવતો એક વ્યક્તિ તેમનો સિગ્નેચર કરાવવા ગયો હતો ત્યારે તેમને ખુરશી ઉપર બેભાન જોઈને તેણે તેમના કારીગરોને જાણ કરી હતી ત્યારબાદ આ સમગ્ર ઘટના અંગે ખબર પડી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ જાણવા મળી શકે છે.આ અંગે હાલમાં અમરોલી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# ભાવનગરમાં સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી અંતર્ગત રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૩૧

ભાવનગરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અખંડ ભારતના શિલ્પી લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત "રન ફોર યુનિટી" કાર્યક્રમ યોજાયો હતો.

આ દોડને કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા, મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા અને જિલ્લા કલેકટર ડૉ. મનીષકુમાર બંસલે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ સમગ્ર રૂટ પર દોડમાં જોડાઈને દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો. દોડના પ્રારંભે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. રન ફોર યુનિટી કાર્યક્રમનો રૂટ રૂપાણી સર્કલથી ઘોઘા સર્કલ- મહિલા કોલેજ સર્કલ-ક્રેસન્ટ સર્કલ-મેઘાણી સર્કલ- ઘોઘા સર્કલ થઈને રૂપાણી સર્કલ સુધી દોડ યોજાઇ હતી. જેમાં રૂપાણી સર્કલે દોડની પૂર્ણાહુતિ થઈ હતી.

રન ફોર યુનિટીમાં શહેરના એન.સી.સી. કેડેટ્સ, પોલીસ સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, રમતવીરો, વિદ્યાર્થીઓ, ફાયર વિભાગના કર્મચારીઓ તથા સૌ નગરજનો જોડાયા હતા. આ તકે મ્યુનિસિપલ કમિશનર ડૉ.એન. કે. મીના, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર ધવલ પંડ્યા સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ તેમજ કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલીતાણાના મોટી રાજસ્થળી ગામેથી SOGએ ગાંજા સાથે બેને ઝડપ્યા



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

પાલીતાણા, તા.૩૧

પોલીસ દ્વારા નશીલા પદાર્થોના વેપલા સામેની ઝુંબેશને વધુ સફળતા મળી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની ટીમે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને મોટી રાજસ્થળી ગામમાંથી બે શખ્સોને માદક પદાર્થ ગાંજાના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યા છે SOGના અધિકારીઓએ ગુપ્ત રાહે માહિતી મેળવ્યા બાદ મોટી રાજસ્થળી ગામમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જયસુખ ઉર્ફે કોકાભાઈ વાઘેલા અને મહેશભાઈ સાદૂળભાઈ ખેરાળા નામના બે આરોપીઓને ઝડપી લીધા અને રૂા.૬૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ પાસેથી પોલીસે ગાંજાનો મોટો જથ્થો કબજે કર્યો હતો. જેમાં સૂકો ગાંજો : ૯૫૦ ગ્રામ લીલા ગાંજાના છોડ : ૫ નંગ પોલીસના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલા ગાંજા અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂા.૬૪૪૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઝડપાયેલા બંને આરોપીઓ સામે (NDPS) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

'તારીખ પે તારીખ'ના ફિલ્મી ડાયલોગને યાદ કરાવતો કેસ !

# અડાજણમાં પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવાના કેસનો ૨૫ વર્ષે ચુકાદો પોલીસ તમામ સાક્ષીઓ કોર્ટમાં ન લાવી શકતા આરોપીને લાભ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

અડજણમાં સુરત મહાનગર પાલિકાની પાણીની લાઈનમાંથી ગેરકાયદેસર જોડાણ લઈ પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવાના કેસનો ૨૫ વર્ષે ચુકાદો આવ્યો હતો. 'તારીખ પે તારીખ'ના ફિલ્મી ડાયલોગને યાદ કરાવતા આ કેસમાં એક આરોપી તથા તપાસ કરનાર અમલદારનું કેસ પુરો થાય તે પહેલા જ અવસાન થયું હતું.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૦૧માં અડાજણ જળ વિતરણ મથક નજીક આવેલા ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટમાં ૧ ઈંચનું બોરિંગ ગેરકાયદેસર કરી એસએમસીની લાઈનમાંથી પાણીનું જોડાણ લેવામાં આવ્યું હતું. જેથી આ અંગે એસએમસીના આસિસ્ટન્ટ ઈજનેરની ફરિયાદના આધારે રાંદેર પોલીસે પ્રિવેનશન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જેમાં પોલીસે પરેશ પટેલ અને હિતેશ કાકડિયાની ધરપકડ કરી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કર્યું હતું. આ કેસમાં એક આરોપીનું અવસાન થયું હતું જયારે બીજા આરોપી તરફે એડવોકેટે બચાવ રજૂ કર્યો હતો. આ કેસ ૨૪ વર્ષથી વધુ ચાલ્યો હતો પરંતુ પોલીસ કેસના તમામ સાક્ષીઓને કોર્ટમાં લાવવામાં નિષ્ફળ રહી હતી. જેનો લાભ આરોપીને મળ્યો હતો.

એડવોકેટ દલીલ કરી હતી કે, આ કેસમાં માત્ર ફરિયાદી અને એક પોલીસ સાક્ષીની જ જુબાની થઈ છે. જયારે બાકીના સાક્ષીઓ મળી આવ્યા નથી. તપાસ કરનાર અમલદારનું પણ અવસાન થઈ ગયું છે અને તેમની જુબાની લેવામાં આવી નથી. જેથી કેસ પુરવાર થતો નથી. જે દલીલ માન્ય રાખી કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો.

# વેરાવળ ફેરપ્રાઈઝ શોપ એસો. દ્વારા પડતર માગણીઓ અંગે આવેદન



(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૩૧

રાજ્યમાં વ્યાજબી ભાવના દુકાનદારોની પડતર માગણીઓ સંદર્ભે તાલુકાથી લઈને રાજ્યકક્ષા સુધી સરકારને અનેકવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ નિરાકરણ આવ્યુ નથી. જેને લઈ વેરાવળ શહેર અને તાલુકા ફેર પ્રાઈઝ ઓફ શોપ એસો.એ ૨૦ પડતર માંગણીઓને લઈ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ છે. જેમાં વ્યાજબી ભાવના દુકાનદારો નવેમ્બર'૨૫ના મહિનાના જથ્થાનું ચલણ નહીં ભરવામાં આવે અને તા.૧ નવેમ્બરથી વિતરણથી અળગા રહેવાની ચીમકી ઉચ્ચારી છે. વેરાવળ ફેર પ્રાઈઝ ઓફ શોપ એસો.પ્રમુખ સુભાષભાઈ વૈયાટા, જીલ્લા પ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા સહિત શહેર અને તાલુકામાં સરકારી રાશનનું વિતરણ કરતા ૮૦ દુકાનદારોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વ્યાજબી ભાવની દુકાનોના કમિશન દરમાં વધારો કરવા, ઈ પ્રોફાઈલમાં તકેદારી સહાયકનો ઉમેરો કરવા, સિંગલ ફિંગર પ્રિન્ટ દ્વારા બે બીલ બને, સમિતિના સભ્યોના ૮૦ % બાયોમેટ્રીક વેરીફીકેશનનો પરિપત્ર રદ કરવા, સમયસર કમિશનની ચુકવણી કરવા અને ટેકનીકલ તથા વહિવટી સહિતના ૨૦ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા માંગ કરી છે.

# અડાજણની રેસ્ટોરન્ટ્સમાં નોકરે જ રૂા.૪.૮૦ લાખનો કર્યો હાથફેરો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૧

શહેરના રાંદેર વિસ્તારમાં અડાજણ પાટીયા પાસે આવેલ રીવાસા મલ્ટીક્યુઝીગ રેસ્ટોરન્ટ્સમાં કામ કરતા કર્મચારીએ રેસ્ટોરન્ટ્સની બારી તોડી રાત્રિના સમયે અંદર પ્રવેશ કર્યો હતો અને ટેબલના ડ્રોવરમાં મુકેલા રોકડા રૂપિયા ૪.૮૦ લાખ ચોરી લઈ પલાયન થઈ ગયો હતો. જેથી આખરે ભોગ બનનાર રેસ્ટોરન્ટ્સના માલિકે આ મામલે રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નોકર સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, ન્યુ રાંદેર રોડ ઉપર આવેલ જૈનમ પાર્ક સોસાયટીમાં રહેતા મોહમ્મદ ઈસ્માઈલ મોહમ્મદ યુસુફ ઝરીવાલા રામદેવ અડાજણ પાટીયા પાસે રીવાસા મલ્ટીક્યુઝીગ રેસ્ટોરન્ટ્સ ચલાવે છે. તેમની રેસ્ટોરન્ટ્સમાં નાની દમણના દોરી કાઢૈયા ખાતે રહેતો દેવા ચીતા પાસવાન નોકરી કરતો હતો. ગત તારીખ ૨૭/૧૦/૨૦૨૫ના રોજ રાત્રે ૧૨ વાગ્યાથી તારીખ ૨૮/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાના અરસામાં રીવાસા મલ્ટીક્યુઝીગ રેસ્ટોરન્ટ્સ બંધ હતી ત્યારે દેવા પાસવાને રેસ્ટોરન્ટ્સની બારીમાંથી અંદર પ્રવેશ કર્યો હતો અને કાઉન્ટરના ટેબલનું ડ્રોવર કોઈ સાધન કે પેચ્યા વડે તોડી નાખી ડ્રોવરમાં મુકેલા રોકડા રૂપિયા ૪.૮૦ લાખ ચોરી કરી લીધા હતા અને ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે મોહમ્મદ ઈસ્લાઈલ જરીવાલાએ રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દેવા પાસવાન સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંડેસરા જીઆઈડીસીમાં ડાઈંગ મિલમાં આગ, કારીગરો બહાર નીકળી જતાં જાનહાનિ ટળી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

પાંડેસરા ખાતે આવેલ જીઆઈડીસી વિસ્તારમાં વધુ એક વખત મિલમાં આગ લાગવાની ઘટનાને પગલે આસપાસનાં વિસ્તારમાં નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાને પગલે મીલમાં કામ કરી રહેલા કર્મચારીઓનો જીવ પણ તાળવે ચોંટ્યો હતો. બીજી તરફ આગને પગલે મીલમાં કામ કરી રહેલા શ્રમજીવીઓ પણ ત્વરિત મિલની બહાર દોડી ગયા હતા. જેને પગલે તંત્રે પણ રાહતનો શ્વાસ લીધો છે.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાંડેસરા જીઆઇડીસી ખાતે ઓરિએન્ટ ડાઈંગ મિલ આવેલી છે. ગઈકાલે રાત્રે રાબેતા મુજબ કારીગરો પોતાના કામમાં વ્યસ્ત હતા. દરમિયાન મશીન વિભાગમાં સેન્ટર મશીનમાં આગ લાગી ગઈ હતી. ઘટના અંગે ફાયર કંટ્રોલમાં જાણ કરવામાં આવી હતી બીજી તરફ આગને પગલે ત્યાં હાજર કારીગરોમાં ભાગદોડ મચી જવા પામી હતી. બીજી તરફ મિલમાં આગ લાગી હોવાની ઘટનાની ગંભીરતા સમજીને શહેરના ભેસ્તાન ડીડોલી અને ઉધના ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગ પર કાબુ મેળવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. વધુમાં સબ ફાયર ઓફિસર રોહિત ખાલાસીએ જણાવ્યું હતું કે, વધારે હિટિંગ થવાને કારણે સેન્ટર મશીનમાં આગ લાગી હતી. આ ઘટના બની ત્યારે અંદર ૨૫થી ૩૦ જેટલા કારીગરો હાજર હતા જો કે તેઓ ત્યાંથી સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. ફાયર જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને પોણા કલાકની જહેમત બાદ આગને કંટ્રોલમાં કરી લેવામાં આવી હતી. આગ સમયસર કંટ્રોલમાં આવી જતાં મોટું નુકસાન થતાં બચી ગયું છે.

## સોમનાથમાં કાર્તિક પૂર્ણિમા મેળો ૨૭મી નવેમ્બરથી યોજાશે

પ્રભાસપાટણ, તા.૩૧

શ્રદ્ધા અને લોકસંસ્કૃતિના ધામ એવા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પ્રતિવર્ષ યોજાતો પરંપરાગત કાર્તિક પૂર્ણિમા લોકમેળો-૨૦૨૫ કે જે આગામી તા.૧થી ૫ નવેમ્બર ૨૦૨૫ સુધી નિર્ધારિત કરવામાં આવ્યો હતો, આ મેળાને પ્રવર્તમાન અસામાન્ય હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, સોમનાથ ટ્રસ્ટ દ્વારા તા.૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજવાનો મહત્વપૂર્ણ અને જનહિતકારી નિર્ણય લેવામાં આવ્યો છે.


**નામ બદલેલ છે**

જૂનું નામ
શેખ સબ્બીર મોહમદહનીફ
નવું નામ
શેખ શબ્બીર મોહમદહનીફ
સરનામું : ચાબક સવાર મહોલ્લા, મોટી છીપવાડ, મીલેરિયા ઓફિસ પાસે, પાણીગેટ, વડોદરા

**નામ બદલેલ છે**

મારું નામ રાજેભાઈ મોહમદમદની હાજી નઝિરઅહેમદથી બદલી રાજેભાઈ મોહમ્મદમદની નઝિરઅહમદ રાખેલ છે.
હાજી સ્ટ્રીટ, મોટી વહોરવાડ, મુ.તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડોદરા પોલીસ વિભાગ દ્વારા રન ફોર યુનિટી યોજાઈ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે ૩૧ ઓકટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે વડોદરા શહેર પોલીસ વિભાગ દ્વારા દ્વારા રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા રન ફોર યુનિટીની દોડને લીલી ઝંડી આપવા સાથે દોડને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ દોડમાં વડોદરા શહેર પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કર્મચારીઓ અને વડોદરા શહેરની અન્ય સંસ્થાઓ અને નાના બાળકો સહિતના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ દોડ વડોદરા શહેર પોલીસ ભવન ખાતેથી શરૂ કરવામાં આવી હતી અને કાલાઘોડાથી જેલ રોડ થઈ પોલીસ ભવન ખાતે પરત આવતા સંપન્ન થઈ હતી.

### સામરખા એક્સપ્રેસ ગરનાળા નજીક

# ત્રણ લક્ઝરી બસ, આઈસર અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બેને ગંભીર ઈજા

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩૧



વડોદરા - અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર આણંદ તાલુકાના સામરખા એક્સપ્રેસ ગરનાળા નજીક ગુરૂવાર મોડી સાંજના સુમારે ત્રણ લક્ઝરી બસ, એક આઈસર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર આવેલ આણંદ તાલુકાના સામરખા એક્સપ્રેસ ગરનાળાં નજીક ગુરૂવારે મોડી સાંજના સમયે ત્રણ લક્ઝરી બસ હાઈવેની સાઈડમાં સર્વિસ રોડ પર ઉભી હતી. આ સમયે પાછળથી આવતા કાર લક્ઝરી બસની પાછળ અથડાઈ હતી ત્યારે આયસર ચાલક કારને બચાવવા જતા લક્ઝરી બસની પાછળ ધડાકાભેર અથડાતા આગળ ઉભેલી લક્ઝરી બસો પણ એક બીજા પાછળ ધડાકાભેર અથડાતાં આયસર અને કારનો લોચો વળી ગયો હતો. જ્યારે પાંચેય વાહનોને નુકસાન થયું હતું. આ અકસ્માતમાં આયસર ગાડીની કેબીનનો ભૂક્કો થઈ જતાં આઈસરચાલક અને ક્લિનર અંદર ફસાઈ જવા પામ્યાં હતાં, ઘટનાની જાણ થતા આણંદ ફાયર બ્રિગેડના લાસ્કરો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને કેબીનમાં ફસાયેલા ડ્રાયવર કંડક્ટરને બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા, ઘટનાની જાણ થતા આણંદ ગ્રામ્ય પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને અકસ્માતના કારણે થયેલા ટ્રાફિકજામને ખુલ્લો કરાવ્યો હતો. આ બનાવ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કલ્લા ખાતે વકફ સંસ્થાઓની નોંધણી માટે તા.૫મીએ તાલીમ કાર્યક્રમ યોજાશે

(સંવાદદાતા દ્વારા)
કરજણ, તા.૩૧

ગુજરાત રાજયમાં આવેલી તમામ વકફની મિલ્કતો મસ્જિદ, મદ્રસા, કબ્રસ્તાન, ઈદગાહ, દરગાહ, સ્કૂલ, હોસ્પિટલ કે અન્ય કોઈ પણ વકફની સંસ્થાઓ જે વકફ બોર્ડમાં નોંધાયેલી છે, એ તમામ સંસ્થાઓ અને તેમાં નોંધાયેલી અને નામે ચાલતી મિલકતોને ભારત સરકાર દ્વારા હાલમાં "ઉમ્મીદ" કાયદા અનુસાર ઉમ્મીદ પોર્ટલ ઉપર ફરજિયાત ઓનલાઈન નોંધણી કરાવવાની કામગીરીનો પ્રારંભ થયો છે, આ ઓનલાઈન નોંધણી માટેની જાણકારી અને તેમાં અપલોડ કરવામાં આવતા દસ્તાવેજોમાં પડતી મુશ્કેલીઓ બાબતે માર્ગદર્શન આપવા માટે તથા તે અંગેની કામગીરી અને તાલીમ આપવાનો કાર્યક્રમ ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ અને ફૈઝ યંગ સર્કલનાં ઉપક્રમે આગામી ૫ નવેમ્બર ૨૦૨૫ને બુધવારનાં રોજ બપોરે ત્રણ કલાકે કલ્લા ખાતે ફૈઝ કેમ્પસમાં યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય વકફ બોર્ડના સભ્ય રણજીતસિંહ રાઠોડ અને તોફીકભાઈ વ્હોરા ઉપસ્થિત રહેનાર છે, જેથી મસ્જિદ, મદ્રસા, કબ્રસ્તાન, ઈદગાહ, દરગાહ, સ્કૂલ, હોસ્પિટલનાં મુતવલ્લીઓ, પદાધિકારીઓ, ટ્રસ્ટીઓએ ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે. સુફીએ મિલ્લત સૈયદી સરકાર મુશ્તાકઅલી બાવાસાહેબની સરપરસ્તીમાં યોજનાર આ કાર્યક્રમમાં ખલીફએ સુફીએ મિલ્લત સૈયદ વાહીદઅલી બાવાસાહેબ પણ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મુતવલ્લીઓ અને ટ્રસ્ટીઓએ બસીર પટેલ : ઈમરાન નડિયાદી, લિયાકત ચૌહાણનો સંપર્ક સાધી અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરાયો છે.

# ચીખોદરામાંથી બે ટ્રેક્ટરોની ચોરી કરનાર અઠંગ વાહનચોર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩૧

આણંદ લોકલ ક્રાઈમની ટીમે ઉમરેઠ નજીકથી ચોરીના ટ્રેક્ટર સાથે ધુણાદરાના વાહનચોરને ઝડપી પાડીને ચીખોદરામાંથી થયેલ બે ટ્રેક્ટરોની ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. ઠાસરા તાલુકાના ધુણાદરા ગામમાં રહેતો હર્ષદ ઉર્ફે ગેંડો ફુલાભાઈ પરમાર ચોરીનું ભૂરા રંગનું નંબર પ્લેટ વગરનુ સ્વરાજ ટ્રેક્ટર વેચાણ કરવા માટે ઉમરેઠ બસ સ્ટેશન તરફથી ડાકોર તરફ જનાર હોવાની ચોક્કસ માહિતી આણંદ એલ.સી.બીની ટીમને મળી હતી. જેને લઈને એલ.સી.બી.ની ટીમે ઉમરેઠ-ડાકોર રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન માહિતી મુજબના વર્ણનવાળું ટ્રેક્ટર આવી ચઢતાં પોલીસે તેને રોક્યું હતું અને ચાલકનું નામ ઠામ પૂછતાં તેણે પોતાનું નામ હર્ષદ ફુલાભાઈ પરમાર હોવાનું જણાવ્યું હતું. જે બાદ પોલીસે હર્ષદ પરમાર પાસે ટ્રેક્ટરના ડોક્યુમેન્ટ માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. જેથી પોલીસે ટ્રેક્ટરના ચેચીસ એન્જિન નંબરના આધારે ઈ-ગુજકોપ એપ્લીકેશન મારફતે તપાસ કરતાં ટ્રેક્ટર ગત જુલાઈ મહિનામાં ચોરાયું હોવાની ફરિયાદ આણંદ રૂરલ પોલીસમથકે નોંધાઈ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે હર્ષદ પરમારની પૂછપરછ કરતાં તેણે જુલાઈ મહિનામાં ચીખોદરા ગામેથી બે ટ્રેક્ટરની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેના આધારે પોલીસે આ બંને ટ્રેક્ટરો કિંમત રૂપિયા ૩,૫૦ લાખના જપ્ત કરી પકડાયેલ આરોપી હર્ષદ ફુલાભાઈ પરમારને વધુ તપાસ અર્થે આણંદ રૂરલ પોલીસમથકે સોપવામાં આવ્યો છે.

# ટ્રાફિકનું ભારણ ઘટાડવા વડોદરાના બાવન જંકશનો પર "નો પાર્કિંગ ઝોન"ના બોર્ડ લગાવાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વધતા ટ્રાફિકના દબાણને ઘટાડવા અને અકસ્માતો અટકાવવા માટે શહેરના મુખ્ય જંકશનો ઉપર "નો પાર્કિંગ ઝોન"ના બોર્ડ લગાવવાની કામગીરી હાથ ધરાઈ છે. શરૂઆતના તબક્કામાં ૩૬ મીટર અને ૪૦ મીટર રિંગ રોડ ઉપર આવેલા કુલ ૩૧ જંકશનો પર "નો પાર્કિંગ ઝોન"ના બોર્ડ લગાવવામાં આવ્યા છે. પાલિકા દ્વારા મળેલી માહિતી મુજબ, શહેરના કુલ ૫૨ જંકશનોને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. દરેક જંકશનના આજુબાજુ ૩૦ મીટર અંતરે વાહનો પાર્ક ન થાય તે માટે "નો પાર્કિંગ"ના નિર્દેશબોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. આ પગલાનો હેતુ માર્ગો પર થતી અવરજવર વધુ સરળ બનાવવાનો છે. પાલિકાના વિભાગના જણાવ્યા મુજબ, અયોગ્ય રીતે પાર્ક થયેલા વાહનોને કારણે જંક્શન પર ટ્રાફિક જામ અને અકસ્માતના બનાવોમાં વધારો થતો હતો. હવે "નો પાર્કિંગ ઝોન" અમલમાં આવતા આ સમસ્યાઓમાં રાહત મળશે એવી અપેક્ષા છે. આગામી દિવસોમાં શહેરના અન્ય મુખ્ય જંકશનો પર પણ ૩૦ મીટર અંતર સુધી "નો પાર્કિંગ ઝોન"ના બોર્ડ લગાડવાનું કામ પૂર્ણ કરવામાં આવશે. આ સાથે જ પાલિકા દબાણ અને ટ્રાફિક શાખા દ્વારા આવા જંક્શનો પર ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. પાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ જાહેર માર્ગો પર અને ખાસ કરીને જંકશન નજીક વાહનો પાર્ક ન કરે જેથી ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે અને અકસ્માતના બનાવો અટકાવી શકાય.

## વડોદરામાં પોલીસ સ્ટેશનના પાર્કિંગમાંથી જ પીધેલો યુવક પકડાયો

વડોદરા, તા.૩૧

વડોદરામાં દારૂનો નશો કરતા નશાબાજો સામે પોલીસ કાર્યવાહી કરતી હોય છે. આજે બપોરે એક પીધેલો પોલીસ સ્ટેશનના પાર્કિંગમાંથી જ પકડાઈ ગયો હતો. જેપી રોડ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ સૌરભભાઈએ ફરિયાદમાં કહ્યું છે કે, આજે બપોરે અમે ફરજ પર હતા તે દરમિયાન પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં એક શખ્સ આતા ફેરા મારતો હતો અને લથડીયા ખાઈને બકવાસ કરતો હતો. જેથી આ શખ્સની તપાસ કરતા તેનું નામ નિખિલ દેવીસિંગ રાજપૂત નંદીગ્રામ સોસાયટી વડસર રોડ જીઆઈડીસી હોવાનું જણાવ્યું હતું. આ વ્યક્તિએ દારૂનો નશો કર્યો હોવાથી દારૂબંધીના ગુનાના ભંગ બદલ તેની ધરપકડ કરવામાં આવી હતી.

# અંકલેશ્વર પાલિકા ખાતે સરદાર જયંતી નિમિત્તે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



અંકલેશ્વર નગરપાલિકા અને શહેર ભાજપ દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે નગરપાલિકા સભાખંડ ખાતે સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે તેઓના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ લલીતાબેન રાજપુરોહિત, જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ જગદીશ શાહ શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા સહિત પાલિકાના સભ્યો અને શહેર ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# અંકલેશ્વર : વોર્ડ-૮માં ડ્રેનેજની સમસ્યાનો ઉકેલ લાવતા વિરોધ પક્ષના નેતા

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૩૧



અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નંબર આઠની અંદરમાં કેટલાક સમયથી ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા હતી. તે સમસ્યાનો નિકાલ કરવા માટે અંકલેશ્વર નગરપાલિકામાં છેલ્લા કેટલા સમયથી રજૂઆતો કરતા હતા. નગરપાલિકા અને ગુજરાત સરકારે એક યોજના બનાવી હતી કે જ્યાં ડ્રેનેજ ભયંકર ઊભરાતી હોય ત્યાં મશીનો મોકલી અને ગટર લાઈનો સાફ કરવામાં આવે એવી રીતે વોર્ડ નંબર આઠ આ સમસ્યાઓ દૂર કરવા માટે રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી અભિયાન કામ ચાલ્યું જેની અંદર અંકલેશ્વર નગરપાલિકાના કર્મચારીઓ તેમજ અંકલેશ્વર નગરપાલિકા વોર્ડ નંબર ૮ના જાગૃત સભ્ય જહાંગીર પઠાણ પોતે ઊભા રહી આ કાર્યને સવાર ૯ વાગ્યાથી રાત્રે ૯:૩૦ કલાક સુધી ડ્રેનેજ સાફ સફાઈ અભિયાન ચલાવી આખા વિસ્તારમાં ઊભરાતી ગટરોનો કાયમી સુખદ નિકાલ કર્યું છે. જેથી હવે આવનારા દિવસોમાં લોકો પણ સાવચેતીના પગલાં રૂપે પ્લાસ્ટિક ગંધવાળો ગટરમાં બાળકોની ડાયપર ન નાખવા જાહેર અપીલ કરી છે.

# ધોળકા ટાઉન પોલીસના જવાનો "રન ફોર યુનિટી"માં જોડાયા




ધોળકા, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ધોળકા ટાઉન પોલીસ દ્વારા "રન ફોર યુનિટી"નું આયોજન કરવામાં આવ્યું હતું. ધોળકા ખાતે કલિકુંડ સર્કલથી સરસ્વતી સ્કૂલ સુધી "રન ફોર યુનિટી"માં ધોળકા નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ મકવાણા તથા ધોળકા ટાઉન પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ, પોલીસ કોન્સ્ટેબલો અને હોમગાર્ડ ગ્રામ રક્ષક દળના જવાનો ઉત્સાહભેર જોડાયા હતા.

# માંગરોળમાં સોની વેપારીની નજર ચૂકવી ગઠિયો છ જોડી સોનાની બુટ્ટી સેરવી ગયો

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૩૧

માંગરોળમાં સોની વેપારીને ત્યાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠીયાએ નજર ચૂકવી રૂા.૧.૯૭ લાખની સોનાની ૬ બુટ્ટી ચોરી કરી ગયાની ફરિયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે શ્યામ પરેશભાઈ રાજપરાએ અજાણ્યા ૩૦થી ૪૦ વર્ષના પુરૂષ વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીની એસપી જવેલર્સ નામની દુકાને આરોપીએ સોનાની બુટ્ટી લટકણ (સોયદોરા) વેચાતી લેવાના બહાને આવી ફરિયાદી સાથે સોનાની બુટ્ટી બાબતે વાતચીત કરી ફરિયાદીની નજર ચૂકવી સોનાની બુટ્ટી છ જોડી કિ.રૂા. ૧,૯૭,૬૪૦ની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં મકાનનું ભાડું માંગતા પતિ અને સાસરિયાઓનો પત્ની અને બાળક પર હુમલો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૩૧

વડોદરાના ગોત્રી વિસ્તારમાં પતિ અને સાસરીયાએ પત્ની અને બાળક ઉપર હુમલો કરતા પોલીસે ત્રણ જણા સામે ગુનો દાખલ કર્યો છે. મહિલાએ પોલીસને કહ્યું છે કે, છેલ્લા પાંચ મહિનાથી મારા પતિ મારી સાથે રહેતા નથી અને તેમની માતાને બહેન સાથે રહે છે. હું જ્યાં રહું છું તે મકાનનું ભાડું નહીં ચૂકવતા મકાન માલિકે તાળું મારી દીધું છે. જેથી હું બાળકને લઈને ગોત્રી ખાતે મારી સાસરીમાં ગઈ હતી. આ વખતે મારા પતિ રવિ પરમારે કહ્યું હતું કે, તું અહીં એમ આવી છે. તારે અહીં આવવું નહીં. જેથી મેં કહ્યું હતું કે, તમે ભાડાના પૈસા આપતા નથી એટલે અહીં રહેવા આવી છું. જેથી ઉશ્કેરાઈ ગયેલા પતિએ મારૂં માથું દીવાલ સાથે પછાડી ધક્કો માર્યો હતો. નણંદે પણ મને ગરદનની નીચેના ભાગે પ્લાસ્ટિકની પાઈપ મારી હતી અને મારા બાળકને ઊંચકીને અથાડ્યો હતો. મારા ભાઈઓ અને પોલીસ આવી જતા અમારો બચાવ થયો હતો. પોલીસે પતિ, નણંદ અને સાસુ સામે દાખલ કર્યો છે.

# વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે સરદાર સ્મૃતિ યાત્રા યોજાઈ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩૧



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

સરદાર પટેલ યુનિવર્સિટી અને જિલ્લા વહીવટી તંત્ર, આણંદ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સરદાર સ્મૃતિ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ યુનિવર્સિટીના પટ્ટાગણમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને સરદાર સ્મૃતિ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભાઈકાકા સ્ટેચ્યુએ શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. સરદાર સ્મૃતિ યાત્રાના પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી પ્રાસગિક ઉદ્‌બોધન કર્યું હતું. જ્યારે રાજ્ય નાણામંત્રી કમલેશભાઈ પટેલે પણ સરદાર પટેલની જન્મજયંતિના અવસરે "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના નારાને બુલંદ કરવા નગરજનોને અપીલ કરી હતી. આ વેળાએ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો.નિરંજનભાઇ પટેલે પણ સરદાર સ્મૃતિ યાત્રામાં સહભાગી થવા બદલ નગરજનો આભાર વ્યક્ત કરીને કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમજાવ્યો હતો. સરદાર પટેલ યુનિવર્સિટીના પટ્ટાગણમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને સરદાર સ્મૃતિ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા શહીદ ચોક, બેંક ઓફ બરોડા થઈ ભાઈકાકા સ્ટેચ્યુને મહાનુભાવોએ શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવી હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો સહિત એન સી સી, પોલીસ જવાનો તથા આરોગ્ય કર્મીઓ, કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સરદાર સ્મૃતિ યાત્રા બાદ તમામ મહાનુભાવો કરમસદ ખાતેના સરદાર પટેલના નિવાસસ્થાને પહોંચીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આણંદની પી.એમ પટેલ કોલેજ ખાતે સરદાર પટેલ ની ૧૫૦મી જન્મજયંતિના અવસરે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી સહિતના મહાનુભાવો સહભાગી બન્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી, કરમસદ આણંદ નગરપાલિકાના મ્યુ. કમિરશનર મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, સ.પ.યુનિવર્સિટીના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતોને થયેલ નુકસાનીનો રિપોર્ટ સત્વરે તૈયાર કરવા રાજ્યમંત્રીનું સૂચન

## ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનની સમીક્ષા કરવા મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી પરષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૩૧



ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલાં નુકસાનની સમીક્ષા કરવા માટે ભાવનગર સર્કિટ હાઉસ ખાતે મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી પરષોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમંત્રીએ વિવિધ વિભાગો પાસેથી જિલ્લામાં કમોસમી વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો અહેવાલ મેળવ્યો હતો. આ બેઠકમાં રાજ્ય મંત્રી પરષોત્તમભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલાં નુકસાનનો સર્વે તાત્કાલિક હાથ ધરી તેનો અહેવાલ સરકારને સત્વરે સોંપવામાં આવે. કુદરતી આફતને લઈને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ચિંતિત છે, સમગ્ર પરિસ્થિતિ પર તેઓ નજર રાખી રહ્યાં છે. કોઈ પણ ખેડૂતનું ખેતર સર્વે વગર બાકી ન રહે તે જોવા મંત્રીએ ખાસ તાકીદ કરી હતી. આ તકે નિવાસી અધિક કલેક્ટર એન.ડી. ગોવાણીએ ભાવનગર જિલ્લામાં ખેતી પાક લેવાના સમયે થયેલા કમોસમી વરસાદ અંગે વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લાના અગ્રણી દિગ્વિજયસિંહ ગોહિલ, રાજુભાઈ ફાળકીએ પ્રવર્તમાન સ્થિતિ અંગે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નગર પાલિકાના પ્રાદેશિક કમિશનર ધવલ પંડ્યા, જિલ્લા અગ્રણી દિવ્યેશભાઈ સોલંકી સહિત પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાતમાં ઉર્સ મેળામાં જમ્પિંગમાં બેસાડવાની લાલચ આપી સગીરાની સાથે છેડછાડ કરનારને જેલમાં ધકેલાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૩૧

આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં ચારેક દિવસ પહેલાં ભરાયેલા ઉર્સ મેળામાં જમ્પિંગમાં બેસાડવાની લાલચ આપી સગીરાને એકાંત જગ્યાએ લઈ જઈ શારીરિક છેડછાડ કરનાર બોરસદના કઠાણા ગામના આરોપી યુવકને ખંભાત શહેર પોલીસે ઝડપી પાડીને તેની વિરૂદ્ધ પોકસો કલમ હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના રિમાન્ડ ના મંજૂર કરતાં ખંભાત સબ જેલમાં ધકેલી દીધો છે. મળતી વિગતો અનુસાર ખંભાત શહેરમાં ચારેક દિવસ પહેલાં ઉર્સનો મેળો ભરાયો હતો. આજુબાજુના વિસ્તારના મોટી સંખ્યામાં લોકો પોતાના બાળકો સાથે મેળો માણવા માટે આવ્યાં હતાં. આ મેળામાં બોરસદ તાલુકાના કઠાણા ગામમાં રહેતો ઘનશ્યામ રાવજીભાઈ ચાવડા ઉંમર વર્ષ ૩૩ એ બાળકો માટે જમ્પિંગનો સ્ટોલ નાખ્યો હતો. તે દરમિયાન ઘનશ્યામ ચાવડા પાસે એક ૧૬ વર્ષની સગીરા આવીને જમ્પિંગમાં બેસવાનું જણાવ્યું હતું. ઘનશ્યામ ચાવડાએ સગીરાને જોઈને નજર બગાડી જમ્પિંગમાં મફત બેસાડવાની લાલચ આપી સગીરાને એકાંત જગ્યાએ લઈ તેણીની શારીરિક છેડછાડ કરતાં ડરી ગયેલી સગીરાએ બૂમાબૂમ કરતાં ઘનશ્યામ ચાવડા ત્યાંથી નાસી ગયો હતો. બીજી બાજુ સગીરાએ આ બાબતની જાણ પોતાના પરિવારજનોને કરતાં તેઓએ ખંભાત શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે શારીરીક છેડછાડ કરનાર યુવક ઘનશ્યામ ચાવડા વિરુદ્ધ પોકસો તેમજ અન્ય કલમો હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેનાં રિમાન્ડ ના મંજૂર કરી જેલમાં ધકેલી દેવાનો હુકમ કર્યો હતો. જેને લઈને ખંભાત શહેર પોલીસે આરોપી ઘનશ્યામ ચાવડાને ખંભાત સબ જેલમાં મોકલી દીધો છે.

# આત્મહત્યાનો પ્રયાસ કરનાર માલગઢના પૂર્વ સરપંચનું સારવાર દરમિયાન મોત

## સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરી ગંભીર આરોપો લગાવ્યા બાદ પૂર્વ સરપંચે પોતાને ગોળી મારી હતી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩૧

ડીસા તાલુકાના માલગઢ ગામના પૂર્વ સરપંચ કુંદનલાલ કચ્છવા દ્વારા ગુરૂવારે બપોરે ગોળી મારીને આત્મહત્યાનો ગંભીર પ્રયાસ કરવામાં આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. ગોળી વાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કુંદનલાલને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત નાજુક બનતા તેમને વધુ સારવાર માટે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જોકે, શુક્રવારે સાંજે સારવાર દરમિયાન તેમનું દુ:ખદ અવસાન થયું હતું, જેના પગલે માલગઢ ગામ અને ડીસા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટના ગુરૂવારે બપોરે માલગઢ નજીક આવેલા એક કોલ્ડ સ્ટોરેજ ખાતે બની હતી. પૂર્વ સરપંચ કુંદનલાલ કચ્છવાએ પોતાની પાસેની બંદૂક વડે જાતે ગોળી મારીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ગોળી વાગતા જ તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આત્મહત્યાનો પ્રયાસ કરતા પહેલા કુંદનલાલ કચ્છવાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે કેટલાક વ્યક્તિઓ દ્વારા કથિત રીતે તેમને 'ત્રાસ' આપવામાં આવતો હોવાના ગંભીર આરોપો લગાવ્યા હતા. આ ત્રાસના કારણે જ તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું વીડિયોમાં જણાવ્યું હતું. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ડીસા પોલીસ તુરંત સક્રિય થઈ હતી અને તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આત્મહત્યાના પ્રયાસ પાછળના ચોક્કસ કારણો, પૂર્વ સરપંચે વીડિયોમાં લગાવેલા 'ત્રાસ'ના આરોપોની સત્યતા અને તેમાં સંડોવાયેલા કથિત વ્યક્તિઓ અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. અને આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તેમજ પૂર્વ સરપંચે શા માટે આત્મઘાતી પગલું ભર્યું? તેની તમામ દિશાઓમાં તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક રાજકારણ સાથે સંકળાયેલા એક અગ્રણી વ્યક્તિએ આવું આત્યંતિક પગલું ભરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

**નામ બદલેલ છે**

જૂનું નામ
**શેખ સબ્બીર મોહમદહનીફ**
નવું નામ
**શેખ શબ્બીર મોહમદહનીફ**
સરનામું : ચાબક સવાર મહોલ્લા, મોટી છીપવાડ, મીલેરિયા ઓફિસ પાસે, પાણીગેટ, વડોદરા

**નામ બદલેલ છે**

મારું નામ **રાજેભાઈ મોહમદમદની હાજી નઝિરઅહેમદ**થી બદલી **રાજેભાઈ મોહમ્મદમદની નઝિરઅહમદ** રાખેલ છે.
હાજી સ્ટ્રીટ, મોટી વહોરવાડ, મુ.તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા

### ૧થી ૧૩ નવેમ્બર સુધી આંદોલન કરશે

# ખેડૂતોની સમસ્યાને ઉજાગર કરવા ગુજરાતમાં કોંગ્રેસની ખેડૂત આક્રોશ યાત્રા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ખેડૂતોની સમસ્યાને ઉજાગર કરવા માટે કોંગ્રેસ ખેડૂત આક્રોશ યાત્રા યોજશે. આગામી ૧થી ૧૩ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં દેખાવો યોજાશે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કોંગ્રેસ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનગર ચોક મોટેરા સ્ટેડિયમ સુધી પદયાત્રા યોજી કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા. ભાજપ સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન ખતમ કરવાનો પ્રયાસ કરી રહી હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો હતો. તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના દિવસે મોટેરા વિસ્તારમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલવા માટેની માગ ઉઠી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલી સરદાર પટેલ સ્ટેડિયમ કરવા માટે કોંગ્રેસ દ્વારા સંકલ્પ લેવામાં આવ્યો છે. ૨૦૨૮માં નરેન્દ્ર મોદીની સ્ટેડિયમનું નામ બદલી સરદાર પટેલ સ્ટેડિયમ નામ કરવા માટે કોંગ્રેસના નેતાઓએ સંકલ્પ લીધો છે.

ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાન અને તેમની વિવિધ માંગણીઓના સમર્થનમાં કોંગ્રેસે રાજ્યભરમાં મોટા કાર્યક્રમોની જાહેરાત કરી છે. કોંગ્રેસ દ્વારા ૧ નવેમ્બરથી ૫ નવેમ્બર સુધી રાજ્યના તમામ તાલુકા મથકે ધરણાં કાર્યક્રમો યોજવામાં આવશે, જેમાં મામલતદાર કચેરી



## ભાજપ સરકારે હંમેશા ખેડૂતો પ્રત્યે દુર્લભ વ્યવહાર રાખ્યો : અમિત ચાવડા

સુધી પદયાત્રા કરીને ખેડૂતોની માંગણીઓ સાથેનું આવેદનપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત, ૬ નવેમ્બરના રોજ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીનો ઘેરાવ કરીને આવેદનપત્ર આપવામાં આવશે. આ સિવાય, ૬ નવેમ્બરથી ૧૩ નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાં 'ખેડૂત આક્રોશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાની શરૂઆત ૬ નવેમ્બરના રોજ સોમનાથથી થશે, જેમાં કોંગ્રેસના નેતાઓ ખેડૂતો સાથે સંવાદ કરીને તેમની મુશ્કેલીઓ સાંભળશે. ૧૦ જિલ્લાનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ આ યાત્રાનું સમાપન ૧૩ નવેમ્બરના રોજ દ્વારકા ખાતે થશે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખેડૂત પર દુઃખ આવે તો આખા દેશની પ્રગતિ અટકી જાય આજે ગુજરાતમાં ખેડૂતોની જે હાલ જ છે એ ખૂબ દયનીય છે. અમારા પ્રભારી મુકુલ વાસનીક સહિતના નેતાઓ સૌરાષ્ટ્રના પ્રવાસે હતા અને જે રીતે કમોસમી વરસાદ થયો. જેના કારણે ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખૂબ મોટા પ્રમાણમાં ખેડૂતોને નુકસાન થયું, ખેતરનો ઉભો પાક બરબાદ થઈ ગયો અને આ પહેલી વખત નથી થયું. થોડા સમય પહેલા ઉત્તર ગુજરાતમાં પણ અતિવૃષ્ટિ થઈ એ પહેલા પણ કમોસમી વરસાદ, કુદરતી આફતોને કારણે વારંવાર ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થાય છે. જે ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં ત્રણ દાયકાથી શાસન કરે છે એ સરકારે હંમેશા ખેડૂતો પ્રત્યે દુર્લભ વ્યવહાર રાખ્યો છે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા કોઈ સક્રિય યોજનાઓ લાવવાની વાત હોય કે એને મદદ કરવાની હોય હંમેશા પાછીપાની કરી છે. ભાજપની નીતિ હંમેશા ખેડૂત વિરોધી રહી છે. બીજેપીની બી ટીમની પણ તે પ્રકારની જ નીતિ રહી છે. જેના કારણે ખેડૂત અને ખેતી બંને બરબાદ થઈ ગયા છે. ગુજરાતમાં વરસાદના કારણે ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે. આજે લોહીના આંસુએ રડે છે અને જો એમાં મદદ નહીં મળે તો આત્મહત્યા કરવી પડે એવા દિવસો ઊભા થઈ શકે છે. ગુજરાત સરકાર તાત્કાલિક પાક વીમા યોજના ચાલુ કરે એ પણ માગણી કરીએ છે. ગુજરાતમાં ખાતર બિયારણની જે કાળા બજારી થાય છે જે તંગી ઊભી થાય છે એનું પણ તાત્કાલિક નિવારણ થવું જોઈએ.

આગામી આંદોલનને લઈને અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે તકલીફ છે અને આક્રોશ પણ છે. સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાઓમાં ખેડૂતોને ભારે નુકસાન થયું છે. જેથી સરકાર તાત્કાલિક મદદ કરે અને સરકાર જો મદદ કરવા માટે સામેથી તૈયાર નહીં થાય તો એની સામે રસ્તા પર ઉતરીને આંદોલન કરીશું. જેમાં સૌરાષ્ટ્રના બધા જ જિલ્લાઓને સાંકળી લેતી ખેડૂત આક્રોશ યાત્રાની શરૂઆત કોંગ્રેસ પાર્ટી દ્વારા ૬ નવેમ્બરે સોમનાથથી શરૂ કરવામાં આવશે. સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાં ગામે ગામ જનજાગૃતિ સાથે ખેડૂતોના પ્રશ્નો સાંભળીશું. ખેડૂતો સાથે સંવાદ કરીશું એના પ્રશ્નોને તકલીફોને વાચા આપીશું અને ગામે ગામ ફરી ખેડૂતોના પ્રશ્નો દૂર થાય તે માટે સરકાર પાસે માંગણી કરીશું. આ ખેડૂત આક્રોશ યાત્રા ૧૩મીએ તારીખે દ્વારકા ખાતેનું સમાપન કરવામાં આવશે. કોંગ્રેસ લડત લડીને પણ ખેડૂતોને એનો હક અને અધિકાર અપાવશે એટલા માટે સૌ લોકોએ ખેડૂતના તકલીફના સમયમાં મદદરૂપ થાય એવી અપીલ પણ કરૂં છું અને કોંગ્રેસ પાર્ટી ખેડૂતો માટે હંમેશા લડી છે અને આવનારા દિવસોમાં પણ લડીશું.

### લાકડાંના અભાવ અને ભીના લાકડાંને કારણે

# ઓઢવ સ્મશાનગૃહમાં અંતિમવિધિ કરવા માટે પરિવારને ટાયર અને ગોદડાનો સહારો લેવો પડ્યો

### સ્માર્ટ સિટીમાં જીવનના અંતિમ પડાવ પર પણ નાગરિકોને યોગ્ય સુવિધાઓ ન મળવી એ અત્યંત શરમજનક બાબત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલા સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર માટે પહોંચેલા એક પરિવારે મૃતદેહને અગ્નિદાહ આપવા માટે લાકડાંના અભાવ અને ભીના લાકડાંને કારણે ટાયર અને ગોદડાનો સહારો લેવાની શરમજનક ઘટના સામે આવી છે. આ ગંભીર બેદરકારીને કારણે લોકોમાં ઓઢવ સ્મશાનના કોન્ટ્રાક્ટર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સામે ભારે રોષ ફેલાયો છે. મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે, જ્યારે તેઓ અંતિમ સંસ્કાર માટે સ્મશાનગૃહ પહોંચ્યા, ત્યારે ત્યાં લાકડાંનો મોટો અભાવ હતો અને જે લાકડાં ઉપલબ્ધ હતાં



તે પણ વરસાદી માહોલને કારણે ભીનાં હોવાથી સળગ્યાં નહોતાં. પરિસ્થિતિ એવી બની કે, સ્વજનોએ પોતાના પરિવારના મૃતકને અગ્નિદાહ આપવા માટે ટાયર અને ગોદડાનો સહારો લેવો પડ્યો હતો. આ ઉપરાંત અંતિમ સંસ્કાર માટે પોતાના ખર્ચ કરીને ઘી અને તલ સ્વ ખર્ચે લાવવા પડ્યા હતા.

અમદાવાદમાં કરોડો રૂપિયાના ખર્ચે સ્માર્ટ સિટીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, ત્યારે જીવનના અંતિમ પડાવ પર પણ નાગરિકોને યોગ્ય સુવિધાઓ ન મળવી એ અત્યંત શરમજનક બાબત છે. આ ઘટનાને લઈને નાગરિકોમાં છસ્ત્રના વહીવટ સામે ભારે ગુસ્સો ફેલાયો છે. લોકોની માંગ છે કે, તાત્કાલિક આ મામલાની તપાસ કરીને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ઓઢવ સ્મશાનગૃહમાં બનેલી આ ગંભીર ઘટનાની નોંધ લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા તપાસના આદેશો આપવામાં આવ્યા છે. AMCએ તાત્કાલિક અસરથી કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાના આદેશો આપ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## ભાજપ શાસિત AMCમાં મોતનો મલાજો પણ ન જળવાયો : વિપક્ષના નેતા

અમદાવાદ,તા.૩૧

સ્મશાન ગૃહમાં લાકડા ખૂટી પડયાની ઘટના અંગે રોષ વ્યક્ત કરતા એએમસીના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું કે અમદાવાદ શહેરમાં આવેલ ઓઢવ સ્મશાન ગૃહમાં મોતનો મલાજો ન જળવાયો. આ ઘટના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીને કારણે બની છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ૧૫૦૦૦ કરોડો રૂપિયાનું બજેટ હોવા છતાં આ પ્રકારની સ્થિતિ ઉભી થતા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. એએમસી તંત્ર અને શાસકો માટે ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવી વાત છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્મશાનગૃહમાં પણ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે જે આ ઘટનાથી સાબિત થાય છે. માનવતાને લાંછન લાગે તેવી દુઃખદ ઘટનાને કારણે હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માનવતા મરી ગઈ છે તેવું આ ઘટનાથી સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે. અંતિમવિધિ માટે આવેલા સ્વજનોએ પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે રોષ ઠાલવ્યો છે તેમજ સ્વજનોને ચાર કલાક જેટલો સમય અંતિમવિધિ માટે થયો છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.ના સીસીઆરએસમાં ફરિયાદ નોંધાઈ છે. સ્મશાન ગૃહમાં અંતિમવિધિમાં વપરાતા લાકડાઓમાં પણ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર સામે આવ્યો છે જે ખુબ જ શરમજનક બાબત છે. અગાઉ પણ સ્મશાનોમાં ઓછા લાકડા આપી ગેરરીતિ થયેલ છે. સત્તાધારી પક્ષ દ્વારા માનીતા કાર્યકરોની સંસ્થાઓને સાચવવામાં આવતી હોવાના આરોપ ભૂતકાળમાં ઉઠયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરને સદર બાબતે તપાસ કરીને યોગ્ય પગલાં ભરવા તેમજ જવાબદાર સામે સખ્ત કાર્યવાહી કરવાની માંગ સાથે કોંગ્રેસ પાર્ટી દ્વારા તા.૧/૧૧/૨૦૨૫ શનિવારના રોજ બપોરે ૩ વાગ્યે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ દાણાપીઠ ખાતે વિરોધ પ્રદર્શન કરી અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરને અથવા મેયરને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરવામાં આવશે.

# APCR દ્વારા મતદાર અધિકાર અને લોકશાહી બચાવવા માટે રાજ્યસ્તરે ઝુંબેશની શરૂઆત

અમદાવાદ, તા.૩૧

APCR (Association for Protection of Civil Rights) દ્વારા અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન ખાતે "મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)" વિષયક ચર્ચા ગોષ્ઠી યોજાઈ હતી.

આ ચર્ચા ગોષ્ઠી ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં કોઈ પણ નાગરિકને ખોટી રીતે મતાધિકારથી વંચિત ન રાખવામાં આવે તે હેતુ માટે રાખવામાં આવી હતી.



APCR ગુજરાતના પ્રમુખ એડવોકેટ શમશાદ પઠાણએ જણાવ્યું કે, "ચૂંટણી પંચે ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ જે ગાઈડલાઈન બહાર પાડી છે, તે ઝડપથી અમલમાં મૂકવામા આવી રહી છે, પણ તેમાં અનેક જોખમો છે. ગુજરાત જેવા રાજ્યમાં ૨૦૦૨ના રમખાણો પછી લાખો લોકો વિસ્થાપિત થયા હતા. આવા લોકોના નામો ફરીથી મતદાર યાદીમાંથી દૂર થવાની શક્યતા છે. ફોરેન એક્ટ હેઠળ ખસેડાયેલા આદિવાસી, નદીના સૌંદર્યકરણના નામે વિસ્થાપિત માછીમારો, અને શહેરના ગરીબ મજૂર વર્ગ માટે આ એક કઠિન પરીક્ષા છે. આ મુદ્દો માત્ર એક સમાજનો નથી પરંતુ સમગ્ર ન્યાયપ્રેમી નાગરિકોનો છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, APCR આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં "APR-અવેરનેસ એન્ડ પીપલ્સ રજિસ્ટ્રેશન ઝુંબેશ" શરૂ કરશે, જેથી કોઈ પણ મતદારનું નામ ખોટી રીતે યાદીમાંથી દૂર ન થાય. સાથે જ ૧૨ રાજ્યો માટે સેન્ટર હેલ્પલાઈન શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન વિવિધ વક્તાઓએ પણ ભાગ લીધો હતો. સામાજિક કાર્યકર સ્વાતી ગોસ્વામીએ જણાવ્યું કે, "આ સરકારની જવાબદારી હતી કે તે મતદારોની સંખ્યા વધારે, પણ હવે એ જવાબદારી લોકોએ પોતે જ ઉપાડવી પડે છે. ઉત્તરાખંડમાં આવી જ પ્રક્રિયામાં ૧૨-૧૩ ટકા નામ દૂર કરવામાં આવ્યા હતા, જેમાં મોટા ભાગે દલિત અને મુસ્લિમ હતા. તેથી મહિલાઓ અને લઘુમતી સમાજે ખાસ સાવચેત રહેવાની જરૂર છે." જમાઅતે ઈસ્લામી હિન્દના વાસીફ હુસૈનએ જણાવ્યું હતું કે, "આ SIR પ્રક્રિયા એ NRCનું નવું સ્વરૂપ છે. રાજકીય પક્ષોની મુખ્ય જવાબદારી છે કે, તે આ પ્રક્રિયામાં સક્રિય ભાગ લે અને દબાયેલા લોકોનો અવાજ બને." ફિલ્મમેકર દક્ષિણ છારાએ કહ્યું કે, "આ મુદ્દો માત્ર અલ્પસંખ્યકો અથવા દલિતોનો નથી. એ લોકોનો પણ પ્રશ્ન છે જેઓ પાસે કાયમી ઘર નથી, વિચરતી કોમ અથવા ભટકતી જિંદગી જીવતા હોય છે. આવા લોકોને મતદાર યાદીમાં સ્થાન મળે એ માટે ખાસ પ્રયત્ન જરૂરી છે." SDPI ગુજરાતના સ્ટેટ પ્રમુખ મુફ્તિ અબ્દુલ્લાહએ જણાવ્યું કે, "ચૂંટણી પંચની ફરજ હતી કે તે લિસ્ટમાંની ભૂલો સુધારે, પરંતુ તે SIRના નામે અસંવેધાનિક પ્રક્રિયા ચલાવી રહ્યો છે. SDPI આનો વિરોધ કરે છે અને આંદોલનમાં પૂરો સહયોગ આપશે." આમ આદમી પાર્ટીના માઈનોરિટી વિંગના સ્ટેટ પ્રમુખ અમજદ ખાન પઠાણએ કહ્યું કે, "આ મુદ્દાને અમે પાર્ટી લેવલ પર પણ ઉઠાવીશું અને ગોમતીપુર સહિત રાજ્યભરમાં કાર્યકરોને લગાડી લોકોને મદદ કરીશું, જેથી કોઈનો મત ખોટી રીતે વેડફાય નહીં." સામાજિક કાર્યકર પ્રસાદ ચાકોએ જણાવ્યું કે, "લોકો સુધી પહોંચી તેમને એન્યુમરેશન ફોર્મ ભરવામાં મદદ કરવી પડશે. ઓનલાઈન ફોર્મ ભરવાથી પુરાવો પણ આપણા પાસે રહેશે. આ માટે સ્વયંસેવકોને તાલીમ આપવી જરૂરી છે." મજૂર આંદોલન સાથે જોડાયેલા ટ્રેડ યુનિયન નેતા અસીમ રોયે કહ્યું કે, "આ માત્ર રાજકીય પક્ષોની નહીં પરંતુ દરેક સામાજિક કાર્યકરની જવાબદારી છે. વધુમાં વધુ BLA તૈયાર કરવા પડશે અને BLO સાથે જોડાવું પડશે. આ પ્રક્રિયાને એક જનવાદી આંદોલનમાં ફેરવવાની જરૂર છે." આ સમગ્ર ગોષ્ઠીનું સફળ સંચાલન એડવોકેટ હુજૈફા ઉજ્જૈની દ્વારા કરવામાં આવ્યું હતું. ચર્ચાના અંતે સૌએ એકમતથી ઠરાવ પસાર કર્યો કે, "મતાધિકાર કોઈની દયા નથી, એ આપણું બંધારણીય અધિકાર છે. અને તેની રક્ષા માટે દરેક નાગરિકે જાગૃત રહેવું જરૂરી છે."

# ડુપ્લિકેટ ચાવીથી ટુ-વ્હીલરોની ચોરી કરનાર આરોપીની ધરપકડ : ૩૨ વાહનો કબજે કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ સહિત વિવિધ શહેરોમાંથી ટુ-વ્હીલરોની ચોરી કરનાર આરોપીની ક્રાઈમ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. પોલીસે કુલ ૩૨ જેટલા વાહનો કબજે કર્યા છે. આરોપી સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી જ ટુ-વ્હીલરની ચોરી કરતો હતો. ડુપ્લિકેટ ચાવીથી વાહનો ખોલી અને ગામડામાં જે લોકોને વાહનોની વધારે જરૂરિયાત હોય તેમને આર.સી.બુક પછી આપી દઈશ એમ કહી ૧૫,૦૦૦ રૂપિયા સુધીમાં વાહનો વેચી દેતો હતો. હાલ પોલીસે આ મામલે જે પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીનો ગુનો નોંધાયો હોય એવા પોલીસ સ્ટેશનમાં આરોપીને સોંપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી ટુ-વ્હીલરની ચોરીના બનાવો બનતા હતા, જેના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા CCTV અને અન્ય ટેક્નિકલ સોર્સની મદદથી



શહેરના હીરાવાડી વિસ્તારમાં રબારીવાસમાં રહેતા અંબાલાલ રાવળ નામના આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી સૌપ્રથમ ચોરીના એક્ટિવા જપ્ત કરી હતી. ત્યારબાદ તપાસ કરતા અલગ-અલગ ૩૧ જેટલા વાહનો તેની પાસેથી કબજે કરી ૧૦થી વધારે વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

ACP ભરત પટેલે જણાવ્યું હતું કે, મૂળ હિંમતનગરના રહેવાસી અંબાલાલ રાવળ વર્ષ ૨૦૧૪થી ચોરી કરતા હતા. ત્યારબાદ ત્રણથી ચાર વખત ચોરીના કેસમાં ઝડપાયા હતા. વર્ષ ૨૦૨૩માં ચોરીના ગુનામાં જેલમાં ગયા બાદ છુટ્યા હતા. ત્યારબાદ તેમણે નક્કી કર્યું હતું કે, ચોરી કરવાનું તેઓ બંધ કરી દેશે અને પોતે હિંમતનગર પાસે ખેતી કરવાની શરૂઆત કરી હતી.

વાહન ચોરી કરવાની પ્રવૃત્તિ તેમણે છોડી દીધી હતી અને ખેત મજૂરી કરતા હતા પરંતુ, ત્યારબાદ તેમના એક અન્ય મિત્ર ગુજરી ગયા અને તેમના પુત્રએ તેને જણાવ્યું હતું કે, તમે જે વાહન ચોરી કરો છો તેના રાખવાની અને તેની વેચવાની જવાબદારી સંપૂર્ણપણે પોતે રાખશે. જેથી, તેમણે ફરીથી વાહનો ચોરવાની શરૂઆત કરી દીધી હતી. જે બાદ આરોપી અંબાલાલ દ્વારા અમદાવાદ, દેહગામ, કલોલ અને ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાંથી વાહન ચોરી કરવાની શરૂઆત કરાઈ હતી. activa 5G અને 6G સિવાયના તમામ વાહનો ડુપ્લિકેટ ચાવીથી ખોલી અને ચોરી કરતાં હતા. ખાસ કરીને સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીના સમયગાળામાં જ ચોરીને અંજામ આપતો હતો. આર્થિક સંકળામણના કારણે ચોરી કરતો હોવાનું પણ સામે આવ્યું છે.

### ગુજરાતમાં 'કર્જામુક્તિ અભિયાન' અંતર્ગત ૩૧ ઓકટોબરે મળશે કર્જમુક્તિનું પ્રમાણપત્ર

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં ચાલી રહેલા કર્જામુકિત અભિયાન હેઠળ હજારો લોકોએ પોતાના કર્જમાંથી મુકિત મેળવવા માટે અરજી કરી છે. ૨૦૨૨ના જુલાઈ મહિનાથી શરૂ થયેલું આ અભિયાન હવે રાજયભરમાં વ્યાપક બની ગયું છે અને અત્યાર સુધીમાં ગુજરાતભરમાં આશરે ૧.૫ લાખથી વધુ લોકોએ પોતાના કર્જ માફી માટે અરજી કરી છે. આ અભિયાનના આયોજકો એ આજે અમદાવાદ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે જે લોકોએ કર્જમુકિત માટે ફોર્મ ભર્યા છે, તેમને ૩૧ ઓકટોબર ૨૦૨૫ના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદના રિવરફ્રન્ટ મેદાન ખાતે કર્જમુકિત પ્રમાણપત્ર આપવામાં આવશે. પ્રમાણપત્ર મેળવ્યા પછી અરજદારો તે પુરાવો પોતાની બેન્ક, રિકવરી એજન્ટ, શાહૂકાર અથવા સંબંધિત સંસ્થાને આપી શકશે જેથી તેઓની કર્જમુકિત પ્રક્રિયા વધુ સરળ બને, આ પ્રમાણપત્ર સાથે અરજદારો પોતાના કર્જ સંબંધી દસ્તાવેજોને પણ રજૂ કરી શકશે.

### રૂપગઢ મુકામે અમવાની નવી બ્રાન્ચનું ઉદ્‌ઘાટન



અમદાવાદ, તા.૩૧

તા.૩૦/૧૦/૨૫ના રોજ અમદાવાદ મુસ્લિમ વિમેન એસોસિએશન-અમવાની નવી બ્રાન્ચ, 'અમવા કૌશલ્ય વર્ધન કેન્દ્ર' રૂપગઢ મુકામે શરૂ થઈ જેનું ઉદ્‌ઘાટન ધી મહેર ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓપરેટીવ સો.લિમિટેડના પ્રમુખ મહંમદ શરીફ દેસાઈ (નિવૃત બ્રાન્ચ મેનેજર,S.B.I) દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે એ.એ.ખાન(પૂર્વ પ્રમુખ, સિનિયર સિટીઝન) અને દાઉદભાઈ કોઠારિયા( સેક્રેટરી,અઝીમ ફાઉન્ડેશન) એ પ્રેરક ઉદ્‌ભોધન કર્યા હતા. નિવૃત્ત તલાટી અને સામાજિક કાર્યકર યાકુબભાઈ કોઠારિયાએ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અને લોકભોગ્ય ઉદ્‌ભોધન કર્યું હતું. કાર્યક્રમમાં ગામનાં સરપંચ સહિતના હિંદુ-મુસ્લિમ ઘણાં આગેવાનોએ હાજર રહી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમજ રૂપગઢ ગામમાં અમવાનું કૌશલ્ય વર્ધન કેન્દ્ર શરૂ મહિલાઓ સશક્તિકરણ માટેના પ્રયાસોને વધાવ્યા હતાં. અમવાના પ્રમુખ ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસા દેસાઈએ પોતાનાં ઉદ્‌ભોધનમાં હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોની હાજરી, તેમનાં વચ્ચેની એકતા અને ગામડાનું પ્રાકૃતિક વાતાવરણ જોઈ ખુશી વ્યક્ત કરતાં પોતાનું બાળપણ યાદ કરીને જણાવ્યું હતું કે, મારા એ ગુંજાર ગામમાં હિન્દુ ભાઈઓ મહોરમના તાજિયા ઉઠાવતા અને જન્માષ્ટમીમાં અમારા મુસ્લિમ ઘરોમાં પણ ઠંડુ ખવાતું ! આ એકતાની મહેક આજે હું અહીં માણી રહી છું. રફીકભાઈ મોદને આભારવિધિ કરી હતી. કનુભાઈ પટેલે પોતાનું મકાન સિલાઈ વર્ગ અને અમવાની પ્રવૃત્તિઓ માટે આપ્યું તે બાબત સૌએ બિરદાવીને તેમનું સ્વાગત કર્યું હતું. બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને જવલંત સફળતા અપાવી હતી.

### બિલિયનબ્રેઈન્સ ગેરેજ વેન્ચર્સનો IPO ૪ નવેમ્બરે ખૂલશે

અમદાવાદ,તા.૩૧

બિલિયનબ્રેઈન્સ ગેરેજ વેન્ચર્સ લિમિટેડ મંગળવાર, ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર ખોલશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૯૫થી રૂા.૧૦૦ નક્કી કરવામાં આવી છે. બિડસ લઘુતમ ૧૫૦ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૫૦ ઈક્વિટી શેર્સના ગુણાકમાં કરી શકાય છે. પ્રત્યેક શેર દીઠ રૂા.૨ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના આઈપીઓમાં રૂા.૧૦,૬૦૦ મિલિયન સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યુ અને ૫૫,૭૨,૩૦,૦૫૧ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રહેશે અને બિડ/ઓફર શુક્રવાર, ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે.

# અમદાવાદની ૧૦૧૫ સ્કૂલોની નવા વર્ષની ફી મંજુરી માટે કમિટી સમક્ષ ઓનલાઈન એફિડેવિટ

### નક્કી કરેલા સ્લેબ કરતા ઓછી ફી લેતી સ્કૂલો માટે એફિડેવિટ રજૂ કરવાની મુદત પૂર્ણ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા માટે વર્ષ-૨૦૧૭માં ઘડાયેલા કાયદામાં ફીના સ્લેબ નક્કી કરવામાં આવ્યાં હતા. જેમાં પ્રાથમિક સ્કૂલમાં રૂા.૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂા.૨૫ હજાર અને સાયન્સમાં રૂા.૩૦ હજાર ફી નક્કી કરવામાં આવી હતી. નિયત ફીના સ્લેબ કરતાં વધુ ફી વસુલનારી સ્કૂલોએ FRC સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની હોય છે. આ ઉપરાંત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ફીના સ્લેબ કરતા ઓછી ફી વસુલતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ એફિડેવીટ રજૂ કરવાની હોય છે. રાજ્યમાં દરખાસ્ત કરનારી સ્કૂલોની સંખ્યા કુલ ખાનગી સ્કૂલોની માત્ર ૧૫થી ૨૦ ટકા જ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી મોટાભાગની ખાનગી સ્કૂલોએ નક્કી કરેલા સ્લેબ કરતા ઓછી ફી વસુલતી હોવાથી એફિડેવીટની સંપૂર્ણ કામગીરી ચાલુ વર્ષે ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે સરકાર દ્વારા તૈયાર કરેલા ફી કમિટીના પોર્ટલ પર સ્કૂલોએ ૧ સપ્ટેમ્બરથી ઓનલાઈન એફિડેવીટ અપલોડ કરવાની કામગીરી ચાલુ કરી હતી. સ્કૂલોને એફિડેવીટ સબમીટ કરવા માટે બે માસનો સમય અપાયો હતો, જેમાં ૩૧ ઓક્ટોબર એફિડેવીટ રજૂ કરવાનો છેલ્લો દિવસ હતો. આમ, ફી કમિટીના પોર્ટલ પર ઓનલાઈન એફિડેવીટ રજૂ કરવાનો છેલ્લો દિવસ હોઈ અમદાવાદ શહેરની ૧૦૧૫ જેટલી ખાનગી સ્કૂલોએ એફિડેવીટ રજૂ કરી હોવાની વિગતો સામે આવી છે. જેથી હવે ઓનલાઈન એફિડેવીટની ચકાસણી કર્યા બાદ તેમની ફી મંજુરી અંગેના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવશે. મોટાભાગની સ્કૂલોએ ફી કમિટી સમક્ષ મહત્તમ ૧૦ ટકા સુધીનો જ ફી વધારો માંગ્યો હોવાની વિગતો સામે આવી છે.

# તપાસ અધિકારી આરોપીઓ વતી હાજર રહેલા વકીલોને સમન્સ જારી કરશે નહીં : સુપ્રીમ કોર્ટ

## કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે જો કોઈ વકીલ પુરાવા સાથે ચેડાં કરવા માટે ખોટી સલાહ આપવા માટે વ્યાવસાયિક ફરજોથી ભટકે છે, તો આવી મુક્તિ લાગુ પડશે નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧



સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં કહ્યું કે, તપાસ અધિકારીઓએ કાયદામાં પૂરા પાડવામાં આવેલા ચોક્કસ અપવાદો સિવાય, આરોપીઓનું પ્રતિનિધિત્વ કરતા વકીલોને સમન્સ ન આપવા જોઈએ, અને આવા કોઈપણ સમન્સમાં તે અપવાદોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને એન.વી. અંજારિયાની બનેલી ત્રણ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે વકીલોને સમન્સ જારી કરવાથી આરોપીના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ શકે છે અને વકીલ-ક્લાયન્ટ ગુપ્તતાના કાયદાકીય રક્ષણનું ઉલ્લંઘન થઈ શકે છે. સંબંધિત કેસમાં જારી કરાયેલા સમન્સને રદ કરતી વખતે આ આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે તપાસકર્તાઓ વકીલ પાસેથી ક્લાયન્ટની વિગતો માંગી શકતા નથી સિવાય કે તે ભારતીય સક્ષ્ય અધિનિયમ (BSA)ની કલમ ૧૩૨ હેઠળ સુચિબદ્ધ અપવાદોમાં આવે, જે વકીલ અને ક્લાયન્ટ વચ્ચે ગુપ્ત સંદેશાવ્યવહારનું રક્ષણ કરે છે. ડિજિટલ ઉપકરણોના સંચાલન અંગે, બેન્ચે સ્પષ્ટતા કરી કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૯૪ હેઠળ, આવા ઉપકરણો ફક્ત ન્યાયક્ષેત્રની અદાલત સમક્ષ રજૂ કરી શકાય છે, જે સંબંધિત પક્ષને નોટિસ જારી કરે છે. ઉપકરણ ફક્ત પક્ષ, તેમના વકીલ અને તેમની પસંદગીના ડિજિટલ નિષ્ણાતોની હાજરીમાં જ ખોલી શકાય છે. સુપ્રીમ કોર્ટે સ્વતઃ સંજ્ઞાન (SMC)માં પોતાનો આદેશ આપ્યો હતો જેમાં તપાસ એજન્સીઓ કાનૂની અભિપ્રાય આપતા અથવા તપાસ દરમિયાન ગ્રાહકોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોને બોલાવી શકે છે કે નહીં તે તપાસવામાં આવે છે. મૂળભૂત અધિકારોના અમલીકરણ સાથે સંબંધિત કલમ ૩૨ અને ૨૨૬ અને કલમ ૧૪૨માંથી પ્રાપ્ત SMC શક્તિ, જે સુપ્રીમ કોર્ટને વ્યાપક વિવેકાધીન સત્તાઓ આપે છે, તે કોર્ટને ઔપચારિક અરજી અથવા ફરિયાદ વિના પોતાની જાતે કાર્ય કરવાની મંજૂરી આપે છે. સુપ્રીમ કોર્ટે વકીલોને હાજર થવા માટે તપાસ એજન્સીઓ પર આદેશ પસાર કરવાનો આદેશ આપ્યો સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે અપવાદરૂપ કિસ્સાઓમાં વકીલો પાસેથી માહિતી માંગતી વખતે, તપાસ એજન્સીઓએ ખાતરી કરવી જોઈએ કે તેમના અને ગ્રાહકની ગુપ્તતા સુરક્ષિત રહે અને તેમની પૂછપરછને ફરિયાદી અધિકારી દ્વારા જરૂરી હોય તેટલા સુધી મર્યાદિત રાખવી જોઈએ. ૧૨ ઓગસ્ટના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને અન્ય પક્ષોનું પ્રતિનિધિત્વ કરનારા સોલિસિટર જનરલ તુષાર મહેતાની વિગતવાર સુનાવણી બાદ બેન્ચે આ ચુકાદો અનામત રાખ્યો હતો. ED દ્વારા તપાસ દરમિયાન કાનૂની મંતવ્યો આપવા અથવા ક્લાયન્ટ્સનું પ્રતિનિધિત્વ કરવા બદલ વરિષ્ઠ વકીલો અરવિંદ દાતાર અને પ્રતાપ વેણુગોપાલને સમન્સ મોકલવાની નોંધ લીધા બાદ કોર્ટે ૮ જુલાઈના રોજ સુઓમોટો કાર્યવાહી શરૂ કરી હતી. જોકે, કાનૂની સમુદાય દ્વારા ઘણો હોબાળો થયા પછી, EDએ આ બે વકીલોને સમન્સ પાછા ખેંચી લીધા. કોર્ટે ત્યારે અવલોકન કર્યું હતું કે તે નાગરિકો અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે. સુનાવણી દરમિયાન, મહેતાએ ભાર મૂક્યો હતો કે વકીલો ન્યાય વહીવટનો અભિન્ન ભાગ છે અને તે ભૂમિકાનાં રક્ષણને પાત્ર છે. તેમણે કોર્ટને તપાસની જરૂરિયાતો કાનૂની સુરક્ષા સાથે સંતુલિત કરતી સ્પષ્ટ માર્ગદર્શિકા સ્થાપિત કરવા વિનંતી કરી, ટિપ્પણી કરી કે "વકીલને ફક્ત વ્યાવસાયિક સલાહ આપવા માટે તપાસ એજન્સીઓ દ્વારા ક્યારેય બોલાવવા જોઈએ નહીં." કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે જો કોઈ વકીલ બનાવટી પુરાવા સાથે ચેડા કરવા માટે સલાહ આપવા માટે વ્યાવસાયિક ફરજોથી ભટકે છે, તો આવી મુક્તિ લાગુ પડશે નહીં. બેન્ચે ટિપ્પણી કરી કે, "આપણે વકીલોના બે વર્ગો બનાવી શકતા નથી" અને આ સંદર્ભમાં એક સમાન કાનૂની સિદ્ધાંતોની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA) વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અને પૂર્વ એડિશનલ સોલિસિટર જનરલ (ASG) વિકાસ સિંહ અને સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન (SCAoRA) વતી વકીલ વિપિન નાયર, વકીલોને સમન્સ મોકલવાના EDના પગલાનો વિરોધ કરતા ચેતવણી આપી હતી કે આવી કાર્યવાહી કાનૂની વ્યવસાય પર ખરાબ અસર કરી શકે છે. સિંહે ચેતવણી આપી હતી કે, "જો વકીલોને નિયમિત રીતે સલાહ આપવા માટે બોલાવી શકાય છે, તો કોઈ પણ સંવેદનશીલ ફોજદારી કેસોમાં વકીલ સલાહ આપવાની હિંમત કરશે નહીં." સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે સમન્સનો દુરૂપયોગ અટકાવવા માટે CBI દ્વારા અનુસરવામાં આવતા સલામતીના પગલાં અમલમાં મૂકવા જોઈએ. તેમણે સૂચવ્યું હતું કે કોઈપણ સમન્સ મોકલવાનો આદેશ જિલ્લાના પોલીસ અધિક્ષક પાસેથી આવવો જોઈએ અને જારી કરતા પહેલા ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા તેની તપાસ કરવી જોઈએ. સિંઘ જેવા જ વિચારોનો પડઘો પાડતા, નાયરે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ની કલમ ૫૦ હેઠળ સમન્સ જારી કરવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી, અને ભાર મૂક્યો કે આવી ક્રિયાઓ વકીલ-ક્લાયન્ટ વિશેષાધિકારના પવિત્ર સિદ્ધાંતનું અસ્વીકાર્ય ઉલ્લંઘન છે. નાયરે જણાવ્યું કે, "આ બારની સ્વાયત્તતા, સ્વતંત્રતા અને નિર્ભય કામગીરી માટે ગંભીર ખતરો છે." SCAORAએ કોર્ટને વિનંતી કરી કે આવી ક્રિયાઓની કાયદેસરતાની તપાસ કરે અને વકીલોને ખાતરી આપવામાં આવેલા બંધારણીય અને વ્યાવસાયિક રક્ષણને સુરક્ષિત રાખવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા સ્થાપિત કરે. બીજી બાજુ, મહેતા, કોર્ટના આ કહેવા સાથે સંમત થયા કે વકીલોને ફક્ત કાનૂની સલાહ આપવા માટે જ સમન્સ પાઠવવામાં ન આવે. મહેતાએ નિર્દેશ કર્યો હતો કે, "વકીલ અને ક્લાયન્ટ વચ્ચે વાતચીતના વિશેષાધિકારનો આદર કરવો જોઈએ. વ્યવસાય પોતે જ જોગવાઈ હેઠળ સુરક્ષિત છે." અગાઉ, ૨૧ જુલાઈના રોજ સુઓ મોટો કેસમાં સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કાનૂની મંતવ્યો આપતા અથવા તપાસ દરમિયાન ક્લાયન્ટ્સનું પ્રતિનિધિત્વ કરતા વકીલોને સમન્સ મોકલવાની પ્રથા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને અવલોકન કર્યું હતું કે એજન્સી "બધી મર્યાદાઓ ઓળંગી રહી છે." ત્યારબાદ કોર્ટે કહ્યું હતું કે તે આવા અતિરેકને રોકવા માટે વ્યાપક માર્ગદર્શિકા જારી કરશે. નાયરે અગાઉ CJI ગવઈને "કાનૂની વ્યવસાયની સ્વતંત્રતા અને વકીલ-ક્લાયન્ટ ગુપ્તતાના મૂળભૂત સિદ્ધાંત પર ગંભીર અસરો" ધરાવતા "ખૂબ જ ચિંતાજનક ઘટનાક્રમ" પર પણ પત્ર લખ્યો હતો. દુર્ભાગ્યપૂર્ણ ઘટના પછી, વેણુગોપાલે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, તેમને સમન્સ મોકલવાની EDની કાર્યવાહી સંપૂર્ણપણે ગેરકાયદેસર, ગેરબંધારણીય, ગેરવાજબી હતી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, "આ દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ છે. વકીલોને સમન્સ જારી કરવાની કાર્યવાહી એક ચિંતાજનક પ્રથા છે અને તે ઉપરાંત ભારતીય સક્ષમ અધિનિયમ (BSA) ૨૦૨૩ની કલમ ૧૩૨ની જોગવાઈઓની સંપૂર્ણપણે વિરૂદ્ધ છે, જે વકીલોને તેમના ગ્રાહકોને સલાહ આપવાથી ડરાવવાનો પ્રયાસ કરે છે અને વકીલોને તેમના ગ્રાહકોને સલાહ આપવા બદલ ઓળખ આપે છે જે સુસ્થાપિત સિદ્ધાંતોની વિરૂદ્ધ છે." SCAORAએ જણાવ્યું હતું કે વેણુગોપાલ "કાનૂની સમુદાયના એક વ્યાપકપણે આદરણીય સભ્ય છે," જેમના વ્યાવસાયિક રેકોર્ડ અને પ્રામાણિકતાને કારણે આ વર્ષની શરૂઆતમાં તેમને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. SCAORAએ કહ્યું, "અમારૂં માનવું છે કે ED દ્વારા આ પગલાં, પવિત્ર વકીલ-ક્લાયન્ટ વિશેષાધિકારનું અસ્વીકાર્ય ઉલ્લંઘન સમાન છે," પત્ર આગળ જણાવે છે અને ચેતવણી આપે છે કે આવા બળજબરીભર્યા પગલાં કાનૂની સમુદાય પર ઠંડી અસર કરી શકે છે." સુપ્રીમ કોર્ટને નિર્ણાયક રીતે કાર્યવાહી કરવાની વિનંતી કરતા, એસોસિએશને કોર્ટને કાનૂની વ્યાવસાયિકોને આવા સમન્સની કાયદેસરતા અને યોગ્યતાની તપાસ કરવા વિનંતી કરી. તેમાં જણાવાયું હતું કે, "વકીલોને આપવામાં આવેલા બંધારણીય અને વ્યાવસાયિક રક્ષણોનું રક્ષણ કરો." "વકીલ-ક્લાયન્ટના વિશેષાધિકારના વધુ ધોવાણને રોકવા માટે માર્ગદર્શિકા બનાવો." SCAORAએ વધુમાં અભિપ્રાય આપ્યો હતો કે કાનૂની સલાહ આપવામાં વકીલની ભૂમિકા વિશેષાધિકૃત અને સુરક્ષિત બંને છે. તપાસ એજન્સીઓ દ્વારા દખલ કાયદાના શાસનના હાર્દ પર પ્રહાર કરે છે.

# 'ખામીયુક્ત તપાસ' : અંતે ૧૭ વર્ષ જેલમાં વિતાવ્યા પછી હાઈકોર્ટે રામપુર CRPF હુમલા કેસમાં પાંચ મુસ્લિમ પુરુષોને નિર્દોષ જાહેર કર્યા

## જમીઅત ઉલેમાની કાનૂની ટીમે એક મોટી જીત મેળવી છે; મૌલાના અરશદ મદનીએ આર્મ્સ એક્ટમાં નિર્દોષતા માટે સુપ્રીમ કોર્ટમાં જવાનું વચન આપ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

એક ઐતિહાસિક ચુકાદામાં, અલ્હાબાદ હાઈકોર્ટે બુધવારે ઉત્તર પ્રદેશના રામપુરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) કેમ્પ પર ૨૦૦૭માં થયેલા આતંકવાદી હુમલાના તમામ મુખ્ય આરોપોમાંથી પાંચ મુસ્લિમ પુરુષોને ૧૭ વર્ષની કેદ પછી નિર્દોષ જાહેર કર્યા છે. જસ્ટિસ સિદ્ધાર્થ વર્મા અને જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાની ડિવિઝન બેન્ચે ચાર પુરુષોને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજા રદ કરી અને પાંચમાની આજીવન કેદમાં ફેરફાર કર્યો અને અવલોકન કર્યું કે ફરિયાદ પક્ષ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ કોઈપણ આતંકવાદી આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે જોયું કે ટ્રાયલ કોર્ટે "અપૂરતા અને અવિશ્વસનીય પુરાવા" પર આધાર રાખ્યો હતો, જેના કારણે તેને ન્યાયનો ગંભીર ઉપહાસ ગણાવ્યો હતો. તેણે ચુકાદો આપ્યો કે આરોપીઓ સામે આતંકવાદનો કોઈ કેસ નથી. જોકે, બેન્ચે આર્મ્સ એક્ટ હેઠળ ૧૦ વર્ષની સજાને સમર્થન આપ્યું અને દરેક પર રૂા.૧ લાખનો દંડ ફટકાર્યો છે. કોર્ટે તેના ૧૮૫ પાનાના ચુકાદામાં નોંધ્યું હતું કે, આ તપાસમાં ખામી છે અને અંતે આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. અમે ગુનાની તીવ્રતાથી ખૂબ ચિંતિત છીએ અને તે જ સમયે એ પણ અવલોકન કરવા મજબૂર છીએ કે ફરિયાદ પક્ષ આરોપીઓ સામે મુખ્ય ગુના માટે વાજબી શંકાની બહાર કેસ સાબિત કરવામાં ખરાબ રીતે નિષ્ફળ ગયો છે. બેન્ચે રાજ્ય સરકારને તપાસમાં ખામીઓ માટે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે યોગ્ય પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો છે. આ મુક્ત કરાયેલા લોકોમાં મોહમ્મદ શરીફ, સબાહુદ્દીન, ઈમરાન શહજાદ, મોહમ્મદ ફારૂક અને જંગ બહાદુર ખાનનો સમાવેશ થાય છે. ૧૭ વર્ષથી વધુ સમય જેલમાં રહ્યા બાદ, તેઓ ટૂંક સમયમાં મુક્ત થવાની અપેક્ષા છે. આ કેસ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭નો છે, જ્યારે સશસ્ત્ર માણસોએ રામપુરમાં CRPF કેમ્પ પર હુમલો કરીને અનેક કર્મચારીઓની હત્યા કરી હતી. ૨૦૧૯માં, સ્થાનિક સેશન્સ કોર્ટે ઈમરાન શહજાદ, મોહમ્મદ ફારૂક, સબાહુદ્દીન અને મોહમ્મદ શરીફને મૃત્યુદંડની સજા ફટકારી હતી, જ્યારે જંગ બહાદુર ખાનને આજીવન કેદની સજા ફટકારી હતી. જમિઅત ઉલેમા મહારાષ્ટ્ર (અરશદ મદની) કાનૂની સહાય સમિતિ વતી આરોપીઓનું પ્રતિનિધિત્વ એડવોકેટ એમ.એસ. ખાન દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં એડવોકેટ અનિલ બાજપાઈ અને સિકંદર ખાનની સહાયતા મળી હતી. આઠ મહિના પહેલા ચુકાદો અનામત રાખતા પહેલા હાઈકોર્ટે ૩૯ બેઠકોમાં આ કેસની સુનાવણી કરી હતી. આ ચુકાદા પર પ્રતિક્રિયા




આપતા, જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ આ નિર્ણયને "સત્ય અને ન્યાય માટે એક ઐતિહાસિક દિવસ" ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તેમની સામે કોઈ આતંકવાદનો કેસ નથી. ૧૭ વર્ષ સુધી, આ પરિવારો આશા અને નિરાશા વચ્ચે જીવતા રહ્યા. આજે, આખરે ન્યાયનો વિજય થયો છે. મદનીએ કહ્યું હતું કે જમિયતની કાનૂની ટીમ આર્મ્સ એક્ટની સજાને પડકારવા માટે સુપ્રીમ કોર્ટમાં જશે, અને અન્ય કેસોની જેમ, સંપૂર્ણ ન્યાય મળશે, ઈન્શાઅલ્લાહ. ટ્રાયલ દરમિયાન, બચાવ પક્ષે સ્થાનિક પોલીસ, સીઆરપીએફ કર્મચારીઓ અને રેલ્વે અધિકારીઓની જુબાનીમાં વિરોધાભાસો હતા. ૯૮ રાઉન્ડ ફાયરિંગ થયા હોવાના દાવા છતાં, કોઈ પણ આરોપીને ઈજા થઈ નથી અને ફરિયાદ પક્ષના આ મત પર શંકા વ્યક્ત કરે છે કે તેઓ ઘટનાસ્થળે પકડાયા હતા. બચાવ પક્ષે એ પણ નિર્દેશ કર્યો હતો કે આરોપીઓ પાસેથી કથિત રીતે જપ્ત કરાયેલા વિસ્ફોટકો કોર્ટની પરવાનગી વિના નાશ કરવામાં આવ્યા હતા, જેના કારણે પુરાવા અસ્વીકાર્ય બન્યા હતા. એડવોકેટ ખાને દલીલ કરી હતી કે યુએપીએ, આર્મ્સ એક્ટ અને વિસ્ફોટકો કાયદા હેઠળ પ્રતિબંધો કાયદેસર રીતે ખામીયુક્ત હતા, જેના કારણે ટ્રાયલ પ્રક્રિયા શંકાસ્પદ બની હતી. આ પહેલાં, રામપુર સેશન્સ કોર્ટે ત્રણ અન્ય આરોપીઓ - મોહમ્મદ કૌસર, ગુલાબ ખાન અને ફહીમ અંસારી -ને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા જ્યારે પાંચને દોષિત ઠેરવ્યા હતા. બુધવારના હાઈકોર્ટના ચુકાદા સાથે, મૃત્યુદંડની સજા પામેલા ચારેય અને આજીવન કેદની સજા ભોગવતા એકને હવે આતંકવાદના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, જે જમિયત ઉલેમાના ન્યાય માટે લાંબા સમયથી ચાલી રહેલા અભિયાન માટે એક મોટી કાનૂની અને નૈતિક જીત છે.

# મહાગઠબંધનના માર્ગે ચાલીને NDAના ચૂંટણી ઢંઢેરામાં બિહારને એક કરોડ 'સરકારી નોકરી'ઓનું વચન

(એજન્સી) તા.૩૧

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ શુક્રવારે આગામી ૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણી માટે તેનો મેનિફેસ્ટો બહાર પાડ્યો, જેમાં યુવાનો, અત્યંત પછાત વર્ગો (EBC) અને મહિલા ઉદ્યોગસાહસિકોને ધ્યાનમાં રાખીને અનેક મુખ્ય વચનો આપવામાં આવ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન, જીતન રામ માંઝી, ચિરાગ પાસવાન અને ગઠબંધન ભાગીદારોના નેતાઓની હાજરીમાં એક પત્રકાર પરિષદમાં આ મેનિફેસ્ટો બહાર પાડવામાં આવ્યો છે.



**● આ ઢંઢેરામાં બિહારમાં સાત એક્સપ્રેસવે બનાવવા અને પટણા ઉપરાંત ચાર વધારાના શહેરોમાં મેટ્રો રેલ સેવાઓ શરૂ કરવાની પ્રતિબદ્ધતાઓનો પણ સમાવેશ થાય છે. ● વિપક્ષના ઢંઢેરાની મજાક ઉડાવ્યાના થોડા દિવસો પછી એનડીએનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો એ પણ વિપક્ષના મહાજોડાણના દસ્તાવેજના અરીસા સમાન જ બનીને રહી ગયો છે**

NDAએ સત્તામાં આવવા પર રાજ્યમાં એક કરોડ યુવાનોને રોજગાર આપવાનું વચન આપ્યું હતું. તેણે જાહેરાત કરી હતી કે આ પહેલને ટેકો આપવા માટે દરેક જિલ્લામાં મેગા સ્કીલ સેન્ટરોને ગ્લોબલ સ્કીલિંગ સેન્ટરમાં અપગ્રેડ કરવામાં આવશે. જો તેઓ સત્તામાં પાછા ફરે છે તો, NDAએ રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે રૂા. ૫૦ લાખ કરોડના રોકાણ આકર્ષવાનું વચન આપ્યું હતું. તેની મુખ્ય જાહેરાતોમાં, આ ઢંઢેરામાં અત્યંત પછાત વર્ગો (EBCs)ના સભ્યોને ૧૦ લાખ રૂપિયાની સહાય અને તેમની ચિંતાઓને દૂર કરવા માટે સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ હેઠળ એક કમિશનની રચનાનું વચન આપવામાં આવ્યું છે. NDAએ કહ્યું કે તે લક્ષિત નાણાકીય અને કૌશલ્ય-આધારિત પહેલ દ્વારા "કરોડપતિ મહિલા ઉદ્યોગસાહસિકો"ને પ્રોત્સાહન આપીને મહિલાઓને સશક્ત બનાવવા માટે કામ કરશે.

આ ઢંઢેરામાં બિહારમાં સાત એક્સપ્રેસવે બનાવવાની અને પટના ઉપરાંત ચાર વધારાના શહેરોમાં મેટ્રો રેલ સેવાઓ શરૂ કરવાની પ્રતિબદ્ધતાઓનો પણ સમાવેશ થાય છે. તે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજો સાથે દસ નવા ઔદ્યોગિક ઉદ્યાનો અને વિશ્વ કક્ષાની તબીબી સંસ્થા બનાવવાની પણ દરખાસ્ત છે.

શિક્ષણ મોરચે, NDA કિન્ડરગાર્ટનથી અનુસ્નાતક સ્તર સુધી મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરશે અને ઉચ્ચ શિક્ષણ મેળવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૨,૦૦૦ રૂપિયાની એક વખતની સહાય પૂરી પાડશે. NDAએ 'પંચામૃત' ગેરંટી હેઠળ ગરીબો માટે મફત રાશન, ૫ લાખ રૂપિયાની મફત સારવાર, ૫૦ લાખ વધુ પાકા મકાનોનું પણ વચન આપ્યું હતું. આ ઢંઢેરામાં જણાવ્યા મુજબ, જો NDA સત્તામાં આવશે, તો તે PM કિસાન સન્માનનિધિ હેઠળ વાર્ષિક નાણાકીય સહાય ૬,૦૦૦ રૂપિયાથી વધારીને ૯,૦૦૦ રૂપિયા કરશે, માછીમારોને વાર્ષિક સહાય ૪,૫૦૦ રૂપિયાથી વધારીને ૯,૦૦૦ રૂપિયા કરશે અને તમામ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ આપશે. મેડ ઈન બિહાર પહેલ હેઠળ કૃષિ નિકાસ બમણી કરવામાં આવશે, જેમાં કૃષિ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના કેન્દ્રિત પ્રયાસો કરવામાં આવશે. આ ઢંઢેરામાં જણાવાયું છે કે જો NDA બિહારમાં સત્તા જાળવી રાખશે તો બિહાર સ્પોર્ટ્સ સિટી અને રાજ્યના દરેક વિભાગમાં રમતગમત માટે શ્રેષ્ઠતા કેન્દ્રો ખોલવામાં આવશે, જ્યારે દરેક જિલ્લામાં એક ફેક્ટરી અને ૧૦ નવા ઔદ્યોગિક ઉદ્યાનો સ્થાપિત કરવામાં આવશે. તેમાં ૧૦૦ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) પાર્ક, ૫૦,૦૦૦થી વધુ કુટીર ઉદ્યોગો, સંરક્ષણ કોરિડોર અને સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રો ખોલવાનું પણ વચન આપવામાં આવ્યું હતું. પટણા ઉપરાંત, બિહારના ચાર વધુ શહેરોમાં મેટ્રો ટ્રેન સેવાઓનું વચન આપવામાં આવ્યું છે. ગીગ કામદારો અને ઓટો-રિક્ષા ડ્રાઈવરોને પણ નાણાકીય સહાય અને કૌશલ્યવર્ધનની તકો પ્રાપ્ત થશે. આ ઢંઢેરાને "લોક-કેન્દ્રિત રોડમેપ" ગણાવતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે NDAનું વિઝન બિહારને ઉદ્યોગ, શિક્ષણ અને નવીનતાનું કેન્દ્ર બનાવવાનું છે, સાથે સાથે સમાજના તમામ વર્ગો માટે સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવાનું છે.

કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ X પર એક પોસ્ટમાં લખ્યું કે, "આ ઢંઢેરો ખેડૂતોના કલ્યાણ, યુવાનો માટે રોજગાર, મહિલાઓના સશક્તિકરણ, માળખાગત વિકાસ, નવા ઉદ્યોગોની સ્થાપના અને વિકસિત અને આત્મનિર્ભર બિહારના નિર્માણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો દસ્તાવેજ છે. રાજ્યમાં NDA સરકાર હેઠળ, સમાજના તમામ વર્ગો માટે સમાવેશી વિકાસ માટે ઘણા ઐતિહાસિક સીમાચિહ્નો પ્રાપ્ત થયા છે. બિહારના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન અને થઈ રહેલી ઝડપી પ્રગતિ તેનો પુરાવો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શન હેઠળ, ભાજપ અને NDA હંમેશા બિહારના દરેક વર્ગને ઉત્થાન આપવા અને રાજ્યની વિકાસ યાત્રાને નવી ગતિ આપવા માટે કટિબદ્ધ છે." કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે NDAનો આ સંયુક્ત ઢંઢેરો "બિહારના માનનીય લોકોના અમૂલ્ય સૂચનોથી પ્રેરિત દસ્તાવેજ છે, જે તેમની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, આ ચૂંટણી ઢંઢેરો રાજ્યના સર્વાંગી વિકાસ અને સમાજના દરેક વર્ગના સશક્તિકરણ માટે એક બ્લુપ્રિન્ટ છે. ચૌધરીએ કહ્યું કે NDAનો ચૂંટણી ઢંઢેરો બિહારના લોકોની વિકાસની આકાંક્ષાઓ, આશાઓ અને સપનાઓને પ્રતિબિંબિત કરે છે.

# 'ઈતના પૈસા કહાં સે લાઓગે ?' : મીસા ભારતીએ NDAના એક કરોડ નોકરીઓના વચન પર સવાલ ઉઠાવ્યા

**બિહાર ચૂંટણી ૨૦૨૫ માટે કોંગ્રેસ નિરીક્ષક અશોક ગેહલોત કહે છે કે, 'ઈન્ડિયા ગઠબંધન બિહારમાં સત્તામાં આવવું જોઈએ, આ રાષ્ટ્રીય હિતમાં છે, રાહુલ ગાંધી કહે છે કે, બંધારણ ખતરામાં છે, તેઓ દરેક માટે સામાજિક સુરક્ષા ઈચ્છે છે'**

(એજન્સી) તા.૩૧

બિહાર ચૂંટણી ૨૦૨૫ માટે ભાજપે તેનો મેનિફેસ્ટો જાહેર કર્યા પછી મીસા ભારતીએ કહ્યું કે, 'કિસકે બાપ કે ઘર સે ઈતના પૈસા લેંગે ?'. જ્યારે અમે નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું, ત્યારે અમે ૧૦ લાખ લોકોને નોકરીઓ આપીને તે પૂર્ણ કર્યું અને તે બિહારના ઈતિહાસમાં પહેલીવાર હતું. આ મુખ્યમંત્રી નીતિશકુમાર અમારી સાથે હતા ત્યારે તેમણે નિમણૂક પત્રો સોંપ્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, બિહારમાં ફેક્ટરીઓ સ્થાપિત થઈ શકતી નથી અને બીજી તરફ તેમણે મેનિફેસ્ટોમાં અનેક વચનો આપ્યા છે. તેઓ તે કેવી રીતે પૂર્ણ કરશે ? મોકામામાં જન સુરાજ કાર્યકરની ગોળી મારીને હત્યા પર, પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે કહ્યું છે કે, અમારી પાર્ટીની એક ટીમ ઘટનાસ્થળે ગઈ છે. અમને કેટલીક વિગતો મળતાં જ અમે તમને જણાવીશું.



CPI(ML)-લિબરેશનના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ બિહાર વિધાનસભાની ચૂંટણી વિશે કહ્યું કે, જો વિપક્ષી ગઠબંધન જીતે છે, તો તે 'મોદીના અંતની શરૂઆત' હશે. ભટ્ટાચાર્યની CPI(ML)એ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં આશ્ચર્યજનક પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે ૧૯ બેઠકોમાંથી ૧૨ બેઠકો જીતી હતી. તે વર્ષે પાર્ટીના પ્રદર્શનને તેને રાજ્યમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય બળ તરીકે ઉભરી આવવામાં મદદ કરી હતી, વિવિધ પ્રદેશોમાં કોંગ્રેસ કરતાં પણ વધુ સારો દેખાવ કર્યો હતો. ૨૪૩ બંધારણ સભામાં કોંગ્રેસે જે ૭૦ બેઠકો માટે લડી હતી તેમાંથી તેને ફક્ત ૧૯ બેઠકો પર જીત મળી હતી. ભટ્ટાચાર્યે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં તેમનો પક્ષ આશા રાખે છે કે, ગઠબંધન 'વધુ સંતુલિત' છે.

ગઈ વખતે અમારી સાથે પાંચ પક્ષો હતા. તે બે નવા પક્ષો, VIP અને IIP સાથેનું એક મોટું ગઠબંધન છે, જેની ઉત્તર બિહારના ઘણા જિલ્લાઓમાં નોંધપાત્ર હાજરી અને પ્રભાવ છે. ઉત્તરમાં પણ અમે ખરાબ પ્રદર્શન કર્યું છે. તેથી મને આશા છે કે, આ વખતે આ એક મજબૂત ગઠબંધન અને વધુ સંતુલિત છે.

CPI(ML) આગામી ચૂંટણીમાં ૩૦ બેઠકો પર ચૂંટણી લડવાની આશા રાખતી હતી, પરંતુ આખરે રાજકીય એકતાના હિતમાં ૨૦ બેઠકો પર સંમત થઈ છે. ભટ્ટાચાર્યએ કહ્યું કે, અમે ૨૦ બેઠકો પર સમાધાન કર્યું. આપણે લડાઈ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

મહાગઠબંધન જેને વિપક્ષી ગઠબંધન તરીકે ઓળખવામાં આવે છે, તેમાં મૂળ રાષ્ટ્રીય જનતા દળ (RJD), કોંગ્રેસ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનનો સમાવેશ થાય છે.

# 'બિહારમાં મહાગઠબંધનની જીત મોદી માટે અંતની શરૂઆત હશે' : CPI(ML)ના દીપાંકર ભટ્ટાચાર્યનું નિવેદન

**પ્રિન્ટ સાથેની એક મુલાકાતમાં ભટ્ટાચાર્યે કહ્યું કે, રાજ્યમાં જો વિપક્ષી ગઠબંધન જીતે તો એક કરતાં વધુ ડેપ્યુટી CMની શક્યતાનો સંકેત આપ્યો છે, રાજ્યમાં ૬ નવેમ્બરના રોજ તબક્કા ૧ માટે મતદાન થશે**

(એજન્સી) તા.૩૧

CPI(ML)-લિબરેશનના મહાસચિવ દીપાંકર ભટ્ટાચાર્યએ બિહાર વિધાનસભાની ચૂંટણી વિશે કહ્યું કે, જો વિપક્ષી ગઠબંધન જીતે છે, તો તે 'મોદીના અંતની શરૂઆત' હશે. ભટ્ટાચાર્યની CPI(ML)એ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં આશ્ચર્યજનક પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે ૧૯ બેઠકોમાંથી ૧૨ બેઠકો જીતી હતી. તે વર્ષે પાર્ટીના પ્રદર્શનને તેને રાજ્યમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય બળ તરીકે ઉભરી આવવામાં મદદ કરી હતી, વિવિધ પ્રદેશોમાં કોંગ્રેસ કરતાં પણ વધુ સારો દેખાવ કર્યો હતો. ૨૪૩ બંધારણ સભામાં કોંગ્રેસે જે ૭૦ બેઠકો માટે લડી હતી તેમાંથી તેને ફક્ત ૧૯ બેઠકો પર જીત મળી હતી. ભટ્ટાચાર્યે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં તેમનો પક્ષ આશા રાખે છે કે, ગઠબંધન 'વધુ સંતુલિત' છે. ગઈ વખતે અમારી સાથે પાંચ પક્ષો હતા. તે બે નવા પક્ષો, VIP અને IIP સાથેનું એક મોટું ગઠબંધન છે, જેની ઉત્તર બિહારના ઘણા જિલ્લાઓમાં નોંધપાત્ર હાજરી અને પ્રભાવ છે. ઉત્તરમાં પણ અમે ખરાબ પ્રદર્શન કર્યું છે. તેથી મને આશા છે કે, આ વખતે અમારી પાસે એક મજબૂત ગઠબંધન હશે, વધુ સંતુલિત પ્રકારનું છે. CPI(ML) આગામી ચૂંટણીમાં ૩૦ બેઠકો પર ચૂંટણી લડવાની આશા રાખતી હતી, પરંતુ આખરે રાજકીય એકતાના હિતમાં ૨૦ બેઠકો પર સંમત થઈ, ભટ્ટાચાર્યએ કહ્યું કે, અમે ૨૦ બેઠકો પર સમાધાન કર્યું છે, આપણે લડાઈ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. મહાગઠબંધન જેને વિપક્ષી ગઠબંધન તરીકે ઓળખવામાં આવે છે, તેમાં મૂળ રાષ્ટ્રીય જનતા દળ (RJD), કોંગ્રેસ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) લિબરેશનનો સમાવેશ થાય છે. વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP) અને ભારતીય સમાવિષ્ટ પાર્ટી (IIP) આ વખતે જોડાયા છે. ભટ્ટાચાર્યએ સિવાનના દિવંગત નેતા શહાબુદ્દીનના પુત્ર ઓસામા શહાબને મેદાનમાં ઉતારવાના RJDના નિર્ણયનો બચાવ કર્યો અને બંને વચ્ચે તફાવત દર્શાવ્યો. સિવાનના રઘુનાથપુરથી ઓસામાના નામાંકનની NDA નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, મને નથી લાગતું કે તેને (ઓસામાના નામાંકન) શહાબુદ્દીન સાથે જોડવી જોઈએ. દેખીતી રીતે શહાબુદ્દીનનો પોતાનો ગુનાહિત રેકોર્ડ હતો અને ચંદ્રશેખરની હત્યા પછી અમે તેની સામે લડ્યા હતા અને તે જેલમાં ગયો. તેઓ હવે નથી. ચંદ્રશેખર અને બિહારમાં આતંકવાદના તમામ પીડિતોને ન્યાય મળ્યો છે, એવું મને લાગે છે. ભટ્ટાચાર્યએ કહ્યું કે, આજે એક નવો માણસ છે, ઓસામા. મને નથી લાગતું કે બધાને એકસાથે વર્ગીકૃત કરવા યોગ્ય છે. ઓસામાનો ન્યાય તેની પોતાની યોગ્યતા પર કરવામાં આવશે. બિહારમાં ડાબેરીઓના પ્રમાણમાં વધુ દૃશ્યમાન પ્રભાવ વિશે પૂછવામાં આવતા ભટ્ટાચાર્યએ કહ્યું કે, CPI(ML) એક 'ચળવળ આધારિત' પક્ષ છે. અમારી ચૂંટણી હાજરી મર્યાદિત હોઈ શકે છે, પરંતુ અમારી વાસ્તવિક અસર અને અમારી ભૂમિકા ચૂંટણીના આંકડાઓથી વધુ છે. અમારો પક્ષ લોકોના સંઘર્ષોમાં મૂળ ધરાવે છે, અને બિહાર એક એવું રાજ્ય છે જ્યાં લોકો જાણે છે કે, તેઓ તેમના માટે લડ્યા વિના કોઈપણ અધિકારો મેળવી શકતા નથી. ડાબેરી નેતાએ ચૂંટણીમાં પ્રશાંત કિશોરના જન સુરાજની સંભવિત અસર અંગે ચર્ચા કરતાં કહ્યું કે, પહેલા 'ઘણી ઉત્સુકતા' હતી પરંતુ રસ દિવસેને દિવસે ઓછો થતો ગયો છે.

# જામનગર ખાતે ભાગવત કથામાં પ્રસાદી લેતાં સમયે છ મહિલાઓના ગળામાંથી ચેઈનની ચોરી

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૩૧

જામનગરમાં પટેલ વાડી વિસ્તારમાં જીગ્નેશ દાદાની ભાગવત કથાનું આયોજન કરાયું હતું, જે સ્થળે અંતિમ દિવસે મહાપ્રસાદ વેળાએ ગિર્દીનો લાભ લઈ અલગ અલગ છ મહિલાના ગળામાંથી કોઈ તસ્કરો રૂપિયા ૪.૪૫ લાખની કિંમતના સોનાના છ નંગ ચેઈનની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ચકચાર જાગી છે. સીટી બી. ડિવિઝનની પોલીસ ટુકડી એક્ટિવ થઈ છે, અને સીસીટીવી કેમેરાના માધ્યમથી તસ્કરોને શોધી કાઢવા માટેની કવાયત શરૂ કરી છે. જામનગરના શરૂ સેક્શન રોડ પર પટેલ વાડી વિસ્તારમાં યોજાયેલી ફલિયા પરિવારની શ્રીમદ ભાગવત સપ્તાહ દરમિયાન ગત ૨૯ તારીખના બપોરના એકાદ વાગ્યાના સમયે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. ત્યારે અનેક મહિલા સહિતના નગરજનો ભોજન પ્રસાદ આરોગી રહ્યા હતા. ગીરદીનો લાભ લઈને કેટલીક મહિલાઓ સહિતની તસ્કર ગેંગ સક્રિય બની હતી, અને અલગ અલગ છ મહિલાઓ તેમાં વાસંતીબેન મનોજભાઈ નંદા, પ્રતીક્ષાબેન પરેશભાઈ ગુંચલા, જયાબેન દયા શંકરભાઈ રેવિયા, રક્ષાબેન પ્રકાશચંદ્ર તાલાવડા અને ડાહીબેન રતિલાલ ડાભી વગેરે મહિલાઓ સહિત તમામના ગળામાંથી રૂપિયા ૪ લાખ ૪૫ હજારની કિંમતના ૬ નંગ સોનાના ચેઈનની ચોરી કરી લઈ ગયા હતા. ભોજન પ્રસાદ દરમિયાન આટલી બધી મહિલાઓના ગળામાંથી સોનાના ચેઈન સેરવી લેવાયાની ઘટનાને લઈને કથા સ્થળે ભારે દોડધામ થઈ હતી. આખરે સિટી બી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જ્યાં ડાહીબેન રતિલાલ ડાભીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધ્યો છે, અને કથા સ્થળે લગાવાયેલા જુદા જુદા સીસીટીવી કેમેરાઓ વગેરેના ફૂટેજ્સ બારીકાઈથી જોવામાં આવી રહ્યા છે અને તસ્કરોને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી લેવામાં આવી છે.

### સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે પોલીસ દ્વારા રન ફોર યુનિટી

# સુરતમાં વરસાદમાં દોડવીરો, રમતવીરો પો.અધિકારીઓએ એક્તાનો સંદેશ પાઠવ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

અખંડ ભારતના ઘડવૈયા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત આજે સવારે સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા રન ફોર યુનિટીનું વિવિધ સંસ્થા અને શાળા કોલેજના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. દેશ સમાજ તેમજ સેવાના અલગ-અલગ સ્લોગન વાળા બેનરો લઈ શહેરીજનોને પોલીસ વિભાગના અધિકારી કર્મચારીઓ દ્વારા શુભ સંદેશ આપવામાં આવ્યા હતા. પોલીસ પરેડ ગ્રાઉન્ડથી એસવીએનઆઈટી સર્કલ અને ત્યાંથી યુ-ટર્ન લઈ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી ૫ કિ.મી લાંબી આ રન ફોર યુનિટીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, એક્તાના સંદેશ સાથે યોજાયેલી આ રન ફોર યુનિટીમાં શહેરની અલગ-અલગ સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો, સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ રમતવીરો, સાયકલીસ્ટો દૌડ વીરો તેમજ પોલીસ વિભાગના કર્મચારીઓ અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. રન ફોર યુનિટીનું આયોજન સુરત શહેર પોલીસ દ્વારા કરાયું હોય શિસ્તબદ્ધ આ દૌડમાં વરસતા વરસાદ વચ્ચે રમતવીરો પણ જોડાયા હતા. સાયકલીસ્ટો દ્વારા પણ રન ફોર યુનિટીમાં ભાગ લેવામાં આવ્યો હતા.

## સુરતીઓએ નાસ્તાના પેકેટ-પાણીની બોટલો રસ્તામાં ફેંકતા પોલીસ અધિકારીઓએ જાતે કચરો ઉપાડ્યો

રન ફોર યુનિટી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા પછી, દોડના રૂટ પર નાસ્તાના પેકેટ અને પાણીની બોટલોનો મોટો ઢગલો જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં હાજર રહેલા શહેરીજનોએ ઉપયોગ કર્યા બાદ કચરો રસ્તા પર જ ફેંકી દેતાં, થોડી જ વારમાં સમગ્ર વિસ્તારમાં ગંદકીનો માહોલ સર્જાઈ ગયો હતો. કચરાના આ ઢગલાંથી સ્વચ્છતા કર્મચારીઓ હજુ દૂર હતા, પરંતુ આ ગંદકી જોઈને પોલીસના ઉચ્ચ અધિકારીઓથી રહેવાયું નહીં. આ દૃશ્ય જોઈને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, જોઈન્ટ પોલીસ કમિશનર બબાંગ જમીર સહિત શહેરના તમામ ડીસીપી, એસીપી અને અન્ય પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક સ્વચ્છતાની જવાબદારી પોતાના હાથમાં લીધી હતી. કોઈ પણ જાતનો સંકોચ રાખ્યા વગર, આ ઉચ્ચ અધિકારીઓએ જાતે જ રસ્તા પર પડેલા નાસ્તાના કાગળો, પ્લાસ્ટિકના રેપર્સ અને પાણીની બોટલો વીણવાનું શરૂ કર્યું હતું. આ દૃશ્યો જોઈને સુરત પોલીસ કમિશનર સહિતના પોલીસકર્મીઓ અને તેઓની પત્નીઓએ જાતે કચરો ઉઠાવી સફાઈ કરી હતી. એકસાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારો દ્વારા સ્વચ્છતાનું અભિયાન શરૂ થયું, જે એક અદ્ભુત અને પ્રેરણાદાયી દૃશ્ય હતું.

# જૂનાગઢ નજીક ગિરનાર પર્વત વિસ્તારમાં યોજાતી લીલી પરિક્રમા ભારે વરસાદને કારણે રદ





જૂનાગઢ,તા.૩૧

જૂનાગઢ શહેર નજીક ગિરનાર પર્વત જંગલ વિસ્તારમાં પ્રતિવર્ષ લીલી પરિક્રમાનો કાર્યક્રમ યોજાય છે જેમાં લાખો ભાવિકો ઉમટી પડે છે પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે જંગલના સમગ્ર રૂટ પર કાદવ કિચડનું સામ્રાજ્ય હોય અને ચાલી શકાય તેવી સ્થિતિ ન હોય લાખો લોકોની સલામતી અને આરોગ્યના પ્રશ્નો ઉભા થાય તેને ધ્યાનમાં રાખતા વહીવટી તંત્રએ પરિક્રમાનો આ વખતે યોજાનારો કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય કર્યો છે. જેને પગલે ભાવિકોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે. જો કે પરંપરા સાચવવા તંત્રએ આવતીકાલે રાત્રે સાધુ સંતોના એક નાના જૂથને પ્રતિકાત્મક પરિક્રમા કરવાની છૂટ આપી છે. ભાવિકોની આસ્થા સમા ગિરનારની લીલી પરિક્રમા આ વર્ષે કમોસમી વરસાદને કારણે મોકૂફ કરવાનો વહીવટી તંત્ર અને સાધુ-સંતોએ સર્વસંમતિથી નિર્ણય લીધો છે. સતત વરસેલા વરસાદના કારણે ૩૬ કિલોમીટરનો પરિક્રમા રૂટ સંપૂર્ણપણે બિસ્માર અને કાદવ-કીચડથી ભરપુર બની ગયો છે, જેના પગલે સામાન્ય શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સુવિધા તેમજ સલામતીને ધ્યાને રાખીને આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, સાધુ-સંતો અને ઉપસ્થિત સાંસદ તેમજ ધારાસભ્યની હાજરીમાં લેવાયો હતો. જો કે, ધાર્મિક મુહૂર્ત જાળવવા માટે માત્ર સાધુ-સંતો અને મર્યાદિત સંખ્યામાં ભાવિકો સાથે પ્રતિકાત્મક પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે. જે રૂટ પર પરિક્રમા યોજાય છે. તે ૩૬ કિ.મી.ના રોડ પર કમોસમી વરસાદના કારણે રોડ રસ્તા પર કાદવ કિચડનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે અને રોડ તૂટેલી હાલતમાં છે. જેના કારણે ભારે વાહનોને જવામાં પણ મુશ્કેલી પડી રહી છે. જેથી આ વર્ષે તંત્ર દ્વારા પરિક્રમા ભાવિકો માટે મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. તો બોરદેવી જતાં રસ્તા સુધી પણ વાહનોનું પસાર થવું અશક્ય બન્યું છે. રસ્તાઓ પર કાદવ-કીચડનું સામ્રાજ્ય એટલું વ્યાપક છે કે પગપાળા ચાલવું પણ અત્યંત મુશ્કેલ છે. લાખો ભાવિકો પોતાના પરિવાર, બાળકો અને વૃદ્ધો સાથે આ ૩૬ કિ.મી.ની કઠિન યાત્રા કરતા હોય છે, પરંતુ રૂટની આ હાલત જોતા તેમની સુરક્ષા જોખમાય તેવી સ્થિતિ હતી. વન-વિભાગના અધિકારીના મતે ભારે વરસાદને કારણે પરિક્રમાનો રૂટ ધોવાઈ જતાં અંદર ભારે વાહનો જઈ શકે એમ નથી. જો વાહનો લઈ જવામાં આવે તો ફસાઈ જવાની સંભાવના છે. પરિક્રમા શરૂ થાય એ પહેલા અન્નક્ષેત્ર ચલાવતા લોકો વ્યવસ્થા માટે અંદર જતા હોય છે, પરંતુ તંત્ર તરફથી તેમને લીલીઝંડી મળી નહોતી.

### નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

# પૂર્વ પત્ની અને મહિલા મિત્રને મોતને ઘાટ ઉતારનારને ગણતરીના કલાકોમાં ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા) નવસારી, તા.૩૧

નવસારીમાં બંધ પડેલ આશા રાઈસ મીલની પડતર બિલ્ડીંગમાં પોતાની પૂર્વ પત્ની તથા તેની મહિલા મિત્રને અલગ અલગ દિવસે મોતને ઘાટ ઉતારી બે વણશોધાયેલ ચકચારી રહસ્યમય ખૂનના ગુન્હાઓનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી આરોપીને નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો છે. બનાવની વિગત પ્રમાણે તા.૨૯/૧૦/૨૦૨૫ના રોજ કબીલપોર ગામની હદમાં ને.હા.નં.૪૮ની બાજુમાં આવેલ બંધ પડેલ આશા રાઈસ મીલની પડતર બિલ્ડીંગમાં એક અજાણી સ્ત્રી (ઉ.વ.આશરે ૩૫)નું કોઈ અજાણ્યા ઈસમે મોત નિપજાવી પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને બિલ્ડીંગના બીજા માળેથી નીચે ગ્રાઉન્ડ ફ્લોર સુધી પગથિયા પરથી ઘસડી લાવી નિઃવસ્ત્ર હાલતમાં મૂકી નાસી ગયો હતો. આ અંગે નવસારી રૂરલ પો.સ્ટે. ખાતે ગુનો દાખલ થયો હતો. સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર, વી.જે.જાડેજા એલ.સી.બી. નવસારીએ પોતાની ટીમ સાથે ગુનાવાળી જગ્યાની વિઝીટ કરી ૧૦૦થી વધુ CCTV કેમેરાની ફુટેજો ચેક કરી હતી. તે દરમ્યાન ટેકનીકલ સોર્સ દ્વારા તથા હ્યુમન સોર્સીસથી આરોપીને આઈડેન્ટીફાઈ કરી પકડી પાડી આરોપીની પૂછપરછ કરતા આરોપીએ પોતાનું નામ ફેઝલ નાસીર પઠાણ (રહે.બારડોલી, તલાવડી સ્મશાનભુમીની બાજુમાં) જણાવ્યું હતું. ફેઝલે ગુનાની કબુલાત કરી જણાવેલ કે, આ મરણ જનાર તેની મિત્ર રિયા સાથે આજથી એકાદ વર્ષ પહેલા બારડોલી રેલ્વે સ્ટેશન ખાતે મુલાકાત થઈ હતી. ત્યારથી એકબીજાને ઓળખતા હતા. ગત તારીખ ૨૮/૧૦/૨૦૨૫ના રોજ રસ્તામાં રિયાને મળતા નવસારી ખાતે આશા રાઈસ મીલના પડતર બિલ્ડીંગમાં લઈ ગયો જ્યાં તેઓ વચ્ચે પૈસા બાબતે બોલાચાલી ઝઘડો થતા તેને પેટના તથા પીઠના ભાગે મુક્કો મારી નીચે પાડી દઈ ઘસડી નીચે લઈ આવેલ હોવાથી મરી જતા તેની લાશ મુકી નાશી ગયેલ હોવાનું જણાવી ગુનાની કબૂલાત કરી હતી. તેમજ વર્તણુક શંકાસ્પદ જણાતા લોકલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા સઘન પૂછપરછ કરતા જણાવ્યું કે, પોતાની પૂર્વ પત્ની સુહાના સાથે મારા લગ્ન થયેલ જે મારા પરિવારને પસંદ ન હોય જેથી અમે જુલાઈ મહિનામાં છુટા છેડા લીધા ત્યારબાદ પણ હું નવસારી ગ્રીડ ખાતે તેને મળવા આવતો હતો તે વખતે મારી પૂર્વ પત્ની સુહાના બીજા પુરૂષો સાથે સંબંધ રાખતી હોવાનું જાણવા મળતા આજથી આશરે ત્રણેક મહિના પહેલા સુહાનાને મારી નાંખવાનું નક્કી કરી બંધ પડેલ આશા રાઈસ મીલના પડતર બિલ્ડીંગમાં લઈ જઈ બિલ્ડીંગના ઉપરના ૨/૩ માળેથી નીચે ફેકી મોત નિપજાવેલ અને તેની લાશ ઘસડીને અંદરના ભાગે કોઈને દેખાય નહીં તે રીતે કપડા વડે ઢાંકી સંતાડી નાશી ગયેલ હોવાની કબુલાત કરતા સદર જગ્યાએ તપાસ કરતા માનવ કંકાલ મળી આવ્યું હતું. જેથી સ્થળ પર એફ.એસ.એલ ટીમ બોલાવી માનવ કંકાલ હોવાનું જણાતા નવસારી રૂરલ પો.સ્ટે.માં ખૂનનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરેલ છે.

### ભાવનગર કોંગ્રેસ દ્વારા સરદાર જયંતી ઉજવણી

# ભાજપની સરકાર સરદારનો ઉપયોગ માત્ર મતો મેળવવા માટે જ કરે છે : લાલભા ગોહિલ

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૩૧

સરદારના નામે મત માંગનારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા સરદારનો માત્ર મતો મેળવવા માટે જ ઉપયોગ કરે છે તેમ જણાવીને શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલે જણાવ્યું હતું કે ભાવનગર શહેરમાં આવેલી સરદાર સ્મૃતિની બદતર અને દયનીય હાલત છે. કચરાના ઢગલા અને દારૂની બોટલો ત્યાંથી મળી આવી છે. કોંગ્રેસ પક્ષના આગેવાન કાર્યકરોએ સરદાર સ્મૃતિની સાફસફાઈ કરી અને સરદાર પટેલની જન્મજંયતીની ઉજવણી કરી હતી અને વધુમાં સરદાર સ્મૃતિથી સરદાર બાગ સુધી પગપાળા સુધીની યાત્રા કરીને સરદાર બાગમાં આવી સરદાર પટેલની પ્રતિમાને ફૂલ-હારથી પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલ, વિરોધ પક્ષના નેતા જીતુભાઈ સોલંકી સહિત કોંગ્રેસના આગેવાનો કાર્યકરો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

### ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)

# ભાવનગર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. બંસલની રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૩૧

ભાવનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) અંતર્ગત કલેક્ટર કચેરી સભાખંડ ભાવનગર ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં લોકશાહીને મજબૂત બનાવવા માટેની મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં SIRના વિવિધ તબક્કાઓ અનુસાર તા.૪/૧૧/૨૦૨૫થી ૪/૧૨/૨૦૨૫ દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. ત્યારબાદ તા.૯/૧૨/૨૦૨૫ના રોજ ડ્રાફ્ટ રોલ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેમાં તા.૯/૧૨/૨૦૨૫થી ૮/૧/૨૦૨૬ સુધી સુધારા માટેનો દાવો નાગરિકો કરી શકશે. ૩૧/૧/૨૦૨૬ સુધી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મુખ્ય ચૂંટણી અધિકારી દાવાઓની સુનાવણી તથા પ્રમાણિકરણ કરશે. આ સમગ્ર પ્રક્રિયાના અંતે તા.૭/૨/૨૦૨૬ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ બેઠકમાં SIRની મુખ્ય પ્રક્રિયાઓ તેમજ SIR શા માટે જરૂરી છે ? તે અંગે પણ રાજકીય પક્ષો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરી, રાજકીય પક્ષોના અગ્રણીઓ તેમજ જિલ્લાના તમામ મતદાર નોંધણી અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.




# સઉદી અરેબિયા નવા નિયમો સાથે ઉમરાહ વિઝાની માન્યતામાં ઘટાડો કરશે

(એજન્સી) તા.૩૧

મક્કાઃ સાઉદી હજ અને ઉમરાહ મંત્રાલયે ઉમરાહ વિઝા નિયમોમાં નવા સુધારાની જાહેરાત કરી છે, જેમાં જારી થયાની તારીખથી માન્યતા અવધિ ત્રણ મહિનાથી ઘટાડીને એક મહિના કરવાનો સમાવેશ થાય છે. આવતા અઠવાડિયાથી અમલમાં આવનારા નવા નિયમો હેઠળ, જો યાત્રાળુ સાઉદી અરેબિયામાં પ્રવેશ માટે નોંધણી કરાવવામાં નિષ્ફળ જાય તો ઉમરાહ વિઝા જારી થયાના ૩૦ દિવસ પછી આપમેળે રદ થઈ જશે. જો કે, રાજ્યની અંદર યાત્રાળુઓ માટે રોકાણનો સમયગાળો ત્રણ મહિનાનો યથાવત છે. મંત્રાલયના આ પગલાનો હેતુ વિઝા વ્યવસ્થાપન પ્રણાલીને સુવ્યવસ્થિત કરવાનો અને પવિત્ર શહેરોમાં યાત્રાળુઓના પ્રવાહને નિયંત્રિત કરવાનો છે, ખાસ કરીને ઠંડીના મહિનાઓમાં જ્યારે યાત્રાળુઓની સંખ્યા પરંપરાગત રીતે વધે છે. ઉમરાહ અને મુલાકાત માટેની રાષ્ટ્રીય સમિતિના સલાહકાર અહેમદ બજૈફરે જણાવ્યું હતું

## આ નવા નિયમો આગામી અઠવાડિયાથી લાગુ થશે

કે આ નિર્ણય ઉનાળાની ઋતુના અંત પછી યાત્રાળુઓના આગમનમાં અપેક્ષિત વધારો કરવા માટે મંત્રાલયની તૈયારીઓનો ભાગ છે. આ ગોઠવણ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે મોટી સંખ્યામાં ઉમરાહ યાત્રાળુઓ મક્કા અને મદીનામાં એક સાથે ભેગા ન થાય. આ ફેરફાર ઉમરાહ પ્રક્રિયાને સરળ અને વધુ સારી રીતે નિયંત્રિત કરવા માટે કિંગડમ દ્વારા રજૂ કરાયેલા પગલાંની શ્રેણીને અનુરૂપ છે. ઓક્ટોબરમાં, સાઉદી અધિકારીઓએ નુસુક અથવા મસાર જેવા સત્તાવાર પ્લેટફોર્મ દ્વારા યાત્રાળુઓ માટે રહેઠાણની પ્રી-બુકિંગ અને પરિવહન વ્યવસ્થા ચકાસવા માટે કડક આવશ્યકતાઓ લાગુ કરી છે. હજ અને ઉમરાહ મંત્રાલયે વ્યક્તિગત, કૌટુંબિક મુલાકાત, ઈલેક્ટ્રોનિક પ્રવાસી, પરિવહન અને કાર્ય વિઝા સહિત તમામ વિઝા શ્રેણીઓના ધારકોને રાજ્યમાં તેમના રોકાણ દરમિયાન યાત્રા કરવાની મંજૂરી આપીને ઉમરાહની ઍક્સેસનો વિસ્તાર કર્યો છે. આ નવીનતમ સુધારાઓ યાત્રાળુ સેવાઓ વધારવા, કાર્યક્ષમ ભીડ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા અને વિશ્વભરના મુસ્લિમો માટે સુરક્ષિત, વધુ સંગઠિત આધ્યાત્મિક અનુભવ પ્રદાન કરવા માટે વિઝન ૨૦૩૦ હેઠળ સાઉદી અરેબિયાના વ્યાપક પ્રયાસોને દર્શાવે છે. જૂનની શરૂઆતમાં નવી ઉમરાહ સીઝનની શરૂઆત થઈ ત્યારથી, સાઉદી અરેબિયાએ આંતરરાષ્ટ્રીય યાત્રાળુઓને ચાર મિલિયનથી વધુ વિઝા જારી કર્યા છે, જે પાંચ મહિનાથી ઓછા સમયમાં રેકોર્ડ આંકડો છે. ઉમરાહ એ મક્કા અને મદીનાના પવિત્ર શહેરોની બિન-ફરજિયાત યાત્રા છે, જે સમગ્ર વર્ષ દરમિયાન ગમે ત્યારે કરવામાં આવે છે. તે હજથી અલગ છે. હજ એ જીવનમાં એકવાર પૈસાપાત્ર લોકો માટે ફરજિયાત છે અને ઈસ્લામિક કેલેન્ડરના ચોક્કસ સમયગાળા દરમિયાન કરવામાં આવતી ફરજિયાત યાત્રા છે.

# એકતાનગર ખાતે ભારત પર્વનો પ્રારંભ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે ઉદ્ઘાટન

## ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન વિવિધ રાજ્યોની સંસ્કૃતિનો સંગમ, VVIPsનું થશે આગમન

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૩૧

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તારીખ ૦૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નર્મદા જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે, જ્યાં તેઓ દેશની એકતા અને સંસ્કૃતિના મહાપર્વ 'ભારત પર્વ'નો પ્રારંભ કરાવશે. નર્મદા ડેમ ન્યૂ પોઈન્ટ -૧ ખાતે તારીખ ૦૧થી ૧૫ નવેમ્બર દરમિયાન આ ભવ્ય આયોજન થશે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત આ ૧૫ દિવસીય પર્વમાં દેશના વિવિધ રાજ્યોના કલાકારો પોતાની કલા-સંસ્કૃતિનું પ્રદર્શન કરશે. આ સાથે જ, વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા ગુજરાતી સમાજ સાથે શુભગ સમન્વય સાધતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ સહિતના મહાનુભાવો (VVIPs)નું આગમન થવાનું છે, જેને ધ્યાનમાં રાખીને પ્રોટોકોલ મુજબની વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ભારત પર્વ'ના ઉદ્ઘાટન બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના દર્શન કરશે. ત્યારબાદ, તેઓ પ્રવાસીઓ માટેના નવા આકર્ષણ કેન્દ્ર એવા 'એકતા પ્રકાશ પર્વ'ની પણ મુલાકાત લેશે. આ મેગા ઈવેન્ટના આયોજનની આખરી સમીક્ષા માટે ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટી સંકુલ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારે ભારત પર્વની ઉજવણીની રૂપરેખા આપીને ૧૫ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એસ.કે. મોદી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ જરૂરી સૂચનો કર્યા હતા. વિવિધ સમિતિના અધિકારીઓને સોંપાયેલી જવાબદારીઓ સુપેરે પાર પડે તે માટે ચર્ચા વિચારણા કરાઈ હતી. બેઠકમાં પ્રવાસન વિભાગના એમડી પ્રભવ જોશી, નાયબ વન સંરક્ષક અગ્નિશ્વર વ્યાસ, અધિક કલેક્ટર સર્વ ગોપાલ બામણીયા અને નારાયણ માધુ સહિત અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી શહેરમાં વલસાડ જિલ્લા વકફ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૩૧

વાપી શહેરમાં અને વલસાડ જિલ્લામાં આવેલી તમામ મસ્જિદો, મદ્રસાઓ, કબ્રસ્તાનો અને વકફ અન્ય મિલકતો અને ધાર્મિક સ્થાનોના રક્ષણ અને જાગૃતિ માટે અને ભારત સરકાર દ્વારા વકફની મિલકતોની તમામ માહિતી માટે ઉમીદ પોર્ટલ પર નોંધણી કરાવવામાં મદદરૂપ થવા માટે વાપી શહેરમાં વકફ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આવેલા મસ્જિદોના ટ્રસ્ટીઓને માર્ગદર્શન અને માહિતી આપવા માટે ઉમીદ પોર્ટલ નિષ્ણાત ઉંમરદરાઝ ચશ્માવાળા, બૅરિસ્ટર આરીફ અન્સારી સુરતવાળા અને વલસાડથી સી.એ. ફહદ કરૂં તરફથી સંબોધન કરીને પડદા ઉપર વીડિયો પ્રદર્શન આપવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે, ૫ ડિસેમ્બર સુધીમાં ઉમીદ પોર્ટલ પર રજિસ્ટ્રર કરવાનો છેલ્લો દિવસ છે અને જો રજિસ્ટ્રર કરવામાં નહીં આવે તો વકફ મિલકતને ગેરકાનૂની ગણીને વકફ મિલકત માનવામાં નહીં આવે. આ વકફ જાગૃતિ કાર્યક્રમ દરમિયાન આવેલા ટ્રસ્ટીઓ અને આવેલા મહેમાનો દ્વારા પ્રશ્નોત્તરી દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાપી શહેરમાં વલસાડ જિલ્લામાં વકફ જાગૃતિ આપવામાં આવે અને ઉમીદ પોર્ટલ પર રજિસ્ટ્રર થાય તે માટે વાપી શહેર જમિયત ઉલ્માએ ટ્રસ્ટના પ્રમુખ ઈનતેખાબ આલમ ખાન, વલસાડ શહેરના સામાજિક કાર્યકર મોહમદ ઝાહિદ દરિયાઈ, અબ્દુલવહાબ ખાન અને યજમાન તરીકે હઝરત મૌલાના મઆઝ (ઈમામ જામાં મસ્જિદ વાપી) દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : યુસુફ ઘાંચી, વાપી)

### સુરેન્દ્રનગરમાં ખેડૂત મહાસંમેલન યોજાયું

# વિસાવદરમાં ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપે મંત્રી મંડળ બદલી દીધું, ભૂપેન્દ્ર પટેલને ડમી CM બનાવી દીધા : કેજરીવાલ

## બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા; હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM' ભૂપેન્દ્ર પટેલનું કંઈ ચાલતું નથી : અરવિંદ કેજરીવાલના પ્રહાર



### ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે : પંજાબના મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના વાંટાવચ્છ ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી રહી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતોના વિવિધ પ્રશ્નનો મુદ્દે સરકારને ઘેરી હતી.

આમ આદમી પાર્ટી નેતાઓ દ્વારા બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચાર વિરૂદ્ધ આ મહાપંચાયત યોજાઈ હતી. જેમાં અરવિંદ કેજરીવાલે ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણ અંગે અને બોટાદમાં ખેડૂતોને જેલમાં પુરવા જેવી અનેક બાબતો પર સરકાર પર આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને ઈમાન આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા અને પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલને ડમી CM' બનાવી દીધા. હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM' છે.

કડદો શબ્દનો સીધો સાદો અર્થ થાય છે કાપ કે ઘટાડો, માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો પોતાનો પાક વેચવા લાવે ત્યારે વેપારીઓ અથવા દલાલો વજન કરતી વખતે ગુણવત્તા બતાવતા જે કપાત કરે છે તેને કડદો કહેવાય છે. ઉદાહરણ તરીકે ખેડૂત ૧૦૦ કિલો પાક લઈ આવ્યો હોય તો કડદાના નામે તેમા પહેલા સીધી ત્રણ કિલોની ઘટ કરી દેવામાં આવે. તેની સાથે પાકમાં ભેજ છે, દાણા નાના છે, કચરૂં છે તેમ કહીને કિંમતમાં ઘટાડો કરી દેવામાં આવે. આ કડદો પ્રથા વર્ષોથી છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, પંજાબમાં પૂર આવ્યું તો પંજાબ સરકારે એક મહિનામાં જ ખેડૂતોના ખાતામાં ૫૦-૫૦ હજાર જમા કરાવ્યા પરંતુ અહીની સરકાર માત્ર સર્વે કરીને સંતોષ માને છે. ખેડૂતોની આશા પર આ સરકાર પાણી ફેરવી રહી છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, વિસાવદરમાં અમારા ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપની પેન્ટ ભીની થઈ ગઈ અને મંત્રીમંડળ બદલી દીધું. ભૂપેન્દ્ર પટેલને સીએમથી ડમી સીએમ બનાવી દીધા. પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલનું કંઈ ચાલતું નથી, હર્ષ સંઘવી આખી સરકાર ચલાવે છે. ભાજપ-કોંગ્રેસ પતિ-પત્નીની જેમ સંબંધ સાચવે છે, કારણ કે એમના ગોરખધંધા બંધ થઈ જાય.. કોંગ્રેસના નેતાઓ ક્યારેય જેલમાં નથી જતા માત્ર આમ આદમી પાર્ટીના નેતાઓ જ જેલમાં જાય છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ટ્રમ્પના ઈશારે કામ કરતી હોય ટ્રમ્પ આગળ એમની પેન્ટ ભીની થઈ જાય છે. અહીં હર્ષ સંઘવી રાજા થઈને ફરે છે. હર્ષ સંઘવીએ ખેડૂતોને જેલમાં મોકલ્યા તો ભાજપે એમને ઈનામ આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા.

કેજરીવાલે જણાવ્યું કે, ખેડૂતોએ ૩૦ વર્ષ વોટ આપીને ભાજપને જીતાડી અને એમણે જ આ ખેડૂતોની દિવાળી બગાડી. ભાજપની સરકાર પોલીસને આગળ કરે છે, હું સરકારને કહેવા માંગુ છું કે, એક દિવસ તમે પોલીસને આગળ ન કરો અને પછી જુઓ તમે આ ખેડૂતો તમને દોડાવી-દોડાવીને મારશે.

કેજરીવાલે જણાવ્યું કે, આદિવાસીઓ માટે આંદોલન કરતા ચૈતર વસાવાને પણ આ ક્રૂર સરકારે જેલમાં ધકેલી દીધા હતા. આ સરકાર સામે જો તમે સવાલ ઉઠાવો તો તમે આસામાજિક તત્ત્વ હોવ એ રીતના સરકાર તમારી સાથે વર્તન કરે છે. આ કડદા પ્રથા કરીને સરકાર પોતાના માલનો પૂરતો ભાવ પણ ખેડૂતોને નથી આપતી. ખેડૂતોએ અવાજ ઉઠાવ્યો તો ભાજપની પોલીસે ઘરમાં ઘૂસીને નાના બાળકોને પણ મારમાર્યો. ભાજપવાળાઓએ દિવાળી મનાવી અને ખેડૂત પરિવાર રોઈ રહ્યો હતો.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની




પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારે લોકતંત્ર છે, માણસ જે ઈચ્છે એ કરી શકે છે. પરંતુ જ્યારે તેને અહંકાર આવે ત્યારે એનું પતન થાય છે. એમ ગુજરાતમાં હવે ભાજપનું પતન થવાની તૈયારી છે. કારણ કે આ સરકારનો હવે ખેડૂતો પર અત્યાચાર વધી ગયો છે. આજે અમે રાજકોટથી અહીં બાયરોડ આવ્યા તો અમે જોયું કે અહીં રસ્તામાં ખાડા નથી પરંતુ ખાડામાં રસ્તો છે. ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારના વિરોધમાં તમે આટલી મોટી સંખ્યામાં ભેગા થયા છો, એ જોઈને લાગે છે કે પંજાબની જેમ ગુજરાતનો ખેડૂત હવે જાગી ગયો છે અને પોતાના હક માટે લડવા તૈયાર છે. આટલી મોટી સંખ્યામાં તમારો ઉત્સાહ જોઈને લાગે છે કે હવે તમે નવો અધ્યાય લખવાની તૈયારીમાં છો. ગુજરાતમાં ભાજપની સરકાર જે પ્રમાણે ખેડૂતો પર અત્યાચાર કરે છે એને તમારે જડબાતોડ જવાબ આપવાનો છે.

# એકતાનગર ખાતે ભારત પર્વનો પ્રારંભ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે ઉદ્‌ઘાટન

## ૧થી ૧૫ નવેમ્બર દરમિયાન વિવિધ રાજ્યોની સંસ્કૃતિનો સંગમ, VVIPsનું થશે આગમન

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૩૧

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તારીખ ૦૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નર્મદા જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે, જ્યાં તેઓ દેશની એકતા અને સંસ્કૃતિના મહાપર્વ 'ભારત પર્વ'નો પ્રારંભ કરાવશે. નર્મદા ડેમ ન્યૂ પોઈન્ટ -૧ ખાતે તારીખ ૦૧થી ૧૫ નવેમ્બર દરમિયાન આ ભવ્ય આયોજન થશે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત આ ૧૫ દિવસીય પર્વમાં દેશના વિવિધ રાજ્યોના કલાકારો પોતાની કલા-સંસ્કૃતિનું પ્રદર્શન કરશે. આ સાથે જ, વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા ગુજરાતી સમાજ સાથે શુભગ સમન્વય સાધતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ સહિતના મહાનુભાવો (VVIPs)નું આગમન થવાનું છે, જેને ધ્યાનમાં રાખીને પ્રોટોકોલ મુજબની વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ભારત પર્વ'ના ઉદ્‌ઘાટન બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના દર્શન કરશે. ત્યારબાદ, તેઓ પ્રવાસીઓ માટેના નવા આકર્ષણ કેન્દ્ર એવા 'એકતા પ્રકાશ પર્વ'ની પણ મુલાકાત લેશે. આ મેગા ઈવેન્ટના આયોજનની આખરી સમીક્ષા માટે ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટી સંકુલ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. સચિવ ડૉ.રાજેન્દ્ર કુમારે ભારત પર્વની ઉજવણીની રૂપરેખા આપીને ૧૫ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એસ.કે. મોદી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ જરૂરી સૂચનો કર્યા હતા. વિવિધ સમિતિના અધિકારીઓને સોંપાયેલી જવાબદારીઓ સુપેરે પાર પડે તે માટે ચર્ચા વિચારણા કરાઈ હતી. બેઠકમાં પ્રવાસન વિભાગના એમડી પ્રભવ જોશી, નાયબ વન સંરક્ષક અગ્નિશ્વર વ્યાસ, અધિક કલેક્ટર સર્વ ગોપાલ બામણીયા અને નારાયણ માધુ સહિત અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તાંઝાનિયામાં કટોકટી વધુ ગંભીર : વિરોધ પક્ષોએ વિરોધ પ્રદર્શનોમાં ૭૦૦ લોકોનાં મોત થયા હોવાનો આરોપ લગાવ્યો, આ અરાજકતા શા માટે ઊભી થઈ છે ?

(એજન્સી) તા.૩૧

તાંઝાનિયામાં બુધવારની વિવાદિત સામાન્ય ચૂંટણી બાદ તાંઝાનિયામાં વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે. સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું હતું કે, તેમને દાર એસ સલામ, શિન્યાંગા અને મોરોગોરોમાં મૃત્યુના 'વિશ્વસનીય અહેવાલો' મળ્યા છે. વિરોધી પક્ષોએ વ્યાપક ચૂંટણીમાં છેતરપિંડીનો આરોપ લગાવ્યા બાદ દેશભરમાં અશાંતિ ફેલાઈ ગઈ છે.



**વિવાદિત મતદાન પછી અશાંતિ :**

રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાથી બે મુખ્ય વિપક્ષી ઉમેદવારોને પ્રતિબંધિત કરવામાં આવ્યા બાદ બુધવારે બપોરે વિરોધ પ્રદર્શનો થયા હતા. વાણિજ્યિક રાજધાની દાર એસ સલામ અને અન્ય દરમિયાન ઓછામાં ઓછા બે મૃત્યુની જાણ કરી હતી, જ્યારે સાક્ષીઓએ જણાવ્યું હતું કે, પોલીસે અનેક વિસ્તારોમાં પ્રદર્શનોને રોકવા માટે ગોળીબાર કર્યો હતો. ૨૦૨૧માં સ્વ. જોન મગુફુલીના અનુગામી બનેલા રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસનની શરૂઆતમાં વિરોધ અને મીડિયા પરના પ્રતિબંધો હળવા કરવા બદલ પ્રશંસા કરવામાં આવી છે. જો કે, ટીકાકારો હવે તેમના પર સરમુખત્યારશાહી અભિગમ તરફ પાછા ફરવાનો આરોપ લગાવે છે. તાંઝાનિયા રાજકીય ધ્રુવીકરણ સાથે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે આ ચૂંટણી હસનના નેતૃત્વ માટે એક મુખ્ય કસોટી છે. ચૂંટણી પંચે કામચલાઉ પરિણામો જાહેર કરવાનું શરૂ કર્યું છે જેમાં હસનને અનેક મતવિસ્તારોમાં કમાન્ડિંગ લીડ દર્શાવવામાં આવી છે. એક નિવેદનમાં

**તાંઝાનિયામાં તાજેતરમાં વિવાદાસ્પદ સામાન્ય ચૂંટણી બાદ થયેલી અથડામણોમાં ઓછામાં ઓછા દસ લોકોનાં મોત અને અસંખ્ય લોકો ઘાયલ થયા છે, વિપક્ષી ઉમેદવારોને ચૂંટણી લડવાથી રોકવામાં આવ્યા બાદ આ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, જેના કારણે શાસક CCM પાર્ટી સામે ચૂંટણીમાં છેતરપિંડીના આરોપો લાગ્યા હતા**

શહેરોમાં પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા અને સરકાર પર અસંમતિને દબાવવાનો અને શાસક ચામા ચા માપિંદુઝી (CCM) પાર્ટીના પક્ષમાં પરિણામો સાથે છેડછાડ કરવાનો આરોપ લગાવ્યો હતો. તે ૧૯૬૧માં સ્વતંત્રતા પછી તાંઝાનિયા પર શાસન કરી રહી છે.

સાક્ષીઓએ જણાવ્યું હતું કે, પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. અનેક વાહનો, પોલીસ સ્ટેશન અને એક ગેસ સ્ટેશનને આગ ચાંપી દેવામાં આવી હતી. ત્યારથી અધિકારીઓએ કર્ફ્યુ લાદ્યો છે, ઈન્ટરનેટ એક્સેસ બંધ કરી દીધી છે અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે લશ્કર તૈનાત કર્યું છે. સરકારે શુક્રવારે કહ્યું કે, તે હિંસાની 'ઘટનાઓ' બાદ શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહી છે. કાયદો અને વ્યવસ્થાના ભંગની ઘટનાઓને કારણે, સરકારે સુરક્ષા વધારી દીધી છે અને અન્ય ઘણા સાવચેતીના પગલાં લીધા છે. હાલના સુરક્ષા પગલાં કામચલાઉ છે પરંતુ જરૂરી છે અને ટૂંક સમયમાં સામાન્ય સ્થિતિ થઈ જશે.

વિદેશ મંત્રાલયે રાજ્ય ટેલિવિઝન પર પ્રસારિત એક સંદેશમાં જણાવ્યું હતું કે, લશ્કરી અને પોલીસ એકમો મુખ્ય શહેરોમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે, લોકોને માન્ય કારણો વિના ફરતા અટકાવી રહ્યા છે. હિંસાને રોકવા માટે સાવચેતીના પગલાના ભાગરૂપે સિવિલ સેવકોને ઘરેથી કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**વિપક્ષે સેંકડો લોકોનાં મોતનો દાવો કર્યો :**

રોઈટર્સના અહેવાલ મુજબ તાંઝાનિયાના મુખ્ય વિપક્ષી પક્ષ, ચાડેમા જેને ચૂંટણી આચારસંહિતામાં હસ્તાક્ષર કરવાનો ઈન્કાર કર્યા બાદ ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, તેણે આરોપ લગાવ્યો કે બુધવારથી લગભગ ૭૦૦ લોકો માર્યા ગયા છે. પક્ષના પ્રવક્તા જોન કિટોકાએ જણાવ્યું હતું કે, આ અંદાજ આરોગ્ય કર્મચારીઓ પાસેથી મળેલી માહિતી પર આધારિત છે. કિટોકાએ રોઈટર્સને જણાવ્યું હતું કે, અમે ચૂંટણી સુધારા માટેની અમારી માગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવા માટે હાકલ કરી રહ્યા છીએ. વિપક્ષે ઝાંઝીબાર મતદાનમાં 'મોટા પાયે છેતરપિંડી'નો પણ દાવો કર્યો હતો, જ્યાં ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે, વર્તમાન રાષ્ટ્રપતિ હુસૈન મ્વિનીએ ૭૮.૮% મતો જીત્યા છે.

યુએન માનવાધિકાર કાર્યાલયના પ્રવક્તા સેફ મગાંગોએ તાંઝાનિયાના અધિકારીઓ દ્વારા અતિશય બળના ઉપયોગની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે, અમે સુરક્ષા દળોને વિરોધીઓ સામે બિનજરૂરી અથવા અપ્રમાણસર બળનો ઉપયોગ કરવાનું ટાળવા અને તણાવ ઓછો કરવા માટે તમામ પ્રયાસો કરવા હાકલ કરીએ છીએ. વિરોધીઓએ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવું જોઈએ. તેમણે સરકારને ઈન્ટરનેટ એક્સેસ પુનઃસ્થાપિત કરવા પણ વિનંતી કરી છે.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે વિરોધ પ્રદર્શનો યુરોપિયન કાયદા નિર્માતાઓએ આ ચૂંટણીઓને 'છેતરપિંડી' ગણાવી હતી જે દમન, ધાકધમકી અને ભયના વાતાવરણમાં થઈ હતી.

સરકારે કોઈ જાનહાનિના આંકડા જાહેર કર્યા નથી અથવા મૃત્યુના અહેવાલો પર ટિપ્પણી કરી નથી. તાંઝાનિયાના મુખ્ય વિપક્ષી પક્ષે દાવો કર્યો છે કે, આ અઠવાડિયાની વિવાદિત ચૂંટણીઓ પછી થયેલા વિરોધ પ્રદર્શનોમાં સેંકડો લોકો માર્યા ગયા હતા, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર કહે છે કે, તેમની પાસે 'વિશ્વસનીય અહેવાલો' છે કે, ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા છે. ચાડેમા પાર્ટીના પ્રવક્તા જોન કિટોકાએ શુક્રવારે AFP ન્યૂઝ એજન્સીને ઉત્તરી તાંઝાનિયાના વાણિજ્યિક રાજધાનીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, દાર-એ-સલામમાં મૃત્યુઆંક લગભગ ૩૫૦ છે અને મ્વાન્ઝામાં ૨૦૦થી વધુ છે. જો આપણે દેશના અન્ય સ્થળોના આંકડા ઉમેરીએ તો કુલ ૭૦૦ જેટલા મૃત્યુઆંક છે. ચાડેમાએ કહ્યું કે, તેના સભ્યોએ આ આંકડા માટે દેશભરની હોસ્પિટલોનો પ્રવાસ કર્યો હતો. AFPએ અહેવાલ આપ્યો છે કે, તેને સુરક્ષા સ્ત્રોત તરફથી 'સમાન સંખ્યા'માં મૃત્યુના સમાચાર મળ્યા છે. અલ જઝીરા આ અઠવાડિયાની હિંસામાં મૃત્યુઆંકની સ્વતંત્ર રીતે ચકાસણી કરવામાં અસમર્થ રહ્યું છે. તાંઝાનિયાની સરકારે પણ જાનહાનિ અંગે કોઈ અંદાજ જાહેર કર્યો નથી, ફક્ત એટલું જ કહ્યું છે કે, તેના દળો 'આવી ઘટનાઓ' પછી વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી રહ્યા છે.

# BMCની ચૂંટણી પહેલા ઠાકરે કેમ્પને ઝટકો ! : સંજય રાઉત તેમના ખરાબ સ્વાસ્થ્યને લીધે જાહેર જીવનમાંથી બે મહિના બ્રેક લેશે

## આ જાહેરાતથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને મહત્ત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણી હવે થોડા મહિનામાં જ આવી રહી છે

(એજન્સી) તા.૩૧

મહારાષ્ટ્રમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમમાં શિવસેના (UBT) સાંસદ સંજય રાઉત, જે મહા વિકાસ અઘાડી (MVA) ગઠબંધનના સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ પૈકી એક છે અને તેઓ ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી છે, તેમણે જાહેરાત કરી છે કે, તેઓ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે આગામી બે મહિના માટે જાહેર જીવનથી દૂર રહેશે. આ જાહેરાતથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને કારણ કે, તે મહત્ત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણીના થોડા મહિનામાં જ આવી રહી છે.

**સ્વાસ્થ્ય ચિંતાઓ અને રાજકીય અંતરાય :**

શિવસેના (UBT)ના 'પ્રખર તોપ' તરીકે વર્ણવવામાં આવતા રાઉતે X પર શેર કરાયેલી એક પત્રિકામાં પોતાના સ્વાસ્થ્યની સ્થિતિનો ખુલાસો કર્યો હતો અને આ પત્ર પાર્ટીના કાર્યકરો અને સમર્થકોને સંબોધિત કરવામાં આવ્યો હતો. આ નોંધમાં તેમણે ખુલાસો કર્યો કે, તેમની તબિયત અણધારી રીતે બગડી ગઈ હતી અને ડોક્ટરો દ્વારા તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.

તેમણે લખ્યું કે, તમે બધા હંમેશા મારામાં વિશ્વાસ કરતા આવ્યા છો અને મને પ્રેમ કરો છો પરંતુ હવે અચાનક મારી તબિયત ગંભીર રીતે ખરાબ થઈ છે. સારવાર ચાલી રહી છે, હું ટૂંક સમયમાં સ્વસ્થ થઈ જઈશ.

રાજ્યસભાના આ સાંસદને થોડા દિવસો પહેલા અસ્વસ્થતા થયા બાદ મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, અગાઉ તેમનું તબીબી પરીક્ષણ થયું હતું, તેમની તબિયત અણધારી રીતે વધુ ખરાબ થઈ ગઈ હતી, જેના કારણે તેમણે તમામ જાહેર અને રાજકીય કાર્યક્રમોથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો.

**સમર્થકોને વ્યક્તિગત અપીલ :**

'બધા મિત્રો, પરિવાર અને કાર્યકરોને નમ્ર વિનંતી' એવા શીર્ષક સાથે તેમના ભાવનાત્મક સંદેશમાં રાઉતે સમર્થકોને આ મુશ્કેલ સમયગાળા દરમિયાન તેમનામાં વિશ્વાસ રાખવા વિનંતી કરી છે અને કહ્યું છે કે, તબીબી સલાહ મુજબ મને બહાર જવા અને ભીડ સાથે ભળવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. તેનાથી બચવાનો કોઈ રસ્તો નથી. મને ખાતરી છે કે, હું સ્વસ્થ થઈશ અને નવા વર્ષમાં તમને મળવા આવીશ. તમારો પ્રેમ અને આશીર્વાદ મારી સાથે રહેશે, 'જય મહારાષ્ટ્ર !'

રાઉત જે નિયમિતપણે તેમના પક્ષના મંતવ્યો વ્યક્ત કરવા માટે સવારે પ્રેસ કોન્ફરન્સ કરતા હતા, તે તાજેતરના દિવસોમાં મીડિયા સમક્ષ દેખાયા નથી અને તેમની આ નોંધપાત્ર ગેરહાજરીએ તેમના સત્તાવાર નિવેદનમાં બીમારીની પુષ્ટિ થાય તે પહેલાં અનેક અટકળો ઊભી કરી હતી.

**ઠાકરે છાવણી અનેક પડકારનો સામનો કરી છે અને BMC ચૂંટણીઓ ઉત્તેજનાપૂર્ણ બનશે :**

રાઉતના કામચલાઉ વિરામને શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે, જે BMC ચૂંટણી માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં તેના હરીફ સેના જૂથો વચ્ચે પ્રતિષ્ઠાનો મુકાબલો થવાની સંભાવના છે. શાસક ગઠબંધનના આ સૌથી વધુ બોલતા અને ભાજપના ટીકાકારો પૈકી એક અને MVA માટે મુખ્ય વ્યૂહરચનાકાર રાઉતની ગેરહાજરી ઠાકરે છાવણીના સંદેશાવ્યવહાર અને ચૂંટણી વ્યૂહરચનાને અસર કરી શકે છે. શિવસેના (UBT) મુંબઈની સૌથી રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ નાગરિક ચૂંટણીઓ માટે તૈયારી કરી રહી છે અને હવે તે તેના સૌથી ઉગ્ર પ્રવક્તા વિના આ મોરચે લડવું પડશે.

## 'મેરા પરિવાર આપકા આભારી હૈ' : વડાપ્રધાન મોદીએ તેમના સ્વસ્થ થવાની શુભેચ્છાઓ પાઠવતા સંજય રાઉતે તેઓને અસામાન્ય જવાબ આપ્યો

**શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે તેમની બીમારીના સમાચાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી શુભકામનાઓ બદલ આભાર માન્યો છે**

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે તેમની બીમારીના સમાચાર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી શુભકામનાઓ બદલ આભાર માન્યો છે. X પર પ્રધાનમંત્રીની પોસ્ટનો જવાબ આપતા રાઉતે લખ્યું કે, 'આદરણીય પ્રધાનમંત્રીજી, આભાર ! મારો પરિવાર તમારો આભારી છે ! જય હિંદ, જય મહારાષ્ટ્ર !'

શુક્રવારે રાઉતે જાહેરાત કરી હતી કે, તેઓ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે બે મહિના માટે જાહેર જીવનથી દૂર રહેશે. પ્રધાનમંત્રીએ તેમને 'ઝડપી સ્વસ્થતા અને સારા સ્વાસ્થ્ય'ની શુભેચ્છા પાઠવી હતી, જેના કારણે બંને નેતાઓ વચ્ચે આ સૌહાર્દપૂર્ણ વાતચીત થઈ હતી.

### સુરેન્દ્રનગરમાં ખેડૂત મહાસંમેલન યોજાયું

# વિસાવદરમાં ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપે મંત્રી મંડળ બદલી દીધું, ભૂપેન્દ્ર પટેલને ડમી CM બનાવી દીધા : કેજરીવાલ

## બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા; હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM' ભૂપેન્દ્ર પટેલનું કંઈ ચાલતું નથી : અરવિંદ કેજરીવાલના પ્રહાર






(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૩૧

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના વાંટાવચ્છ ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચારના અનેક મુદ્દાઓને લઈને ચર્ચા કરવામાં આવી રહી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ખેડૂતોના વિવિધ પ્રશ્નનો મુદ્દે સરકારને ઘેરી હતી.

આમ આદમી પાર્ટી નેતાઓ દ્વારા બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા અને ખેડૂતો પરના અત્યાચાર વિરૂદ્ધ આ મહાપંચાયત યોજાઈ હતી. જેમાં અરવિંદ કેજરીવાલે ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણ અંગે અને બોટાદમાં ખેડૂતોને જેલમાં પુરવા જેવી અનેક બાબતો પર સરકાર પર આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, બોટાદમાં હર્ષ સંઘવીના ઈશારે પોલીસે ખેડૂતોને માર માર્યો તો ભાજપે સંઘવીને ઈમાન આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા અને પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલને ડમી CM' બનાવી દીધા. હવે ગુજરાતમાં સંઘવી 'સુપર CM' છે.

કડદો શબ્દનો સીધો સાદો અર્થ થાય છે કાપ કે ઘટાડો, માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો પોતાનો પાક વેચવા લાવે ત્યારે વેપારીઓ અથવા દલાલો વજન કરતી વખતે ગુણવત્તા બતાવતા જે કપાત કરે છે તેને કડદો કહેવાય છે. ઉદાહરણ તરીકે ખેડૂત ૧૦૦ કિલો પાક લઈ આવ્યો હોય તો કડદાના નામે તેમા પહેલા સીધી ત્રણ કિલોની ઘટ કરી દેવામાં આવે. તેની સાથે પાકમાં ભેજ છે, દાણા નાના છે, કચરૂં છે તેમ કહીને કિંમતમાં ઘટાડો કરી દેવામાં આવે. આ કડદો પ્રથા વર્ષોથી છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, પંજાબમાં પૂર આવ્યું તો પંજાબ સરકારે એક મહિનામાં જ ખેડૂતોના ખાતામાં ૫૦-૫૦ હજાર જમા કરાવ્યા પરંતુ અહીની સરકાર માત્ર સર્વે કરીને સંતોષ માને છે. ખેડૂતોની આશા પર આ સરકાર પાણી ફેરવી રહી છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, વિસાવદરમાં અમારા ગોપાલ ઈટાલિયા જીત્યા તો ભાજપની પેન્ટ ભીની થઇ ગઇ અને મંત્રીમંડળ બદલી દીધું. ભૂપેન્દ્ર પટેલને સીએમથી ડમી સીએમ બનાવી દીધા. પટેલ સમાજના ભૂપેન્દ્ર પટેલનું કંઇ ચાલતું નથી, હર્ષ સંઘવી આખી સરકાર ચલાવે છે. ભાજપ-કોંગ્રેસ

**ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે : પંજાબના મુખ્યમંત્રી**

પતિ-પત્નીની જેમ સંબંધ સાચવે છે, કારણ કે એમના ગોરખધંધા બંધ થઈ જાય.. કોંગ્રેસના નેતાઓ ક્યારેય જેલમાં નથી જતા માત્ર આમ આદમી પાર્ટીના નેતાઓ જ જેલમાં જાય છે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ટ્રમ્પના ઈશારે કામ કરતી હોય ટ્રમ્પ આગળ એમની પેન્ટ ભીની થઈ જાય છે. અહીં હર્ષ સંઘવી રાજા થઈને ફરે છે. હર્ષ સંઘવીએ ખેડૂતોને જેલમાં મોકલ્યા તો ભાજપે એમને ઈનામ આપીને નાયબ મુખ્યમંત્રી બનાવી દીધા.

કેજરીવાલે જણાવ્યું કે, ખેડૂતોએ ૩૦ વર્ષ વોટ આપીને ભાજપને જીતાડી અને એમણે જ આ ખેડૂતોની દિવાળી બગાડી. ભાજપની સરકાર પોલીસને આગળ કરે છે, હું સરકારને કહેવા માંગુ છું કે, એક દિવસ તમે પોલીસને આગળ ન કરો અને પછી જુઓ તમે આ ખેડૂતો તમને દોડાવી-દોડાવીને મારશે.

કેજરીવાલે જણાવ્યું કે, આદિવાસીઓ માટે આંદોલન કરતા ચૈતર વસાવાને પણ આ ક્રૂર સરકારે જેલમાં ધકેલી દીધા હતા. આ સરકાર સામે જો તમે સવાલ ઉઠાવો તો તમે આસામાજિક તત્ત્વ હોવ એ રીતના સરકાર તમારી સાથે વર્તન કરે છે. આ કડદા પ્રથા કરીને સરકાર પોતાના માલનો પૂરતો ભાવ પણ ખેડૂતોને નથી આપતી. ખેડૂતોએ અવાજ ઉઠાવ્યો તો ભાજપની પોલીસે ઘરમાં ઘૂસીને નાના બાળકોને પણ મારમાર્યો. ભાજપવાળાઓએ દિવાળી મનાવી અને ખેડૂત પરિવાર રોઈ રહ્યો હતો.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ગુજરાતની સરકારે પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાં ધકેલી દીધા. અમે આજે એમના પરિવારજનોએ આજે બોલાવ્યા અને આજે અમે એમનું સન્માન કરવાના હતા પરંતુ આ તનાશાહી સરકારની પોલીસે એવું ન થવા દીધું અને એમને સ્ટેજ સુધી ન આવવા દીધા. હું પીડિત પરિવારો સાથે છું. એક-એક ખેડૂતને અમે જેલમાંથી બહાર કાઢીશું, મોટામાં મોટા વકીલો રોકીને પણ પોતાના હક માટે લડતા ખેડૂતોને જેલમાંથી બહાર લાવીશું.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારે લોકતંત્ર છે, માણસ જે ઈચ્છે એ કરી શકે છે. પરંતુ જ્યારે તેને અહંકાર આવે ત્યારે એનું પતન થાય છે. એમ ગુજરાતમાં હવે ભાજપનું પતન થવાની તૈયારી છે. કારણ કે આ સરકારનો હવે ખેડૂતો પર અત્યાચાર વધી ગયો છે. આજે અમે રાજકોટથી અહીં બાયરોડ આવ્યા તો અમે જોયું કે અહીં રસ્તામાં ખાડા નથી પરંતુ ખાડામાં રસ્તો છે. ભાજપ સરકાર જો સરખો રસ્તો ન બનાવી શકતી હોય તો ખેડૂતોનું શું ભલું કરશે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, અત્યારના વિરોધમાં તમે આટલી મોટી સંખ્યામાં ભેગા થયા છો, એ જોઈને લાગે છે કે પંજાબની જેમ ગુજરાતનો ખેડૂત હવે જાગી ગયો છે અને પોતાના હક માટે લડવા તૈયાર છે. આટલી મોટી સંખ્યામાં તમારો ઉત્સાહ જોઈને લાગે છે કે હવે તમે નવો અધ્યાય લખવાની તૈયારીમાં છો. ગુજરાતમાં ભાજપની સરકાર જે પ્રમાણે ખેડૂતો પર અત્યાચાર કરે છે એને તમારે જડબાતોડ જવાબ આપવાનો છે.

# સઉદી અરેબિયા નવા નિયમો સાથે ઉમરાહ વિઝાની માન્યતામાં ઘટાડો કરશે

(એજન્સી) તા.૩૧

મક્કાઃ સાઉદી હજ અને ઉમરાહ મંત્રાલયે ઉમરાહ વિઝા નિયમોમાં નવા સુધારાની જાહેરાત કરી છે, જેમાં જારી થયાની તારીખથી માન્યતા અવધિ ત્રણ મહિનાથી ઘટાડીને એક મહિના કરવાનો સમાવેશ થાય છે. આવતા અઠવાડિયાથી અમલમાં આવનારા નવા નિયમો હેઠળ, જો યાત્રાળુ સાઉદી અરેબિયામાં પ્રવેશ માટે નોંધણી કરાવવામાં નિષ્ફળ જાય તો ઉમરાહ વિઝા જારી થયાના ૩૦ દિવસ પછી આપમેળે રદ થઈ જશે. જો કે, રાજ્યની અંદર યાત્રાળુઓ માટે રોકાણનો સમયગાળો ત્રણ મહિનાનો યથાવત છે. મંત્રાલયના આ પગલાનો હેતુ વિઝા વ્યવસ્થાપન પ્રણાલીને સુવ્યવસ્થિત કરવાનો અને પવિત્ર શહેરોમાં યાત્રાળુઓના પ્રવાહને નિયંત્રિત કરવાનો છે, ખાસ કરીને ઠંડીના મહિનાઓમાં જ્યારે યાત્રાળુઓની સંખ્યા પરંપરાગત રીતે વધે છે. ઉમરાહ અને મુલાકાત માટેની રાષ્ટ્રીય સમિતિના સલાહકાર અહેમદ બજૈફરે જણાવ્યું હતું કે આ નિર્ણય ઉનાળાની ઋતુના અંત પછી યાત્રાળુઓના આગમનમાં અપેક્ષિત વધારો કરવા માટે મંત્રાલયની તૈયારીઓનો ભાગ છે. આ ગોઠવણ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે મોટી સંખ્યામાં ઉમરાહ યાત્રાળુઓ મક્કા અને મદીનામાં એક સાથે ભેગા ન થાય. આ ફેરફાર ઉમરાહ પ્રક્રિયાને

**આ નવા નિયમો આગામી અઠવાડિયાથી લાગુ થશે**

સરળ અને વધુ સારી રીતે નિયંત્રિત કરવા માટે કિંગડમ દ્વારા રજૂ કરાયેલા પગલાંની શ્રેણીને અનુરૂપ છે. ઓક્ટોબરમાં, સાઉદી અધિકારીઓએ નુસુક અથવા મસાર જેવા સત્તાવાર પ્લેટફોર્મ દ્વારા યાત્રાળુઓ માટે રહેઠાણની પ્રી-બુકિંગ અને પરિવહન વ્યવસ્થા ચકાસવા માટે કડક આવશ્યકતાઓ લાગુ કરી છે. હજ અને ઉમરાહ મંત્રાલયે વ્યક્તિગત, કૌટુંબિક મુલાકાત, ઈલેક્ટ્રોનિક પ્રવાસી, પરિવહન અને કાર્ય વિઝા સહિત તમામ વિઝા શ્રેણીઓના ધારકોને રાજ્યમાં તેમના રોકાણ દરમિયાન યાત્રા કરવાની મંજૂરી આપીને ઉમરાહની ઍક્સેસનો વિસ્તાર કર્યો છે. આ નવીનતમ સુધારાઓ યાત્રાળુ સેવાઓ વધારવા, કાર્યક્ષમ ભીડ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા અને વિશ્વભરના મુસ્લિમો માટે સુરક્ષિત, વધુ સંગઠિત આધ્યાત્મિક અનુભવ પ્રદાન કરવા માટે વિઝન ૨૦૩૦ હેઠળ સાઉદી અરેબિયાના વ્યાપક પ્રયાસોને દર્શાવે છે. જૂનની શરૂઆતમાં નવી ઉમરાહ સીઝનની શરૂઆત થઈ ત્યારથી, સાઉદી અરેબિયાએ આંતરરાષ્ટ્રીય યાત્રાળુઓને ચાર મિલિયનથી વધુ વિઝા જારી કર્યા છે, જે પાંચ મહિનાથી ઓછા સમયમાં રેકોર્ડ આંકડો છે. ઉમરાહ એ મક્કા અને મદીનાના પવિત્ર શહેરોની બિન-ફરજિયાત યાત્રા છે, જે સમગ્ર વર્ષ દરમિયાન ગમે ત્યારે કરવામાં આવે છે. તે હજથી અલગ છે. હજ એ જીવનમાં એકવાર પૈસાપાત્ર લોકો માટે ફરજિયાત છે અને ઈસ્લામિક કેલેન્ડરના ચોક્કસ સમયગાળા દરમિયાન કરવામાં આવતી ફરજિયાત યાત્રા છે.

# ભાજપે આક્ષેપ કર્યો કે, ભગવંત માન ચંદીગઢમાં મુખ્યમંત્રી ક્વોટા હેઠળ કેજરીવાલ માટે 'શીશ મહેલ' બનાવી રહ્યા છે : AAPએ આ અહેવાલને 'ફેક ન્યૂઝ' કહીને ફગાવી દીધા

(એજન્સી) તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના કન્વીનર અરવિંદ કેજરીવાલ માટે ચંદીગઢમાં એક સરકારી બંગલાનું ભવ્ય રીતે નવીનીકરણ કરવામાં આવ્યું હોવાના આરોપો સામે આવ્યા બાદ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વિરુદ્ધ નવો હુમલો શરૂ થયો છે. જો કે, AAPએ આ આરોપોને 'ફેક ન્યૂઝ' ગણાવીને નકારી કાઢ્યા છે. પંજાબ ભાજપના કાર્યકારી પ્રમુખ અશ્વિની શર્માએ માન પાસેથી એવા અહેવાલો અંગે જાહેર સ્પષ્ટતા માંગી છે કે, મુખ્યમંત્રી ક્વોટા હેઠળ ફાળવવામાં આવેલા સેક્ટર-૨માં આવેલા બંગલાને કેજરીવાલ માટે નવા 'શીશ મહેલ'માં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. શર્માએ કહ્યું કે, આ વિવાદ હવે ફક્ત પંજાબ પૂરતો મર્યાદિત નથી પરંતુ દિલ્હીમાં પણ ગુંજી રહ્યો છે. આપના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ દ્વારા તાજેતરમાં આ મુદ્દો ઊઠાવવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કરતા શર્માએ માનની ભૂમિકા પર સીધો પ્રશ્ન ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભગવંત માન જી, શું એ સાચું છે કે, તમારા મુખ્યમંત્રી ક્વોટા હેઠળ તમને ફાળવવામાં આવેલા સેક્ટર-૨ બંગલાને અરવિંદ કેજરીવાલ માટે નવા 'શીશ મહેલ' તરીકે નવીનીકરણ કરવામાં આવ્યું છે ? પંજાબના લોકોને સત્ય જણાવવું જોઈએ. તેમણે આરોપ લગાવ્યો કે, દિલ્હીમાં થયેલા 'શીશ મહેલ' વિવાદની જેમ હવે પંજાબમાં પણ આવી જ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. શર્માએ 'કરદાતાઓના પૈસાના ખર્ચે વ્યક્તિગત વૈભવમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ' ગણાવતા મુખ્યમંત્રી માનને આ બાબતે તાત્કાલિક સ્પષ્ટતા કરવા

**પંજાબ ભાજપ કહે છે કે, કેજરીવાલ ચૂંટાયેલા ધારાસભ્ય નથી કે રાજ્ય સરકારનો ભાગ નથી અને તેઓએ આ મામલે CM માન પાસેથી સ્પષ્ટતા માંગી છે**

વિનંતી કરી છે. ભાજપે આરોપ લગાવ્યો હતો કે, કેજરીવાલને મુખ્યમંત્રી ભગવંત માનના ક્વોટા હેઠળ પંજાબમાં '૭-સ્ટાર સુવિધા સાથે શીશ મહેલ' આપવામાં આવી રહ્યો છે, જો કે, તેઓ ચૂંટાયેલા ધારાસભ્ય નથી કે રાજ્ય સરકારનો ભાગ નથી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, દિલ્હીમાં ચૂંટણી હારી ગયેલા AAP નેતાઓને પણ પંજાબમાં વિવિધ બોર્ડ અને કમિશનમાં 'સ્થાપિત' કરવામાં આવ્યા છે અને તેમણે કેજરીવાલ અને તેમની પાર્ટી પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તેમણે કહ્યું કે, દિલ્હીના લોકોએ કેજરીવાલને નવી દિલ્હીમાં તેમના 'શીશ મહેલ'માંથી દૂર કર્યા પરંતુ શીશ મહેલની માનસિકતા હજુ સુધી ગઈ નથી અને પંજાબના મુખ્યમંત્રી ક્વોટા હેઠળ કરદાતાઓના પૈસાથી પંજાબમાં શીશ મહેલ, ભાગ-૨ બનાવવામાં આવી રહ્યો છે કારણ કે, કેજરીવાલ પંજાબના સુપર સીએમ છે. તેઓ ચૂંટાયેલા ધારાસભ્ય નથી, તેઓ સરકારમાં નથી, પરંતુ પંજાબી કરદાતાઓના ભોગે ફક્ત તેમના માટે ૭-સ્ટાર સુવિધા આપવામાં આવી રહી છે. ભાજપના પ્રવક્તાએ આરોપ લગાવ્યો કે, પંજાબમાં શાસક AAPએ રાજ્યના લોકોને આપેલા વચનો પાળ્યા નથી. તેઓએ પંજાબની મહિલાઓને આપેલા પૈસા આપ્યા નથી, પરંતુ કેજરીવાલની VVIP સુરક્ષા માટે ૧૦૦ કારનો કાફલો અને પછી તેમના માટે ૭-સ્ટાર 'અલીશાન' (લક્ઝરી) હવેલી આપી છે અને આ એકમાત્ર વસ્તુ નથી. દિલ્હીમાં ચૂંટણી હારી ગયેલા AAP નેતાઓને પણ પંજાબના બોર્ડ અને કમિશનમાં મૂકવામાં આવ્યા છે. તેથી દિલ્હીના AAP નેતાઓ માટે પૈસા ચૂકવવા માટે પંજાબી કરદાતાઓનો ઉપયોગ અને ઉપયોગ થઈ રહ્યો છે. આ તેમની માનસિકતા છે.

# તાંઝાનિયામાં કટોકટી વધુ ગંભીર : વિરોધ પક્ષોએ વિરોધ પ્રદર્શનોમાં ૭૦૦ લોકોનાં મોત થયા હોવાનો આરોપ લગાવ્યો, આ અરાજકતા શા માટે ઊભી થઈ છે ?

(એજન્સી) તા.૩૧

તાંઝાનિયામાં બુધવારની વિવાદિત સામાન્ય ચૂંટણી બાદ તાંઝાનિયામાં વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે. સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું હતું કે, તેમને દાર એસ સલામ, શિન્યાંગા અને મોરોગોરોમાં મૃત્યુના 'વિશ્વસનીય અહેવાલો' મળ્યા છે. વિરોધી પક્ષોએ વ્યાપક ચૂંટણીમાં છેતરપિંડીનો આરોપ લગાવ્યા બાદ દેશભરમાં અશાંતિ ફેલાઈ ગઈ છે.

**વિવાદિત મતદાન પછી અશાંતિ :** રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાથી બે મુખ્ય વિપક્ષી ઉમેદવારોને પ્રતિબંધિત કરવામાં આવ્યા બાદ બુધવારે બપોરે વિરોધ પ્રદર્શનો થયા હતા. વાણિજ્યિક રાજધાની દાર એસ સલામ અને અન્ય શહેરોમાં



પ્રદર્શનો દરમિયાન ઓછામાં ઓછા બે મૃત્યુની જાણ કરી હતી, જ્યારે સાક્ષીઓએ જણાવ્યું હતું કે, પોલીસે અનેક વિસ્તારોમાં પ્રદર્શનોને રોકવા માટે ગોળીબાર કર્યો હતો. ૨૦૨૧માં સ્વ. જોન મગુફુલીના અનુગામી બનેલા રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસનની શરૂઆતમાં વિરોધ અને મીડિયા પરના પ્રતિબંધો હળવા કરવા બદલ પ્રશંસા કરવામાં આવી છે. જો કે, ટીકાકારો હવે તેમના પર સરમુખત્યારશાહી અભિગમ તરફ પાછા ફરવાનો આરોપ લગાવે છે. તાંઝાનિયા રાજકીય ધ્રુવીકરણ સાથે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે આ ચૂંટણી હસનના નેતૃત્વ માટે એક મુખ્ય કસોટી છે. ચૂંટણી પંચે કામચલાઉ પરિણામો જાહેર કરવાનું શરૂ કર્યું છે જેમાં હસનને અનેક મતવિસ્તારોમાં કમાન્ડિંગ લીડ દર્શાવવામાં આવી છે. એક નિવેદનમાં યુરોપિયન

**તાંઝાનિયામાં તાજેતરમાં વિવાદાસ્પદ સામાન્ય ચૂંટણી બાદ થયેલી અથડામણોમાં ઓછામાં ઓછા દસ લોકોનાં મોત અને અસંખ્ય લોકો ઘાયલ થયા છે, વિપક્ષી ઉમેદવારોને ચૂંટણી લડવાથી રોકવામાં આવ્યા બાદ આ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, જેના કારણે શાસક CCM પાર્ટી સામે ચૂંટણીમાં છેતરપિંડીના આરોપો લાગ્યા હતા**

પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા અને સરકાર પર અસંમતિને દબાવવાનો અને શાસક ચામા ચા માપિંદુઝી (CCM) પાર્ટીના પક્ષમાં પરિણામો સાથે છેડછાડ કરવાનો આરોપ લગાવ્યો હતો. તે ૧૯૬૧માં સ્વતંત્રતા પછી તાંઝાનિયા પર શાસન કરી રહી છે. સાક્ષીઓએ જણાવ્યું હતું કે, પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. અનેક વાહનો, પોલીસ સ્ટેશન અને એક ગેસ સ્ટેશનને આગ ચાંપી દેવામાં આવી હતી. ત્યારથી અધિકારીઓએ કર્ફ્યુ લાદ્યો છે, ઈન્ટરનેટ એક્સેસ બંધ કરી દીધી છે અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે લશ્કર તૈનાત કર્યું છે. સરકારે શુક્રવારે કહ્યું કે, તે હિંસાની 'ઘટનાઓ' બાદ શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહી છે. કાયદો અને વ્યવસ્થાના ભંગની ઘટનાઓને કારણે, સરકારે સુરક્ષા વધારી દીધી છે અને અન્ય ઘણા સાવચેતીના પગલાં લીધા છે. હાલના સુરક્ષા પગલાં કામચલાઉ છે પરંતુ જરૂરી છે અને ટૂંક સમયમાં સામાન્ય સ્થિતિ થઈ જશે. વિદેશ મંત્રાલયે રાજ્ય ટેલિવિઝન પર પ્રસારિત એક સંદેશમાં જણાવ્યું હતું કે, લશ્કરી અને પોલીસ એકમો મુખ્ય શહેરોમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે, લોકોને માન્ય કારણો વિના ફરતા અટકાવી રહ્યા છે. હિંસાને રોકવા માટે સાવચેતીના પગલાના ભાગરૂપે સિવિલ સેવકોને ઘરેથી કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**વિપક્ષે સેંકડો લોકોનાં મોતનો દાવો કર્યો :** રોઈટર્સના અહેવાલ મુજબ તાંઝાનિયાના મુખ્ય વિપક્ષી પક્ષ, ચાડેમા જેને ચૂંટણી આચારસંહિતામાં હસ્તાક્ષર કરવાનો ઈન્કાર કર્યા બાદ ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, તેણે આરોપ લગાવ્યો કે બુધવારથી લગભગ ૭૦૦ લોકો માર્યા ગયા છે. પક્ષના પ્રવક્તા જોન કિટોકાએ જણાવ્યું હતું કે, આ અંદાજ આરોગ્ય કર્મચારીઓ પાસેથી મળેલી માહિતી પર આધારિત છે. કિટોકાએ રોઈટર્સને જણાવ્યું હતું કે, અમે ચૂંટણી સુધારા માટેની અમારી માગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવા માટે હાકલ કરી રહ્યા છીએ. વિપક્ષે ઝાંઝીબાર મતદાનમાં 'મોટા પાયે છેતરપિંડી'નો પણ દાવો કર્યો હતો, જ્યાં ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે, વર્તમાન રાષ્ટ્રપતિ હુસૈન મ્વિનીએ ૭૮.૮% મતો જીત્યા છે. યુએન માનવાધિકાર કાર્યાલયના પ્રવક્તા સેફ મગાંગોએ તાંઝાનિયાના અધિકારીઓ દ્વારા અતિશય બળના ઉપયોગની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે, અમે સુરક્ષા દળોને વિરોધીઓ સામે બિનજરૂરી અથવા અપ્રમાણસર બળનો ઉપયોગ કરવાનું ટાળવા અને તણાવ ઓછો કરવા માટે તમામ પ્રયાસો કરવા હાકલ કરીએ છીએ. વિરોધીઓએ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવું જોઈએ. તેમણે સરકારને ઈન્ટરનેટ એક્સેસ પુનઃસ્થાપિત કરવા પણ વિનંતી કરી છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે વિરોધ

કાયદા નિર્માતાઓએ આ ચૂંટણીઓને 'છેતરપિંડી' ગણાવી હતી જે દમન, ધાકધમકી અને ભયના વાતાવરણમાં થઈ હતી. સરકારે કોઈ જાનહાનિના આંકડા જાહેર કર્યા નથી અથવા મૃત્યુના અહેવાલો પર ટિપ્પણી કરી નથી. તાંઝાનિયાના મુખ્ય વિપક્ષી પક્ષે દાવો કર્યો છે કે, આ અઠવાડિયાની વિવાદિત ચૂંટણીઓ પછી થયેલા વિરોધ પ્રદર્શનોમાં સેંકડો લોકો માર્યા ગયા હતા, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર કહે છે કે, તેમની પાસે 'વિશ્વસનીય અહેવાલો' છે કે, ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા છે. ચાડેમા પાર્ટીના પ્રવક્તા જોન કિટોકાએ શુક્રવારે AFP ન્યૂઝ એજન્સીને ઉત્તરી તાંઝાનિયાના વાણિજ્યિક રાજધાનીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, દાર-એ-સલામમાં મૃત્યુઆંક લગભગ ૩૫૦ છે અને મ્વાન્ઝામાં ૨૦૦થી વધુ છે. જો આપણે દેશના અન્ય સ્થળોના આંકડા ઉમેરીએ તો કુલ ૭૦૦ જેટલા મૃત્યુઆંક છે. ચાડેમાએ કહ્યું કે, તેના સભ્યોએ આ આંકડા માટે દેશભરની હોસ્પિટલોનો પ્રવાસ કર્યો હતો. AFPએ અહેવાલ આપ્યો છે કે, તેને સુરક્ષા સ્ત્રોત તરફથી 'સમાન સંખ્યા'માં મૃત્યુના સમાચાર મળ્યા છે. અલ જઝીરા આ અઠવાડિયાની હિંસામાં મૃત્યુઆંકની સ્વતંત્ર રીતે ચકાસણી કરવામાં અસમર્થ રહ્યું છે. તાંઝાનિયાની સરકારે પણ જાનહાનિ અંગે કોઈ અંદાજ જાહેર કર્યો નથી, ફક્ત એટલું જ કહ્યું છે કે, તેના દળો 'આવી ઘટનાઓ' પછી વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી રહ્યા છે.

# પ્રિયાંક ખડગેના મતવિસ્તારમાં કૂચ યોજવાની મંજૂરી માંગતી RSSની અરજી પરની સુનાવણી સાતમી નવેમ્બર સુધી મુલતવી રાખતી કર્ણાટક હાઈકોર્ટ

**RSS અને ૧૦ સંગઠનો વચ્ચે બેંગ્લુરૂમાં શાંતિ કમિટીની બેઠક યોજવા માટે અદાલતે રાજ્ય સરકારને તાકીદ કરી**

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩૧

કર્ણાટકના આઈ.ટી. મંત્રી પ્રિયાંક ખડગેના મતવિસ્તાર ચિત્તાપુર ખાતે બીજી નવેમ્બરના રોજ કૂચ યોજવા માટે મંજૂરી માંગતી RSSની અરજી પરની સુનાવણી કર્ણાટક હાઈકોર્ટ દ્વારા સાતમી નવેમ્બર સુધી મુલતવી રાખવામાં આવી છે. હાઈકોર્ટે RSS અને બેંગ્લોરની ૧૦ સંસ્થાઓ વચ્ચે શાંતિ સમિતિની બેઠક બોલાવવા રાજ્ય સરકારને તાકીદ કરી હતી. પાંચમી નવેમ્બરે શાંતિ સમિતિની બેઠક યોજવા હાઈકોર્ટે રાજ્ય સરકારને સૂચના આપી હતી. RSS દ્વારા ખડગેના મતવિસ્તારમાં બીજી નવેમ્બરે કૂચ યોજવાની મંજૂરીની માગણી કરવામાં આવી હતી. દલીલો પહેલા ગઈકાલે સંઘ દ્વારા અદાલતમાં એક એફિડેવિટ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સંઘ દ્વારા કેન્દ્રને કેસમાં પ્રતિવાદી બનાવવામાં આવ્યું છે. ચિત્તાપુર કૂચ દરમિયાન RSS દ્વારા કેન્દ્ર પાસેથી સુરક્ષાની માગણી કરવામાં આવી છે અને એફિડેવિટમાં દર્શાવ્યું છે કે, જો રાજ્ય સરકાર RSSની ઉજવણીના કાર્યક્રમને અને કૂચ માટે જરૂરી યોગ્ય રક્ષણ આપવામાં આનાકાની ચાલુ રાખશે અને રક્ષણ આપવામાંથી પીછેહઠ કરશે તો અને અરજદારને તેના મૂળભૂત અધિકારોનો ઉપયોગ કરવા દેવાશે નહીં તો એકમાત્ર રસ્તો અરજદાર પાસે હાઈકોર્ટમાં જવાનો અને રીટ અરજી કરવાનો જ રહે છે. સંઘની એફિડેવિટ ઉમેરે છે કે, ઉપર મુજબ દર્શાવેલા કારણો જોતા એ રીટ અરજીમાં કેન્દ્રને પ્રતિવાદી તરીકે સામેલ કરવા માટેની અરજીને મંજૂર કરવામાં આવે એવી અમારી નમ્રપણે પ્રાર્થના છે. RSS દ્વારા કૂચ યોજવાની માગણી કરવામાં આવ્યા પછી તરત જ ૧૦ જેટલા સંગઠનોએ એજ દિવસે પદયાત્રા કે કૂચ યોજવા માટેની માગણી કરતી અરજીઓ આપી હતી. શાંતિ સમિતિ યોજવાનો એક પ્રયાસ અગાઉ નિષ્ફળ ગયો હતો કેમ કે દલિત સંગઠનોએ એવી માગણી કરી હતી કે, RSS દ્વારા તેમની યાત્રા દરમિયાન ભગવા ધ્વજ અને લાઠીઓ સાથે રાખવાની મંજૂરી આપવી જોઈએ નહીં. ભગવા ધ્વજ અને લાઠીને બદલે RSSની યાત્રામાં તિરંગો અને બંધારણની નકલો હાથમાં રાખવાની મંજૂરી આપવી જોઈએ. કલબુર્ગીના ડેપ્યુટી કમિશનર ફૌઝિયા તરન્નુમ દ્વારા કોર્ટમાં આ અંગે રિપોર્ટ પણ રજૂ કરી દેવામાં આવ્યો છે. આ રિપોર્ટને આધારે હાઈકોર્ટ દ્વારા પાંચમી નવેમ્બરના રોજ બપોરે બેંગ્લોરમાં સંઘ અને દસ સંગઠનો વચ્ચે શાંતિ સમિતિની બેઠક યોજવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જ્યારે અદાલતમાં RSSની અરજી પરની સુનાવણી સાતમી નવેમ્બરે નિશ્ચિત કરવામાં આવી હતી.

# NDTVના પત્રકારનો મોડી રાત્રે પીછો, બે શખ્સોએ કારના કાચ તોડ્યા

(એજન્સી) તા.૩૧

NDTV 24x7માં કામ કરતાં એક વરિષ્ઠ પ્રોડ્યુસર જ્યારે શુક્રવારે વહેલી સવારે તેમના નોઈડાના સેક્ટર-૧૨૯ સ્થિત ઓફિસથી દિલ્હીના વસંત કુંજમાં આવેલા તેમના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે બે માણસોએ તેમનો પીછો કર્યો હતો. આ ઘટના વહેલી સવારે આશરે ૧૨:૪૫ કલાકે બની હતી. પત્રકાર તેમની કાર (ફોર્ડ ફિગો)માં નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસ-વે પર હતા ત્યારે સ્કૂટી પર સવાર બે માણસોએ તેમને ફોલો કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં તેમણે આને અવગણ્યું, પરંતુ પછી તે માણસોએ તેમની કારને રોકવાનો પ્રયાસ કર્યો અને ઈશારાથી રોકાવા કહ્યું. પોતાનો બચાવ કરવા માટે પત્રકારે પોતાના ફોનમાં તેમનું રેકોર્ડિંગ શરૂ કર્યું હતું. એક્સપ્રેસ-વે પર ટ્રાફિકને કારણે જ્યારે પત્રકારની કાર ધીમી પડી, ત્યારે સ્કૂટી પર પાછળ બેઠેલો માણસ નીચે ઉતર્યો અને કારની આગળની બારી પર જોરથી ઠોક્યું અને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો પણ દરવાજો લોક હતો. ગભરાઈને પત્રકારે કારની ગતિ વધારી દીધી અને DND ફ્લાય-વે તરફ પહોંચી ગયા પણ તે બે માણસોએ તેમનો પીછો ચાલુ રાખ્યો. પીછો કરતાં સ્કૂટી પર પાછળ બેઠેલા માણસે એક લાકડાની વસ્તુ કાઢી અને કારનો પાછળનો વિન્ડસ્ક્રીન અને પાછળની ડાબી બારીનો કાચ તોડી નાખ્યો. આ દરમિયાન પત્રકારે તેમના સહકર્મીનો સંપર્ક કર્યો અને ન રોકાવાની સલાહ મળતાં તેઓ ડ્રાઈવિંગ કરતા રહ્યા. આશ્રમ વિસ્તારમાં પહોંચ્યા બાદ પત્રકારે પોલીસને કોલ કરીને તેમનું લોકેશન આપ્યું.

જ્યારે તેઓ લાજપત નગર પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર ટેક્સી ડ્રાઈવરોના એક જૂથે જોયું કે તેઓ મુશ્કેલીમાં છે અને તરત જ તેમની મદદ માટે આવ્યા. પત્રકારે તેમને મદદ કરવા કહ્યું અને ટેક્સી ડ્રાઈવરોએ તેમને કાર બાજુમાં પાર્ક કરવા જણાવ્યું. લાજપત નગરના ગુપ્તા માર્કેટ પાસે કાર રોકતા જ સ્કૂટી પરના બંને માણસો ત્યાંથી ભાગી ગયા. પોલીસે સ્થળ પર પહોંચીને પત્રકારનું નિવેદન લીધું અને તેમને FIR નોંધાવવા માટે સનલાઈટ પોલીસ સ્ટેશન જવાનું કહ્યું. પોલીસે આરોપીઓને ઓળખી કાઢ્યા છે અને તેમને પકડવા માટે દક્ષિણ-પૂર્વ જિલ્લા પોલીસની પાંચ ટીમો તૈનાત કરવામાં આવી છે.

## કર્ણાટકમાં ભાજપ નેતાના પુત્ર અને મિત્રોએ ટોલ બૂથ કર્મચારી પર હુમલો કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે, વિજયપુરા-કલબુર્ગી હાઈવે પર ટોલ બૂથ પર એક કર્મચારી પર હુમલો અને ગાળો બોલતા ભાજપ નેતાના પુત્ર અને તેના મિત્રો દર્શાવતો એક સીસીટીવી ફૂટેજ વાયરલ થયો છે. ગુરૂવારે કન્નોલીમાં બનેલી આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ભાજપ નેતા વિજુગૌડા પાટિલના પુત્ર સમર્થગૌડા અને તેના મિત્રો ટોલ બૂથના કર્મચારી પર હુમલો અને ગાળો બોલતા જોવા મળ્યા હતા, એમ પોલીસે ઉમેર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર સમર્થગૌડા અને તેના મિત્રો વાહનમાં વિજયપુરાથી સિંદગી જઈ રહ્યા હતા. જ્યારે તેમને ટોલ બૂથ પર રોકવામાં આવ્યા અને ટોલ ભરવાનું કહેવામાં આવ્યું, ત્યારે સમર્થગૌડાએ કથિત રીતે સ્ટાફરને કહ્યું, શું તમે જાણો છો કે હું કોણ છું, હું ભાજપ નેતા વિજુગૌડા પાટિલનો પુત્ર છું. જ્યારે સ્ટાફરે પૂછ્યું, કયો વિજુગૌડા, ત્યારે સમર્થગૌડા અને તેના મિત્રોએ તેમના પર હુમલો કર્યો અને દુર્વ્યવહાર કર્યો, જેમ કે વીડિયોમાં દેખાય છે. પરિસ્થિતિને વધુ ખરાબ થતી અટકાવવા માટે અન્ય ટોલ બૂથ સ્ટાફે દરમિયાનગીરી કરી.

# BMCની ચૂંટણી પહેલા ઠાકરે કેમ્પને ઝટકો ! : સંજય રાઉત તેમના ખરાબ સ્વાસ્થ્યને લીધે જાહેર જીવનમાંથી બે મહિના બ્રેક લેશે

**આ જાહેરાતથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને મહત્ત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણી હવે થોડા મહિનામાં જ આવી રહી છે**

(એજન્સી) તા.૩૧

મહારાષ્ટ્રમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમમાં શિવસેના (UBT) સાંસદ સંજય રાઉત, જે મહા વિકાસ અઘાડી (MVA) ગઠબંધનના સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ પૈકી એક છે અને તેઓ ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી છે, તેમણે જાહેરાત કરી છે કે, તેઓ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે આગામી બે મહિના માટે જાહેર જીવનથી દૂર રહેશે. આ જાહેરાતથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને કારણ કે, તે મહત્ત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ચૂંટણીના થોડા મહિનામાં જ આવી રહી છે.

**સ્વાસ્થ્ય ચિંતાઓ અને રાજકીય અંતરાય :**

શિવસેના (UBT)ના 'પ્રખર તોપ' તરીકે વર્ણવવામાં આવતા રાઉતે X પર શેર કરાયેલી એક પત્રિકામાં પોતાના સ્વાસ્થ્યની સ્થિતિનો ખુલાસો કર્યો હતો અને આ પત્ર પાર્ટીના કાર્યકરો અને સમર્થકોને સંબોધિત કરવામાં આવ્યો હતો. આ નોંધમાં તેમણે ખુલાસો કર્યો કે, તેમની તબિયત અણધારી રીતે બગડી ગઈ હતી અને ડોક્ટરો દ્વારા તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. તેમણે લખ્યું કે, તમે બધા હંમેશા મારામાં વિશ્વાસ કરતા આવ્યા છો અને મને પ્રેમ કરો છો પરંતુ હવે અચાનક મારી તબિયત ગંભીર રીતે ખરાબ થઈ છે. સારવાર ચાલી રહી છે, હું ટૂંક સમયમાં સ્વસ્થ થઈ જઈશ.

રાજ્યસભાના આ સાંસદને થોડા દિવસો પહેલા અસ્વસ્થતા થયા બાદ મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, અગાઉ તેમનું તબીબી પરીક્ષણ થયું હતું, તેમની તબિયત અણધારી રીતે વધુ ખરાબ થઈ ગઈ હતી, જેના કારણે તેમણે તમામ જાહેર અને રાજકીય કાર્યક્રમોથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો.

**સમર્થકોને વ્યક્તિગત અપીલ :**

'બધા મિત્રો, પરિવાર અને કાર્યકરોને નમ્ર વિનંતી' એવા શીર્ષક સાથે તેમના ભાવનાત્મક સંદેશમાં રાઉતે સમર્થકોને આ મુશ્કેલ સમયગાળા દરમિયાન તેમનામાં વિશ્વાસ રાખવા વિનંતી કરી છે અને કહ્યું છે કે, તબીબી સલાહ મુજબ મને બહાર જવા અને ભીડ સાથે ભળવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. તેનાથી બચવાનો કોઈ રસ્તો નથી. મને ખાતરી છે કે, હું સ્વસ્થ થઈશ અને નવા વર્ષમાં તમને મળવા આવીશ. તમારો પ્રેમ અને આશીર્વાદ મારી સાથે રહેશે, 'જય મહારાષ્ટ્ર !'

રાઉત જે નિયમિતપણે તેમના પક્ષના મંતવ્યો વ્યક્ત કરવા માટે સવારે પ્રેસ કોન્ફરન્સ કરતા હતા, તે તાજેતરના દિવસોમાં મીડિયા સમક્ષ દેખાયા નથી અને તેમની આ નોંધપાત્ર ગેરહાજરીએ તેમના સત્તાવાર નિવેદનમાં બીમારીની પુષ્ટિ થાય તે પહેલાં અનેક અટકળો ઊભી કરી હતી.

**ઠાકરે છાવણી અનેક પડકારનો સામનો કરી છે અને BMC ચૂંટણીઓ ઉત્તેજનાપૂર્ણ બનશે :**

રાઉતના કામચલાઉ વિરામને શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે, જે BMC ચૂંટણી માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં તેના હરીફ સેના જૂથો વચ્ચે પ્રતિષ્ઠાનો મુકાબલો થવાની સંભાવના છે. શાસક ગઠબંધનના આ સૌથી વધુ બોલતા અને ભાજપના ટીકાકારો પૈકી એક અને MVA માટે મુખ્ય વ્યૂહરચનાકાર રાઉતની ગેરહાજરી ઠાકરે છાવણીના સંદેશાવ્યવહાર અને ચૂંટણી વ્યૂહરચનાને અસર કરી શકે છે. શિવસેના (UBT) મુંબઈની સૌથી રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ નાગરિક ચૂંટણીઓ માટે તૈયારી કરી રહી છે અને હવે તે તેના સૌથી ઉગ્ર પ્રવક્તા વિના આ મોરચે લડવું પડશે.

## 'મેરા પરિવાર આપકા આભારી હૈ' : વડાપ્રધાન મોદીએ તેમના સ્વસ્થ થવાની શુભેચ્છાઓ પાઠવતા સંજય રાઉતે તેઓને અસામાન્ય જવાબ આપ્યો

**શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે તેમની બીમારીના સમાચાર બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી શુભકામનાઓ બદલ આભાર માન્યો છે**

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે તેમની બીમારીના સમાચાર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી શુભકામનાઓ બદલ આભાર માન્યો છે. X પર પ્રધાનમંત્રીની પોસ્ટનો જવાબ આપતા રાઉતે લખ્યું કે, 'આદરણીય પ્રધાનમંત્રીજી, આભાર ! મારો પરિવાર તમારો આભારી છે ! જય હિંદ, જય મહારાષ્ટ્ર !'

શુક્રવારે રાઉતે જાહેરાત કરી હતી કે, તેઓ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે બે મહિના માટે જાહેર જીવનથી દૂર રહેશે. પ્રધાનમંત્રીએ તેમને 'ઝડપી સ્વસ્થતા અને સારા સ્વાસ્થ્ય'ની શુભેચ્છા પાઠવી હતી, જેના કારણે બંને નેતાઓ વચ્ચે આ સૌહાર્દપૂર્ણ વાતચીત થઈ હતી.

# સઉદી અરેબિયા નવા નિયમો સાથે ઉમરાહ વિઝાની માન્યતામાં ઘટાડો કરશે

(એજન્સી) તા.૩૧

મક્કાઃ સાઉદી હજ અને ઉમરાહ મંત્રાલયે ઉમરાહ વિઝા નિયમોમાં નવા સુધારાની જાહેરાત કરી છે, જેમાં જારી થયાની તારીખથી માન્યતા અવધિ ત્રણ મહિનાથી ઘટાડીને એક મહિના કરવાનો સમાવેશ થાય છે. આવતા અઠવાડિયાથી અમલમાં આવનારા નવા નિયમો હેઠળ, જો યાત્રાળુ સાઉદી અરેબિયામાં પ્રવેશ માટે નોંધણી કરાવવામાં નિષ્ફળ જાય તો ઉમરાહ વિઝા જારી થયાના ૩૦ દિવસ પછી આપમેળે રદ થઈ જશે. જો કે, રાજ્યની અંદર યાત્રાળુઓ માટે રોકાણનો સમયગાળો ત્રણ મહિનાનો યથાવત છે. મંત્રાલયના આ પગલાનો હેતુ વિઝા વ્યવસ્થાપન પ્રણાલીને સુવ્યવસ્થિત કરવાનો અને પવિત્ર શહેરોમાં યાત્રાળુઓના પ્રવાહને નિયંત્રિત કરવાનો છે, ખાસ કરીને ઠંડીના મહિનાઓમાં જ્યારે યાત્રાળુઓની સંખ્યા પરંપરાગત રીતે વધે છે. ઉમરાહ અને મુલાકાત માટેની રાષ્ટ્રીય સમિતિના સલાહકાર અહેમદ બજૈફરે જણાવ્યું હતું કે આ નિર્ણય ઉનાળાની ઋતુના અંત પછી યાત્રાળુઓના આગમનમાં અપેક્ષિત વધારો કરવા માટે મંત્રાલયની તૈયારીઓનો ભાગ છે. આ ગોઠવણ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે મોટી સંખ્યામાં ઉમરાહ યાત્રાળુઓ મક્કા અને મદીનામાં એક સાથે ભેગા ન થાય. આ ફેરફાર ઉમરાહ પ્રક્રિયાને સરળ અને વધુ સારી રીતે નિયંત્રિત કરવા માટે

**આ નવા નિયમો આગામી અઠવાડિયાથી લાગુ થશે**

કિંગડમ દ્વારા રજૂ કરાયેલા પગલાંની શ્રેણીને અનુરૂપ છે. ઓક્ટોબરમાં, સાઉદી અધિકારીઓએ નુસુક અથવા મસાર જેવા સત્તાવાર પ્લેટફોર્મ દ્વારા યાત્રાળુઓ માટે રહેઠાણની પ્રી-બુકિંગ અને પરિવહન વ્યવસ્થા ચકાસવા માટે કડક આવશ્યકતાઓ લાગુ કરી છે. હજ અને ઉમરાહ મંત્રાલયે વ્યક્તિગત, કૌટુંબિક મુલાકાત, ઈલેક્ટ્રોનિક પ્રવાસી, પરિવહન અને કાર્ય વિઝા સહિત તમામ વિઝા શ્રેણીઓના ધારકોને રાજ્યમાં તેમના રોકાણ દરમિયાન યાત્રા કરવાની મંજૂરી આપીને ઉમરાહની ઍક્સેસનો વિસ્તાર કર્યો છે. આ નવીનતમ સુધારાઓ યાત્રાળુ સેવાઓ વધારવા, કાર્યક્ષમ ભીડ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા અને વિશ્વભરના મુસ્લિમો માટે સુરક્ષિત, વધુ સંગઠિત આધ્યાત્મિક અનુભવ પ્રદાન કરવા માટે વિઝન ૨૦૩૦ હેઠળ સાઉદી અરેબિયાના વ્યાપક પ્રયાસોને દર્શાવે છે. જૂનની શરૂઆતમાં નવી ઉમરાહ સીઝનની શરૂઆત થઈ ત્યારથી, સાઉદી અરેબિયાએ આંતરરાષ્ટ્રીય યાત્રાળુઓને ચાર મિલિયનથી વધુ વિઝા જારી કર્યા છે, જે પાંચ મહિનાથી ઓછા સમયમાં રેકોર્ડ આંકડો છે. ઉમરાહ એ મક્કા અને મદીનાના પવિત્ર શહેરોની બિન-ફરજિયાત યાત્રા છે, જે સમગ્ર વર્ષ દરમિયાન ગમે ત્યારે કરવામાં આવે છે. તે હજથી અલગ છે. હજ એ જીવનમાં એકવાર પૈસાપાત્ર લોકો માટે ફરજિયાત છે અને ઈસ્લામિક કેલેન્ડરના ચોક્કસ સમયગાળા દરમિયાન કરવામાં આવતી ફરજિયાત યાત્રા છે.

# NDAનો ચૂંટણી ઢંઢેરો 'જૂઠ્ઠાણાનું પોટલું', માત્ર ૨૬ સેકન્ડમાં જાહેર કરી દેવાયો અને નીતિશને બોલવા ન દીધા : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

બિહાર વિધાનસભા ચૂંટણીઓ માટે NDA દ્વારા જાહેર કરાયેલો ચૂંટણી ઢંઢેરો કોંગ્રેસે 'જૂઠ્ઠાણાના પોટલા' સમાન ગણાવ્યો છે અને આક્ષેપ કર્યો છે કે, માત્ર ૨૬ સેકન્ડમાં જ આખો ઢંઢેરો જાહેર કરી દેવામાં આવ્યો હતો અને નીતિશકુમારને તો બોલવાની તક પણ આપવામાં આવી નહોતી. ચૂંટણીનો ઢંઢેરો જાહેર થતાં NDA પર માછલા ધોવાના શરૂ થયા છે અને ચારે તરફથી મહાશાસક જોડાણ ઘેરાઈ ગયું છે. માત્ર ૨૬ સેકન્ડમાં તસવીરો ખેંચાઈ જાય અને ચૂંટણી ઢંઢેરો પણ જાહેર થઈ જાય એ તો કેવી વાત છે એવી ટકોર કોંગ્રેસે કરી છે અને એવો આક્ષેપ કર્યો છે કે, પત્રકારોના સવાલોથી બચવા માટે ચૂંટણી ઢંઢેરા માટેની પત્રકાર પરિષદ માત્ર ૨૬ સેકન્ડ ચલાવવામાં આવી અને નીતિશકુમારને પણ બોલવા દેવાયા નથી. કોંગ્રેસે પ્રતિક્રિયા આપી છે કે, જે રીતે પત્રકાર પરિષદ આટોપી લેવાઈ તેના પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે, નીતિશકુમાર કઠપૂતળી સરકાર ચલાવી રહ્યા છે કેમ કે એમની સાથે જે વ્યવહાર પત્રકાર પરિષદમાં કરવામાં આવ્યો એ તમામ બિહારીઓનું અપમાન છે. કોંગ્રેસે NDAના ચૂંટણી ઢંઢેરાને 'જૂઠ્ઠાણાનું પોટલું' ગણાવ્યો હતો. કોંગ્રેસે NDAના ઢંઢેરા ઉપર ભારે પ્રહારો કર્યા હતા. પટણામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં બોલતા કોંગ્રેસના સિનિયર આગેવાન અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, NDAના નેતાઓની પત્રકાર પરિષદ માત્ર ૨૬ સેકન્ડ ચાલી. તેઓ તેમના શાસન અંગે પૂછનારા સવાલોની શક્યતાથી ડરી ગયા હતા. હકીકતે પત્રકાર પરિષદની શરૂઆત તેમણે તેમના ૨૦ વર્ષના શાસનના રિપોર્ટ કાર્ડ સાથે કરવી જોઈતી હતી પરંતુ જનતા સમક્ષ રજૂ કરવા જેવી કોઈ કામગીરીનો હિસાબ એમની પાસે છે જ નહીં. આ પ્રસંગે હાજર કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય અખિલેશ પ્રસાદ સિંઘે પણ NDAને આડેહાથ લઈને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નીતિશકુમારને ઢંઢેરા અંગે બોલવા દેવાયા જ નથી. નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી જ કેમ બોલ્યા, મુખ્યમંત્રી હાજર હતા છતાં નાયબ મુખ્યમંત્રી બોલ્યા એટલે લાગે છે કે, નીતિશકુમાર કદાચ ચૂંટણી ઘોષણાપત્ર પર બોલવાની સ્થિતિમાં નહીં હોય. તેમણે કહ્યું હતું કે, માત્ર થોડી સેકન્ડ માટેનું આ ફોટોશૂટ હતું અને તેમાં ઢંઢેરો જાહેર કરી દેવાયો એટલે તેનો સ્પષ્ટ અર્થ એવો નીકળે છે કે, નીતિશકુમાર કઠપૂતળી સરકાર ચલાવવા માટે મજબૂર બન્યા છે અને એમની સાથે જે વ્યવહાર થયો છે તે તમામ બિહારીઓના અપમાન સમાન છે. નીતિશકુમાર સરકારને આગળ રાખીને માત્ર એમની મત બેંકનો ઉપયોગ કરવાનો હેતુ ભાજપનો છે અને જેડીયુ સાથે જે વર્તન થઈ રહ્યું છે એવું ભાજપ બીજા સાથે પણ કરશે. અશોક ગેહલોતે NDAના ચૂંટણી ઢંઢેરાને જૂઠ્ઠાણાના પોટલા સમાન ગણાવીને કહ્યું હતું કે, તેમણે તેમના ૨૦ વર્ષના શાસનનો હિસાબ દેવાની જરૂર હતી અને બિહારમાં કેટલો વિકાસ થયો એ પ્રજાને બતાવવાની જરૂર નથી. પીએમ નરેન્દ્ર મોદી અને અમિત શાહે જવાબ આપવો જોઈએ કે, બિહાર સહિત દેશભરમાં કેમ પેપર લીક થઈ રહ્યા છે ? મોદી સરકાર એ રોકવા માટે શું કરી રહી છે ? નોકરી માંગવાવાળા ઉપર લાઠીચાર્જ કેમ થઈ રહ્યો છે ? બિહારમાં ગુનાખોરી કેમ વધી રહી છે ? અશોક ગેહલોતે કહ્યું કે, પીએમ એવું કહે છે કે, બિહારને અમે સવા લાખ કરોડ રૂપિયાનું પેકેજ આપી રહ્યા છીએ તો તેમણે તેનો હિસાબ પણ આપવો જોઈએ. મોદીએ કહ્યું હતું કે, બિહારમાં ખાંડનું કારખાનું સ્થાપશું, એમએસપીને કાનૂની ગેરંટી બનાવીશું, યુવાનોને રોજગારી આપીશું, મહિલાઓનું સશક્તિકરણ કરાશે અને ૫૦ લાખ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કરવામાં આવશે. ગેહલોત ઉમેરે છે કે, આ બધા વચનો મોદીએ આપ્યા પરંતુ કશું આપ્યું નથી. નીતિશકુમાર સરકાર ૨૦ વર્ષથી બિહારમાં છે અને નરેન્દ્ર મોદીની સરકાર ૧૧ વર્ષથી કેન્દ્રમાં છે પણ બિહાર માટે એક પણ કામ થયું નથી. તેમણે કહ્યું હતું કે, જ્યારે મહાગઠબંધનની એટલે કે અમારી સરકાર આવશે તો અમે અમારા તમામ વચનો પૂરા કરીશું. અખિલેશકુમાર સિંઘે દાવો કર્યો હતો કે, બિહારમાં ગુનાખોરી પરાકાષ્ઠા પર પહોંચી ગઈ છે અને નીતિશકુમારના શાસનમાં ૫૩ હજાર હત્યાઓ થઈ છે. તેઓ કહે છે કે, બિહારમાં ઉદ્યોગો માટે જમીન નથી પણ અદાણી કંપનીને એક રૂપિયાના ભાવથી જમીન આપી દેવાય છે.

# ભાજપે આક્ષેપ કર્યો કે, ભગવંત માન ચંદીગઢમાં મુખ્યમંત્રી ક્વોટા હેઠળ કેજરીવાલ માટે 'શીશ મહેલ' બનાવી રહ્યા છે : AAPએ આ અહેવાલને 'ફેક ન્યૂઝ' કહીને ફગાવી દીધા

(એજન્સી) તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના કન્વીનર અરવિંદ કેજરીવાલ માટે ચંદીગઢમાં એક સરકારી બંગલાનું ભવ્ય રીતે નવીનીકરણ કરવામાં આવ્યું હોવાના આરોપો સામે આવ્યા બાદ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વિરુદ્ધ નવો હુમલો શરૂ થયો છે. જો કે, AAPએ આ આરોપોને 'ફેક ન્યૂઝ' ગણાવીને નકારી કાઢ્યા છે. પંજાબ ભાજપના કાર્યકારી પ્રમુખ અશ્વિની શર્માએ માન પાસેથી એવા અહેવાલો અંગે જાહેર સ્પષ્ટતા માંગી છે કે, મુખ્યમંત્રી ક્વોટા હેઠળ ફાળવવામાં આવેલા સેક્ટર-૨માં આવેલા બંગલાને કેજરીવાલ માટે નવા 'શીશ મહેલ'માં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. શર્માએ કહ્યું કે, આ વિવાદ હવે ફક્ત પંજાબ પૂરતો મર્યાદિત નથી પરંતુ દિલ્હીમાં પણ ગુંજી રહ્યો છે. આપના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ દ્વારા તાજેતરમાં આ મુદ્દો ઊઠાવવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કરતા શર્માએ માનની ભૂમિકા પર સીધો પ્રશ્ન ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભગવંત માન જી, શું એ સાચું છે કે, તમારા મુખ્યમંત્રી ક્વોટા હેઠળ તમને ફાળવવામાં આવેલા સેક્ટર-૨ બંગલાને અરવિંદ કેજરીવાલ માટે નવા 'શીશ મહેલ'

**પંજાબ ભાજપ કહે છે કે, કેજરીવાલ ચૂંટાયેલા ધારાસભ્ય નથી કે રાજ્ય સરકારનો ભાગ નથી અને તેઓએ આ મામલે CM માન પાસેથી સ્પષ્ટતા માંગી છે**

તરીકે નવીનીકરણ કરવામાં આવ્યું છે ? પંજાબના લોકોને સત્ય જણાવવું જોઈએ. તેમણે આરોપ લગાવ્યો કે, દિલ્હીમાં થયેલા 'શીશ મહેલ' વિવાદની જેમ હવે પંજાબમાં પણ આવી જ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. શર્માએ 'કરદાતાઓના પૈસાના ખર્ચે વ્યક્તિગત વૈભવમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ' ગણાવતા મુખ્યમંત્રી માનને આ બાબતે તાત્કાલિક સ્પષ્ટતા કરવા વિનંતી કરી છે. ભાજપે આરોપ લગાવ્યો હતો કે, કેજરીવાલને મુખ્યમંત્રી ભગવંત માનના ક્વોટા હેઠળ પંજાબમાં '૭-સ્ટાર સુવિધા સાથે શીશ મહેલ' આપવામાં આવી રહ્યો છે, જો કે, તેઓ ચૂંટાયેલા ધારાસભ્ય નથી કે રાજ્ય સરકારનો ભાગ નથી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, દિલ્હીમાં ચૂંટણી હારી ગયેલા AAP નેતાઓને પણ પંજાબમાં વિવિધ બોર્ડ અને કમિશનમાં 'સ્થાપિત' કરવામાં આવ્યા છે અને તેમણે કેજરીવાલ અને તેમની પાર્ટી પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તેમણે કહ્યું કે, દિલ્હીના લોકોએ કેજરીવાલને નવી દિલ્હીમાં તેમના 'શીશ મહેલ'માંથી દૂર કર્યા પરંતુ શીશ મહેલની માનસિકતા હજુ સુધી ગઈ નથી અને પંજાબના મુખ્યમંત્રી ક્વોટા હેઠળ કરદાતાઓના પૈસાથી પંજાબમાં શીશ મહેલ, ભાગ-૨ બનાવવામાં આવી રહ્યો છે કારણ કે, કેજરીવાલ પંજાબના સુપર સીએમ છે. તેઓ ચૂંટાયેલા ધારાસભ્ય નથી, તેઓ સરકારમાં નથી, પરંતુ પંજાબી કરદાતાઓના ભોગે ફક્ત તેમના માટે ૭-સ્ટાર સુવિધા આપવામાં આવી રહી છે. ભાજપના પ્રવક્તાએ આરોપ લગાવ્યો કે, પંજાબમાં શાસક AAPએ રાજ્યના લોકોને આપેલા વચનો પાળ્યા નથી. તેઓએ પંજાબની મહિલાઓને આપેલા પૈસા આપ્યા નથી, પરંતુ કેજરીવાલની VVIP સુરક્ષા માટે ૧૦૦ કારનો કાફલો અને પછી તેમના માટે ૭-સ્ટાર 'અલીશાન' (લક્ઝરી) હવેલી આપી છે અને આ એકમાત્ર વસ્તુ નથી. દિલ્હીમાં ચૂંટણી હારી ગયેલા AAP નેતાઓને પણ પંજાબના બોર્ડ અને કમિશનમાં મૂકવામાં આવ્યા છે. તેથી દિલ્હીના AAP નેતાઓ માટે પૈસા ચૂકવવા માટે પંજાબી કરદાતાઓનો ઉપયોગ અને ઉપયોગ થઈ રહ્યો છે. આ તેમની માનસિકતા છે.

### એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી

# સરદાર પટેલ ઈતિહાસ લખવામાં સમય વેડફવાને બદલે તેને બનાવવામાં માનતા : PM મોદી

## એકતાનગરના આંગણે રાષ્ટ્રીય ગૌરવ : અદ્‌ભુત એકતા પરેડ, એકતાનો સંદેશ આપતા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૦ ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૩૧

લોખંડી પુરૂષ અને દેશની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની એકતાનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં દેશભક્તિના જુસ્સા સાથે અર્ધસૈનિક દળોની વિવિધ ટુકડીઓ દ્વારા દમદાર પરેડ યોજવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં કરોડો લોકોએ આજે એકતાના શપથ લીધા છે, જે દેશની એકતાને પ્રોત્સાહન આપવાના સંકલ્પનું પ્રતીક છે. કાશ ! જો ઈતિહાસના પૃષ્ઠોમાં સરદાર સાહેબો આપેલા સૂચનોનો સમયસર અમલ થયો હોત તો આજે સંપૂર્ણ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હોત. દાયકાઓ સુધી કાશ્મીર એક જટિલ સમસ્યા બની રહ્યું, જ્યાં આર્ટિકલ ૩૭૦ની બેડીઓએ તેને મુખ્ય પ્રવાહથી દૂર રાખ્યું હતું પરંતુ આ સરકારે તે બેડીઓ તોડીને કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહ સાથે જોડી દીધું છે. રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રે છેલ્લા ૧૧ વર્ષની સૌથી મોટી સફળતામાંની એક છે. નક્સલવાદ અને માઓવાદી આતંકની કમર તોડવી. આ પડકારજનક આતંકવાદને કારણે દેશના એક મોટાભાગના વિકાસને અસર થઈ હતી. સરકારે દઢતાપૂર્વક સંકલ્પ કર્યો છે કે, જ્યાં સુધી દેશ આ આતંકથી પૂરી રીતે મુક્ત નહીં થાય, ત્યાં સુધી આ સરકાર જપશે નહીં અને પ્રહારો ચાલુ રાખશે. સરદાર પટેલ ઈતિહાસ લખવામાં સમય વેડફવાને બદલે ઈતિહાસ બનાવવામાં માનતા હતા.

સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે એકતાનગર ખાતે ભારતીય સંરક્ષણ દળ દ્વારા રાષ્ટ્રીય એકતા પરેડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પરેડમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) અને રાજ્ય પોલીસ દળોએ તેમના કૌશલ્ય, શિસ્ત અને બહાદુરીનું અદ્‌ભુત પ્રદર્શન કર્યું હતું.

રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડની તમામ ટુકડીઓની આગેવાની મહિલા અધિકારીઓએ લીધી હતી, જે નારી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડે છે. પરેડની શરૂઆતમાં ગુજરાત કેડરના એસપી સુમનલાલાએ મુખ્ય આગેવાની લીધી હતી. ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF), ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) અને સશસ્ત્ર સીમા બળ (SSB) સહિત આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, આંધ્રપ્રદેશના પોલીસ દળો અને એનસીસીની ટુકડીઓની આગેવાની પણ મહિલા કમાન્ડરોએ કરી હતી.

એકતાનગર ખાતેની આ પરેડમાં ભારતીય નસ્લના શ્વાનોનું પણ અદ્‌ભુત પ્રદર્શન જોવા મળ્યું હતું. સામાન્ય રીતે દિલ્હીની પરેડમાં જોવા મળતી BSFની કેમલ કન્ટીન્જન્ટની બે ટુકડીઓ જોધપુરથી ૫૨ ઊંટ સાથે એકતા પરેડમાં ભાગ લેવા આવી હતી, જેણે ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) કેડેટ્સ અને સ્કૂલ બેન્ડના શિસ્તબદ્ધ પ્રદર્શને સમારોહની ભવ્યતા વધારી 'એકતા એ જ શક્તિ'નો સંદેશ આપ્યો હતો.

એકતા પરેડમાં વિવિધતામાં એકતાનો સંદેશ આપતા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૦ ટેબ્લો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. 'એકત્વ'ની થીમને પ્રતિબિંબિત કરતા આ ટેબ્લોમાં રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG), NDRF, ગુજરાત, જમ્મુ-કાશ્મીર, આંદામાન-નિકોબાર, મણિપુર, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઉત્તરાખંડ અને પુડુચેરીના સાંસ્કૃતિક વારસાની ઝાંખી રજૂ કરવામાં આવી હતી.





(તસવીર : વહાબ શેખ, રાજપીપળા)

## સરદાર પટેલને 'આકાશી સેલ્યુટ'



ભારતીય વાયુસેનાના નવ વિમાનો દ્વારા 'ઓપરેશન સૂર્યકિરણ' એર શોનું અદ્‌ભુત પ્રદર્શન રજૂ કરાયું, જેમાં નવ ઝાંબાઝ પાયલોટોની ટીમે આકાશી કરતબો રજૂ કરી સરદાર પટેલને 'આકાશી સેલ્યુટ' આપી

## નારી શક્તિનું પ્રભુત્વ | મહિલા કમાન્ડરોએ તમામ ટુકડીઓનું નેતૃત્વ કરી નારી સશક્તિકરણની ઝાંખી કરાવી

ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરાયેલો ટેબ્લોનો મુખ્ય ભાગ મહારાજા કૃષ્ણકુમારસિંહના હસ્તે ભાવનગર સ્ટેટનું ભારતીય ગણરાજ્યમાં વિલીનીકરણની ઐતિહાસિક ક્ષણને દર્શાવતો હતો. આ ઉપરાંત, સરદાર સાહેબની મક્કમ નિર્ણય શક્તિના પ્રતીક સમાન સોમનાથ મંદિર અને કચ્છના ભૂકંપના શહીદોની સ્મૃતિમાં બનેલા ભૂજ સ્થિત સ્મૃતિવનને પણ સ્થાન મળ્યું હતું. રાજ્યની આર્થિક પ્રગતિ દર્શાવતા ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગની ઝલક પણ રજૂ કરવામાં આવી હતી. પશ્ચિમ સરહદ પર 'ઓપરેશન સિંદૂર'માં અજોડ બહાદુરી દર્શાવનારા BSFના ૧૬ શૌર્ય ચંદ્રક વિજેતા જવાનો ઓપન જીપ્સીમાં પસાર થયા હતા. આ ઉપરાંત CRPFના પાંચ શૌર્ય ચક્ર વિજેતાઓ - વિક્રાંત કુમાર, જેફ્રી હમિંગચુલો, સદ્દામ હુસૈન, ફેદા હુસૈન, સંજય તિવારી - જેમણે ઝારખંડમાં નક્સલ વિરોધી અને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી કામગીરીમાં હિંમત દર્શાવી હતી તેઓ પણ પરેડમાં સામેલ થયા હતા.

પરેડમાં BSF, CRPF, CISF, SSB, દિલ્હી પોલીસ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત અને જમ્મુ-કાશ્મીરના બ્રાસ બેન્ડોએ કર્ણપ્રિય સુરાવલિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત, ગુજરાતના ગીર સોમનાથ ગુરૂકુલ અને ભૂજ સ્વામિનારાયણ ગર્લ્સ હાઈસ્કૂલના સ્કૂલ બેન્ડ તેમજ રાષ્ટ્રીય વિજેતા સ્કૂલ બેન્ડ (ભોપાલની જોસેફ કોન્વેટ સ્કૂલ અને રાજસ્થાનની પ્રિન્સ લોટસ વેલી એકેડમી)ના વિદ્યાર્થીઓએ પણ અદ્‌ભુત પ્રદર્શન રજૂ કર્યું હતું.

ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, સીએપીએફ અને પોલીસ દળોના ૫૪ ધ્વજોએ આકર્ષણ જમાવ્યું. સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ૮૦૦ કલાકારોએ 'લોહપુરૂષ નમસ્તુભ્યમ' પર શાસ્ત્રીય નૃત્યોની અવિસ્મરણીય કૃતિ રજૂ કરી. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીએ બે હેલિકોપ્ટરો દ્વારા પ્રતિમા પર પુષ્પવર્ષા કરીને ભાવવંદના કરાઈ. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત 'વંદેમાતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષના અવસરે ૧૦૦ સંગીતકારોએ તાસા, શરણાઈ, કરતાલો સાથે પ્રદર્શન રજૂ કર્યું. CISFની મહિલા 'વિરાંગનાઓએ' સાહસ અને શૌર્ય કૃતિ પ્રસ્તુત કરી, જ્યારે CRPFના મહિલા અને પુરૂષ કર્મચારીઓએ માર્શલ આર્ટ્સ અને નિઃશસ્ત્ર લડાઈ કવાયતોનું પ્રદર્શન કર્યું.

## ગુજરાતના ટેબ્લોએ સરદાર પટેલના અમૂલ્ય યોગદાનને ઉજાગર કર્યું



ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરાયેલ ટેબ્લો ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો, જેણે અખંડ ભારતના નિર્માણમાં સરદાર પટેલના અમૂલ્ય યોગદાનને ઉજાગર કર્યું હતું

# કોંગ્રેસે સરદાર પટેલના વિઝનને અવગણ્યું, ભાજપે નહીં : વડાપ્રધાન

## PM મોદીએ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પર સરદાર પટેલની ઈચ્છા પૂર્ણ થતી અટકાવવાનો આરોપ લગાવ્યો

અમદાવાદ,તા.૩૧

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે વડાપ્રધાનએ જણાવ્યું કે, વિકસિત ભારતના લક્ષ્ય સુધી પહોંચવા માટે દેશની એકતાને તોડવાના દરેક ષડયંત્રને એકતાની તાકાતથી વિફળ બનાવવું પડશે. તેમણે ભારતીય એકતાના ચાર મજબૂત આધારસ્તંભોની વિગતવાર વાત કરી, જેના પર સરકાર જન-જનને જોડવાનું કામ કરી રહી છે. પ્રથમ સ્તંભ છે સાંસ્કૃતિક એકતા, જે હજારો વર્ષોથી રાજકીય પરિસ્થિતિઓથી અલગ ભારતને એક ચેતના રાષ્ટ્ર બનાવે છે. બીજો સ્તંભ છે ભાષાની એકતા, જ્યાં સેંકડો ભાષાઓ અને બોલીઓ દેશની ખુમારી અને વિવિધતાનું જીવંત પ્રતીક છે. ત્રીજો સ્તંભ છે ભેદભાવમુક્ત વિકાસ, કારણ કે ગરીબી અને ભેદભાવ સામાજિક તાણાવાણાની સૌથી મોટી નબળાઈ છે. સરદારે ગરીબી વિરુદ્ધના દીર્ઘકાલીન સંકલ્પ પર કામ કરવાની વાત કરી હતી, જેને પૂરો કરીને આ સરકારે એક દાયકામાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. ચોથો અને અંતિમ સ્તંભ છે કનેક્ટિવિટી (દિલોનું જોડાણ), જે આધુનિક ભારતને વિશ્વના કેન્દ્રમાં લાવી રહ્યું છે. એક્સપ્રેસવે, વંદે ભારત અને નમો ભારત જેવી ટ્રેનો દ્વારા રેલવેમાં પરિવર્તન લાવી, નાના શહેરોને એરપોર્ટ્સથી જોડીને ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધીના અંતરો ઘટાડી દિલોનું જોડાણ મજબૂત કરવામાં આવ્યું છે. આજે દેશની આંતરિક સુરક્ષા સામેનો એક મોટો ખતરો ઘૂસણખોરો છે. દાયકાઓથી તેઓ દેશવાસી ઓના સંસાધનો પર કબજો જમાવી રહ્યા છે અને સ્થાનિક વસ્તીના સંતુલન (ડેમોગ્રાફી)ને બગાડી રહ્યા છે. ભૂતકાળની સરકારોએ માત્ર વોટબેંકની રાજનીતિ માટે આ ગંભીર સમસ્યા પર આંખ આડા કાન કર્યા હતા. હવે રાષ્ટ્રીય એકતા દિવસે આપણે સૌ સંકલ્પ લઈએ કે ભારતમાં રહેતા દરેક ઘૂસણખોરને શોધીને બહાર કાઢવામાં આવશે. વડાપ્રધાનએ મક્કમતાથી કહ્યું કે, ઓપરેશન સિંદૂરએ વિશ્વને બતાવ્યું કે જો કોઈ ભારત ઉપર આંખ ઊંચી કરશે, તો ભારત તેનો જડબાતોડ જવાબ આપશે. આ લોહપુરુષ સરદાર પટેલનું ભારત છે, જે પોતાની સુરક્ષા અને સન્માન સાથે ક્યારેય સમજૂતી કરતું નથી." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે ૧૪૦ કરોડ ભારતવાસીઓ એકસાથે ઊભા થાય છે, તો ખડકો પણ રસ્તો છોડી દે છે. "આપણે વહેંચાશું નહીં, નબળા પડીશું નહીં; 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને મજબૂત કરી વિકસિત અને આત્મનિર્ભર ભારતના સપના પૂરા કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ...દુર્ભાગ્યવશ, સરદાર સાહેબના અવસાન પછીના વર્ષોમાં, તે સમયની સરકારોમાં રાષ્ટ્રની સાર્વભૌમત્વ પ્રત્યે ગંભીરતાનો અભાવ હતો. એક તરફ, કાશ્મીર પર થયેલી ભૂલો, બીજી તરફ, ઉત્તરપૂર્વમાં ઉભી થયેલી સમસ્યાઓ અને દેશભરમાં નક્સલવાદ અને માઓવાદી આતંકવાદનો ફેલાવો રાષ્ટ્રની સાર્વભૌમત્વ માટે સીધા પડકારો હતા. પરંતુ સરદાર સાહેબની નીતિઓનું પાલન ન કર્યું. જેથી દેશે હિંસા અને રક્તપાતના સ્વરૂપમાં તેના પરિણામો ભોગવ્યા... સરદાર સાહેબ ઈચ્છતા હતા કે સમગ્ર કાશ્મીર એક થાય, જેમ તેમણે અન્ય રજવાડાઓને એક કર્યા હતા. પરંતુ નેહરુજીએ તેમની ઈચ્છા પૂર્ણ થતી અટકાવી. કાશ્મીરને એક અલગ બંધારણ અને એક અલગ ધ્વજ સાથે વિભાજિત કરવામાં આવ્યું હતું. દાયકાઓ સુધી કાશ્મીર પર કોંગ્રેસની ભૂલની આગમાં દેશ સળગતો રહ્યો. કોંગ્રેસની નબળી નીતિઓને કારણે, કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના ગેરકાયદેસર કબજામાં આવી ગયો. પાકિસ્તાને આતંકવાદને પ્રોત્સાહન આપ્યું. કાશ્મીર અને દેશને આટલી મોટી કિંમત ચૂકવવી પડી, છતાં કોંગ્રેસ હંમેશા આતંકવાદ સામે ઝૂકી ગઈ. કોંગ્રેસ સરદારને ભૂલી ગઈ. સાહેબનું વિઝન, પણ અમે એવું ન કર્યું. PM મોદીએ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ પર સરદાર પટેલની ઈચ્છા પૂર્ણ થતી અટકાવવાનો આરોપ લગાવ્યો. વડાપ્રધાને એકતા પરેડ બાદ માર્ગ ઉપર ફરીને ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે સાંસદો, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના સફળ પ્રવાસને સમાપ્ત કરીને વડોદરા એરપોર્ટથી હવાઈ માર્ગે દિલ્હી જવા રવાના થયા હતા.



### નજીવી બાબતમાં ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કરાયો

# અમદાવાદમાં બેન્કના સિકયુરિટી ગાર્ડ પર અન્ય ગાર્ડે ફાયરિંગ કરતાં ગંભીર ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં એક ગંભીર અને ચોંકાવનારી ઘટના બની છે. શહેરના સી.જી.રોડ પર આવેલી યુનિયન બેન્કના સિકયુરિટી ગાર્ડ પર નજીવી બાબતમાં અન્ય સિકયુરિટી ગાર્ડ દ્વારા ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર યુનિયન બેન્કમાં ઈમરાન બલોચ અને મહેશ





નિવૃત્ત આર્મીમેન ઈમરાનખાન બલોચ

**● નિવૃત્ત આર્મીમેન એવા ગંભીર ઈજાગ્રસ્ત ગાર્ડ ઈમરાન બલોચને લોહીલુહાણ હાલતમાં સારવાર હેઠળ ખસેડાયા ● આરોપીએ તેમને મારવાના ઈરાદે બંદૂકના બટ વડે તેમની જાંઘ પર પણ હુમલો કર્યો : પીડિત ● પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી**

મેહરિયા નામના બે સિકયુરિટી ગાર્ડ ફરજ બજાવે છે. બંને રીટાયર્ડ આર્મીમેન એક જ સિકયુરિટી કંપનીમાં નોકરી કરે છે અને બેન્કમાં ગન સાથે ફરજ બજાવે છે. ત્યારે મહેશ મેહરિયાએ કથિત રીતે તેના સહકર્મી ઈમરાનખાન પર લાઈસન્સવાળી ડબલ-બેરલ બંદૂક વડે ગોળીબાર કર્યો હતો. જેમાં ૪૪ વર્ષીય ઈમરાનખાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પગે ગોળી વાગતા હાલ તેમને રખિયાલની નારાયણી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ મામલે નવરંગપુરા પોલીસે સિકયુરિટી ગાર્ડ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સામાન્ય બાબતમાં મનદુ:ખ રાખીને સિકયુરિટી ગાર્ડ દ્વારા તેના પર ફાયરિંગ કર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ તેની ધરપકડ કરી લેવાઈ છે.

મળતી માહિતી મુજબ, ૫૫ વર્ષીય આરોપી મહેશકુમાર મેહરિયા જે પોતે નિવૃત્ત આર્મી જવાન છે અને તે જ બેંકમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે તૈનાત છે, તેમણે બપોરે લગભગ ૧૨:૧૫ વાગ્યે યુનિયન બેંક કરન્સી ચેસ્ટના બેઝમેન્ટ વિસ્તારમાં ઈમરાન ખાન પર હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત ઈમરાન ખાને પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, 'લગભગ એક મહિના પહેલા ફરજ પર હતા ત્યારે તેણે મજાકમાં મેહરિયાના પેટ પર થપ્પડ મારી હતી. જે બાદમાં મનદુ:ખનું કારણ બન્યું. ત્રણ દિવસ પછી મહેશકુમારે મને કહ્યું કે, મારી થપ્પડથી તેને પેટમાં સખત દુ:ખાવો થયો છે. મેં માફી પણ માંગી હતી અને મામલો પતાવવા માટે મેં તેમને પાછી થપ્પડ મારવાની પણ ઓફર કરી હતી.'

જોકે, ત્યારબાદ ગુરૂવારે (૩૦ ઓક્ટોબર) જ્યારે ઈમરાન ખાન બાથરૂમમાંથી બેઝમેન્ટ એરિયામાં પાછા આવી રહ્યા હતા, ત્યારે મહેશકુમાર મેહરિયાએ પાછળથી પોતાની લાઈસન્સવાળી ડબલ-બેરલ ગન વડે તેમના પર ગોળીબાર કર્યો, જે તેમને પગના પાછળના ભાગમાં વાગી હતી. ઈજાગ્રસ્ત ઈમરાન ખાનને તાત્કાલિક પહેલા અસારવા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે નારાયણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બેંકના મેનેજર સુષ્મિત રોય અને અન્ય સ્ટાફના સભ્યો લોહી નીકળતા જોઈને તેમની મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ ઈમરજન્સી સેવાઓને બોલાવી હતી. પીડિતનો દાવો છે કે, આરોપીએ તેમને મારવાના ઈરાદે ગોળીઓ માર્યા પછી પણ બંદૂકના બટ વડે તેમની જાંઘ પર પણ હુમલો કર્યો હતો. ઘટના બાદ આરોપી મહેશકુમાર મેહરિયા ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસની સંબંધિત કલમો હેઠળ અને આર્મ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે બેંકમાં હાજર પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો પણ નોંધ્યા છે અને ફરાર આરોપીને શોધી તેની ધરપકડ કરી છે.

## ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદનો માર : ત્રણ દિવસ ભારે વરસાદની સાથે વાવાઝોડાની ચેતવણી

### વાતરવાડી ડેમ-૨ના ૧૦ દરવાજા ખોલાતા નજીકના ગામોને એલર્ટ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૧

ગુજરાત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદનો માર જોવા મળ્યો છે. માવઠું થતાં ખેડૂતોના પાક પર પાણી ફરી વળ્યા છે. રાજ્યમાં છેલ્લા ૧૦ કલાકની અંદર ૬૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અમરેલીના રાજુલામાં આશરે ૨ ઈંચ વરસાદ થયો છે. અમરેલીમાં અનરાધાર વરસાદી માહોલ છે, ત્યારે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. ત્રણ દિવસ ભારે વરસાદની સાથે વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં માટે રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. જેમાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં ડિપ્રેશનને કારણે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ, દીવ, અમરેલી, ભાવનગર, ભરૂચ અને સુરતમાં અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે જુનાગઢ, રાજકોટ, બોટાદ, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે રાજ્યના ઘણા વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી છે. અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS